તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧ લી ઓગષ્ટ ૧૯૩૭. | અંક ૧ લો.

## વિદ્વાન જૈન લેખકોને!

|||

જૈન યુગને
વિવિધ વાનગીઓથી
રસમય બનાવવા,
મનનીય લેખોથી
સમૃદ્ધ બનાવવા,
સાહિત્યની સુવાસ
જનતામાં પ્રસરાવવા,
આપ સાહેબો આપની
કલમની રસ ઝરણામાંથી
વિવિધ રસોના
રસથાલ જરૂર પીરસશો
કારણ કે
જૈન યુગ પત્ર
જૈન જનતાનું છે
એટલે તે
આપનું પોતાનુંજ છે
જેટલે અંશે તે વૈવિધ્યવાળું
બનશે તેટલે અંશે
આપનીજ શોભા છે.

લી૦
મોહનલાલ દીપચંદ ચોકસી
મનસુખલાલ હી. લાલન
(સભ્યો:—જૈન યુગ કમિટી)

## કહોને જીવશું ક્યારે?

અમે સાચા તમે જુઠા, વિતંડાઓ બહુ કીધી.
સનાતન સત્યને ત્યારે, હવે પયછાનશું ક્યારે?
બની રાગાંધ ગુરૂઓમાં, પડાવી ભેદ કઇ ઝાઝા.
ડુબાવી સંઘની સત્તા, સ્થપાશે એ પુન: ક્યારે?
ક્રિયાવાદે રહ્યા રાચી, અમૂલું જ્ઞાન ના સેવ્યું.
હવે એ જ્ઞાનનો દીપક, કહો પ્રગટાવશું ક્યારે?
અમે ઉંચા તમે નીચા, બન્યા ગર્વિષ્ઠ એ ભેદે.
સહુ સાધર્મિને સરખા, ગણીને રાચશું ક્યારે?
'રૂઢીચુસ્તો'-'સુધારકપક્ષ'નો, સંગ્રામ બહુ ચાલ્યો.
ત્યજી એ 'દ્વંદ્વ' ને સાચી, પ્રવૃત્તિ સાધશું ક્યારે?
લૂંટાતી તીર્થસંપત્તિ, થતા સંતો ઉપર હુમલા.
અરે એ રક્ષવા માટે, કરીશું ઐક્ય તે ક્યારે?
કરૂં સવી જીવ શાસન-રસી એ કઇ વખત બોલ્યા.
ખરે શાસનની સેવામાં, જીવનને અર્પશું ક્યારે?
પ્રભુ મહાવીરના પુત્રો, બહુ શુરવીરતા દાખી.
મચાવી યાદવાસ્થળીને, હવે સંકેલશું ક્યારે?
'હમે તો વીરના સંતાન,' વદી અભિમાન બહુ ધાર્યું
જીવનમાં વીરતા સારી, કહો ઊતારશું ક્યારે?
પ્રભુ શ્રી વીરનો સંદેશ, ફેલાવા દશે દિશમાં.
'અહિંસા-સત્ય'મય જીવન, કહોને જીવશું ક્યારે?

સુન્દરલાલ એ. કાપડીઆ, બી. એ.

## કાર્યવાહી સમિતિના સભ્યોને!

|||

જૈન યુગ છઠ્ઠા વર્ષમાં
પ્રવેશ કરે છે,
કોન્ફરન્સની કાર્યવાહીમાં
આવેલી અચૂક જાગૃતિને
વેગ આપવા અને તેના
ઉદ્દેશોનો અને ધ્યેયનો
બહોળા પ્રચાર કરવા
જૈન યુગના સંચાલકો
ભાવના રાખે છે,
પરંતુ
તે ભાવનાને
પુષ્ટ કરવાનો આધાર
આપ ભાઇઓની
મીઠી નજર—સાચો સહકાર
અને સપૂર્ણ મદદ ઉપરજ
આધાર રાખે છે.

લી૦
મોહનલાલ દીપચંદ ચોકસી
મનસુખલાલ હી. લાલન
(સભ્યો:-જૈન યુગ કમિટી)

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—*શ્રી સિદ્ધસેન દિવાકર.*


# જૈન યુગ.

તા० ૧-૮-૩૭. રવીવાર.


## નવીન વર્ષની મનોરથ માળા.

'જૈન યુગ' આ અંકથી છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે છે. માસિકમાંથી જ્યારથી એનો અવતાર પાક્ષિકમાં થયો, ત્યારથી એણે યથાશક્તિ ધાર્મિક અને સામાજિક વિષયોમાં ભાગ લઇ જૈન સમાજને ચરણે વિચારણા અર્થે ખોરાકનો રાશિ ધર્યો છે અને એ રીતે સકળ હિન્દનું પ્રતિનિધિત્વ ધરાવનાર જૈનોની એક મહાન અને અદ્વિતીય સંસ્થા શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના મુખપત્ર કે વાજિંત્ર તરિકેની, કીર્તિ, ઉદ્દેશો અને મર્યાદાના આંકેલા ચીલેથી રંચ માત્ર બહાર ગયા વગર જાળવી રાખી છે. આ જાતનું નિવેદન અત્રે રજુ કરતાં અમારે કહેવું જોઇએ કે એમાં આત્મશ્લાઘાની છાંટ સરખી નથી પૂરા થતા વર્ષની અંક સામગ્રી પરથી હરકોઇ એમાં રહેલ સત્યના દર્શન સુલભતાથી કરી શકે છે. અલબત નિયમિતતા, ભિન્ન-રૂચી-વર્ગ તરફથી ઇચ્છવામાં આવતી વિવિધતા કે નવિનતા અને સાક્ષરગણના દ્રષ્ટિબિન્દુએ ધરવી જોઇતી રસભરતા કે લેખ સમૃદ્ધિ પરત્વે ઊણપ અને અસંતોષની વરાળ કોઇ કોઇ સ્થળેથી બહાર આવતી હોય તો તે સ્વીકારવામાં વાંધા જેવું નથી પણ એ સાથે વિના સંકોચે એટલું જોરથી કહીએ કે એના નિમિત્ત તરિકે સંસ્થાના સૌ કોઇ કાર્યકર સભ્યોની જવાબદારી છે. દરેકે સ્વશકિત અનુસાર ભાગ ભજવવો જોઇએ, તે વિના અલ્પ સાધનો વડે, ગણત્રીના હાથોએ ચાલતું જૈન યુગ વિકસ્વરતા નજ સાધી શકે. **संहतिः कार्यसाधिका** યાને ઝાઝા હાથ રળિયામણા જેવી ઉકિત આ સંબંધમાં યથાર્થ લાગુ પડે છે.

**गतं न शोचामि** કરી આજે છઠ્ઠા વર્ષના પ્રારંભ કાળે પુન: એક વાર સૌ બંધુના સહકારની પ્રાર્થના કરીએ છીએ કે જેથી જૈન યુગની શકિત વધારે વિકસ્વર ને વધુ વિસ્તારશાળી બને, એમાં દેશ-કાળને અનુરૂપ, ધાર્મિક કે સામાજિક નૈતિક કે રાષ્ટ્રિય લેખ વાનગીઓથી સમૃદ્ધિ આવે, જુદા જુદા સાક્ષર અને અભ્યાસી વર્ગના હાથે ઉંડી છણાવટ અને ખપ પૂરતો ઓપ એને પ્રાપ્ત થાય અને ટુંકમાં કહીયે તો કલેશની જંજિરોથી દિવસો દિવસ છિન્ન ભિન્ન થઇ, જાત જાતના વાડામાં વહેંચાઇ જતાં, ને પ્રગતિના માર્ગે જવાને બદલે અવનતિની ઉંડી ખાઇમાં ટકરાતા ને અટવાતા જૈન સમાજમાં સાચેજ નવયુગના કિરણને પ્રસરાવી, સંગઠનની પુન: લગની લગાડી, ઉન્નતિના પંથની દિશા દેખાડવામાં સ્હાયક બની 'જૈન યુગ' તરિકેનું કાર્ય યથાર્થરીત સાર્થક કરે એજ અભિલાષા.

અમારો જૈન યુગના સંચાલક તરિકે ઉકત મનોરથો ઉપરાંત એ પણ નિરધાર છે કે જૈન યુગને નિયમિત બનાવવું. એમાં વધુ નહિં તો પ્રત્યેક અંકમાં એકાદ લેખ તો કોઇ સાક્ષર કે વિદ્વાનના હસ્તે તૈયાર કરાયેલ આપવો. મર્યાદામાં રહી વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરવી. જૈન ધર્મ કે જૈન સાહિત્ય પર થતાં હુમલા સામે દલીલ પુરસ્સાર પ્રતિકાર કરવો, અને ખાસ ઉપયોગી સમાચારો ટુંકમાં સંગ્રહીત કરવા.

હાલના તબક્કે કોન્ફરન્સે અન્ય સર્વ વિષયોને ગૌણ રાખી કેળવણી અને બેકારી નિવારણના જે બે મુખ્ય પ્રશ્નો હાથ ધર્યા છે એ પ્રતિ જન સમુદાયનું સવિશેષ લક્ષ ખેંચી, એ દ્વારા રચનાત્મક કાર્યની ભૂમિકા તૈયાર કરવી.

દેશમાં અર્થાત્ ચારે ખૂણે એવી અસ્મિતા પ્રગટાવવી કે જેથી કોન્ફરન્સનું અધિવેશન નિયમિત ભરવાની ઊર્મિ પગભર થાય અને વીસમી સદીના આ પ્રકારના વિરાટ સંઘ દર્શનનો યોગ પ્રાપ્ત કરવાની તમન્ના પ્રગટે. વાતાવરણમાં એવો જોમ પેદા થાય કે જેથી મહારાષ્ટ્ર કે પંજાબ કિંવા ગુજરાત કે કાઠીયાવાડને પોતાને આંગણે આપણી આ મહાસભાને નોતરવા સારૂ હરિફાઇ કરવી પડે. આ પરિવર્તન સહજ નથી. છતાં એ પણ સાચુ જ છે કે 'ઉદ્યમેન હિ કાર્યાણિ સિધ્યન્તિ'-પુરૂષાર્થને કંઇજ અશકય નથી. ધર્મિક પ્રશ્નો પર અમુક અંશે મર્યાદિત ધોરણ રહેશે અને સામાજીક સવાલોની ચર્ચા બેલગામપણે નહીં થાય, તેમજ હારમાળાનો મોહ ઘટી જઈ કાર્યસાધકતા પર નજર ઠરશે અને ખરચાળ પદ્ધતિ ને બાહ્યાડંબરને સ્થાને, કરકસરવૃત્તિ સેવાપરાયણતાના વારિસિંચન થશે તો હૃદયનો અવાજ સાક્ષી આપે છે કે એક વાર જરૂર એ ઘટિકા આવશેજ કે 'કોન્ફરન્સ જીન્દાબાદ' એ પ્રત્યેક જૈનનું સંજ્ઞ સુચક સૂત્ર બનશે

એ બધી મનોરથમાળાની સફળતા સૌ સભ્યો તેમજ અન્ય લાગણીવાળા બંધુઓના અંતરના ઉમળકાથી અપાયેલા સહકાર પરજ અવલંબે છે એ વાત જરા પણ દ્રષ્ટિ મર્યાદાથી બહાર જવા દેવાની નથી.

---

**નવીન પત્ર નીકળશે**—આગ્રા ખાતેથી 'મહાવીર' જૈનપત્ર ટૂંક સમયમાં પ્રગટ થનાર છે. આ ત્રણે ફિરકાના લેખો ને વિવેચનાઓ હાથ ધરશે.

# નોંધ અને ચર્ચા

## ખરી સંવત્સરી કયારે?

જૈન સમાજનું વાતાવરણ કોઇને કોઈ પ્રકરણોના પ્રગટવાથી છેલ્લા કેટલાક વર્ષો થયાં સંક્ષુબ્ધ તો રહ્યાજ કરે છે. પણ એમાં સંવત્સરી પ્રકરણે તો એવો સંક્ષોભ પ્રગટાવી દીધો છે કે જેને લઇને સમાજ બે પક્ષોમાં વહેંચાઈ ગયો છે, એટલુંજ નહિં પણ શ્રમણસંઘમાં જેમનું સ્થાન પ્રધાનપદે છે એવા સાધુ સમુદાયમાં પણ ખુલ્લા પક્ષ પડ્યા છે. શાસ્ત્રના નામે સામસામી ચેલેન્જો પણ ફેંકાઈ ગઇ અને વાદવિવાદના રણ-શીંગા પણ બજી ચુકયા. આમ એક તરફથી ગજ ભર્યા છતાં તસુ ન ફાડનાર કાપડીયા જેવીજ સ્થિતિ રહી! સિદ્ધાંત પ્રમાણે જૈન દર્શન 'અનેકાંત દર્શન' તરિકે ઓળખાય છે. અપેક્ષાને સામે રાખીએ તો માત્ર ઉદય તિથિના મંતવ્યથી બુધવાર યોગ્ય જણાય જ્યારે એજ અપેક્ષાનું થર્મામીટર પુનઃ મૂકી જોતાં શાસ્ત્રીય મર્યાદા, તિથિ વૃદ્ધિમાં રજા આપતીજ નથી એટલે ઉંટડો ગુરૂવાર પર બેસે. પ્રભુશ્રી મહાવીર દેવના સમયમાં સંવત્સરી પર્વ પાંચમનુંજ થતું. વિશિષ્ટજ્ઞાની શ્રી કાલિકાચાર્યે એને ચોથ પર આણ્યું એ પરથી પણ સ્પષ્ટ થાય છે કે ઉભય દિનમાંથી ગમે તે દિને કરનારા શાસ્ત્રમર્યાદામાંજ છે. આમ ભિન્નભિન્ન દ્રષ્ટિબિન્દુથી સમન્વય કરી શકાય. તે વસ્તુ પર આગળના પ્રખર જ્ઞાતા મનાતા ત્યાગીઓ સમાજ એકધારૂ પર્વારાધન કરી શકે એવો કોઇ માર્ગ ચીંધવાને સ્થાને જુદી જુદી છાવણીઓમાં વહેંચાઇ જાય અને છેક છેલ્લી ઘડીએ છાપાના કોલમોમાં સંગ્રામ ચલાવી જય પરાજય નક્કી કરવા સરખો દેખાવ કરે એ કેટલું શોચનીય છે! ઇતર સમાજોમાં આ જાતની પ્રવૃત્તિથી જૈન ધર્મની કેવી અપ્રાજના થઇ રહી છે એ સંબંધમાં જો લક્ષ અપાય તો ભાગ્યેજ એવા કોઈ વીર સંતાન મળી આવે કે જેનું હૃદય કમકમી ઉઠયા વગર રહે નહિ!

વિદ્વતા વાદવિવાદને માટે નથી પણ સમજુતી કરી ઉપસ્થિત થયેલ મતફેર ટાળવા સારૂ છે.

બાકી સાદી સમજથી વિચારીયે તો સહજ જણાશે કે સંવત્સરી નથી તો બુધવાર પર ચોંટી બેઠી કે નથી તો ગુરૂવારને ઘેર ઘરાણે મૂકાઈ. પ્રભુ કથિત માર્ગે જે કોઈ વ્યકિત ઉકત દિનોમાંથી ગમે તે દિને ધાર્મિક ક્રિયાદ્વારા આત્મશોધન કરી સેવેલ દોષોનું ખુલ્લા હૃદયે પ્રાયશ્ચિત ગ્રહણ કરશે તેજ આરાધકમાં ગણાશે. ખેંચતાણમાં ધર્મ નજ હોય. સંઘોએ કયાંતો પ્રાચીન પરંપરા મુજબ નિર્ણય કરી લેવો, અથવા તો ગચ્છસમાચારીના ધોરણે છેલ્લા સંમેલનમાં નવની કમિટિમાંના તપગચ્છના છ આચાર્યોમાં વધુમતી કઇ તરફ છે એનો વિચાર કરવો, અગર તો સંઘમાં બહુમતી કયા વારની તરફેણમાં છે એ નક્કી કરી ઉભય દિનમાંથી એક નિયત કરવો.

એક સામાન્ય બાબતને વિના કારણ મોટું રૂપ આપી, પવિત્ર દિનોમાં કલેશનું બીજારોપણ કરવું કે એ નિમિત્ત તડા પાડવા અને એ રીતે સંઘબળને વેડફી નાંખવું એ જૈન ધર્મના પાળનાર માટે અને વણિક જેવી બુદ્ધિશાળી કોમ માટે તલભાર શોભાસ્પદ નથીજ.

## સાહિત્ય પ્રકાશન અને એનો પ્રચાર.

વર્ત્તમાન કાળે પ્રેસની સગવડતાને લઇ ગ્રંથ પ્રકાશનનું કાર્ય સુલભ બની જતાં જાત જાતના પુસ્તકો છપાઇને બહાર પડવા માંડયા છે. સાહિત્યનો થાળ સમૃદ્ધ બને એ કોને ન ગમે? પણ વિચારણીય વાત એટલીજ છે કે હાલમાં થોકડાબંધ બહાર પડતાં પ્રકાશનોમાં મૌલિકતા રસભરતા અને દેશ-કાળને યોગ્ય ઉચિતતા કેટલી? સાહિત્ય વડેજ સમાજમાં નવ ઘડતરના પાયા મંડાય છે. સાહિત્યમાંજ એકધારૂ પરિવર્તન આણવાના કિરણ રાશી સમાયાં છે. સમાજ કે દેશના પુનર ઉત્થાનમાં સાહિત્યનો ફાળો જેવો તેવો નથી હોતો. જૈન ધર્મ જો વિશ્વધર્મ તરિકેનું સ્થાન લઇ શકે તેમ છે તો આજથી એના સાહિત્યને વર્તમાન કાળના ચોકડામાં ઢાળવુંજ જોઇએ. વાણી-વિચાર, રસમયતા ને સુંદરતાનો સુયોગ સાધી, દરેક પ્રકાશનો થવાં જોઇએ. તત્વની ગહન વાતો વિજ્ઞાનના કાંટે ચકાસીને સરળ રૂપે મુકાવી જોઇએ એ સારૂ કયાંતો એક અલગ સંસ્થા ઉભી કરવામાં આવે અગર તો વિદ્યમાન સંસ્થાઓને એક સૂત્રમાં ગુંથવામાં આવે. જગતના વિશાળ પટપર આજે જૈન સાહિત્યને સ્થાન મળ્યું છે. અભ્યાસીઓની એ માટેની ભુખ વધતી ચાલી છે. એટલેજ એના રક્ષણહારોનો ધર્મ ચાર દિવાલોમાંથી એને બહાર આણીને યોગ્ય રૂપમાં તૈયાર કરાવવાનો છે. એ સાથે પ્રચારની દ્રષ્ટિયે એના મૂલ્ય નામના હોય એ લક્ષમાં રાખવાનું છે. ભારતવર્ષ ઇતર દેશોની માફક જ્ઞાન પિપાસા પૂર્ણ કરવા સારૂ મોટી કિંમતો ભરી શકે તેમ નથી. હજુ એની જિજ્ઞાસા માંડ માંડ જન્મી રહી, છે એટલેજ સસ્તા દામે સાહિત્યના પાન પાવાની અગત્ય છે. સાહિત્યનો ઇતિહાસ કે ગુર્જર કવિઓના ભાગો, ગાંધીજીની આત્મકથાની માફક પાણીના મૂલ્યે વેંચાય એથી લેખક મહાશયની છાપ ઓછી થાય છે કિંવા સંસ્થાને નુકશાન જાય છે એમ ન વિચારતાં જનરૂચિનું આકર્ષણ થાય છે એજ ખાસ વિચારવાનું છે. એક કાળે સાહિત્યના પાન વિના લવાજમે અપાતાં હતાં તો આજે કોન્ફરન્સ જેવી સંસ્થાને પોતાની હસ્તકના સાહિત્યના પ્રચાર માટે થોડી ખોટ એ મહત્વનો પ્રશ્ન નથી. 'કોન્ફરન્સે શું કર્યું છે?' એ પ્રશ્નનો જવાબ આપો આપ એ દ્વારા મળી જાય છે. કરવાનું તો એજ છે કે કબાટના ખૂણા સેવતું એ સાહિત્ય સત્વર જનસમૂહના આંગણે કયારે પહોંચી જાય! પર્યુષણ આવે છે, સમિતિ કંઇ યોજના વિચારશે કે?

## યુગ બદલાયો છે! હવે તો ચેતો.

વૃધ્ધો હવે ઘોડે ચઢવાના મોહ મૂકી દે તો સરાગતભર્યું ગણાય, નહિં તો ગધેડે ચઢી ઘેર ઉતરવાના પ્રસંગો બનવા માંડયા છે. એમાં પૈસાની હાનિ ઉપરાંત આબરૂના લીલામ છે એ ઉઘાડી આંખે જોઇ લ્યે. એ કાળ ચાલ્યો ગયો કે જે વેળા ઝટ પૈસાના જોરે પચાસ પંચાવને એકાદ બાર તેરની ગભરૂ બાળાને લાવી બેસાડી, સ્વચ્છંદપણે ગૃહસંસાર ચલાવતાં ભલેને પછી એ ઉગતી કળિના જીવનમાં વિષના અંકુર પ્રગટે! આજે નવયુગની નોબત વાગી રહી છે, એવા અન્યાયો પૈસાના બળે ચાલી શકે તેવું રહ્યું નથી. યુવાનો જાગ્યા છે. કાયદાનું જોર છે અને એ બધાને ટપી જાય એવું તો એ છે કે ખુદ

# જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## ઉદ્દેશ અને કાર્યવિસ્તાર.

"જૈનને લગતા કેળવણીના પ્રશ્નો સંબંધમાં તેમજ ધાર્મિક, સામાજીક, આર્થિક, રાજકીય અને બીજા જૈન કોમ અને ધર્મ સંબંધી સવાલો ઉપર વિચાર ચલાવી યોગ્ય ઠરાવો કરવાનો અને તે ઠરાવોને અમલમાં મુકવાં માટે ઉપાયો યોજવાનો છે."

"સમસ્ત જૈન કોમને (સંઘ) લાગુ પડતા સવાલોજ કૉન્ફરન્સ હાથ ધરશે. ન્યાતના, સ્થાનિક સંઘના, મહાજનના અને પંચના તકરારી વિવાદગ્રસ્ત વિષયો સીધી કે આડકતરી રીતે કૉન્ફરન્સ હાથ ધરી શકશે નહિ."

ઉપરોક્ત મુદ્રાલેખ સુપ્રસિદ્ધ હોવા છતાં, છઠ્ઠા વર્ષના પ્રથમ અંકે એનું અવતરણ પુનઃ એટલા સારૂ કરવું પડ્યું છે કે જૈન સમાજમાં એવો પણ એક વર્ગ મોજુદ છે કે જે વારે ક્યારે સકળ હિંદનું પ્રતિનિધિત્વ ધરાવતી આ મહાન્ સંસ્થા સામે સ્વચ્છંદપણે યદ્વાતદ્વા લખ્યે જાય છે!

જૈન સમાજનો ભૂતકાળ અવલોકવામાં આવે તો આ સંસ્થા દ્વારા કેવા કેવા અગત્યના કાર્યો થયાં છે એનો સહજ ખ્યાલ આવે તેમ છે. એના માચડેથી બાબુ સાહેબ બદ્રીદાસજી, શેઠ મનસુખભાઇ ભગુભાઇ આદિએ સમાજ અભ્યુદયનાં સંદેશ પાઠવ્યા છે. વર્તમાન કાળમાં પણ આ એકજ સંસ્થા છે કે જેમાં સારાયે ભારતવર્ષના સંઘોને–શ્રીમાનો કે ધીમાનો, સામાન્યો કે સેવાભાવીઓ સાથે બેસી સમાજ ઉત્કર્ષના કાર્યોની વિચારણા કરી શકે છે. અલબત વધુ, મતે દ્રવ્ય, ક્ષેત્ર કાળ ભાવને અનુરૂપ કોઈ ઠરાવો થયા હોય તેટલા માત્ર એની સામે ચીડીયા કઢાડવા કે એ સંસ્થામાં યુવકો સારી સંખ્યામાં ભાગ લેતા હોય એ ખાતર એને દેવદ્રવ્ય ભક્ષણ કરનારી કે વિધવાઓને પરણાવનારી સંસ્થા તરિકે ઓળખાવવી એ કેટલું ગેરસમજભર્યું છે!

આજે આ સંસ્થાએ કેળવણી અને બેકારી નિવારણના પ્રશ્નો ખાસ ઉપાડી લેવા નિરધાર કર્યો છે. એ માટેની યોજના હાથ ધરાઇ ચુકી છે. એ દ્વારા આમ જનતાના સંપર્કમાં આવી દેશકાળને અનુરૂપ સંગઠન જમાવવાનો મુખ્ય કાર્યક્રમ છે.

— તંત્રી.

---

( અનુસંધાન પાના ૩ થી )

બાળાઓ પોતાનું કલ્યાણ શેમાં છે એ સમજતી થઇ ચુકી છે. 'દિકરીને ગાય દોરે ત્યાં જાય' એ ઉક્તિ ભુસાઇ ચુકી છે. એટલેજ દેશ-કાળ ઓળખી, વાસના પર અંકુશ મૂકી, આવા ફજેતામાં ન પડતાં, ધર્મ માર્ગે વળવું એજ ઘરડા માટેનો ધોરી માર્ગ છે.

—તંત્રી.

# પ્રચારની આવશ્યકતા.

હરકોઇ વસ્તુ ગમે તેટલી સુંદર હોય, ગમે તેટલી જનોપયોગી હોય પરંતુ તે વસ્તુનો જ્યાં સુધી સામાન્ય જનસમૂહમાં પ્રચાર કરવામાં ન આવે, તેઓને વિવિધ પ્રકારના પ્રચારદ્વારા એ વસ્તુની ઝીણવટ અને ઉપયોગિતા સમજાવવામાં ન આવે ત્યાંસુધી એ વસ્તુની મહત્તા સમજી શકાતી નથી આ વાતનો સ્પષ્ટ પૂરાવો આજે મુનિ મહારાજશ્રી વિદ્યાવિજયજીનો કરાંચીનો વિહાર પૂરો પાડે છે. કરાંચી જેવા રણને પેલે પાર આવેલા દૂરના પ્રદેશમાં, કે જ્યાં રેલવે આદિ વાહનોમાં જનારા ઉપદેશકો પણ કોઇકજ જઇ ચડે છે, અને જ્યાં ધર્મોપદેશકોની ખામી કાયમ રહ્યાજ કરે છે તેવા દૂરના અને અણખેડાયેલાં મુલકમાં પગપાલા લાંબો ઉનાળાનો વિહાર કરી મુનિશ્રી વિદ્યાવિજયજીએ તે સ્થળે જવાનું યોગ્ય ધાર્યું, અને અનેક મુસ્કેલીઓ વેઠતાં પણ અંતે તે સ્થળે જઇ પોતાના ઉપદેશોની ધારા વહાવી શરૂ કરી તે આપણે વર્તમાનપત્રોમાં આવતા સમાચારો ઉપરથી જાણી શક્યા છીએ, આ મુનિરાજોના ત્યાંના આગમનથી ત્યાંની પ્રજા કેટલી ભક્તિવશ અને ઉત્સાહી બની ગઇ, અને જૈન જૈનેતર વિગેરે સમસ્ત પ્રજા તેમના ઉપદેશમાં જે રસ લેવા લાગ્યો છે તે ખરેખર ઘણોજ ઉત્સાહજનક છે. જે સ્થાનમાં અહિંસાના સૂત્રોનો ભાગ્યેજ ઉપદેશ અપાતો હોય, જ્યાં વ્યવહારમાં પણ અહિંસાને ઘણું ઓછું સ્થાન હોય, ત્યાં પોતાના ઉપદેશથી અજબ પલટો લાવી શકાય એ કંઇ નાનો સૂનો લાભ નથી. આટલા ઉપરથી આપણે સ્પષ્ટ જોઇ શકીએ છીએ કે જો ધર્મોપદેશકો ધર્મના ઉપદેશ માટે, અને તેવીજ રીતે સમાજના સૂત્રધારો કે જેઓ સમાજ સુધારાની સાચી તમન્ના સેવતા હોય તેઓ પણ પોતાના કાર્યમાંથી થોડો ઘણો પણ નિવૃત્તિનો સમય મેળવી જુદા જુદા પ્રદેશોમાં પ્રચારાર્થે પર્યટન કરે તો જે કામ ઘેર બેઠાં ૧ વર્ષ સુધી પણ ન થઇ શકે તે કામ તેથી ચોથા ભાગના સમયમાં સહેજે નીપજાવી શકાય. આ વિષયમાં કોન્ફરન્સે બહુજ લક્ષ્ય આપવાની પ્રથમ જરૂરીયાત છે. જો કે હમણાં હમણાં કાર્યવાહક સમિતિએ કેટલીક પેટા સમિતિઓની નીમણુંક કરી છે તેમાં પ્રચાર સમિતિની પણ નીમણુંક કરી છે, એજ વસ્તુ પ્રચારની આવશ્યકતા ચોકસપણે સિદ્ધ કરે છે. આ સમિતિઓ કાર્ય કરશે એવી આશા રખાય છે પરંતુ એ આશા તો જ્યારે ઉપરોક્ત સમિતિઓ પોતાના કાર્ય પરત્વે તલ્લીન બની તેની પાછળ લાગી જાય ત્યારેજ ફળીભૂત થઇ ગણાય. અસ્તુ! આ સ્થળે બીજી સમિતિઓને બાજુએ રહેવા દઈ પ્રચાર સમિતિને ઉદ્દેશીને એટલું જણાવવું જરૂરી છે કે જો કોન્ફરન્સના ધ્યેયને પાર પાડવા, અને કોન્ફરન્સની પ્રગતિમાં પ્રાણ પૂરવા તેમની ખરા દીલની ઇચ્છા હોય તો તેઓ એક વખત તો એક સારામાં સારી પર્યટનની યોજના રચી જુદા જુદા વિભાગોમાં કોન્ફરન્સનો અવાજ પહોંચાડશે એમ આપણે ઇચ્છીશું. અને એ પર્યટનના ફળ રૂપે કોન્ફરન્સના કાર્યને જરૂર વેગ આપી શકાશે. ઇચ્છીશું કે આ અવાજ નિષ્ફળ નહિ જતાં પ્રચાર સમિતિ પોતાનું કાર્ય તરત ઉપાડી પ્રચારકાર્યની કેટલી મહત્તા છે તે સિદ્ધ કરી બતાવશે.

— મનસુખલાલ હી. લાલન.

# :: કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ. ::

## બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સહકારી અધ્યાપકઃ 'સન્મતિતર્ક' પ્રકાશન અંગે વ્યવસ્થાઃ જૈન યુગ પાક્ષિક માટે નવી બોર્ડની નિમણુંકઃ સ્ટેન્ડિંગ કમિટિના સભાસદોને ફાળા માટે છેલ્લી તક.

[ જુલાઈ ૧૯૩૭ માં કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની બે બેઠકો તા૦ ૪-૭-૩૭ અને તા૦ ૧૧-૭-૩૭ ના રોજ મળી હતી જેમાં થયેલ કામકાજની ઉપયોગી નોંધ અત્ર અપાય છે—રે. જ. સેક્રેટરીઓ ]

કાર્યવાહી સમિતિની એક સભા તા૦ ૪ ૭-૧૯૩૭ ના રોજ શ્રીયુત **મોહનલાલ દલીચંદ દેશાઇ**ના પ્રમુખપદે મળી હતી. ૨૫ સભ્યો હાજર હતા.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન ન્યાય અને તત્ત્વજ્ઞાન શીખનાર વિદ્યાર્થીઓ માટે રૂા૦ ૫૨૦૦૦) બાવન હજાર આપી 'જૈન ચેર' સ્થાપવામાં આવી છે, જેનો લાભ અત્યારે સારી સંખ્યામાં વિદ્યાર્થીઓ મેળવે છે. ચેરના પ્રૉફેસર તરીકે હાલમાં પંડિત સુખલાલજી કાર્ય કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યા, સાહિત્ય પ્રકાશન આદિ બાબતો તેમણે કાર્યવાહી સમિતિની તા૦ ૪-૭-૧૯૩૭ ની સભા સમક્ષ રૂબરૂમાં જણાવતાં સમિતિએ તે પર વિચારણા કરી નીચે પ્રમાણે ઠરાવ સર્વાનુમતે કરેલ છે.

(ક) સાહિત્ય પ્રકાશન (પ્રમાણ મિમાંસા, જૈન તર્ક પરિભાષા અને જ્ઞાનબિન્દુ) અંગેનું કાર્ય શ્રી બહાદુરસિંહજી સિંઘીએ ઉપાડી લીધેલ છે એમ પંડિતજી જણાવે છે તેથી કાર્યવાહી સમિતિની તા૦ ૨૧-૩-૩૭ ની સભામાં તે ગ્રંથો છપાવવા અંગે થયેલ ઠરાવ સંબંધે કંઇ કરવાપણું રહેતું નથી.

(ખ) પંડિત સુખલાલજી તરફથી સન્મતિતર્કનાં અંગ્રેજી ભાષાંતર છપાવવા માટે જોઇતા કાગળ તથા અનુવાદનો ખર્ચ એક સદ્‌ગૃહસ્થ તરફથી આપવામાં આવશે એમ જણાવવામાં આવતાં ઠરાવવામાં આવે છે કે સન્મતિ-તર્કનું અંગ્રેજી ભાષાંતર જે પં. સુખલાલજી દ્વારા તૈયાર કરવવામાં આવેલ છે તે ગ્રંથ કોન્ફરન્સ દ્વારા છપાવી પ્રકટ કરવા અને તેને લગતા ખર્ચની વ્યવસ્થા જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડથી થઇ ન શકે તો પુસ્તકોદ્ધાર ફંડમાંથી કરવી.

(ગ) બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પંડિત સુખલાલજી જ્યાં સુધી જૈન ચેરના પ્રોફેસર તરીકે કાર્ય કરે ત્યાં સુધી-વધુમાં વધુ ત્રણ વર્ષ માટે-તેમના સહકારી અધ્યાપક તરીકે પંડિત દલસુખભાઇને કોન્ફરન્સ તરફથી રાખવા અને તેમને ૧ લી જુલાઇ ૧૯૩૭ થી માસિક રૂા૦ ૫૦) માન-વેતન (ઑનરેરિયમ) આપવા ઠરાવવામાં આવે છે.

આ સહકારી અધ્યાપકના માન-વેતનની રકમ કોન્ફરન્સ હસ્તકના "બનારસ હિંદુ યુનિવર્સિટી જૈન જૈન ચેર આદિ મદદ ફંડ ખાતા"માંથી ખર્ચવી.

દરખાસ્તઃ-**શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ.**

ટેકોઃ-**શ્રી મોહનલાલ બી. ઝવેરી.**

કોન્ફરંસની તા૦ ૧૧ ૭-૩૭ ના રોજ **ડૉ૦ ચીમનલાલ નેમચંદ શ્રૉફ**ના પ્રમુખસ્થાને મળેલી કાર્યવાહી સમિતિની સભામાં કારોબારી કાર્ય ઉપરાંત નીચે પ્રમાણે અગત્યના નિર્ણયો થયા. ઉપસ્થિત સભ્યો ૨૬.

૧. સંસ્થા હસ્તકના નાણાં જે અત્યાર અગાઉ ફિક્સ્ડ ડિપાઝિટો અને પોસ્ટ ઑફિસ કેશ સર્ટિફિકેટો વિગેરેમાં રોકાયેલા છે તે ટુંકી મુદતની કોઇ ટ્રસ્ટ સિક્યોરીટી કે લોનમાં રોકવા. આ જામીનગિરીઓ મેસર્સ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, કાંતિલાલ ઈશ્વરલાલ, ડૉ૦ પુનશી હીરજી મૈશેરી અને ડૉ૦ નાનચંદ કસ્તુરચંદ મોદીના નામે Repayable to any two of them or to survivor એ રીતે રાખવી.

૨. કાર્યવાહી સમિતિના ઠરાવાનુસાર તા૦ ૩૦ જુન ૧૯૩૭ સુધીમાં જે સ્ટેન્ડિગ કમિટિના સભ્યોના સુકૃત ભંડાર ફંડના ફાળાની રકમ આવી નથી તેમની જગ્યાએ અન્ય નિમણુંકો કરવા અંગે સર્વાનુમતે ઠરાવ્યું કેઃ—

"બંધારણનુસાર સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોના વાર્ષિક ફાળાની ચાલુ વર્ષ પર્યન્તની બાકી રહેતી રકમ સંબંધે પુનઃ સભ્યોને છેલ્લી તક આપી મોડામાં મોડા તા૦ ૧૫ મી ઑગસ્ટ ૧૯૩૭ સુધીમાં તેમના તરફ બાકી રહેતી રકમ મોકલી આપવા વિનંતિ કરવી. આ મુદત સુધીમાં જે સભ્યો દ્વારા ફાળો ન મળે તેમની જગ્યાએ અન્ય નિમણુંકો કરવાની બાબત મંત્રીએએ કાર્યવાહી સમિતિ સમક્ષ રજુ કરવી."

૩ 'જૈન યુગ' પાક્ષિક પત્રની વ્યવસ્થાર્થે નીચેના સભ્યોની એક વ્યવસ્થાપક બોર્ડ એક વર્ષ માટે નીમવા ઠરાવવામાં આવ્યું.

(૧) **શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી.**

(૨) **શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન.**

આ બોર્ડને પોતામાંથી એકની તંત્રી તરીકે ચુંટણી કરવા અને જરૂર જણાયે પોતાની સંખ્યામાં કાર્યવાહી સમિતિની બહાલીને આધીન-વધારો કરવાની સત્તા આપવામાં આવી.

આ પત્રના પ્રિંટર અને પબ્લીશર તરીકે મી૦ માણેકલાલ ડી. મોદીએ ડેકલેરેશન નોંધાવવા ઠરાવ્યું.

૫. શ્રી મકનજી જે. મહેતાના તા૦ ૩-૭-૩૭ ના શ્રી કેશરીયાજી ધ્વજાદંડ કમીશન પ્રસંગેની ફી અંગેના પત્ર સંબંધે નિર્ણય.

## કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.

આ સમિતિની એક સભા તા૦ ૫-૭-૩૭ ના રોજ શ્રી **સૌભાગ્યચંદ ઉ. દોશી**ના પ્રમુખસ્થાને કોન્ફરંસ કાર્યાલયમાં મળી હતી.

શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ (રેસીડેન્ટ જનરલ સેક્રેટરી) એ અત્યાર પર્યન્ત કેળવણી પ્રચારની યોજના અંગે થયેલ કામકાજનો હેવાલ રજુ કરતાં તેની નોંધ લેવામાં આવી.

સમિતિના કાર્યને આગળ ધપાવવા માટે માર્ગ મુકર્રર કરવા સંબંધી વિચારણા અને નિર્ણયો થયા.

શ્રી પદમશી દામજી ખોના તરફથી તા૦ ૬-૬-૩૭ ના પત્રદ્વારા આવેલ સમિતિના એક સભ્ય તરીકેનું રાજીનામું દિલગિરી સાથે સ્વીકારી તેમની જગ્યાએ શ્રીયુત **મોહનલાલ ભગવાનદાસ ઝવેરી,** બી. એ. એલ એલ. બી. સોલિસિટરની નિમણુંક કરવામાં આવી.

વડોદરા અને અમદાવાદમાં નીમાયેલી કેળવણી પ્રચાર સમિતિઓની નોંધ લેવામાં આવી.

મુંબઈમાં સ્થાનિક કે. પ્ર. સ. નીમવા વિચારણા કરી.

## વડોદરા પ્રાંત માટે કેળવણી પ્રચાર સમિતિ.

કોન્ફરન્સના વડોદરા વિભાગના પ્રાંતિક મંત્રી શ્રી નાગકુમાર નાથાભાઇ મકાતી, બી. એ. એલ એલ. બી. તા૦ ૭-૬-૩૭ ના પત્ર દ્વારા વડોદરા પ્રાંત માટે નીચેના ગૃહસ્થોની "કોન્ફરંસ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ" ઉભી કરેલી હોવાનું જણાવે છે.

૧ શ્રી નાગકુમાર નાથાભાઇ મકાતી, બી. એ. એલએલ. બી. વડોદરા.

૨ શ્રી ડાહ્યાભાઇ મગનલાલ પરીખ, બી. એ. એલએલ. બી. વડોદરા.

૩ શ્રી માણેકલાલ મગનલાલ પરીખ, બી. એ. એલએલ. બી. વડોદરા.

૪ શ્રી ચુનીલાલ બાબરદાસ શાહ, બી. એ. એલએલ. બી. વડોદરા.

૫ શ્રી ધનજીભાઈ ત્રિકમદાસ શાહ, બી. કૉમ, વડોદરા

૬ શ્રી ઉત્તમચંદ નગીનચંદ ઝવેરી, વડોદરા

૭ શ્રી ભીખાલાલ ભાયચંદ કપાસી, વડોદરા

૮ શ્રી છગનલાલ લક્ષ્મીચંદ શાહ, વડુ તા. પાદરા

૯ શ્રી પ્રેમચંદ દલસુખભાઇ શાહ, પાદરા

૧૦ શ્રી છોટાલાલ મહોલાલ શાહ, અંગુઠણ તા. ડભોઈ

૧૧ શ્રી ભાઈલાલ ગિરધરલાલ શાહ, વડોદરા

## અમદાવાદમાં કેળવણી પ્રચાર સમિતિ.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના અમદાવાદ શહેર અને જીલ્લાના સ્ટેન્ડિંગ કમિટીના સભાસદોની એક સભા તા૦ ૨૧-૬-૩૭ ના રોજ રોયલ જવેલરી માર્ટ અમદાવાદમાં શ્રી **કેશવલાલ નાગજી સંઘવીના** (સાણંદ નિવાસી) પ્રમુખપદે મલી હતી જે સમયે કોન્ફરન્સની કેળવણી પ્રચારની યોજનાને વધાવી લઇ અમદાવાદ જીલ્લા માટે નીચેના સભ્યોની કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે નીમવામાં આવી.

(૧) શેઠ સારાભાઇ ડાહ્યાભાઇ, અમદાવાદ.
(૨) શેઠ પુંજાભાઇ દીપચંદ "
(૩) શેઠ શકરાભાઇ લલ્લુભાઇ "
(૪) શેઠ મુળચંદ આશારામ ઝવેરી "
(૫) શેઠ સારાભાઈ મોહનલાલ દલાલ "
(૬) શેઠ પોપટલાલ શામળદાસ શાહ "
(૭) શેઠ કેશવલાલ નાગજી સંઘવી સાણંદ.
(૮) શેઠ આત્મારામ ખેમચંદ શાહ સાણંદ.
(૯) શેઠ વેલચંદ ઉમેદચંદ મહેતા
(૧૦) શેઠ ધીરજલાલ ટોકરશી શાહ (અમદાવાદ) અને
(૧૧) શેઠ કાંતિલાલ મગનલાલ ફોટોગ્રાફર (અમદાવાદ) (સંયુક્ત મંત્રીઓ.)

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

**ઇનામો અને પ્રમાણપત્રો:** શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી સન ૧૯૩૬ ના ડિસેમ્બર માસમાં લેવાયેલી શેઠ **સારાભાઇ મગનભાઈ મોદી પુરૂષવર્ગ** અને **અ. સૌ. હીમકોરબાઇ મેઘજી સોજપાલ સ્ત્રીવર્ગ** ધાર્મિક હરીફાઈની પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓના સર્ટિફિકેટો અને ઈનામો સેન્ટરોના વ્યવસ્થાપકોને મોકલી અપાયા છે.

**પાઠયપુસ્તક પ્રકાશન:** એજ્યુકેશન બોર્ડના બાલ અને કન્યા ધોરણના ધાર્મિક અભ્યાસક્રમમાં રાખવામાં આવેલ શાળોપયોગી **'સામાયિક સૂત્ર'**ની પ્રથમાવૃત્તિ શ્રીમતી લીલાવતી બ્હેન દેવીદાસ કાનજી અને શેઠ મેઘજી સોજપાલની આર્થિક સહાયથી પ્રકટ થઇ ચુકી છે. જેને જરૂર હોય તેજ તેનો લાભ લઈ શકે એ હેતુથી કિંમત માત્ર બે આના રાખવામાં આવેલ છે. બહારગામવાળાએ પોસ્ટેજના ૦-૨-૬ બીજા મોકલવા. પુસ્તકના સંયોજક શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ, બી. એ. એલએલ. બી, એડવોકેટ, છે

**ધાર્મિક અભ્યાસક્રમ:** ગત્ વર્ષાનુસારેજ રાખવામાં આવેલ છે.

લિ૦ સેવકો:—

જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ, ૨૦, પાયધુની મુંબઈ.

**સૌભાગ્યચંદ ઉ. દોશી.**
**બબલચંદ કે. મોદી.**
માનદ મંત્રીઓ.

## ઢાંકના ડુંગરને શત્રુંજયની ટુક મનાવવાના ખોટા પ્રયત્નો.

હાલ લગભગ એક વર્ષ થયા ગોંડળ તાબે ઢાંક કરીને એક ગામ છે. તેની પાસે એક વાનો પર્વત છે. ઢાંકના દરબાર જુદા છે એટલે ઢાંકના જે દરબાર છે તેઓ પોતે એ ગ્રામના માલેક છે. દીવાની ફોજદારી ગોંડળની છે. કેટલોક વખત થયા એક લોહાણા જ્ઞાતિના કામદાર ગોવર્ધનદાસ ધનજીભાઇ માળવિયા ઘણું કરીને ઢાંકના દરબારશ્રીના કામદાર છે. તેઓને તથા દરબારશ્રીને જૈનોની જાહોજલાલીનો તથા અંધશ્રદ્ધાનો મોહ લાગ્યો લાગે છે. એથી તેઓ ઢાંકના ડુંગરને સિદ્ધાચલની ટુંક મનાવવા પ્રયત્ન કરી રહ્યા છે. છેવટ શેઠ આણંદજી કલ્યાણજીને અમદાવાદ કાગળ લખાવી ઢાંકના પર્વત ઉપર જૈન દેરાસર બાંધવાની માગણી કરાવી છે. બે વર્ષ પહેલાં જૈન પ્રતિમાજી નીકળ્યા છે એવી જોશભેર ચર્ચા બહાર ફેલાવવાથી પોરબંદરના તથા ધોરાજી વગેરેના જૈન આગેવાનો ત્યાં જઈ જોઇ આવ્યા તો એ પ્રતિમાજી આરસની નવી બનાવેલી લાગી છે બાકી ખોદકામ કરતાં કેટલાક પુતલાં દેવીઓનાં અને બીજાનાં નીકળ્યા છે. એ જોઇ સંઘના આગેવાનોએ જાણ્યું કે આ વાતમાં કાંઇ માલ નથી. પરંતુ તે પછી પણ દરબારશ્રીએ અને કામદારે એ હીલચાલ શરૂજ રાખી. ધીમે ધીમે ખરૂં વલ્લભીપુર અહીં હતું એવા લખાણો શરૂ કર્યા. એમાં કુહાડામાં હાથાની માફક પરગજુ ગોકળદાસ નાનજી ગાંધી ત્યાં જઇ તપાસ કરી એઓએ કામદાર અને દરબારશ્રીના વિચારોને ટેકો આપ્યો. હાલમાં ગાંધી કહાન ચકુ પણ ત્યાં જઈ આવ્યા છે અને જોઈ આવ્યા છે. તેઓએ પોતાના વિચારો ઘણા પ્રમાણિકપણે જાહેર કર્યા છે એ વિચારો સાથે સરખાવતાં ગોકળદાસ નાનજી ગાંધીના વિચારોમાં લગભગ જમીન આસમાન જેટલો ફેર છે. તોપણ કામદાર સાહેબે ગાંધી કહાન ચકુ પાસે અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર જૈન દેરાસર બાંધવા ભલામણ પત્ર લખાવવાનું ચુક્યા નથી.

આ બધી વાતમાં સત્યતા કેટલી છે?

શત્રુંજય મહાત્મ્યમાં ઢંકગિરી એક ટુંક છે. વીરવીજયજી મહારાજની પૂજામાં પણ **ढक कदंबने कोडीनिवासे रोहित-तालध्वज सुर गावे.** ઢંકની ટુંક કદંબગિરિની ટુંક કોટિક નિવાસ રોહિત અને તાલધ્વજ વગેરે ટુંકોનાં નામ આપવામાં આવ્યાં છે. કદંબગિરિ પ્રસિધ્ધ છે. રોહિત રોસાલાનો ડુંગર છે. તાલધ્વજ તલાજાનો ડુંગર, એ જેમ એક બીજા નજીક નજીક આવ્યા છે તેમ ઢંકની ટેકરી પણ આટલામાંજ હોવી જોઇએ. કળાંતરે લોકોએ ઘણી વસ્તુઓનાં નામ ફેરવી નાંખ્યાં છે. તેમ નામ ફેર થઇ જવાનો સંભવ છે પણ ઢાંક પાસે જે ડુંગર છે તે સિધ્ધાચલજીની ઢંક નામની ટુંક છે તે કદી સંભવેજ નહિ. માટે જૈનોએ આવા ભૂલાવામાં પડવાની જરૂર નથી. ઢાંકને ઠેકાણે ભૂતકાળમાં કોઈ મોટી નગરી હશે પણ તેથી તે વલ્લભીપુર ન ગણાય વલ્લભીપુર તો હાલ જે વળા છે તેજ ગણાય.

## — પ્રકીર્ણ —

**મહાવીર વિદ્યાલયની ચુંટણી**—મુંબઈમાં મહાવીર વિદ્યાલયની મેનેજીંગ કમીટીની ચુંટણી માટેના મતપત્રકો બહાર પડયા છે. યુવાનોમાંના ઘણાઓએ ઉમેદવારી કરી છે. એકંદર રસ સારો છે, રસાકસી પણ વધારે છે.

**શ્રી કુંવરજીભાઈની માંદગી**—જૈન સમાજના વયોવૃદ્ધ તથા જ્ઞાનવૃદ્ધ ધર્મપ્રેમી ગૃહસ્થ શ્રીયુત કુંવરજી આણંદજી કાપડિયા ભાવનગર ખાતે કેટલાક વખતથી બિમારીને બિછાને પટકાઇ પડયા હતા, અને વચમાં સ્થિતિ ગંભીર બની ગઈ હતી. પણ સમાજના સદ્‌ભાગ્યે તેમની એ સ્થિતિમાં પલટો આવ્યો છે; ને હવે તબિયત સુધારા ઉપર છે.

**જૈન બેંક**—જૈન બેંક સ્થાપન કરવાના ઇરાદાથી કોલ્હાપુર ખાતે મહાવીર કોઓપરેટીવ બેંક લી. નામની સંસ્થા ખોલવામાં આવી છે. અનું મૂલધન ૧૦ લાખ રૂપિયા છે. એક શેર રૂપિયા ૧૦ નો છે. ડીરેકટરો કે જેની સંખ્યા દશની છે, તમામ જૈન છે.

**દેરાસરમાં ભારે ચોરી**—ખેડાથી બે માઈલ દૂર આવેલા માતર ગામમાં સાચા દેવનું જૈન ભવ્ય દેરાસર બાવન જીનાલય કે જેનો જીર્ણોદ્ધાર અમદાવાદના મીલ માલેક સ્વર્ગસ્થ શેઠ જમનાભાઈ ભગુભાઇએ લગભગ રૂ૦ ૧। લાખ ખર્ચ કરાવ્યો હતો તે જૈન દેરાસરમાં ગયા રવીવારની રાત્રે કેટલાક હરામખોરો દેરાસરની પાછળના ભાગમાંથી દેરાસરમાં પેશી દેરાસરની જાળી તોડી અંદર પેસી દેવના દાગીના, મુગટ, આંગીયે, હાર તથા જડાવના હાર કંઠીઓ વીગેરે ત્રીજોરી તથા કબાટ તોડી લઈ ગયા છે. પોલીસમાં રૂ૦ ૫૩૫૮ ની ચોરી નોંધાઈ છે. પ્રથમ આજ દેરાસરમાં બે વખત ચોરીઓ થયેલી તેમાં લગભગ રૂ૦ ૬ હજારનો માલ ગયો હતો. સાંભળવા પ્રમાણે દેરાસરમાં હવે કોઈ પણ જાતનો દાગીનો રહ્યો નથી. પ્રભુને દાગીના પહેરાવવામાં કેટલું જોખમ રહેલું છે તે જૈન ભાઇઓ કયારે સમજશે?

**લાભ લીધો**—શ્રી જૈન દવાખાનું પાયધુની મુંબઇ, ઉપરોકત દવાખાનામાં છેલ્લા બે માસમાં કુલ ૩૨૧૬ દરદીઓએ લાભ લીધો છે, દરદીની સરેરાશ હાજરી વધતી જાય છે. મદદ કરવા ભાઇ બ્હેનોને ભલામણ છે.

**પ્રમુખ ચુંટાયા**—પુનાના જૈન અગેવાન પોપટલાલ રામચંદ્ર શાહ, પુના ડીસ્ટ્રીકટ કોંગ્રેસ કમીટીના પ્રમુખ ચુંટાયા છે.

---

અમો ઢાંકના દરબારશ્રીને અને કામદાર સાહેબને વિનંતી કરીએ છીએ કે આપ મહેરબાની કરીને ઉપરની હકીકત જૈનોના મનમાં ઠસાવવાનો પ્રયત્ન મુકી દેશો. કેમકે જૈનો એવા ગાંડા અને ઘેલા નથી કે લોકો જે કહે તે માની લે. હાલ તો ઇતિહાસનો જમાનો છે. વળી ડુંગરો ઉપર તીર્થો કરી કરીને જૈનોને ખૂબ કડવા અનુભવ સેવવા પડ્યા છે. માટે જૈનો હવે ભૂલો કરવા રાજી નથી.

(સમય ધર્મ.)

## વિચારકોને—લેખકોને

## સપ્રેમ આમંત્રણ.

જૈન યુગના છઠ્ઠા વર્ષના આરંભકાળે જૈન સમાજમાં જે જે વ્યકિતઓ વિચારક તરિકે સુપ્રસિદ્ધ છે, જેને જેને સાક્ષરો તરિકે અત્યારપૂર્વે સાહિત્ય ક્ષેત્રમાં સુપ્રમાણમાં ફાળો નોંધાવ્યો છે અને જેઓને અભ્યાસ કે ચિંતવનના બળે સમાજમાં પ્રેરણાત્મક સંદેશ પાઠવવાની કે પ્રબળ જાગૃતિ પ્રગટાવવાની ગાઢ લાલસા ઉદ્‌ભવી હોય એવા સર્વ બંધુઓને નમ્રભાવે આગ્રહ-ભરી પ્રાર્થના છે કે કંઇને કંઈ પ્રસાદી 'જૈનયુગ' પત્રને ધરે, જૈન સમાજની એક અગ્રગણ્ય સંસ્થાના મુખપત્રમાં જે જે મનનીય લેખો ઉક્ત સમૂહમાંથી પ્રાપ્ત થશે તેને યોગ્ય સ્થાન વિના વિલંબે અપાશેજ. આશા છે કે સેવાભાવે કરાયેલી આ અપીલ બ્હેરા કાન પર નહીંજ અથડાય.

લેખક બંધુઓને કે જેમણે કંઇને કંઇ સમાજ માટે કરી છુટવાની તમન્ના છે અને પ્રચલિત સ્થિતિમાંથી સમાજને પ્રગતિના પંથે લઈ જવાની અભિલાષા છે તેમને સર્વને ચોથા પૃષ્ટ પર પ્રગટ કરેલા ઉદ્દેશ પ્રતિ ધ્યાન રાખી લખી મોકલવા ખાસ આમંત્રણ છે. 'શુભે યથાશકિત યતનીયમ્' એ સૂત્ર સદા હૃદયમાં જાગ્રત રાખી લેખન શકિત ખીલવવાની છે. જૈન સમાજની ડહોળાયેલી દશામાં, સંગઠન કરી, દેશકાળને અનુરૂપ સુધારણા સાધવી હોય તો વાતાવરણમાં પ્રબળ ઝંઝાવાત પ્રગટાવી 'આપણે સૌ ભાઇઓ છીએ' અને 'શાસન માટે દરેકે કંઇને કંઇ કરી છુટવું જોઇએ,' એવી ભાવના પેદા કરવી જોઇએ. એ સારૂ પ્રેરણાજનક લખાણની ને રચનાત્મક કાર્યની આવશ્યકતા છે. 'જૈન યુગ' એ માટેનું સાધન છે. સૌ કોઈ એમાં સાથ આપવા તત્પર થશો એજ અભ્યર્થના!

—તંત્રી.

## સ્વીકાર અને સમાલોચના.

૧ **જાપાનની કેળવણી**—અનુવાદક જગમોહનદાસ જગજીવનદાસ મોદી B. A. પ્રકાશક પુસ્તક સહાયક સહકારી મંડળ લિ૦ વડોદરા કિં. ૦-૮-૦ ક્રાઉન સાઈઝના ૮૦ પૃષ્ટના આ પુસ્તકમાં જાપાનમાં અપાતી કેળવણી, ત્યાંની સ્કૂલો તથા તેમાં અપાતી કેળવણીના જુદા જુદા પ્રકારો, અને સગવડતાઓનો સંપૂર્ણ ખ્યાલ આપ્યો છે. તેમજ જુદા જુદા ચિત્રો કોઠાઓ વિગેરેથી પુસ્તકને ઉપયોગી બનાવવામાં આવ્યું છે.

૨ **શ્રીપાલ ગોપાલ ચરિત્ર**—પ્રકાશક જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, મૂળ સંસ્કૃત ૨૫૦ શ્લોક પ્રમાણના ગ્રંથ ઉપરથી સરળ ભાષાંતર કરવામાં આવ્યું છે.

૩ **કામઘટ કથા પ્રબંધ**—પ્રકાશક જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર-રાજા અને પ્રધાન વચ્ચે ધર્મ અને અધર્મ સંબંધી થયેલા સંવાદને કથાના આકારમાં મૂકવામાં આવેલ છે, નાનું છતાં વાંચવા લાયક છે.

૪ **સદ્‌બોધ સંગ્રહ ભાગ ૧ લાઃ**—પ્રકાશક લક્ષ્મણરાવ ભાઉરાવ કોકાટે મૂલ્ય ચાર આના મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજના જુદા જુદા ઉપદેશક ફકરાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે, ૧૩૬ પૃષ્ટના પુસ્તકના પ્રમાણમાં કિંમત નજીવી છે.

—મ. હી. લાલન.

## ચર્ચાપત્ર.

નોટઃ આ મથાળા નીચે આવતા લેખો તંત્રીની સંમતિવાળા છે તેમ સમજવું નહિ. તંત્રી.

તંત્રી શ્રી જૈન યુગ.

વિ. નીચેની બીના તરફ આપનું ધ્યાન ખેંચવાની હું રજા લઉં છું.

અમદાવાદથી પ્રગટ થતા અઠવાડિક પત્ર પ્રજાબંધુની વાર્ષિક ભેટ તરીકે 'ન ધણીયાતી મીલ્કત અથવા રાજહત્યા" એ નામનું પુસ્તક બહાર પડયું છે, તેનાં પહેલા પ્રકરણનો એક ભાગ તા૦ ૧૦-૭-૩૭ ના 'ફુલછાબ'ના અંકમાં પ્રસિદ્ધ થએલ, તેમાં શ્રાવકો અને શ્રાવિકાનો એક સંઘ ઝીંઝુવાડા થઈ શત્રુંજય જાય છે, તેઓની સાથે એક આચાર્ય પણ છે, તેઓ ઝીંઝુવાડાની ધર્મશાળામાં ઉતરેલી એક ગુણિકાને કિલ્લેદાર સાહસમલ્લની વિષયવાસના તૃપ્ત કરવા સમજાવે છે, અને જો ગુણિકા આ રીતે વર્તે તો કિલ્લેદારના હુકમથી રોકાઈ ગયેલો સંઘ આગળ વધી શકે, અને તેમનો અંતરાય દૂર થાય વિગેરે વિગેરે...આ વિષયમાં શ્રાવકો, શ્રાવિકાઓ ઉપરાંત સાધુ પણ આવોજ ઉપદેશ ગુણિકાને આપે છે જે તદ્દન હલકું અને જૈન સાધુઓને હલકા પાડનારૂં ચિત્ર છે, વળી વધારે દુઃખવાળું તો એ છે કે તેના લેખક શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ જૈન છે. તો ઉપરની બાબત આપ ધ્યાનમાં લઇ તે વિષયમાં ઘટતું કરશો.

લી૦ વાડીલાલ જેહાલાલ.

× × ભાઇશ્રી! આ પુસ્તક અમોએ મંગાવ્યું છે, અને આખું વાંચ્યા પછી તે સંબંધમાં અમારા વિચારો મૂકશું જેથી જાણ્યે અજાણ્યે લેખક (જેઓ પોતે જૈન છે) તેને અન્યાય થાય નહિ.

—મ. હી. લાલન.

**શ્વે. આગમોની નિંદા**—દિગમ્બર જૈન શાસ્ત્રાર્થ સંઘ તરફથી પ્રગટ થતાં "જૈન દર્શન" નામનાં વાજીંત્રમાં શ્વેતામ્બર જૈન આગમોની અમર્યાદિત ટીકા કરવામાં આવે છે. પરિણામે શ્વે. જૈન સમાજમાં આ પગલા સામે વિરોધ વ્યક્ત થઇ રહ્યો છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:—"હિંદસંઘ."—"HINDSANGHA."    Regd. No. B. **1996.**

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.    છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું.    તારીખ ૧૬ મી ઓગષ્ટ ૧૯૩૭.    અંક ૨ જો.

## એક પ્રશ્ન.

રાષ્ટ્રીય ભાવનાથી રંગાએલા અન્ય સમાજોએ જ્યારે અનેકવિધ પ્રગતિ દિશામાં કૂચ કરવા માંડી છે ત્યારે આધુનીક જૈન સમાજના વહેણ જુદી અને તે પણ ઉલટી દીશામાં વહી રહ્યાં છે એ શુ ખરૂં નથી?

વ્યાપાર કુશળ અને રાજકારણમાં અનેકવાર ખ્યાતિ પામેલા આપણા પૂર્વજોને ભુલી આજે આપણે ધર્મને નામે કલેશ કજીઆ ઉભા કરી અનેક પ્રકારના ગચ્છ વાડામાં વધારો કરી રહ્યા છીએ ને?

રાગ દ્વેષના જીતનાર એ મહાન પવિત્ર પુરૂષોને પગલે ચાલવાનો અને સમ્યકત્વની ભાવના કેળવવાનો દાવો કરતા આપણે આજે કઈ અધોગતિની ખાડીમાં ઉતરી પડ્યા છીએ તેનો જ્યારે કંઈક વિચાર કરવાની ભાવના થશે ત્યારે આપણને જીવવાનો અધિકાર રહેશે.

અત્યારની વિકટ પરિસ્થિતિ ઉપસ્થિત કરી અને તેમાં દિન પ્રતિદિન વૃદ્ધિ કરી આપણે કઇ પ્રતિષ્ઠા મેળવશું એનો કોઈ જવાબ આપશો?

ધર્મનો ઉદ્યોત શું આ રીતે થવાનો છે ને?

સમાજોદ્ધારના આ સાચા રસ્તા છે ને?

અને આ રીતે આપણે આપણા બાળકોને અને ભાવિ નાગરીકોને સંસ્કાર આપવા રહ્યા ખરાને?

આવા સંસ્કારોથી ભાવિ નાગરીકોની ઉન્નતિ થશે ખરીને?

આજના સમાજના થઇ બેઠેલા આગેવાનો અને ઝગડાના ઉત્પાદકો આનો જવાબ આપશો?

—રમણીક ધીઆ.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥**

**અર્થ**:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

**—श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧૬-૮-૩૭. સોમવાર.


# આપણી ઘેન-નિદ્રા નહિં ઉડે?

વર્ષાકાળના આગમન થતાંજ આકાશમાં ગાજવીજ શરૂ થઇ છે, સૃષ્ટિસુંદરીએ નીલવર્ણી દુકુલથી સ્વદેહની શોભામાં વૃદ્ધિ કરી છે; એક સમયના સફાચટને બોડા માથા સમા લાગતાં ક્ષેત્રો નવપલ્લવિત વનરાજિથી લીલાં કુંજાર સમ દીપી ઉઠી, નેત્રોને અવર્ણનીય રમણિયતા અર્પવા લાગ્યાં છે! આમ જ્યારે કુદરતના આંગણે કોઈ અદ્વિતીય ઉલ્લાસ અને નવ રણકારના મોજાં ઉછળી રહ્યાં છે, ત્યારે જૈન સમાજના વર્તમાન સૂત્રધારો, અને જેમના શીરે શાસનની જવાબદારી છે એવા ત્યાગી નાયકો! આપ કયાં ઉભા છો? જાગ્રત અવસ્થામાં છો કે ઘેન નિદ્રાના વમળમાં પડી ચક્રાવે ચડયા છો?

વર્ષો પર વર્ષો વીતતાં જાય છે અને સમાજ નવનવા અટપટીયા-પ્રશ્નોમાં ગુંચવાતો જાય છે. રાષ્ટ્રિય મહાસભા આજે પ્રગતિના એવા સ્થાનપર પહોંચી ચુકી છે કે હવે એ ધ્યેય સિદ્ધિની સમીપ પહોંચવાના માર્ગે વળી છે એમ કહેવામાં અતિશયોકિત નહીં ગણાય. ઇતર સમાજોએ પણ અધિવેશન ને પરિષદ, આંદોલન અને પ્રચાર દ્વારા ઉન્નતિ પંથની કૂચ આગળ ને આગળ લંબાવી રાખી છે, એટલુંજ નહિ પણ દેશ-કાળને બરાબર અનુલક્ષી રચનાત્મક કાર્યક્રમ પણ યોજ્યા છે. કેટલાયે બળતા પ્રશ્નોનો ઉકેલ આણવાના પ્રયાસ આદર્યા છે.

પણ એ સર્વની સહચરી હોવાનું સદ્ભાગ્ય જેને પ્રાપ્ત થયું છે એવી આપણી કોન્ફરન્સ મૈય્યા કેટલે રસ્તે છે? સમાજના છેડા ગાંઠણે ગુંથાયેલા એ માતુશ્રી જૈન સમાજની વર્તમાન હાલત જોઇ શો જવાબ આપે?

શાસ્ત્રના નામે સમાજના એ મહંતો બહુ આથડયાં! એ મહાત્માઓએ પ્રગટાવેલી ધર્મી-અધર્મી, આસ્તિક-નાસ્તિક, શાસન પક્ષી અને શાસન દ્રોહી આદિ પચરંગી બેલડીઓમાં સમાજ એવી રીતે સંડોવાયો કે એના ભાગલાનો સુમાર ન રહ્યો. નતિજો એ આવ્યો કે એક સમયે ખભે ખભો મિલાવી સાથે ઉભનારા આજે જુદી છાવણીઓમાં વહેંચાયા અને અરસપરસને ખોટા ચિતરવાની ભુમિકા સુધી પહોંચી પણ ગયા! અનેકાંત દર્શનના ઠેકેદારો માટે આ જાતનું વળણ શોભાભર્યું નથીજ. અપેક્ષાવાદના અભ્યાસી માટે આ પરિસ્થિતિ વિષાદભરીજ ગણાય.

આ વિષમ સ્થિતિ આંખ સામે નગ્નસ્વરૂપમાં દેખાવા છતાં શું સમાજના શ્રીમાનો શાસ્ત્રના ઓઠાંતળે વધતા જતા વિરોધમાં સહકાર આપ્યા જશે? તેઓ કયાં સુધી કુહાડીના હાથા તરીકેનો ભાગ ભજવ્યા કરશે? અસ્તોદયનું ચક્ર અસ્ખલિત રીતે વહી રહ્યું છે. વિશ્વની ગતિ ઘડીઆળના કાંટાની માફક નિયમિતતાથી કામ કર્યે જાય છે. એ વેળા શ્રીવીરના વડિલ તેમજ લઘુ પુત્રોએ ચિરકાળ સેવિત તંદ્રાને ખંખેરી નાંખી, કાળ જુના મતભેદોને બાજુપર રાખી, વર્ષોના સરવાયા પર ઉંડી દષ્ટિ ફેંકી, હંસ વૃત્તિ ધારણ કરી પુનઃ એકવાર સંઘટિત બળથી ભવસાગર તરવાના 'પણ' લઇ એકધારી દિશામાં સમાજરૂપી જહાજ હંકારવાનો નિશ્ચય કરવાનો છે

ઘણુ ઘોર્યા, ઘણુ ઊંઘ્યા, ઘણા ભેદો પાડયા, ઘણી ચેલેન્જો ફેંકી, ઘણા ઘણા પ્રકરણો સરજાવ્યા, પણ એ સર્વનો આખરી અંજામ, જિન શાસનનો વિજય ધ્વજ દૂર દૂર ઉડવાની વાત તો દૂર રહી, પણ માત્ર સંકુચિત ક્ષેત્રમાં વીંટળાઇ રહેવા રૂપ અને કેવળ જીર્ણ વિશીર્ણ થવામાં આવ્યો.

આજનો યુગ વીતંડાવાદ માટે ઘસીને ના પાડે છે. એની ભૂખ લાંબા પહેળા શાસ્ત્રાર્થોમાં નથી તૃપ્તિ પામવાની. લાંબા લાંબા વિશેષણોમાં હવે તે મોહાય તેવું નથી રહ્યું! એને પુંછડા ગણી કયારનાયે હડસેલી દેવામાં આવ્યા છે! આવી ઉઘાડી પરિસ્થિતિનો સાચો તાગ કહાડવામાં-યથાર્થ મૂલ્યાંકન કરવામાં-જરામાત્ર ભુલ કરવા જેવું નથી. નહિં તો પરિણામ પસ્તાવામાંજ આવશે. વડિલ પુત્રો જેમ પ્રધાનપદના દાવાદાર છે તેમ જવાબદારીમાં પણ પ્રધાન પદે છે એ ઘડીભર પણ સ્મૃતિપટમાંથી વીસરાવું જોઇતું નથી.

'ઉઠ જાગ બાઉરે' એ શ્રીમદ્ આનંદઘનજી મહારાજનું વચન સ્મરણ પોથીમાં નોંધી લઇ સાચી રીતે જાગ્રત બની કેડ કસવાની જરૂર છે. ત્યાગી ગણ માટે જૈન ધર્મની જયોત વિસ્તારવા સારૂ ઘણા ઘણા ક્ષેત્રો ઉઘાડા થઇ ચુકયા છે, માત્ર માર્ગ નિરધારનોજ વિલંબ છે. શ્રાદ્ધ સમુદાય માટે તો ગુંચવાયેલા પ્રશ્નોની હારમાળા ખડી થઇ ચુકી છે, માત્ર એ નિરર્થક ચર્ચાઓમાંથી અને શુષ્ક લખાપટીથી પરવારી ડોકું બહાર કાઢે તેટલોજ વિલંબ છે. જૈન સમાજ અને જૈન ધર્મની પ્રગતિનો પારો ઉંચી ડીગ્રીએ લઇ જવાની તમન્ના પેદા કરી સમયોપયોગી કાર્યો પાછળ મંડી જવાની હાકલ છે. 'અવસર બેર બેર નહીં આવે' એ વાકય પ્રત્યેક માટે મનનીય છે.

# નોંધ અને ચર્ચા.

## ઉષાકાળના અજવાળા.

જ્યારથી મહાસભાએ પ્રધાનપદ, સ્વીકારવાનો નિર્ણય કર્યો અને એનો અમલ કર્યો ત્યારથી દેશમાં કોઇ અનેરો જોમ પ્રગટી રહ્યો છે. દિવસ ઉગતાંજ કોઈ અવનવી વાનકીઓ વીસમી સદીનાં અતિ મહત્વના અંગ ગણાતાં દૈનિક પત્રોમાં પીરસાયેલી દ્રષ્ટિગોચર થાય છે. સરકારે એક સમયે જેમને કેદીઓ ગણી કારાગૃહના અતિથિ બનાવેલા એવા માનવીઓ આજે એજ સરકારના સિંહાસન શોભાવી જે કાયદાથી કેદી સંખ્યામાં વૃદ્ધિ થતી હતી તેજ કાયદાને મર્યાદિત બનાવી લાંબા સમયથી જેમને દુનિયાનો સ્વતંત્ર વાયુ અનુભવવા વારો નથી આવ્યો તેમને બિનશરતી મુક્તિ આપી 'ઉંડાં અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇજા,' જેવી કવિ ઉક્તિનું દુનિયાને ભાન કરાવી રહ્યાં છે. એ બધાની ભીતર કયું તત્વ રમણ કરી રહ્યું છે એ સમજવાની ખાસ આવશ્યકતા છે. એ સર્વના કારણભૂત વ્યક્તિની પ્રતિષ્ઠા નથી પણ સમષ્ટિરૂપ સંસ્થાનું પીઠબળ છે. આ પરિવર્તન પાછળ રાષ્ટ્રિય મહાસભાએ ભારતની જનતામાં કેવું અનોખુ સ્થાન જમાવ્યું છે તેનો ગૌરવભર્યો ઇતિહાસ છે. જ્યારથી દેશની એ એક મહાન્ સંસ્થાએ સેવા ધારીને નિષ્પરિગ્રહી આત્માઓનું નેતૃત્વ સ્વીકાર્યું ત્યારથી જનસમૂહ એની પાછળ ઘેલો બન્યો અને એમાંજ સ્વકલ્યાણપૂર્તિના સ્વપ્ન જોવા લાગ્યો. મોડી મોડી પણ એ પ્રતિતી સરકારને થઇ અને તેથીજ આજે રાજતંત્રમાં અપૂર્વ આશાનો સંચાર અને કોઇ અગમ્ય ભાવિનો ભણકાર સંભળાઈ રહ્યો છે.

એ પરથી સહજ અનુમાની શકાય તેમ છે કે સાચી સેવાવૃતીઓ જનસમૂહમાં કેવો પલટો આણી શકે છે! સેવકોના હાથમાં સુપ્રત કરાયેલી નેતાગિરી સંસ્થાના ગૌરવને કેવી સીમા પર્યન્ત લઉ જઇ શકે છે.

ક્ષેત્રમર્યાદા ને કાર્ય વિસ્તારમાં ભિન્નત્વ કબુલીએ તો પણ ઉપરોક્ત નિયમ જેવો રાષ્ટ્રિય મહાસભામાં કારગત નિવડ્યો, તેમ આપણી જૈન મહાસભામાં યાને કોન્ફરન્સમાં સફળ થઇ શકે એ નિસંદેહ માનવું રહ્યું. જે વેળા એના મોવડીપદે શેઠ ફકીરચંદ પ્રેમચંદ આદિ હતા તે કાળે કોન્ફરંસ દેવીના નુપૂર ઓછાં નહોત્તાં રણજણતાં. આજના ઓટમાં ભરતી આણવા સારૂ મૈયા માટે ભેખ ધરનાર શક્તિ સંપન્નવાનપ્રસ્થોની જરૂર છે.

## સમજુને સમજાવવાપણું હોય ખરૂં?

જૈન ધર્મ પરના ભસ્મરાશિ ગ્રહની કારમી છાયાથી કહો કે જૈન સમાજના કમભાગ્યે કહો પણ અફસોસની વાત છે કે એના મહાન્ ગણાતા ત્યાગી પદધારીઓ આજે મામુલી ચર્ચાઓના એવા વિષમ વમળમાં ચક્રાવા લઇ રહ્યાં છે કે જેથી જૈનેતર વર્ગમાં આજે પોતે હાંસીના પાત્રરૂપ બની 'અનેકાંતદર્શનનાં' સર્વોત્કૃષ્ટતાનું પોતાને હાથે લીલામ કરાવી રહ્યા છે. સમજુ ગણાતા જૈનોને આ વાતથી ઓછું દુઃખ નથી થતું. જ્ઞાનની શક્તિ મતફેરોને ટાળવાની છે, દિપકનો પ્રકાશ અંધકારને ઉલેચવા અર્થે છે. એને સ્થાને એજ જ્ઞાન વિતંડાવાદનું કારણ બને તો? એજ દિપક આગ પ્રકટાવે તો? કોણ ના પાડી શકે તેમ છે કે આજે આપણા વિદ્વાન ગણાતા આચાર્યોએ જાતની પ્રવૃત્તિના ઠેકેદાર નથી બન્યા? શું 'સકળ આગમ રહસ્ય વેદીપણું' કે 'સકળ સિદ્ધાન્ત પારગમીપણું' એમાં સમાયું છે? શા માટે એ મહાનુભાવો પ્રખર વિદ્વાન શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયનું **वादांश्च प्रतिवादांश्च** વાક્ય યાદ નહી કરતા હોય! અરે જરા દેશકાળ તરફ મીટ માંડે તો સમજાય કે જેઓ આજે તેમના જેટલા ત્યાગી કે નિષ્પરિગ્રહી નથી, એવા દેશનાયકો ગમે તેવી સખતમાં સખત ગુંચોનો ઉકેલ, પરસ્પરમાં કોઇ પણ જાતનો મત્સર ધર્યા સિવાય સાથે બેસીને દલીલપુરસ્સર લાવી શકે છે.

જરા નિમ્ન શબ્દો પર ધ્યાન દેવાય તો જણાશે કે મતભેદ છતાં હૃદયની નિર્મળતા કેવી અચળ રહી શકે છે. "હમારે ઇસ મનુષ્ય સમાજમેં એક-દૂસરે કે પ્રતિ આદર-ભાવ રખને કે લિયે હમેં એક-દૂસરે કે સાથ સહમત હોનાહી ચાહિયે, ઐસી બાત નહીં હૈ. અપના કોઇ સિદ્ધાંત હી ન રહે, ઇસ હદ તક એક દૂસરે કે વિચારોં કે લિયે સૂક્ષ્મ આદર યા નમ્રતા નહીં રખ્ખી જાસકતી. ઇસકે વિપરીત મનુષ્ય-સ્વભાવકા ગૌરવ તો ઈસમેં હૈ કિ હમ જીવનકી હલચલો સે ટક્કર લેં. કઈ બાર સગે ભાઇઓં તક કો અપને-અપને રાસ્તે જાના પડતા હૈ, કિન્તુ યદિ કલહ કે અન્તમેં-મતભેદોં કે અન્તમેં વે યહ કહસકેં કિ ઉનકે મનોમેં દ્વેષ ન થા, ઔર સજ્જન ઔર સૈનિક કી તરહ ઉન્હોંને એક દૂસેરેકે સાથ વ્યવહાર કિયા તો કોઇ ચિન્તાકી બાત નહીં."

પરમાત્મા મહાવીર દેવના વડિલ પુત્રો તરિકે દાવો કરનાર અને સંઘમાં પ્રધાન સ્થાન ભોગવનાર શ્રમણગણ ઉપરોક્ત માર્ગનું અનુકરણ કરી આવી રહેલ પર્વના સમતા ભાવથી સન્માન કરે. એમાંજ પ્રભુના માર્ગનું ગૌરવ છે. દેશ કાળની નોબતનો એ પંચમ સુર છે. શાસ્ત્રકારે ચંદનબાળા ને મૃગાવતીની ક્ષમાપનાને મહત્વ આપ્યું છે. જનતાની દષ્ટિ એજ વાંછી રહી છે. પૂજ્ય ગણના અગ્રેસરો એ પ્રકારના સાચા મિથ્યા દુષ્કૃતનું પાન કરાવવા શક્તિમંત થશે?

## આ તો કેવો મેનિયા?

જ્યાં કંઇક ચર્ચા જન્મી કે તરતજ હેંડબીલબાજીના શ્રી ગણેશાય થયાજ સમજો ને! એ વેળા કોણ જાણે કેવાયે ખૂણામાંથી જૈનત્વના ઇજારદારો ચોમાસાના અળસીયાંની માફક ઉભરાઈ જાય છે. એમાં છાપાના કોલેમોનો સહકાર મળતાં એકાદ રામાયણ ખડી થઇ જતાં રજ માત્ર વિલંબ નથી થતો. નહીં જેવી વાત માટે પાના ભરાય છે. એમાં મરી મસાલાના સંભાર ભરાય છે. છાપાના કોલમ પર સમરભૂમિના મંડાણ થાય છે. શબ્દોના તીક્ષ્ણ બાણો પરસ્પર છુટે છે, અને પછી તો યુદ્ધ મૂળ મુદ્દાથી અને નૈત્તિક મર્યાદાની વાડ કુદાવી ક્યાંયે પહોંચી જાય છે! એ વેળા કોઇ 'યુકેશા' તો કો'પી કે શાહ' અથવા તો કોઇ' 'એમ. ઝવેરી' તો કોઇ 'પી મણિયાર' આદિ ઉલ્લેખધારીઓનો રાફડો ફાટે છે, કેટલીક વાર આ સામગ્રીના અતિરેકથી જૈનેતરો પોકાર

# શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.

## જૈન સમાજ અને સુકૃત ભંડાર ફંડની યોજના

### જાહેર સભામાં થયેલા પ્રેરક ભાષણો.

"જૈન સમાજ અને શ્રી સુકૃત ભંડાર ફંડની યોજના"ના વિષય પર વિવેચનાર્થે અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ દ્વારા બોલાવવામાં આવેલી જૈનોની એક જાહેર સભા મુંબઈમાં રવીવાર તા૦ ૮-૮-૩૭ ના રોજે રાત્રે સ્ટાં. ટા. ૮-૩૦, વાગે કોન્ફરન્સ હોલમાં રાવસાહેબ શેઠ **રવજીભાઈ સોજપાળ જે. પી.** ના પ્રમુખપુણા હેઠળ મલી હતી.

પ્રારંભમાં સુકૃત ભંડાર ફંડ પેટા-સમિતિના મંત્રી શ્રી મણીલાલ જેમલ શેઠે પત્રિકા વાંચી જણાવ્યું કે આજની સભાના પ્રમુખશ્રીએ કોન્ફરન્સને કટોકટીના વખતે સાથ આપી કોન્ફરન્સની કીર્તિને વધારી છે. દેશમાં થઇ રહેલી અનેક પ્રકારની પ્રગતિ જોતાં આપણી કોમે આંખો ઉઘાડવી જોઇએ. આજે ન્હાના ન્હાના ઝગડાઓ કરવા સમય નથી. સમાજની દુર્દશા, કોમના દુઃખો. સંઘના કલેશો દૂર કરવા આપણી જૈન મહાસભા-કોન્ફરન્સ પગલાં ભરી રહી છે, તેમાં સંગીન કાર્યને અવકાશ છે. આમ વર્ગને કોમમાં ફાટી નીકળેલા ઝગડાઓથી જરાએ નિસ્બત નથી. આજના યુગમાં સંગઠિત થઈ, સહકારની ભાવના રાખી કાર્ય થાય એ માટે કોન્ફરન્સના પ્રયાસો ચાલુ છે. મતભેદને એક બાજુએ મૂકી કોમની ઉન્નતિ કરવા આપણે સૌએ તૈયાર થવું જોઇએ અને તે માટે કાર્ય કરતી કોન્ફરન્સ દેવીને દરેક જાતની આપણી સેવાઓ અર્પવી જોઇએ.

### શ્રી મોતીચંદ કાપડીઆ.

કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટરે "જૈન સમાજ અને શ્રી સુકૃત ભંડાર ફંડની યોજના" ના વિષય પર બોલતાં જણાવ્યું કે શ્રી સુકૃત ભંડાર ફંડની યોજના સન્ ૧૯૦૩ માં રાય બદ્રિદાસજી બહાદુરના વિચારને અનુસરી સમાજ સમક્ષ રજુ કરવામાં આવી, જે અનુસારે પ્રત્યેક જૈન વ્યકિતએ દર વર્ષે ઓછામાં ઓછા ૦-૪-૦ ચાર આનાની રકમ કોન્ફરન્સને ચરણે ધરવી જોઇએ. યોજના જેટલી સીધી અને સાદી દેખાય એટલીજ અમલમાં મુશ્કેલ હોય છે એમ કેટલાક અનુભવો કહે છે. દાખલા રૂપે અલિગઢમાં મુસ્લિમ યુનિવર્સીટીની સ્થાપના કરવા એવી યોજના રખાઈ હતી કે પ્રત્યેક મુસ્લિમ જો એકજ વર્ષે એક રૂપીઓ આપશે તો સાત ક્રોડ રૂપીઆ સ્હેજે એકઠા થઈ જશે અને તેમાંથી એક કરતાં વધારે યુનિવર્સીટી સ્થાપી શકાશે. પણ તેમ થવામાં પણ મુશ્કેલી આવી. તે તો એક વર્ષે એકજ રૂપીઓ આપવાની વાત હતી, પણ આપણી યોજનાનુસારે તો દર વર્ષે ૦-૪-૦ આપવાની વાત છે પણ તે જૈન સમાજ માટે મુશ્કેલ નથી, પરંતુ કોન્ફરન્સની સ્થાપના પછી કેટલાકોને પોતાના નિશ્ચલ સિંહાસનો ડોળાયમાન થતા જણાયા. શ્રાવકો-મધ્યમ વર્ગ પોતાના હકો સમજતાં શીખે એ કેટલાકોને ન રૂચ્યું, પણ કોમના સદ્ભાગ્યે આજે કોન્ફરન્સ જળવાઇ રહી છે અને તેજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની પ્રતિનિધિ રૂપ સંસ્થા છે. કાંગ્રેસને માટે એક વખતે એમ કહેવાયું હતું કે તેમાં તો સૂક્ષ્મદર્શક યંત્રથી જોવાય એટલી ન્હાની સંખ્યામાં સભ્યો છે (Microscopic minority) પણ તેજ આજે દેશની પ્રતિનિધિ સંસ્થા છે એમ સૌ જાણી શકયા છે જૈન કોમ માટે આજે જો કોઈ આધારભૂત મંડળ હોય તો તે કોન્ફરન્સજ છે. લોકોની અભિરૂચી મેળવવા, કોન્ફરન્સના અંગભૂત અને સહાનુભૂતિ ધરાવનાર તરીકેની ભાવના ઉત્પન્ન કરવા સુકૃત ભંડાર ફંડની યોજનાની જરૂર છે અને તેના અમલ માટે મુંબઇથી શરૂઆત થાય તો દેશના જૈન સમાજને પ્રેરણા મળે. મુંબઈમાં ૫૨૦૦૦ બાવન હજાર જૈનો છે, તેઓ બીજા સમાજો તરફ દષ્ટિ રાખી પ્રગતિ કરે તો સમાજની, ધર્મની ઉન્નતિ ઘણી થાય. તે માટે રચનાત્મક કાર્ય શરૂ કરવાં જોઇએ. કોન્ફરન્સે અનેક રચનાત્મક કાર્યો કર્યા છે અને હાલમાં પણ

---

પાડતાં દષ્ટિગોચર થાય છે કે આ તે દૈનિક છે કે જૈનોનુ પુરાણ!

પણ આવીજ વાતો હેંડબીલદ્વારા પ્રગટ થવા લાગે છે, ત્યારે તો એવું બિભત્સરૂપ ધારણ કરે છે કે શિષ્ટ સમાજને વાંચતાં પણ કંપારી છુટે. આક્ષેપ, અસત્ય અને તદ્દન ગલીચ ભાષામાં લખાયેલા આવા પેંફલેટો વાંચી સમજુ ગણાતા જૈનોના હૃદયમાં સજ્જડ સંક્ષોભ પેદા થાય છે. આ જાતના ફરફરીયાંથી પ્રભુ શ્રી મહાવીર દેવનો ધર્મ અન્ય સમાજની દ્રષ્ટિયે કેટલો પતિત જણાય છે અને એ દ્વારા જૈન સમાજનુ, એની પૂજ્ય અને પવિત્ર ગણાતી સંસ્થાનું કેવું તળીઆઝાટક લીલામ થાય છે, તેનું આ ધર્મઘેલાને રાગાંધતાની આંધીમાં દબાયેલાઓને કયાંથી ભાન હોય! પોતાના પક્ષને સારો દેખાડવાના મોહમાં સામા પક્ષને ઉતારી પડાવામાં એ લખનારાઓ સત્યનુ ખુન કરતાં પણ અચકાતા નથી! બે સેવકની હોંસાતોંસીમાં જેવી પેલા માલિકની દશા થઈ તેમ આ નવરા વર્ગના લખાણ પટ્ટામાં જૈન ધર્મની થઈ રહેલી છે.

આમાં ગુપ્તપણે સાધુઓની ઉત્તેજના હોવાનું સંભળાય છે. પહેલી તકે આ જાતની કપટજાળ બંધ કરી અંકુશ વગરની પેંફલેટબાજી બંધ કરવાની જરૂર છે. એથી બુધ, ગુરૂનું સત્ય કેટલું આગળ વધશે, એ તો જ્ઞાની જાણે, પણ એથી જૈનેતર સમાજમાં જૈન ધર્મ કેટલી હદે ઉતરી ગયો છે અને સાથોસાથ એક સમયનો ટંકશાળી પીળો ચાંલ્લો આજે કઇ કક્ષાએ પહોંચ્યો છે એનો વિચાર કરવાની ખાસ અગત્ય છે.

એજ ધોરણે કેળવણીની યોજના સમાજ સમક્ષ રજુ કરી છે. બેકારી-નિવારણની યોજના ટુંક સમયમાં તૈયાર થયે સમાજ સમક્ષ રજુ થશે. આપણા વૈર-વિરોધ કેમ ઓછા થાય. સમસ્ત કોમ કેમ ઉચ્ચ દશાએ પહોંચે એ ધ્યાનમાં રાખીને કોન્ફરન્સ કાર્ય કરી રહી છે, અને તે માટે પ્રત્યેક જૈન વ્યક્તિએ સુકૃત ભંડાર ફંડની યોજના આદિને ટેકો આપવાની જરૂર છે. સૌએ પોતાની લાગવગ, સહકાર અથવા જે રીતે બને તે રીતે સહાય કરવા વિનંતિ છે. વકતાએ જૈન કોમની ભવિષ્યની ઉન્નતિ કેમ થાય તે માટે કોન્ફરન્સની યોજનાઓ કાર્યો તરફ અભિરૂચી બતાવવા સુ ભં. ફંડમાં ફાળો અર્પવા અપીલ કરી હતી

### શ્રી. મોહનલાલ દેશાઈ.

શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઈ, એડવોકેટએ જૈન કોન્ફરંસ અને સમાજ વચ્ચે રહેલ સંબંધને "સુકૃત ભંડાર ફંડ" તરીકે ઓળખાવી સારા કાર્યમાં વ્યય થાય તે માટેની આ યોજનાને સફળ બનાવવા અપીલ કરી જણાવ્યું કે કોન્ફરંસે અત્યાર પર્યન્ત સમાજોત્થાનના અનેક કાર્યો કર્યા છે. સમાજમાં ઘર કરી બેસેલા કુધારા-કુપ્રથાઓ દૂર કરવા, કેળવણી પ્રચાર કરવા, જૈન સાહિત્ય પ્રકાશિત કરાવી યુનિવર્સીટીમાં દાખલ કરાવવા, તીર્થો, મંદિરોના વિકટ પ્રશ્નો સફળતાપૂર્વક ઉકેળવા, દાનના પ્રવાહને યોગ્ય માર્ગે લાવવા વિધવિધ પ્રયત્નો, વિચારો, આંદોલનો, કર્યાં છે. સમાજને હિતકારી, દુઃખો દૂર કરનારી આ સંસ્થાને બળવાન-સમૃદ્ધિવાન કરવા ઉપાયો લેવા જોઇએ. કોન્ફરંસના આંદોલનોએ જનતાને જાગ્રત કરી છે. બધાએ આજે સહકારથી કામ કરવાની જરૂર છે. આજે આપણામાંથી અમુક વર્ગ અંદર અંદર લડી રહેલ છે અને બીજાને લડાવે છે. આ વસ્તુસ્થિતિ દૂર થવી જોઇએ. સમયધર્મ અને વ્યવહારને ન ઓળખવામાં આવે તો અધઃપતન થશે. સારા શ્રાવકોથીજ સમાજ દીપશે. શ્રાવકોમાંથીજ સાધુઓ થાય છે. શ્રાવકો વિચારવાન્, વિદ્વાન હશે તો સમાજોદ્ધાર કરી શકશે. દુનીયાની તરફ નજર રાખી સમયના પ્રવાહને ઓળખી કામ કરવાની જરૂર છે. પારસી કોમ કેટલી ઉજવલ છે તે જરા જોશો તો જણાશે કે તેમની ચેરીટી-(દાન) મર્યાદિત કાર્યો માટે નથી. વ્યવસ્થિત કાર્ય કરવા માટે એ કોમ જાણીતી છે. આપણે નિદ્રામાં પડયા છીએ. કોન્ફરંસ જેવી બંધારણ પુરસ્સરની સંસ્થાને ઉચ્ચ સ્થીતિએ લાવવા ચાર લાખ શ્વે. જૈનો ધારે તો શું ન કરી શકે? એ સંસ્થાના હિસાબો ચોખ્ખા, ઑડિટ થયેલા છે. જે કાર્ય માટે એને ફંડ સોંપાય છે તેજ કાર્યમાં એ વાપરવામાં આવે છે. સમાજના અનેક ઉપયોગી કાર્યો આપણા ત્રણે સંપ્રદાયો વચ્ચે સંપના અભાવે રખડે છે. 'મહાવીર જયંતિ'ને પબ્લીક તહેવાર તરીકે જાહેર કરાવી શકયા નથી એ શું જૈન સમાજ (ત્રણે ફિરકા)ને માટે ખેદની વાત નથી? આપણા જૈન ભાઇઓની દશા અશ્રુધારા વહેવડાવે એવી થઈ રહી છે. તે ટાળવા કટિબદ્ધ થઇ આ કોન્ફરંસ મહાદેવીને સમૃદ્ધ બનાવવા વકતાએ અપીલ કરી હતી.

### શ્રી મુલચંદ આશારામ.

અમદાવાદ નિવાસી શ્રી મુલચંદ આશારામ ઝવેરીએ જણાવ્યું કે જૈન કોમની ભૂત કાળની સ્થિતિ સાથે વર્તમાન કાળની સ્થીતિ સરખાવશો તો ખેદ થયા વિના નહીં રહે. કોન્ફરંસની કીર્તિ ઉજ્વલ છે. મુંબઇ, વડોદરા, પાટણની કોન્ફરંસોમાં લોકોને બેસવા માટે જગ્યા ઓછી પડતી હતી. કોન્ફરંસના ઇતિહાસમાં ગ્રંથાવલી, ડિરેકટરી, મંદિરાવલીના પ્રકાશનો અદ્વિતીય છે સમાજે સાતે ક્ષેત્રને વિવેકપૂર્વક વિકસાવવાં જોઇએ-જમાનાને ઓળખવાની જરૂર આજે ઉભી થઈ છે. બીજા સમાજો શું કરી રહ્યા છે તે આપણે જોઈ પ્રગતિ કરવી જોઇએ. આપણામાંના કેટલાક તેમને રૂચે તે કરે તે તરફ ધ્યાન ન આપતાં આપણા આરંભેલા કાર્યને સફળ બનાવવા ઉદ્યમશીલ રહો. યુવકોએ આપણા મુરબ્બી શ્રી મોતીચંદભાઇ, મોહનલાલભાઈ જેવાઓની પડખે રહી, અનુભવ, શિક્ષણ મેળવી જવાબદારી લેવી જોઇએ. તેઓએ તો પોતાના જીવનને કોન્ફરંસ સાથે ગુંથી નાખેલ છે. આપણે એમની માર્ગદર્શકતા નીચે કામ કરી બતાવવું જોઇએ. એ રીતે દરેક વર્ગે કોન્ફરંસને ટેકો આપવા અને તે દ્વારા સમાજશ્રેય સાધવા તક મેળવવી જોઇએ.

### રાવસાહેબ રવજીભાઇ સોજપાળ.

પ્રમુખ શેઠ રવજી સોજપાળ જે. પી. એ જણાવ્યું કે સુકૃત ભંડાર ફંડ માટે ખૂબ બોલાયું છે તેથી વિશેષ વિવેચનની હવે જરૂર નથી રહેતી. કોન્ફરંસ કેમ ઉંચી આવે તેમ કરવા આજે આવશ્યકતા છે. તે માટે દરેક વર્ગે વિચારશીલ બની કામ કરવાની તૈયારી બતાવવી. કેટલાકોને આજે ન રૂચતા વિચારો છોડી આગળ ધપો. આજે સભામાં હાજર રહેલા બંધુઓએ સુ. ભં. ફંડ એકત્ર કરવા-કરાવવા મનપર લેવું જોઇએ. આપણે શુભ ભાવનાથી પ્રયત્નો કરશું તો ટેકો અવશ્ય મળશે. પ્રમુખશ્રીએ સમાજને ઉચ્ચ દશા પર લાવવા માટેના કોન્ફરંસના પ્રયત્નોને ટેકો આપવા સૂચના કરી હતી.

છેવટે શ્રી મણીભાઈ જેમલ શેઠે પ્રમુખશ્રી, ઉપસ્થિત બંધુઓ આદિ નો આભાર માની પર્યુષણ આદિ પ્રસંગે સુકૃત ભંડાર ફંડ માટે વાલંટિયરો આદિ આવે તેમને સહકાર આપવા વિનંતિ કરી હતી. તે ઉપરાંત આ પ્રચારાર્થે જૂદા જૂદા સ્થળે થનારી જાહેર સભાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા જણાવ્યું હતું. બાદ સભા વિસર્જન થઇ હતી.

---

**વાર્ષિક સમારંભ**—મહારાષ્ટ્રીય જૈન વિદ્યા ભુવન (જુન્નેર)નો પ્રથમ વાર્ષિક મહોત્સવ ગત તા૦ ૧૪ અને ૧૫-૮-૩૭ ના દિવસોએ જુન્નેર મુકામે યોજવામાં આવ્યો હતો, જે વખતે પ્રમુખ સ્થાન શિક્ષણ પ્રેમી શ્રીયુત્ કલ્યાણભાઇ છગનલાલ નાણાવટીએ લીધું હતું, બે દિવસનો સંવાદ સંગીત ઇનામ વહેંચણી આદિનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

**સખત માંદગી:**—મહાસભાના અગ્રણી અને મુખ્યત્વે કરી કાઠીયાવાડના એક અજોડ નેતા, તેમજ પહેલી જૈન યુવક પરિષદ્‌ના પ્રમુખ શ્રી. મણીલાલ કોઠારીની પક્ષાઘાતની બીમારીએ ગંભીર રૂપ પકડયું છે. પરમાત્મા તેમને તુરતજ આરામ આપે એમ ઇચ્છીશું.

# સમૂહબળનાં મૂલ્ય.

લેખકઃ-
**મનમુખલાલ હી. લાલન.**

જે જે રાષ્ટ્રને કોમને કે સમાજને યુગ પલટાના આદેશે પ્રગતિ તરફ પ્રયાણ કરવું હોય તે તે રાષ્ટ્રને કોમને કે સમાજને વિવિધ પ્રકારની સંસ્થાઓની અવશ્ય જરૂર પડે છે. કોમના સમાજના કે રાષ્ટ્રના ઘણાએ એવાં કામો હોય છે કે જે એકાદ વ્યક્તિ પોતાની ઘણીજ ઉત્કંઠા હોય પણ પોતે એકલે હાથે પાર પાડી શકે નહિ, જ્યારે તે પોતાના વિચારો અને યોજનાઓ તે તે પ્રકારનાં કાર્ય કરનારી સંસ્થાઓ પાસે મૂકે તો તુરત તેમાં અવનવા માર્ગો સાંપડે છે, જુદી જુદી પ્રેરણાઓ મળે છે, અને એ કાર્ય જ્યારે સંસ્થા પોતેજ ઉપાડી લે છે, ત્યારે તે સહેલાઇથી પાર ઉતરી શકે છે, કારણકે સંસ્થા એ સમૂહબળ છે, અને સમૂહબળમાં અતિ કઠિન કાર્યોનો પણ ઉકેલ લાવવાની શક્તિ સમાયેલી રહે છે.

આજે હિંદુસ્તાનમાં નવયુગના નિશાનો વાગી રહ્યાં છે, થોડા વર્ષો પૂર્વે જે અશકય લાગતું હતું તે મહાસભા જે એક જબરદસ્ત સંસ્થા છે, અને જેનું સમૂહબળ અજોડ મનાય છે, તેના મારફત શકય બન્યું છે, સ્વરાજ્યની સુગંધ પ્રસરવા લાગી છે, ઠેર ઠેર એની પ્રશંસનીય પ્રગતિના મંડાણો મંડાઇ રહ્યાં છે, અને એના ચમત્કારિક ગતિથી ચાલુ થયેલાં ચક્રોની ગતિ નિહાળી અનેક નિરાશાવાદીઓ મોઢાંમાં આંગળાં નાંખી જોઇ રહ્યા છે. કહેવાની મતલબ એ છે કે આ પરિસ્થિતિનું ઉત્પન્ન સ્થાન કયાં છે? એ તરફ આપણી નજર પડવી જોઇએ, આપણે જોઇએ છીએ કે આ પુણ્યમયી પ્રગતિનું ઉત્પત્તિસ્થાન મહાસભાનું સંગઠન, સમૂહબળ અને તેના પ્રાણરૂપ મહાત્માજી અને પંડિત જવાહીરલાલ જ છે, તેમના ઉપરજ આપણી નજર કેંદ્રિત બને છે.

રાષ્ટ્રિય મહાસભાએ જે કરી બતાવ્યું છે, તે જો કે એના અનેક વર્ષોની મહેનતના પરિણામ રૂપે છે, પરંતુ તેમાં પ્રેરણાના અમૃત પાનાર અલૌકિક મહાત્માજીએ જે પરિવર્તન ટુંક સમયમાં કરી બતાવ્યું તે ભાગ્યેજ કોઇ બીજો કરી શકે. છતાં તેની સાથે એટલું પણ યાદ રાખવું જોઇએ કે તેની પીઠ પાછળ પણ મહાસભાનું સંઘબળ હતું, અને એ સંઘબળના પ્રતાપેજ આજે આપણે નવિન પ્રગતિ જોઇ રહ્યા છીએ. આવીજ રીતે આપણી જૈન કોમમાં પણ દિવ્ય જાગૃતિ લાવવી હોય તો રાષ્ટ્રિય મહાસભાની પેઠે આપણી મહાસભા પણ ઓજસ્વિની અને પ્રગતિના પેય પાનાર હોવી જોઇએ. આપણી કોન્ફરન્સે કોમની મહાસભાનું જોકે બિરૂદ તો ધારણ કર્યું છે, અને ભૂતકાળમાં આ સંસ્થા દ્વારા અનેક કાર્યો એવાં પણ થયાં છે કે જેથી ઉપરોક્ત બિરૂદ અસ્થાને ન લખાય, પરંતુ ત્યાર પછી કોમમાં જાગેલા કલહમય વાતાવરણથી એ મહાસભાની પ્રગતિમાં અવરોધ પડયો અને કાર્ય શિથિલ થયું. પરંતુ એ ઉંઘ ઉડાડી આળસના અબારને ખંખેરી તેણે પુનઃ ઉત્થાન કરી પ્રગતિના માર્ગે કોમને લઇ જવા ફરી મંડાણ માંડયાં છે, ત્યારે આપણે કહીશું કે એના કાર્યોની ફતેહ માટે તેને પણ સંઘબળની ઘણીજ આવશ્યકતા છે, જો કોન્ફરન્સનું સમૂહબળ મજબૂત બને, કોમના વિચારકો અને સેવાભાવી સજ્જનો એ સમૂહબળ દ્વારા કોમની અગ્રગણ્ય સંસ્થાને વિશેષ બળવત્તર બનાવે. તોજ એ દ્વારા ધારેલી પ્રગતિ બહુ ઓછી મુશ્કેલીએ સાધી શકાય, સાથે સાથે કોન્ફરન્સના સમૂહબળને અવનવી યોજનાઓ દ્વારા, પોતાના વિચારો અને કર્તવ્યો દ્વારા આત્મસમર્પણ કરનાર એકાદ ફકીર કાર્યકર્તા જો પ્રાપ્ત થાય તો જેમ રાષ્ટ્રિય મહાસભા દેશની ઉન્નતિમાં પોતાનો મોટો ફાળો આપી રહી છે, તેવીજ રીતે, આપણી કોમની આ મહાસભા પણ કોમની અનેક હાજતો પૂરી પાડી કોમના અનેકવિધ અટકી ગયેલાં કાર્યોને વેગ આપી શકે, એટલુંજ નહિ પણ દિનપર દિન બેકારીના પાશમાં સપડાતા કોમના કેટલાયે મનુષ્ય જીવનોને કોમનાજ શ્રીમંતો દ્વારા રોજી મેળવાવી શકે.

આ વસ્તુસ્થિતિ તરફ કોન્ફરન્સનું જો કે લક્ષ ખેંચાયું છે, અને કોમની ઉન્નતિના બે મહત્વના અંગો કેળવણી અને બેકારી નિવારણ એ બે અંગે યોજનાઓના ચક્રો ચાલુ કર્યાં છે, ઉત્સાહી દાનવીર ગૃહસ્થે પોતાની ઉદારતા દેખાડી એ ચક્રોને વિશેષ ગતિમાન કરવા ધનના સીચન સીંચ્યાં છે, પરંતુ તે ચક્રોને યોગ્ય માર્ગો તરફ વાળવા, એ યોજનાઓ દ્વારા કોમના મોટા ભાગને લાભ લેતો કરવા કુશળ સંચાલકો અને સેવાભાવી કાર્ય કરનારાઓની ખાસ જરૂરીઆત છે, જ્યાં સુધી એવા ભાઇઓનું સમૂહબળ અને પીઠબળ કોન્ફરન્સને ન મળે ત્યાં સુધી ઘણી ફલદાયી લાગતી યોજનાઓ પણ જેમ ઉગતો ગુલાબનો છોડ જોકે સુગંધની ખરેખર ખાત્રી આપતો હોય, પણ જો તેને પાણીનું સિંચન કરવામાં ન આવે તો તે કરમાઇ જતાં નજરે જણાતા છતાં પણ તેની સૌરભ મેળવી શકાતી નથી, તેવીજ રીતે ઉપયોગી અને ફળ નિષ્પન્ન કરનારી યોજના જાણવા છતાં પણ નિષ્ક્રિયતાને અંગે કે સમૂહબળના ટેકાને અભાવે નિષ્ફળ નીવડે છે.

છેવટમાં સમાજમાં ઉંચું સ્થાન ધરાવનારા આ સંસ્થાના સંચાલકો પોતાની આસપાસ એવું મજબૂત સમૂહબળ ઉભું કરે કે જેથી આજે યોજેલી બન્ને યોજનાઓ અને ભવિષ્યમાં યોજાનારી યોજનાઓના ચક્રો પૂર જોશથી ગતિમાન કરી શકે.

---

## જૈન લાઇબ્રેરીઓ અને કેળવણીની સંસ્થાઓને
## — અમૂલ્ય તક. —

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ જૈન સમાજ સહેલાઇથી કૉન્ફરન્સની પ્રવૃત્તિથી વાકેફ રહી શકે તે વિગેરે હેતુથી "**જૈન યુગ**" જૈન લાઇબ્રેરીઓ અને કેળવણીની સંસ્થાઓને મોકલવા માટે નીચે પ્રમાણે ઠરાવ કરેલ છે.

જે લાઇબ્રેરીઓ કે કેળવણીની સંસ્થાઓ પ્રતિવર્ષે એક રૂપીઓ આપી બંધારણાનુસાર સંસ્થાનું નામ કૉન્ફરન્સ કાર્યાલયમાં રજીસ્ટર કરાવે તેને પ્રતિવર્ષે માત્ર ૦-૬-૦ છ આના લઇ "**જૈન યુગ**" મોકલવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

આ ઠરાવાનુસારની જૈન સંસ્થાઓ "**જૈન યુગ**" મેળવવાની તક ન ગુમાવે એમ ઇચ્છીશું.

# ::: કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ. :::

નિવેદકઃ—**મોતીચંદ ગિ. કાપડીઆ,**
**કાંતિલાલ ઇશ્વરલાલ,**
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ,
**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**

### શ્રી સુકૃત ભંડાર ફંડ સમિતિ.

કોન્ફરન્સ કાર્યાલયમાં તા૦ ૪-૮-૧૯૩૭ ના રોજે મળી હતી, જેમાં નીચે પ્રમાણે નિર્ણયો થયા.

( ૧ ) શ્રી લક્ષ્મીચંદ વીરજી લાપસીઆનું સભાસદ તરીકેનું રાજીનામું દિલગિરી પૂર્વક સ્વીકાર્યું.

( ૨ ) કોન્ફરન્સ પ્રત્યે સુરૂચી ધરાવનાર અને ઓછામાં ઓછા ચાર આના સુકૃત ભંડાર ફંડમાં આપનાર સભ્યો આ સમિતિમાં કોઆપ્ટ કરવા મંત્રીઓને સત્તા આપવામાં આવી.

( ૩ ) સમિતિને સોંપાયેલ કાર્ય ચાતુર્માસ અને પર્યુષણ દરમ્યાન સફળતા પૂર્વક કરવા જૂદી જૂદી જગ્યાએ અનુકૂળ સમયે મંત્રીઓએ જાહેર સભાઓ બોલાવવી, તથા સ્વયંસેવક મંડળ, અન્ય જૈન સંસ્થાઓ, આગેવાન ગૃહસ્થો આદિના સહકારથી ફંડ એકત્ર કરવા ઘટતી તજવીજ કરવી.

### બેકારી નિવારણ પેટા-સમિતિ.

કોન્ફરન્સ ઑફિસમાં તા૦ ૮ ઑગસ્ટ ૩૭ ના રોજે રાવસાહેબ **શેઠ રવજી સોજપાલ** જે. પી. ના પ્રમુખપણા હેઠળ મલી હતી. જે સમયે રેસીડેન્ટ જનરલ સેક્રેટરીએ બેકારી નિવારણ અંગે રજુ કરેલ યોજનાની નોંધ લઈ તે આ સમિતિના સભ્યોને વિચારણાર્થે મોકલી આપવા ઠરાવ્યું. પુનઃ આ સમિતિની સભા ગુરૂવાર તા૦ ૧૨-૮-૩૭ ના રોજ ડ્રાફ્ટ રિપોર્ટની વિચારણા અને નિર્ણયાર્થે મળશે.

### જૈનોની જાહેર સભા.

શ્રી રવજી સોજપાલ જે. પી. ના પ્રમુખપણા હેઠળ તા૦ ૮-૮-૩૭ ના રોજે મળેલી જૈનોની જાહેર સભાનો રિપોર્ટ અન્યત્ર અપાયેલ છે.

### સાદડીના જૈન બંધુઓમાં ઐકયઃ—

લગભગ ૨૨ વર્ષ પહેલાં સાદડી ( મારવાડ ) ના શ્વેતાંબર મૂર્તિપૂજક અને સ્થાનકવાસી ભાઇઓ વચ્ચે થયેલ વૈમનસ્યની સમાધાની હાલમાં **વરકાણા** મુકામે મળેલ ગોડવાડ સંઘની સભામાં થતાં મારવાડ પ્રાંતના જૈન સમાજના બન્ને ફિરકા વચ્ચે પ્રેમની લાગણી ઉત્પન્ન થઇ છે.

કોન્ફરન્સ કાર્યાલયને આ અંગેના ખબર નીચે મુજબ તાર દ્વારા મળ્યા હતાઃ—

"Sthanakwasi dispute settled amicably
Godwarsangh Varkana."

આ તાર મળતાં વિશેષ વિગતવાર વિગતો જણાવવા અમારા તરફથી પત્ર લખવામાં આવ્યો હતો જેના જવાબમાં નીચે પ્રમાણે પત્ર મળેલ છેઃ—

નં. ૨૧૬ વરકાણા, તા૦ ૨૩-૭-૩૭.

રા. રા. **શ્રીમાન્ સેક્રેટરી સાહેબ,**
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મુંબઇ.

વિશેષ નિવેદન છે કે આપનો પત્ર મળ્યો, ઉત્તરમાં લખવાનું કે અત્રે શ્રી ગોડવાડના દેરાવાસી તેમજ સ્થાનકવાસી ભાઇઓમાં લગભગ બાવીસ વર્ષથી કલેશ ચાલતો હતો, તેનું શ્રી યોગિરાજ શ્રી વિજયશાંતિસુરીશ્વરજી મહારાજના સદુપદેશથી કોઇ પણ જાતના પૈસા ( દંડ ) લીધા સિવાય બન્ને પક્ષે તા૦ ૧૭-૭-૩૭ ના રોજ સમાધાન કર્યું છે અને તે પ્રેમને મજબુત બનાવવા બન્ને પક્ષવાળા સાથે બેસીને બીજે દિવસે પ્રીતિ ભોજન જમ્યા હતા તે જાણશો. એજ તા. સદર.

લી૦

( સહી ) દા. મુનીમ ચોપડા અચલદાસ.
મુનિમ શ્રી પાર્શ્વનાથ જૈન દેવસ્થાન પેઢી, વરકાણા
( મારવાડ ) પો. રાણી.

### શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશિપ-પ્રાઇઝ.

કોન્ફરન્સ હસ્તક સોંપાયેલ ફંડમાંથી દર વર્ષે મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં ( ૧ ) સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીને તથા ( ૨ ) સુરતના રહેવાસી ( વતની ) અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈન શ્વે મૂ વિદ્યાર્થીને એમ બે પ્રાઇઝ રૂા૦ ૪૦-૪૦ ના અપાય છે તદનુસાર આ વર્ષે આ માટે જાહેર વર્તમાન પત્રો દ્વારા અરજીઓ મંગાવવામાં આવતાં ૬ વિદ્યાર્થીઓએ તે પ્રાઇઝો માટે અરજી મોકલાવી હતી. તેમાંથી પ્રાઇઝ નં. ૨ ના માટે નીચેના સુરતના ૩ વિદ્યાર્થીઓની અરજીઓ મલી હતી.

| | |
|---|---|
| (૧) મી૦ બીપીનચંદ્ર એચ. કાપડીઆ, | માર્ક ૩૮૭ |
| (૨) મી૦ સી એમ. જરીવાલા, | માર્ક ૪૦૧ |
| (૩) મી૦ તલકચંદ ગુલાબચંદ ઝવેરી, | માર્ક ૩૮૫ |

આ ત્રણેમાંથી મી૦ સી. એમ. જરીવાલાને સૌથી વધારે માર્ક મળેલ હોઇ એક ઇનામ તેમને આપવા નિર્ણય કરવામાં આવેલ છે.

સંસ્કૃત વિષયના માર્કસ યુનિવર્સીટી દ્વારા જૂદા મળતા ન હોવાથી તે બાબત કાર્યવાહી સમિતિમાં નિર્ણયાર્થે રજુ થયા બાદ એક ઇનામ જાહેર કરવામાં આવશે.

### સુરતમાં કેળવણી પ્રચાર સમિતિઃ—

સુરતમાં કોન્ફરન્સની કેળવણી પ્રચારની યોજનાને અનુસરીને શ્રીયુત દલીચંદ વીરચંદ શ્રોફના પ્રમુખપણા હેઠળ નવ ગૃહસ્થોની "શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ". નીમવામાં આવી છે, તેના મંત્રી શ્રી ઉજમશી ત્રિભુવનદાસ શાહ વકીલ છે. સભ્યોના નામ વિગેરે આગામી અંકમાં અપાશે.

## — સમાચાર સાર —

**શ્રી શૌર્યપુર તીર્થ કેસ**–તા. ૯ ઓગસ્ટથી આગરાની કોર્ટમાં પુન; સુનાવણી ચાલુ થઇ છે.

**મહાવીર જયંતિની રજા**–ઝીન્દ સ્ટેટના નામદાર મહારાજા સાહેબે વીર જયંતિની રજા રાજ્યમાં પાળવા હુકમ બહાર પાડ્યો છે,

**જૈનોની વસ્તી**–જૈનોમાં અપરિણિત ૩૨૪૧૯૮ પુરૂષો, ૨૦૫૫૪૩ સ્ત્રીઓ, પરિણિત ૨૬૭૫૧૦ પુરૂષો, ૨૬૬૯૪૧ સ્ત્રીઓ, ૫૨૯૦૩ વિધુરો, ૧૩૪૨૪૫ વિધવાઓ મળી કુલ ૬૪૪૬૧૧ પુરૂષો ૬૦૬૭૨૯ સ્ત્રીઓ, એમ કુલ્લે વસ્તી ૧૨૫૧૩૪૦ ની છે.

**ઓસવાલ સંમેલન**–ચતુર્થ અધિવેશન કલકત્તામાં તા. ૨૨, ૨૩ અને ૨૪ અકટોબરના દિવસોએ મળશે.

**શ્રી ગુલાબચંદ રાયચંદ જૈન સ્કોલરશીપ**–સને ૧૯૩૭ માટે લાયક વીસા ઓસવાલ જૈન વિદ્યાર્થીઓને રૂા. ૭૦૦) ની છાત્રવૃત્તિઓ અપાશે, અરજીઓ તા. ૧૫-૯-૩૭ સુધીમાં શ્રી નેમચંદ અભેચંદ (૧૮૨, શેખમેમન સ્ટ્રીટ, મુંબઇ ૨) ને કરવી.

**દિ૦ જૈન પ્રતિમા ગીરવી**–આકોલાના એક ભાઇએ શ્રી નેમિનાથ પ્રભુની પીતળની પ્રતિમા રૂા. ૧૦૦) માં એક કણબીને ત્યાં ગીરવી મુકાયાના સમાચાર બહાર આવ્યા છે.

**અવસાન નિમિત્તે પૂજા**–અત્રે શ્રી ગોડીજીના દહેરાસરમાં ધાર્મિક ક્રિયા કરાવનાર ધર્મપ્રેમી શ્રી ત્રીભોવનદાસ વસરામનું તેમના વતન ધોરાજી મુકામે અવસાન થતાં તે નિમિત્તે શ્રી ગોડીજીના મંદિરમાં શ્રાવણ શુદ ૧૦ ના રોજ પૂજા ભણાવવામાં આવી હતી.


અથાગ પરિશ્રમના પરિણામે તૈયાર થયેલા

# જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

## પ્રચારાર્થે

### ટુંક સમય માટે નામ માત્રની કિંમતે અપાશે.

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા૦ ૩—૦—૦ | ૧—૦—૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા૦ ૧—૮—૦ | ૦—૮—૦ |
| શ્રી જૈન ડિરેક્ટરી | રૂા૦ ૧-૧૪—૦ | ૦—૮—૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃત:—

| | | | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા૦ ૫—૦—૦ | ૧—૮—૦ | સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા૦ ૪-૦-૦ માંજ. |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા૦ ૩—૦—૦ | ૧—૮—૦ | |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા૦ ૬—૦—૦ | ૩—૦—૦ | |

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ, ૨૦, પાયધુની—મુંબઇ, ૩.**


**નાણા ખાતાના પ્રધાન**–મુંબઇ સરકારના નાણા ખાતાના પ્રધાન શ્રી. એ. બી. લઠે દિગંબર જૈન છે.

**હિંસાની બંધી**—પાલીતાણા રાજ્યે શ્રાવણ માસના આગમનની સાથોસાથ રાજ્યની હદની અંદર શિકારબંધી, તેમજ કસાઇખાના સામે સખ્ત પ્રતિબંધ મુકયો છે, વધુમાં સમજાય છે કે શ્રાવણ માસની અંદર રાજ્ય કુટુંબીઓ તો ઠીક પરંતુ ના. ઠાકોર સાહેબ શિકાર કરતા નથી કે તેવું ખાણું ખાતા નથી. શ્રાવણ માસમાં બહારગામથી માંસ લાવીને વેચવાના વ્યાપાર સામેય પ્રતિબંધ મુકાયેલો છે. જૈનોના પર્યુષણના ચાર દિવસો ભાદરવા માસમાં આવે છે તે તે ચારેય દિવસો માટે તે હુકમ લંબાવાય તેમ જૈનો ઇચ્છે છે.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**—મુંબઇની વ્યવસ્થાપક સમિતિમાં ચાલુ વર્ષે નવા સભ્ય શ્રી મકનજી જે. મહેતા–બાર-એટ-લૉ અને શ્રી. માણેકલાલ અમુલખ ભટેવરા ચુંટાયા છે.

**'જૈન' પત્રના અધિપતિના પૂત્ર:**—શ્રી ચંપકલાલ અમદાવાદ નજીક અડાલજ ગામના તળાવમાં નહાવા જતાં પગ લપસી જવાથી ૧૯ વર્ષની ઉમ્મરે અવસાન પામ્યા છે. તેમના આત્માને ચિર શાંતિ મળો.

**સંવત્સરી નિર્ણય:**—જોધપુર, અજમેર, બીકાનેર, નાગોર, મેડતા, ફલોધી, બ્યાવર, પીપાડ, બીલાડા, સોજત પાલી અને ગોડવાડ તથા શિરોહી ઇલાકામાં તપાગચ્છીય સમુદાય ગુરૂવાર અને ભાદરવા શુદ ૪ બીજીના રોજ સંવત્સરી કરશે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું: "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧ લી સપ્ટેમ્બર ૧૯૩૭. | અંક ૩ જો.

પજુષણના તહેવારોને લીધે આવતો અંક બંધ રહેશે.

## કૉન્ફરન્સ અને યુવકો.

જૈન સમાજની આધુનીક પરિસ્થિતિમાં અનેક પ્રકારના સડા પેસી ગયા છે. કલેશ કુસંપની હોળી એ સમાજની દુર્દશાનું પ્રથમ પગથીઉં છે.

આજે ધર્મના નામે વિચારોના મતભેદને નામે અને તેમાં વળી પોતાની પ્રતિષ્ઠા સાચવવાને બહાને જ્યાં જુઓ ત્યાં વીરના કહેવાતા સંતાનોમાં વૈમનસ્યની ઝેરી ભાવના રગે રગમાં વ્યાપી રહી છે.

અસહકારના મહાન આંદોલન પછી રાષ્ટ્રીય ભાવનામાં આવેલા અજબ ચેતનને પરિણામે વિચારશક્તિ સુંદર રીતે વિકાસ પામી છે. યુવક વર્ગ પણ આજે તેમાંથી અલિપ્ત નથી.

અત્યારે સારાયે રાષ્ટ્રમાં એકજ પડકાર વ્યાપી રહ્યો છે. યુવાનોના પ્રાણ સમા પંડિત જવાહરલાલનો એકજ પડકાર છે કે—"કોમી માનસ દૂર કરી એકત્ર થાવ." રાષ્ટ્રની આઝાદીની લડતમાં યુવાનો મોખરે છે. તે વખતે આપણે શું કરી રહ્યા છીએ? આપણે એ પડકારને કેટલે અંશે વધાવી લીધો છે? શું આઝાદીની આપણને તમન્ના નથી?

જૈન સમાજમાં પડેલા ભાગલા અને ગચ્છ વાડાના ભેદો દૂર કરી અકયતા સાધવા મથતી કોન્ફરન્સને આપણે યુવાનોએ કેટલો ફાળો આપ્યો છે?

હિંદભરનાં જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવતી આ માત્ર એકજ સંસ્થામાં જો કાંઈ પણ સુષુપ્ત દશા ઉપસ્થિત થઈ હોય તો તે આપણી શિથિલતાને આભારી છે. આપણે તેને જેટલો સુંદર સહકાર આપીએ તેટલી તે વિકાસ પામે.

અત્યારે જુના અને નવા વિચારો વચ્ચે સખત ઘર્ષણ ચાલી રહ્યું છે, એ વખતે એ બન્નેનો સમન્વય સાધી ધીમે પણ સચોટ રીતે પ્રગતિનું સુંદર કાર્ય કરતી થોડી સંસ્થાઓમાં કોન્ફરન્સ એક અગ્રગણ્ય સંસ્થા છે.

સમાજમાં રાષ્ટ્રિય ભાવનાનું સતત્ આંદોલન જગાવવું હોય, તેની પ્રત્યેક દિશામાં પ્રગતિનો સાચો આવેગ વહાવવો હોય તો કોન્ફરન્સ એક કેન્દ્ર સંસ્થા છે.

વર્ષોની શિથિલતા પછી કોન્ફરન્સને પીઢ કાર્યકરોની ખોટ પૂરી પડી છે, અત્યારે તેમાં નવું જોમ આવ્યું છે. યુવાનોએ તેને સહકાર આપવોજ જોઇએ અને તેને યુવક પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર બનાવવું ઘટે.

લેખક:—રમણીક ધીઆ.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

**—श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૯-૩૭. બુધવાર.


# સુકૃત ભંડાર ફાળો કે માતા પ્રત્યેનું ઋણ?

'સર્વત્ર જેના નામથી ધાક પ્રસરી રહી છે, અને સંખ્યાબંધ વિજય વરમાળાઓથી જેનો કંઠ અલંકારાયેલ છે એવી એક જબરદસ્ત સત્તાના પ્રબળ સત્તાધીશ સામે ઉભવાની પળ આવી રહી છે! વાતાવરણની વિષમતા, સાધનો ને સૈનિકોની અસમાનતા, જયનો મુકુટ કે પરાજયની શૃંખલા કોના ખોળામાં ધરશે એ નિર્ણય કરવામાં આડી દિવાલ ખડી કરે છે, આવા કપરા સંયોગોમાં મારી તો એકજ હાકલ છે કે—England expects every man to do his duty.' સમ્રાટ નેપોલીયનનો સામનો કરવા આંગ્લ પ્રજાને ઉદ્દેશીને ઉપલા શબ્દો એક પ્રખર સેનાપતિએ ઉચ્ચાર્યા હતા. એ લડાઈની પળ હતી. આપણી સામે કાર્યની પળ છે. તેથીજ આંગ્લ સરદારની હાકલને નિમ્ન પ્રકારે ફેરવી કહીયે તો—Jainism expects every Jain to do his duty. 'પ્રત્યેક જૈને 'જૈનધર્મ' માટે પોતાની ફરજ બજાવવા તત્પર થવું જોઇએ.'

વિશ્વ આજે ઉમદા ને ઉદાર તત્ત્વો જાણવા અને અપનાવવા આતુર બન્યું છે. સખ્યાબંધ જીજ્ઞાસુઓ આજે ભિન્ન ભિન્ન ધર્મોમાંથી નવનીત તારવી, પોતાની ક્ષુધાગ્નિને શાંત પાડવાના પ્રયાસો સેવી રહ્યા છે. દેશની પરિસ્થિતિ એવા બિંદુ પર આવી ચુકી છે કે જેથી જીવનનિર્વાહના—પરસ્પરના વર્તાવના—તેમજ મૂડી—મજુરી કે મિલ્કત—વસાહતના વિચિત્રને ગુંચભર્યા પ્રશ્નો ડોકીયા કરી રહ્યા છે. એમાં વિશિષ્ટ ધર્મની—વિશાળ ભાવના યુક્ત ને ઉદાર વૃત્તિવાળા—તત્ત્વોનું મિશ્રણ યોગ્ય રીતે નહિં કરાય તો વાતાવરણની ગંભીરતા કઈ ડીગ્રીએ પહોંચશે એ કલ્પવું પણ મુશ્કેલ છે.

આ જાતની રેશમ—ગાંઠ ઉકેલવામાં જૈન ધર્મ સુંદર ફાળો આપી શકે તેમ છે. એના મુખ્ય તત્ત્વોમાં અમૃત—સંજીવનીની અમાપ સૌરભ ભરી પડી છે. જનતાનો મોટો સમુદાય એના પાન હોંસે હોંસે કરી, ઇચ્છિત તૃપ્તિ પ્રાપ્ત કરી શકે તેમ છે. પણ એ સારૂ વીરના સંતાનો કટિબધ્ધ છે ખરા?

'જૈન યુગ' આજે હાકલ કરે છે—'ભૂતકાળ ભૂલી જાવને વર્તમાનને ઓળખો.' 'જૈન યુગ' સાદ પાડે છે—'ક્ષુદ્ર મતફેરો એ તો ભિન્ન વ્યક્તિત્વની નિશાની ને જ્ઞાનની ક્ષયોપશમતા માપવાનું થર્મામીટર છે માટે એ અર્થે બાંય ચઢાવવાના-કે ધનુષ્ય ખેંચવાના-પ્રયાસો નકામા છે.' 'જૈનયુગ' આહ્વાન કરે છે કે-'તીર્થની હકુમત' 'મારવાડ—મેવાડના શિલ્પના નમુના સમા, જીર્ણતાને આરે પહોંચવાની તૈયારી કરતાં મંદિરો'—'સંખ્યાબંધ ભંડારોમાં દેખરેખને ફેરવણીના અભાવે કીડા—ઉધઈનું ભક્ષ્ય બનતું સાહિત્ય'—વ્યવહાર કુશળતાનો દાવો કરતી. ને લોર્ડ કર્ઝન જેવાએ જેની પ્રશસ્તિના ગાન ગાયા છે એવી આપણી જૈન સમાજના હાથમાંથી સરી પડતા વ્યાપારો 'નવકારનો ગણનાર દુઃખી નજ હોય અથવા તો સ્વામિભાઇને સમાન ઋદ્ધિ સંપન્ન બનાવવાની ધગશ જેમની રગેરગમાં રમતી હતી અને જેની નોંધ પાના પુસ્તકે ચઢી છે એવા માંડવગઢ કે શ્રીમાલ—ભિન્નમાળના વતનીઓના વંશવારસો આજે બેકારીની કેવી કપરી નાગચૂડમાં જકડાયા છે. એ આજના ભીષણ ને જટિલ પ્રશ્નોનો ઉકેલ આણવા સારૂ શ્રીમતી કોન્ફરન્સ દેવીના ઝંડા હેઠળ એકત્ર થાય. સાથે બેસી પરસ્પરમાં સમાન ભ્રાતૃત્વ ને ધર્મત્વ ભાળી ઉંડી વિચારણા કર્યા વિના ઉકેલ એનો આકાશ કુસુમવત્ અશક્ય છે. ઠંડા મગજની એકધારી કાર્યવાહી અને એ પાછળ મંડી પડવાનો એકધારો નિશ્ચયજ સાચો રાહ દેખાડશે.

પ્રત્યેક જૈનના અંતરમાં આ જાતની ભાવના ઉભરાતી હોય તો સમાજનું ગતગૌરવ આજેજ નેત્ર સામે નૃત્ય કરે. આજેજ પ્રયાણભેરીના નાદ ગાજી રહે. મહાપર્વના પવિત્ર આગમન કાળે જૈન સમાજ આ સંદેશને સાચા હૃદયે ઝીલશે.

એની પ્રતિતીરૂપે આબાળ વૃદ્ધ પ્રત્યેક કોઈ પણ જાતનો વધુ ભોગ નહિંજ—કેવળ સોળજ પૈસા સુકૃતભંડારના ફાળામાં—સ્વયંસેવકના આગમનની કે વડીઓફીસના આમંત્રણની માર્ગપ્રતિક્ષા કર્યા વગર સ્વયંજાતે તૈયાર રાખી, અન્યને એ માટે પ્રેરણા કરી વિના વિલંબે આપણી જૈન મહાસભાના થાળમાં અર્ધ્ય રૂપે ધરે. બહારગામ વસનારા એકત્ર કરી મોકલાવી આપે. રચનાત્મક કાર્યના અરૂણોદય કાળનું આતો હજુ શ્રી ગણેશાય નમઃ છે. એ દ્વારા થતાં ધન સંચય તરફ નિશાન નથી. એ મારફતે આમ જનતાની લગનીના કસનું પ્રથક્કરણ કરવાપણુ છે. એ કસ સોટચનો નિવડશે?

---

## શ્રી મહાવીર ચરિત્ર માટે સહકાર.

આજ કેટલાક સમયથી જૈન તેમજ જૈનેતરોના હાથમાં આપી શકાય ને જે લગભગ સર્વાંગ પૂર્ણ કહેવાય એવા ભગવાન મહાવીર સ્વામીના જીવન ચરિત્રની માંગણી થઈ રહી છે. એ માટે સામગ્રી સંગ્રહિત કરવાના મુનિશ્રી કલ્યાણવિજયજી, દર્શનવિજયજી તેમજ શ્રી. મોહનલાલ દેશાઇ આદિના પ્રયાસો જાણીતા છે. એવું એક ચરિત્ર હિંદ તેમજ યુરોપના વિદ્વાનોમાં સુપ્રસિધ્ધ સિંધના સાધુ ટી. એલ. વસવાનીજીએ અમારી સાથે કરાંચીમાં રહીને અંગ્રેજીમાં તૈયાર કરવાનું સ્વીકાર્યું છે તો પ્રત્યેક સાધુને તેમજ ગ્રહસ્થ વિદ્વાનોને પોતાના હસ્તકના સાધનો તેમજ સુચના નીચેના સરનામે મોકલી આપવા વિનંતિ છે.

**જૈન મંદિર, રણછોડ લાઇન, કરાંચી.**

(મુનિ શ્રીવિદ્યાવિજયજી તથા જયંતવિજયજીના પત્ર ઉપરથી)

# નોંધ અને ચર્ચા.

## મહાપર્વના રાહ બદલવાની જરૂર.

પાનખર ૠતુમાં પાંદડા ને ફળથી વિહિન બનેલાં વૃક્ષો વર્ષાકાળના જળસિંચનથી જોત જોતામાં નવિન રસસમૃદ્ધિનો સંચય કરી વસંતના આગમન પૂર્વે તો પ્રફુલ્લતાની પરાકાષ્ટાએ પહોંચી જાય છે. કુદરતનો એ અટલ કાનુન છે. ગમે તેવી ચર્ચાઓનો સંભાર ભરાય કે બુધ-ગુરૂની સાપ્તમારી સમાચારના પાના પર ચાલુ હોય છતાં મહાપર્વ આવી રહ્યું છે. એના પર કાળની અસર જરૂર થવાની. આરાધના કરનાર સમૂહની શ્રદ્ધાને ભક્તિના પ્રમાણમાં એની સમૃદ્ધિનો આંક મૂકાવાનો. વસંતના વધામણા ટાણે ઉત્કૃષ્ટતા વરવા અર્થે પરંપરા રૂપી રાહમાં નવિનતાના ઓપ ચઢાવવાની જરૂર છે.

તપવૃદ્ધિ એ એનું પ્રથમ અને આવશ્યક અંગ. તપની કિંમત જગત આજે આંકવા લાગ્યું છે. તો પછી જૈનોના અઠ્ઠાઈ પાસખમણ કે માસખમણ જરૂર કરનાર વ્યક્તિના આત્મશ્રેય સારૂ નિરધારાયા છતાં જાહેર જનતાની આંખ બહાર શા કારણે રહેવા જોઇએ? શા માટે એના બહુમાન ન થાય? આચરનાર વ્યકિત પૂર્ણ સમજથી, સ્વશકિતનું માપ કહાડી આદરે તો એનો પ્રભાવ અવશ્ય પથરાય. કેવલ તપ કરીને પડી રહી, અન્ય આવશ્યક કરણીમાં ગેરહાજરી નોંધાવવી વા ઉપવાસ ખેંચી કહાડવાનું મંતવ્ય ધારી એને લાંઘણનું રૂપ આપવું એ ઇષ્ટ નથી જ. તપની વૃદ્ધિ સાથે આત્મ શક્તિના તેજ વધવા જોઇએ. અંતર વૃત્તિ જાગ્રત થવી જોઇએ. પ્રમાદ-નિદ્રા ઘટવા જોઇએ. સમભાવ ને સમતા જેવા ગુણ તો દૈનિક કાર્ય જેવા થઇ જવા જોઇએ. એ પ્રકારનું તપ જાત તેમજ ધર્મને જરૂર શોભાવે.

પ્રભાવના રૂપી બીજુ અંગ, કેવળ પતાસા-બદામ કે શ્રીફળમાંજ નહિ સમાઇ જવું જોઇએ. એક કદમ આગળ વધતાં એનું સ્થાન જ્ઞાનના સાધનો કે ક્રિયાના ઉપકરણોમાં ફેરવાય તો તે ઇષ્ટ જ છે. ક્રિયાના ઉપદેશ પાછળ સાચા રહસ્યના જ્ઞાનની જરૂર છેજ. વળી પ્રભાવના લેવાની પદ્ધતિ પણ સુધારણા માંગે છે. પર્વના પવિત્ર દિનોમાં નથી તો બોલચાલ વ્યાજબી કે નથી તો ધક્કાધક્કી જરૂરી! જૈનોએ ધિરજ કેળવતાં ને શાંતિથી કાર્ય આટોપતાં શિખવાની જરૂર છે.

ત્રીજુ અંગ તે સુપન પારણાની બોલી. ઘણા ખરે સ્થાને એમાંનો અમુક હિસ્સો સાધારણમાં જાય છે. દ્રવ્ય આવકનો એ રવૈયો, બાળકોના આનંદ તેમજ આમ પ્રજાના ઉત્સવ તરિકે ભલે રહે પણ એ દ્વારા થતી ઉપજને દેવદ્રવ્યની લાલ ચીટ્ટી લગાવવા કરતાં સાધારણના ખાડા સરભર કરવાના માર્ગે લઇ જવાની જરૂર છે. જેને હજુ શંકા ડાકિની ગળેબાઝી હોય તેને સાધુ સંમેલનના એ સંબંધી ઉહાપોહ નજર સામે છતાં ન છુટતી હોય તેને એ ટાણે કોઇ બીજી રીતે પણ સાધારણની આવક વધારવી જોઇએ. ઘી-ટાંક કે પાંચશેરી બોલનાર શ્રીમંતોએ તેમજ ઉપાશ્રયના વહીવટદારોએ દીર્ઘદૃષ્ટિ વાપરી જોવું જોઇએ કે સિદ્ધાંત, જે ક્ષેત્ર સીદાતું હોય તેને પ્રથમ પોષણ આપવાનું ફરમાવે છે. આજે પ્રથમ અને અતિ અગત્યની આવશ્યકતા શ્રાવક શ્રાવિકા ક્ષેત્રના ઉદ્ધારની છે. પૂજાના સ્થાનો કે હીરા-માણેકની આંગીઓ વધારવા કરતાં પૂજકોની સંખ્યા કેમ વૃદ્ધિ પામે; અને વીતરાગ પ્રભુના ધામો કેમ નિવૃત્તિ પોષક બને એ તરફ લક્ષ દેવાની છે.

ચોથું અંગ તે વરઘોડો. એક કાળે એથી શાસનની પ્રભાવના અવશ્ય થતી. એ કાળે આજીવિકાનો પ્રશ્ન આજની માફક વિષમ નહોતો બન્યો; તેમ આજના જેવી ધંધાહીન દશા પણ નહોતી. આજે તો સમાજના દૈનિક વરઘોડા એટલા વધી પડ્યા છે કે જેથી ધર્મ પ્રભાવનાના ઉક્ત વરઘોડાનું મહત્વ જોખમાયું છે. ઉત્સવના આ ચિન્હમાં ફેરફાર જરૂરી છે એને સરઘસના રૂપમાં ફેરવી કળામય અને પ્રચારમય બનાવવાની જરૂર છે. હારબંધ બેન્ડોના કર્ણકટ નાદોના કચુંબર ને જરીયાન લાદેલા સાંબેલાને સ્થાને એકાદ બે સુંદર સ્વરથી ગુંજતા વાજા અને જૈનધર્મના મૌલિક સિદ્ધાંતો સુચક બોર્ડો તેમજ કળાના અપ્રતિમ નમુનાસમ ફોટાથી તેમજ મનોહારાકૃતિ બિંબ યુક્ત રથ આદિથી શોભાયમાન કરી, આડંબરી ધમાલમાંથી પાછા કદમ ભરી, ત્યાગ પ્રધાન ધર્મને શોભે તેવી, સાદાઇ ભરી પદ્ધતિ અખત્યાર કરવાની અગત્ય છે.

## 'કલ્પસુત્ર' ના કીર્તિસ્થંભો.

પળે પળે પલટાતાં આ સંસારમાં જેમ ઘણીયે વાતો નવી સાંભળવાની પ્રાપ્ત થશે તેમ સ્મૃતિપટમાંથી અદૃશ્ય થઇ જનાર બનાવોનો પણ નાનોસુનો ઢગ નહિંજ હોય. શ્રી ભદ્રબાહુ સ્વામીજીના મૂળ બારસા સૂત્ર પર આજે જેમ દિપિકા-કિરણાવલી કે સુબોધિકા દ્રષ્ટિ ગોચર થાય છે તેમ ભવિષ્યમાં નવી ટીકાઓના સર્જન નહિંજ થાય એમ કલ્પવું ભુલભર્યું છે. જનતાની પ્રકૃતિજ એવી છે કે એનું વલણ વખતો વખત નવિનતા પ્રતિ વહેતું હોય છે. આમ છતાં કેટલાક પ્રસંગો તો ટકી રહેવાના જ. ભલે આજે એક સમયનું સમૃદ્ધિવંત ચિતોડ ઉજ્જડ ને વેરાન સમ દીસતું હોય! ભલે ને આજે ત્યાં અડગને ટેકીલા વીર મહારાણા પ્રતાપનું નામો નિશાન પણ ન હોય; છતાં પેલો કીર્તિસ્તંભ તો ઉભોજ છે; ને ચીરકાળ સુધી ઉભવાની ખાતરી આપી રહ્યો છે. તેમજ શ્રી કલ્પસુત્રના કેટલાક પ્રસંગો કાળની મર્યાદા ઓળંગીને પણ જીવંત રહેવાના જ. થોડા નમુના આ રહ્યા.

(૧) 'બંધ સમય ચિત્ત ચેતીએરે' શો ઉદયે સંતાપ, સલુણા, અર્થાત્ ક્રોધાવેશમાં ત્રિપૃષ્ટ ભવે શય્યાપાળના કાનમાં તપ્ત સીસુરેડવા રૂપ પ્રસંગ અને એનો પ્રભુ ભવમાં ભોગવવો પડેલો વિપાક ન્યાયતુલાનો એ અટલ પ્રસંગ.

(૨) ગર્ભસ્થ પ્રભુનો માતા પ્રત્યેનો પ્રેમ અને ભકિત. શ્રી વર્ધમાન કુંવરનો અભિગ્રહ સંસારી જીવોને માતૃભકિતનું એક જવલંત ઉદાહરણ પુરૂં પાડે છે.

(૩) વિદ્યા કે જ્ઞાનના દાન વર્ષાના જળ કે વાતા પવન સમ સૌ કોઇને સારૂ છુટા હોવા જોઇએ. મેઘ જેમ ક્ષેત્ર કુક્ષેત્રની પરિક્ષામાં પડતો નથી, ચંદ્રિકાની જ્યોત્સના જેમ તવંગરનો મહેલ કે ગરિબની ઝુંપડી જોતી નથી તેમ સંતોનો સમાગમ પાષાણને પણ મણિમાં ફેરવી દે છે. અપકારના ભાવિ ભયથી ખંચાયા વિના સત્ જ્ઞાનનો પ્રચાર વિના સંકોચે એ મહાત્માઓ કર્યા જાય છે. મંખલી પુત્રસહ પ્રભુ. શ્રી વીરનો એ પ્રસંગ અવધારવા જેવો છે.

(૪) અનંત શક્તિ છતાં ઉઘાડી છાતીએ ઉપસર્ગોની ભયંકર હારમાળાનો સામનો કરવો અને તેમ છતાં એના નિમિત્ત ભૂત દેવ સંગમ પર ગુસ્સાની એકાદ રેખાના મુખ પર દર્શન કરાવ્યા સિવાય, કેવળ એ આત્માની દયા ચિંતવવી. એ પ્રસંગ વિરળ હોઈ અવશ્ય સંગ્રહનીય છે.

(૫) વાદીને એનાજ શાસ્ત્રોના યથાર્થ અર્થ કરી દેખાડી નિરૂત્તર કરવો એ સહજ નથી. યુક્તિ-પ્રયુક્તિ કે તર્કવાદની આંટીઘુંટી કરતાં એમાં અમાપ ધિરજ, ઉંડુ અવગાહન અને વાણીની નમ્રતા તેમ પ્રકૃત્તિની સરલતા આવશ્યક છે. ત્યારે જ શત્રુઓને મિત્ર રૂપે ફેરવી શકાય છે. તેથીજ એક સમયનો પ્રબળ ગર્વધારી, ને પ્રખર ઝંડાધારી બીજે સમયે શ્રી મહાવીરનો, અનન્ય ઉપાસકને વિનમ્ર સેવક બની જાય છે. જઈફ વયે પણ પોતાનાથી લઘુવયના ગુરૂની અદ્વિતિય વૃત્તિથી આજીવન સેવા કરે છે એ ઇંદ્રભૂતિ આગમનનો પ્રસંગ કેમ વીસરાય ?

આ તો વાનકી. આવું તો કેટલુંએ શ્રી કલ્પમાં ભર્યું છે જે ઉગતી પ્રજામાં સુંદર છાપ બેસાડવા સારૂં જીવંત રહેવાનું. સ્વપ્નાની શ્રેણી કિંવા એના વિવિધ વર્ણનો કે કુળાદેશ અથવા તો ગોશાળાના પ્રસંગો ભલે સ્મૃતિ પંથમાંથી લુપ્ત થઈ ભૂતકાળના પ્રસંગ રૂપે લેખાય; પણ જેનાથી સાહિત્યના પાના શોભે છે અને જેના વડે આ યુગની પ્રજામાં સુંદર સંસ્કારના બીજારોપણ થાય છે એવા ઉપરોક્ત પ્રસંગો તો જાળવવા જોઇશેજ. જૈનના પ્રત્યેક સંતાને એની સુંદર તારવણી કરી એકાદ 'પોકેટ ડાયરી' કરવી જોઇએ. પર્યુષણ પર્વના ઉમદા સંભારણામાં શ્રી જ્ઞાતપુત્ર મહાવીર દેવનું ચરિત્ર અગ્રને અગત્યનો ભાગ ભજવે છે. વિવિધ દ્રષ્ટિબિન્દુઓથી એ નિરખાવું જોઇએ.

## 'રાજહત્યા' માં ભાણમતીનું કલ્પિત પાત્ર !

'રાજહત્યા' એ 'પ્રજાબંધુ પત્ર' ની ભેટ છે અને એના લેખક શ્રીયુત્ ચુનીલાલ વર્ધમાન શાહ એક સ્થાનકવાસી જૈન છે. તેઓ એક પ્રસિદ્ધ લેખક હોઇ તેમના હસ્તે ઘણી નવલકથા લખાયેલી છે. આમ છતાં તેઓએ 'રાજહત્યા' માં ભાણમતી પાત્રનું જે ચિત્રણ કર્યું છે એ પરત્વે જૈન સમાજમાં જબરો સંક્ષોભ ઉદ્દભવ્યો છે. 'જૈન સત્યપ્રકાશ' ના વ્યવસ્થાપક તરફથી કરવામાં આવેલ જે પત્રવ્યવહાર છાપાઓમાં પ્રગટ થયો છે; એ જોતાં જૈન ધર્મના કોઇ પણ અભ્યાસીને ભાગ્યેજ લાગ્યાવિના રહે કે નવલિકામાં એક કરતાં વધુ સ્થળે કેટલાક એવા આલેખન થયા છે કે જે જૈન ધર્મની મર્યાદાનું ગંભીરપ્રકારે ઉલંઘન કરનારા છે. ઐતિહાસિક નવલકથા એ એ ઇતિહાસ નથીજ. નવલિકા લેખક ઇતિહાસના પાત્રોસહ કલ્પિત પાત્રોની મીલાવટ કરી, વાર્તાના કલેવરને વિકસાવી, ચાલુ કાળના બનાવો સહ એનો યોગ સાધી વાંચકની રસવૃત્તિ પ્રગટે તેવો ઓપ આપી શકે છે. આમ છતાં નવલિકાના નામે સત્ય કે સિદ્ધાંતિક મંતવ્યનું ખૂન તો નજ થવું જોઇએ. એ તરફ લેખકે ખાસ તકેદારી રાખવી જોઇએ. કલ્પિત પાત્રો એવો ભાગ ન ભજવતા હોય કે જેથી ઐતિહાસિક પાત્રોનું મહત્વ માર્યું જાય કે તેમના પર મશીનો કુચડો ફરી જાય ! જો એ જાતનું સર્જન થાય તો એ કાર્યથી સાહિત્યની સેવા તો દૂર રહી પણ એને બદલે ભૂતકાળની વ્યક્તિઓના શીરે બદનામી ચોટાડવાના કારણભૂત થવાય છે અને ભાવિ પ્રજા એવા ઉદાહરણનું અવલંબન ગ્રહી અધઃપાતના માર્ગે વળે છે ! સાહિત્યકારનો આવો આશય નજ હોય, તેથીજ પાત્ર ચિત્રણ વેળા ખાસ લક્ષ્ય આપવું જરૂરી છે. પ્રમાદ વશાત સ્ખલના થઇ ગઇ હોય તો તે બનતી ત્વરાએ સુધારી લેવાની અગત્ય છે.

'મંજરી' જેવા કલ્પિત પાત્ર વડે નવલિકાનો રસપ્રવાહ જળવાતો હોય ત્યાં સુધી તો એ શોભાસ્પદ લેખાય પણ એ જ્યારે પ્રતાપી સંત હેમચંદ્રસુરિ જેવાના ચારિત્ર પર શંકા કે વિષય લાલસાનો કોયડો વીંઝે ત્યારે તો કેવળ અસત્ય સત્યપર સ્વાર બન્યું છે એમ કહેવુંજ પડે. 'ભાણમતી' નું પાત્ર પણ આવુંજ દ્રશ્ય પુરૂં પાડે છે. 'જૈન સાધુ પોતે વિષય સેવે નહીં, તેમ અન્યને સેવવાનો ઉપદેશ આપે નહીં અને તેવું કરનારને પ્રશંસે પણ નહીં' આ પ્રકારની મર્યાદા જગજાહેર છતાં એવા એક સાધુના મુખે 'ભાણમતી' ને કીલ્લેદાર પાસે જવાનું કહેડાવવું એ તદ્દન ઉલ્ટો રાહ નહિં તો શું છે ?

જૈન સાધુ રાત પડતાં ઉપાશ્રયની મર્યાદાથી બહાર જઇ શકતા નથી. આ નિયમ નજરે સામે પળાતો જોવાતો છતાં 'પાલખીમાં બેસી રાત્રિના રાજદરબારે એક વિદ્યાસંપન્ન આચાર્ય મહારાજને આલેખવા કેવું શરમજનક ગણાય ? એથી તો જૈન ધર્મના મુદ્દાના કાનુનો માર્યા જાય છે. એમાં કલ્પના પોતાના પ્રદેશની મર્યાદા ત્યાગી ઉંડી ગર્તામાં ઉતરે છે. ત્યાં સ્વછંદતાનું સામ્રાજ્ય પથરાય છે. ઇતિહાસનો અપલાપ થાય છે. કદાચ માની લઇએ કે વર્તમાન કાળમાં કોઇ કોઇનું એવું આચાર વિહોણું વર્તન દેખાતું પણ હોય તો તેથી જેમ એક વ્યક્તિના દોષે સારી સંસ્થાને દોષ દેવો એ હાસ્યજનક ને અન્યાયયુક્ત છે તેમ આ જાતના આ લેખનને ભૂતકાળના બનાવ સાથે વણી લેવો એ, એ કરતાં પણ વધુ તિરસ્કરણીય અને દોષપાત્ર છે. કલ્પિત પાત્રોનો પ્રદેશ મર્યાદિતજ હોય. લેખક બંધુ આ દ્રષ્ટિબિન્દુ સ્વીકારી લઇ બિગડી સુધારી લેવા જરૂર નિશ્ચય કરે.

## જનરલ સભા

શ્રી જૈન વિદ્યાશાળા-મુંબઇની જનરલ સભા તા૦ ૧૪-૮-૩૭ શ્રી વિદ્યાશાળાના સ્થાને એકત્ર થઇ હતી. પ્રમુખસ્થાન ડોકટર નાનચંદ કસ્તુરચંદ મોદીને શ્રી. ચંદુલાલ સારાભાઇની દરખાસ્તથી અને શ્રી. મણીલાલ મહોકમચંદ શાહના ટેકાથી આપવામાં આવ્યું હતું.

૧૯૯૨-૯૩ ની સાલનો રીપોર્ટ તથા આવક ખર્ચનો હિસાબ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો, અને નવી સાલ માટે ઇન્કોરપોરેટેડ એકાઉન્ટન્ટ શ્રી. ચંદુલાલ વનેચંદ શાહની ઓનરરી ઓડીટર તરીકે નીમણુંક કરવામાં આવી હતી.

૧૯૯૩-૯૪ ની સાલ માટે ઓધ્ધેદારોની ચુંટણી થઇ હતી.

શ્રી જૈન વિદ્યાશાળાનો વાર્ષિક મેળાવડો શ્રાવણ શુદ ૧૩ નો સ્ટા. ટા. ૮-૩૦ કલાકે કરવા માટે નક્કી કર્યું હતું અને કાર્યવાહક સમિતિએ નક્કી કરેલ નામો મંજુર થયા નહી હોવાથી રા. રા. શ્રી. કાલીદાસ સાંકલચંદ દોસીના પ્રમુખપણા નીચે વાર્ષિક મહોત્સવ જનરલ સભાએ મંજુર કર્યો છે, પ્રમુખનો આભાર માની મીટીંગ બરખાસ્ત થઇ હતી.

# શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ—ટુંક પરિચય.

નિવેદકઃ—મોતીચંદ ગિ. કાપડીઆ,
કાંતિલાલ ઇશ્વરલાલ,
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ,
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજની પ્રતિનિધિરૂપ આ **શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ** ની સ્થાપના તા. ૨૫-૯-૧૯૦૨ (ભાદવા વદ ૮-૧૯૫૮) ના રોજે **ફલોધી** (મારવાડ) માં થઇ હતી, જેને અત્યારે લગભગ ૩૫ વર્ષ થયાં છે. આ સમય દરમ્યાન જૈનોની આ મહાસભાએ ધર્મ, સમાજ અને દેશની પ્રગતિ માટે અનેક અમૂલ્ય સેવાઓ બજાવી છે. જૈન સમાજે એને અપનાવી છે અને તેની સહાનુભૂતિ અને વિશ્વાસ પ્રાપ્ત કરી જે કાર્ય થયેલ છે તેની અતિ સંક્ષેપમાં નોંધ અત્રે આપવામાં આવે છે.

### ઉદ્દેશઃ—

આ કૉન્ફરન્સનો ઉદ્દેશ 'જૈનોને લગતા કેળવણીના પ્રશ્નો સંબંધમાં તેમજ ધાર્મિક, સામાજિક આર્થિક, રાજકીય અને બીજા જૈન કોમ અને ધર્મ સંબંધી સવાલો ઉપર વિચાર ચલાવી યોગ્ય ઠરાવો કરવાનો અને તે ઠરાવોને અમલમાં મૂકવા માટે ઉપાયો યોજવાનો છે.'

### અધિવેશનઃ—

ઉપરોક્ત ઉદ્દેશને પાર પાડવા અત્યાર પર્યન્ત આ મહાસભાના ૧૪ અધિવેશનો નીચે જણાવેલા જૂદા જૂદા સ્થળે થયાં છે, જેમાં સામાજિક, ધાર્મિક અને આર્થિક પ્રગતિ અર્થે સમગ્ર હિંદના પ્રતિનિધિઓએ એકત્ર થઇ પૂર્ણ વિચારણા કરી યોગ્ય ઠરાવો પસાર કર્યા છે અને તેનાં અમલ-પ્રચાર આદિ માટે કૉન્ફરંસના મુખ્ય કાર્યાલય અને શાખાઓ દ્વારા અનેક પ્રવૃત્તિઓ થઇ છે.

| અધિવેશન સ્થળ | પ્રમુખ | અધિવેશન સંવત |
|---|---|---|
| ૧ ફલોધી | શેઠ બખ્તાવરમલ મહેતા | ૧૯૫૮ |
| ૨ મુંબઇ | રાય બદ્રીદાસ બહાદુર | ૧૯૫૯ |
| ૩ વડોદરા | રાયબહાદુર બુદ્ધિસિંહજી દુધોડીઆ | ૧૯૬૧ |
| ૪ પાટણ | શેઠ વીરચંદ દીપચંદ, સી. આઇ. ઇ. | ૧૯૬૨ |
| ૫ અમદાવાદ | રાયબહાદુર સિતાપચંદજી નહાર | ૧૯૬૩ |
| ૬ ભાવનગર | શેઠ મનસુખભાઈ ભગુભાઇ | ૧૯૬૪ |
| ૭ પૂના | શેઠ નથમલ ગોલેચ્છા | ૧૯૬૫ |
| ૮ મુલતાન | શેઠ પન્નાલાલ જોહરી | ૧૯૬૯ |
| ૯ સુજાનગઢ | શેઠ મોતીલાલ મૂલજી, જે. પી. | ૧૯૭૧ |
| ૧૦ મુંબઇ | ડૉ. બાલાભાઇ મગનલાલ નાણાવટી | ૧૯૭૨ |
| ૧૧ કલકત્તા | શેઠ ખેતસી ખીઅસી | ૧૯૭૪ |
| ૧૨ સાદડી | લાલા દૌલતરામ નહાર | ૧૯૭૬ |
| કન્વેન્શન સંમેલન-મુંબઇ | | ૧૯૮૧ |
| ખાસ અધિવેશન-મુંબઇ (શત્રુંજયના પ્રશ્ન અંગે) | બાબુ બહાદુરસિંહજી સિંધી | ૧૯૮૨ |
| ૧૩ જુન્નેર | રાવસાહેબ રવજી સોજપાલ જે પી. | ૧૯૮૬ |
| ૧૪ મુંબઇ | બાબુ નિર્મલકુમારસિંહ નવલખા | ૧૯૯૦ |

### શિક્ષણ પ્રચાર.

કોન્ફરન્સે અત્યાર સુધી આ ક્ષેત્રમાં ખૂબ કાર્ય કરેલ છે. સમાજની નાડ તપાસી ધાર્મિક અને વ્યવહારિક કેળવણીના પ્રચાર માટે આંદોલનો કર્યાં. સમાજની ખરી ભૂખ પિછાણી એના પોષણાર્થે વિદ્યાલયો, બોર્ડિંગો, ગુરૂકુલો, બાલાશ્રમો, પાઠશાળાઓ, લાઇબ્રેરીઓ અદિ ઉઘાડવા જનતામાં જાગૃતિ આણી. કન્યા અને કુમારોમાં, સ્ત્રી અને પુરૂષોમાં ધાર્મિક કેળવણીની રૂચી ઉત્પન્ન કરી તેનાં સિંચનાર્થે વાર્ષિક ધાર્મિક પરીક્ષાઓ જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ દ્વારા સતત્ ચાલુ રાખવા યોજના કરી જે અત્યારે અસ્ખલિતપણે ચાલે છે અને વાર્ષિક લગભગ રૂા. ૧૦૦૦) સુધીના ઇનામો તથા પાઠશાળાઓને મદદ તે કેળવણી પ્રચારાર્થે અપાય છે. વ્યવહારિક શિક્ષણ મેળવનારને સ્કોલરશિપ આદિની આર્થિક સહાયતાઓ આપી અપાવી તથા અત્યારે પણ મેટ્રિક પર્યન્તના તથા ઉદ્યોગિક શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓને સ્કોલરશિપ, ફી, પાઠ્ય પુસ્તકો આદિ માટેની યોજના બહાર પાડી જૈન કોમના એક અગત્યના કાર્યને પોતે ઉપાડી લીધેલ છે. યોજના આ પુસ્તિકામાં અન્યત્ર છપાઈ છે.

તદુપરાંત યુનિવર્સીટીઓ તથા કૉલેજોમાં સંસ્કૃત, અર્દ્ધ-માગધી ભાષા દાખલ કરાવવા ઘટતા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

### બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન ચેરઃ—

જૈન તત્ત્વજ્ઞાન અને ન્યાયના વિષયો વિદ્યાર્થિઓને શિખવવામાં આવે એ હેતુથી બનારસ હિંદુ યુનિવર્સિટીમાં આપણી કોન્ફરન્સે રૂા. ૫૨૦૦૦) બાવન હજારની રકમ આપી જૈન ચેરની સ્થાપના કરાવી, જેનો વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં લાભ મેળવે છે. અત્યારે એ ચેરના પ્રોફેસરની સાથે સહકારી અધ્યાપક રાખવા કોન્ફરન્સે માન-વેતન આપી મંજુરી આપી છે.

### છાત્રવૃત્તિઓઃ—

બનારસ વિશ્વ વિદ્યાલયમાં જૈન ન્યાય, તત્ત્વજ્ઞાન શીખનાર વિદ્યાર્થીઓને રૂા૦ ૧૦૦૦) સુધીની છાત્રવૃત્તિઓ આપવા યોજના કરી જેનો લાભ બે વર્ષથી લેવાય છે.

### જૈન સાહિત્ય પ્રચારઃ—

યુનિવર્સિટીઓ તથા કૉલેજોમાં જૈન સાહિત્યના પુસ્તકો દાખલ કરાવી તથા અનેક વખતે દેશવિદેશના વિદ્વાનોને જૈન ધર્મના પુસ્તકો-ગ્રંથો સૂત્રો મોકલાવવા પ્રબંધ કરી આ દિશામાં સુંદર સેવા કરી છે.

### પુસ્તકોદ્ધાર અને ગ્રંથ પ્રકાશનઃ—

જૈન ધર્મના પ્રાચીન ગ્રંથો, સૂત્રો આદિના પ્રકાશન, ઉદ્ધારાર્થે અનેક પ્રકારની પ્રેરણાઓ કરી તે પ્રકારના કાર્યને

ઉત્તેજન આપવામાં આવ્યું છે. કોન્ફરન્સ દ્વારા-**જૈન ડિરેક્ટરી, જૈન ગ્રંથાવલી, શ્રી સિદ્ધસેન દિવાકર કૃત ન્યાયાવતાર, જૈન મંદિરાવલી, શ્રી જૈન ગુર્જર કવિઓ ભાગ ૧ અને ૨, શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ** જેવા અમૂલ્ય જૈન તેમજ જૈનેતર વિદ્વાનો દ્વારા આદર પામેલા પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

**જૈન ભંડારો–**

પ્રાચીન અલભ્ય ગ્રંથોના ઉદ્ધારાર્થે જૈન ભંડારોમાં રહેલ સૂત્ર ગ્રંથોની ટીપ કરાવી તે છપાવવા ઘટતા પગલાં લેવામાં આવ્યા.

**હિસાબ તપાસણી ખાતુઃ–**

જૈન જનતાની ટ્રસ્ટ ખાતાઓ ઉપર સુરૂચી કાયમ રહે એ હેતુથી પ્રતિષ્ઠિત માણસો રોકી કાર્ય કર્યું. પરિણામે અનેક ખાતાઓના હિસાબોની ચોખવટ થઈ, સંઘના ક્લેશ-કંકાસ મટાડવામાં મદદ મલી. ધાર્મિક ખતાઓ-દેરાસરો, વિગેરેના હિસાબો, ચોપડાઓ તપાસી ઘટતી સુચનાઓ પણ કરી.

**જીવદયાઃ–**

"અહિંસા પરમો ધર્મ" ના સિદ્ધાંતના પ્રચારાર્થે ખૂબ પ્રયાસો કર્યા. રાજા-મહારાજાઓ, ગવર્મેન્ટ આદિને અરજીઓ મોકલી વધ અટકાવ્યા. જીવદયા અંગે સાહિત્ય પ્રગટ કરી જનતાને એક ઉત્તમ રસ્તે દોરી. પાંજરાપોળની સ્થીતિ, વ્યવસ્થા તપાસી મુંગા પ્રાણીઓની રક્ષાર્થે પ્રયાસો કર્યા.

**જીર્ણ મંદિરોદ્ધાર અને તીર્થ રક્ષા.**

જૈન સમાજ સમક્ષ જ્યારે જ્યારે તીર્થ રક્ષાના વિકટ પ્રશ્નો ઉપસ્થિત થયા હશે ત્યારે આ કોન્ફરન્સે જૈન જનતામાં પ્રચાર કાર્ય, પ્રકાશન આદિ દ્વારા ખરી સ્થિતિની જાણ કરી જાગૃતિ આણી છે. **શ્રી શત્રુંજય, શ્રી કેશરીયાજી**ના પ્રશ્નો તાજાજ છે. શ્રી શત્રુંજયના પ્રશ્ન વખતે ખાસ અધિવેશન બોલાવી "યાત્રા ત્યાગ" આદિની ઉદ્‌ઘોષણાને જૈનોના પ્રત્યેક ઘેર પહોંચાડવા કોન્ફરન્સે "પ્રચાર કાર્ય સમિતિ" દ્વારા જે સેવા કરી છે તેથી ભાગ્યેજ કોઇ અજાણ હશે. **શ્રી કેશરીયાજી**ના પ્રશ્ન અંગે પણ ઉદેપુરના ના૦ મહારાણા સાહેબ સમક્ષ અગાઉ તેમજ હાલમાં પત્ર, તાર, મેમોરિયલો મોકલી, પ્રતિનિધિઓ નીમી તે દ્વારા આપણા હક્કો સુરક્ષિત રાખવા તજવીજ કરવામાં આવી.

**શ્રી સમ્મેત શિખરજી શ્રી પાવાપુરીજી, શ્રી શૌર્યપુર, શ્રી અંતરીક્ષજી, શ્રી મક્ષીજી,** આદિ તીર્થોના રક્ષણાર્થે સમય સમય પર આ કોન્ફરન્સ અને તેનાં કાર્યકર્તાઓએ જાતે જઇ તીર્થરક્ષણ આદિના કાર્યો કર્યા અને કેસમાં મદદ આપી.

શ્રી શૌર્યપુર, શ્રી ભેલુપુરજી, શ્રી સીતામઢી, બડગાંવ, વૈભારગિરિ, શામલાજીતીર્થ, ખોખરા, સોજત, ચંડાવલ, કાપડોજી, પટણા, પીપાડ, મિથિલા, ભદેલી, પાલીઆદ, ઇંદોર, થરાદ, સંભાર, કુંભારીઆજી, સીતાપુર, વળા, કોંઢ, અમદાવાદ, વસઈ, ઉનાવા, ટીકર, રાંદેર, પાટણ, કાવીઠા, ચંદુર, વાગોળ, સતારા, જામનગર, રાંધેજા, ગુજરવદી, મુળસણ, વણથલી, વડગાંવ, સુરત, બડા, કલીપુર, માનપુર, જીવનલઠી, રણુ, લાજ, આસોડર આદિ અનેક સ્થળોના પ્રાચીન મંદિરોના ઉદ્ધારાર્થે પ્રયત્નો કર્યા અને તે માટે લગભગ રૂ. ૪૪૦૦૦ ખર્ચ્યા.

**આશાતનાઓઃ–**

પૂજ્ય તીર્થંકરો, મંદિરો, ગુરૂદેવો આદિની અનેક પ્રકારે થતી આશાતનાઓ અટકાવવા, બટન પર છબીઓ આદિ ન પ્રકટ કરવા પૂર્ણ પ્રયત્નો કરવામાં આવ્યા.

**જૈન પર્વો–**

જૈન પર્વોની રજાઓ ગવર્મેન્ટ, દેશી રાજ્યો આદિમાં મંજુર કરાવવામાં આવી.

**સ્વદેશી પ્રચારઃ–**

દેશ અને સમાજને લગતા પ્રશ્નોને કોન્ફરંસે ખૂબ અપનાવ્યા છે. 'સ્વદેશી પ્રચાર' અંગે ખાસ સમિતિ નીમી પત્રિકાઓ સરઘસ, પ્રદર્શન ભરી જૈન સમાજને સ્વતંત્રતાના ક્ષેત્રમાં આગળ વધવા પ્રેરણા અને ચેતન અર્પેલ છે.

**હાનિકારક રીત–રિવાજોઃ–**

સમાજમાં પ્રસરેલા કન્યા વિક્રય, બાલલગ્ન, વૃદ્ધ-લગ્ન, રડવા-કૂટવા, ફટાણા ગાવા આદિ જાતના અનેક રીતરિવાજો, અપવ્યયો ગામેગામ ઉપદેશકો મોકલી ઠરાવો કરાવી અટકાવ્યા.

**નિરાશ્રિતાશ્રયઃ–**

બેકારી અને આજીવિકાને લગતા આ પ્રશ્નને અંગે જૈન બંધુઓને અગાઉ ખૂબ સહાય કરી છે

ઉપર દર્શાવેલા કાર્યો સિવાય આ કોન્ફરન્સે ઘણાં સમાજોપયોગી કાર્યો કરેલા છે જેની નોંધ આ પત્રિકામાં આપવી અશક્ય છે. નીચેના આંકડાઓ કાર્ય અંગે સ્હેજ ખ્યાલ આપશે.

| ખાતા | થયેલ ખર્ચ |
|---|---|
| શ્રી કોન્ફરન્સ નિભાવ ફંડ | રૂા. ૧૦૦૦૦૦–જેમાંથી વિવિધ સમાજોપયોગી કાર્યો દર વર્ષે થયાજ કરે છે. |
| શ્રી કેળવણી પ્રચાર. | રૂા. ૮૬૦૦૦–ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાન પ્રચાર. |
| શ્રી પુસ્તકોદ્ધાર. | ૨૬૦૦૦–ગ્રંથ પ્રકાશન આદિ. |
| શ્રી મંદિરોદ્ધાર અને તીર્થોદ્ધાર | ૪૪૦૦૦–તીર્થ રક્ષા અને મંદિર જીર્ણોદ્ધાર. |
| શ્રી જીવદયા | ૨૧૦૦૦–મુંગા પ્રાણીના રક્ષણાર્થે. |
| શ્રી નિરાશ્રિત | ૩૧૦૦૦–જૈન બંધુઓ-બ્હેનોને સહાયતાર્થે. |
| શ્રીબનારસ યુનિવર્સીટી જૈન (ન્યાય અને તત્વજ્ઞાન) ચેર | ૫૨૦૦૦–જૈન ધર્મના અમૂલ્ય સિદ્ધાંતોના પ્રચાર અને શિક્ષણાર્થે. |

કુલ રૂ૦ ૩૬૦૦૦૦)

## વર્તમાન સ્થિતિ અને ચાલુ કાર્ય વિગેરે અંગે અપીલ.

શ્રીમતી કોન્ફરન્સના કાર્યોના ટુંક વિવરણથી સ્પષ્ટ જણાશે કે તે શ્રી જૈન સંઘની એક અમોઘ શક્તિ છે. તેની કીર્તિ

# :-: જૈન કૉન્ફરન્સની આધુનિક પ્રવૃત્તિ :-:

## જૈનના ઝંડા નીચે એકત્ર બની યશધ્વજા ફરકાવો.

### કેળવણી પ્રચાર, નિરાશ્રિતાશ્રમ વિગેરે અંગે જૈન કૉન્ફરન્સની કૂચ કદમ.

અખિલ હિંદ જૈન શ્વે. કૉન્ફરન્સની સુકૃત ભંડાર ફંડ પેટા-સમિતિદ્વારા યોજવામાં આવેલ જૈનોની એક જાહેર સભા રવીવાર તા. ૨૨-૮-૩૭ ના રોજ સવારના સ્ટાં. ટા. ૯ વાગે દાદર ( મુંબઇ ) માં શ્રી પાલણ સોજપાલની ચાલમાં પૂજ્ય મુનિશ્રી ગુલાબમુનિજી મહારાજના પ્રમુખપણા હેઠળ મળી હતી. જે વખતે આગેવાન ગૃહસ્થો વિગેરે સારી સંખ્યામાં ઉપસ્થિત હતા.

પ્રારંભમાં શ્રી માણેકલાલ મોદીએ આમંત્રણ પત્રિકા વાંચી જણાવ્યું કે પત્રિકા પ્રકટ થયા બાદ પૂજ્ય શ્રી ઋદ્ધિમુનિજી મહારાજશ્રીની તબીયત નરમ હોવાના લીધે તેઓશ્રી અત્રે પધારી શક્યા નથી તેથી આ સભા પૂ. શ્રી ગુલાબમુનિજી મહારાજ સાહેબના પ્રમુખપદે મેળવવામાં આવી છે.

### શ્રી. મોહનલાલ ઝવેરી.

મુખ્ય વક્તા શ્રીયુત મોહનલાલ બી. ઝવેરી, બી. એ. એલએલ. બી. સોલિસિટરે "**જૈન કૉન્ફરન્સની આધુનિક પ્રવૃત્તિઓ**" વિષે ભાષણ કરતા જણાવ્યું કે કોન્ફરન્સ શ્વે. મૂર્તિપૂજક જૈન સમાજની પ્રતિનિધિત્વ ધરાવનારી સંસ્થા છે

અજોડ છે, તેનાં કાર્યોની સીમા આશાતીત છે. ભૂતકાળે સમાજે એને પૂર્ણ પ્રેમથી અપનાવા છે. તેમ વર્તમાનકાળે સમાજે એને ખૂબ વિકસાવવી ઘટે છે કે જેથી દેશ-કાળ અનુસાર કાર્યો તે સુંદરતાથી વ્યવસ્થાસર હાથ ધરી શકે.

એના વિકાસાર્થે સુકૃત ભંડાર ફંડની યોજના રજુ થયેલી છે. પ્રત્યેક જૈન વ્યકિત શું સમાજ શ્રેયના ધર્મ શ્રેયના શુભ કાર્યો માટે **પ્રત્યેક મહીને ચાર પાઇ** જેવી નજીવી રકમ ન કહાડી શકે? એ ચાર પાઇ-વાર્ષિક ચાર આના-જૈન સમાજનાજ બાળકોના ધાર્મિક અને વ્યવહારિક કેળવણીના કાર્યો પાછળ ખર્ચાશે, સમોત્થાનના અનેક કાર્યો એમાંથી થશે એ લાભ કોને? કોમને-ધર્મને અને દેશને.

કોન્ફરન્સ એ એકજ બંધારણ પૂર્વકની જૈન સમાજની પ્રતિનિધિ-રૂપ સંસ્થા છે. એની ભાવના દરેક જૈન વ્યકિતને ઉન્નત બનાવવાની છે, વિશ્વમાં જૈન ધર્મ પ્રસરાવવાની છે **સવી જીવ કરું શાસનરસી**ના સૂત્રને અમલમાં મૂકવાની છે, કેળવણી રૂપી દિવ્ય કિરણો દ્વારા જાગૃતિ આણવાની છે. જુદા જુદા સ્થળે અધિવેશન ભરી સારીયે સમાજમાં જીવંત આંદોલન પ્રગટાવવાની છે. એ દ્વારા એક અતુટ ને અજોડ સંઘ-બળ જન્માવવાનો અભિલાષ છે એ ત્યારેજ બને કે જ્યારે સમાજની પ્રત્યેક વ્યક્તિ તન, મન કે ધનથી કંઇક સેવા આ કોન્ફરન્સના ચરણે ધરવા પ્રતિજ્ઞા લે. પ્રત્યેક જૈનના હૃદયમાં આ સંસ્થા વસો એજ અભ્યર્થના.

જે ૩૫ વર્ષથી સમાજોપયોગી અનેક કાર્યો કરી રહી છે. તેમાં ફિરકા ભેદને સ્થાન નથી સામાજિક હિતની દૃષ્ટિએ '**જૈન**' તરીકેની ઉચ્ચ ભાવના સૌએ હૃદયમાં રાખી એ માટે કાર્ય કરવાની આવશ્યકતા છે. સંસ્થા એટલે આપણે પોતે. તે આપણા શિવાયની બીજી કોઈ જીવન્ત વસ્તુ નથી. આપણે જ કાર્ય ન કરીએ અને સંસ્થાના શિરે દોષ ઓઢાવીએ એ બરાબર ન કહેવાય. શરીરમાં આત્મા સંચાલન ન કરે તો શરીરની દશા શી? તેવીજ રીતે તેને જોઇતા પોષણની પણ જરૂર રહે છે જ.

અખિલ હિંદની સ્ટેન્ડિંગ કમિટી એકત્ર થયા બાદ કોન્ફરન્સે મુખ્યત્વે બે અગત્યના પ્રશ્નો હાથ ધર્યા છે. (૧) કેળવણી પ્રચાર અને (૨) બેકારી નિવારણ. મનુષ્ય કેળવણી દ્વારા પોતાની મેળે પગભર થઇ શકે છે. જૈન કોમમાં કોઇ કેળવણીથી વંચિત ન રહે તે માટે પ્રાથમિક, માધ્યમિક ( મેટ્રિક સુધીની ) અને ઉદ્યોગિક કેળવણીની એક સુંદર યોજના હાલમાં કોન્ફરન્સે ઘડી કાઢી છે અને તે એક દાનવીર ગૃહસ્થે વધાવી લઇ રૂ. પચ્ચીસ હજારની રકમ આપવા ઉદારતા દર્શાવી છે. આ યોજનામાં ફી, પાઠ્ય પુસ્તકો અને છાત્રવૃત્તિ માટે સગવડ કરવા ઉપરાંત ન્હાના ન્હાના ગામોમાં શાળાઓ ઉઘાડવાની ધારણા રખાઇ છે. કન્યા અને ઉદ્યોગિક કેળવણીને પ્રથમ પસંદગી આપવામાં આવી છે અને તે માટે ગામડાંની માંગણીને અગ્રપદ અપાશે. આ સર્વ ખુબ દીર્ઘ દૃષ્ટિ વાપરી કરવામાં આવેલ છે.

રાષ્ટ્રિય મહાસભા કાંગ્રેસ પણ ગ્રામ્ય હુન્નર ઉદ્યોગ પ્રચારાર્થે મહેનત લઇ રહી છે કારણ લગભગ ૭૦-૮૦ ટકા વસ્તી ગામડાઓમાં છે. અને તેથી શહેર અને ગામડાઓ વચ્ચે અંતર ન વધે તેમ કરવાની જરૂર છે. માનસિક વિકાસ કેળવણી દ્વારાજ સંભવે, સ્વાશ્રયી, સ્વાવલંબી થવા પણ એની જરૂર છે. એથી કેળવણી પ્રચાર ખૂબ કરી સમાજમાં વ્યાપી રહેલ અંધકાર દૂર કરો. આપણે વ્યોપારિક કોમ તરીકે ઉદ્યોગિક કેળવણીને તો અપનાવેજ છૂટકો. ઉદ્યોગિક કેળવણી અને બેકારીને પરસ્પર સંબંધ છે. નિષ્ણાત પુરૂષોની દેખરેખ હેઠળ બેકારોને ધંધો શિખવવામાં આવે તો તે પોતે પ્રમાણિકતાથી કમાવી શકે અને આ હરીફાઇના જમાનામાં પણ પોતાના સ્થાનને ટકાવે.

આ સર્વ માટે ફંડ પહેલાં જોઇએ, તેથી સુકૃત ભં. ફંડની કોન્ફરન્સની યોજનાને વર્ષે દહાડે માત્ર ૦-૪-૦ આપી ટેકો આપો. ચાર આનાની કિંમત સદ્‌ભાવ છે. આજે સૌની મદદની જરૂર રહેલી છે. હિંદુ મુસ્લમાનોના ભેદ ભાવ આજે ભુલાવા લાગ્યા છે તે વખતે આપણે અંદર અંદર લડયા કરીએ એ ન શોભે. આપણે તો '**જૈન**' છીએ અને '**જૈન**' ના ઝંડા નીચે ભેગા થઈ સમાજ, ધર્મની યશધ્વજા ચોમેર ફરકાવવી જોઇએ.

### શ્રી. મુલચંદ આશારામ.

શ્રી. મુલચંદ આ. ઝવેરી એ જણાવ્યું કે ૩૫ વર્ષ પછી પણ આજે કોન્ફરન્સ શું વસ્તુ છે એ સમજાવવાની જરૂર રહે ખરી ? એ મહાસભાના પ્રથમ ૧૦ વર્ષો અનેક ઉજ્વલ કાર્યો દ્વારા દીપી ઉઠયા હતા. તે વખતે સૌની ભક્તિ, પ્રેમ એ બાજુ ઉભરાતા હતા. લગભગ ૪ લાખ રૂપીઆ તેજ વર્ષોમાં અનેક મહાન્ કાર્યો પાછળ કોન્ફરન્સે એકત્ર કરી ખર્ચ કર્યા, જૂદી જૂદી દિશામાં કોમના હિતાર્થે સેવાઓ કરી એ કોઇથી અજાણ્યું નથી. આજે માત્ર ચાર આના સુકૃત ભં. ફંડમાં તમારી પાસે માંગવામાં આવે તે ઉત્સાહથી આપો. જૈન ધર્મના મુખ્ય પાયા દાન, શીળ, તપ, ભાવમાં દાનને પ્રથમ પદ આપવાવાં આવેલ છે. કોમના. ધર્મના, સમાજના, દેશના, તમારાજ ભાઇ-બ્હેનોના હિત માટે એ પૈસા વપરાશે. કોન્ફરન્સના ચોપડે નોંધાયેલી તમારી પાવલી અનેક સત્કાર્યો કરવા સમર્થ બનશે, તેથી સૌએ કોન્ફરસમાં એટલી રકમ જરૂર મોકલી આપવી જોઇએ. આપણા હિત, વિકાસ, આબાદી અર્થે જે શ્રીમંતે રૂા. ૨૫૦૦૦ ) આપ્યા છે તેને ખરેજ ધન્યવાદ ઘટે છે. પ્રત્યેક જૈનના હૃદયમાં આજે કોમના કલ્યાણ માટે ભાવના ઉદ્ભવે એમ ઇચ્છીશું.

### શ્રી. ભોગીલાલ રતનચંદ.

શ્રી. ભોગીલાલ રતનચંદ ધર્મપુરના રાજકવીએ સુમધુર સ્વરે "**પ્રેમે નમું શારદા**" ની સ્તુતિ ગાઇ ગામડાઓમાં વ્યાપી રહેલા અંધકારપ્રત્યે સભાજનોનું ધ્યાન ખેંચ્યું હતું. કેળવણી વિના ગામડાઓ, શહેરોમાં કુસંપના આંદોલનો ફાટી નિકલ્યા છે. આજે કાચની હીરાકણી કાચને-લોખંડ લોખંડને કાપવા તૈયાર થાય છે. કોન્ફરન્સ સંપ કરવા, કેળવણી ફેલાવવા પ્રયાસો કરે છે તેના આ શુભ કાર્યો માટે ચાર આના આપવા કંજૂસ ન બનો. સરસ્વતી આજે અશ્રુ વહેવરાવે છે. આપણા સુત્રો જર્મન, અમેરિકા પહોંચ્યા ને અહિં આપણી દશા શું ? વક્તાએ વિદ્યાપ્રચારના કાર્યને આગળ વધારવા તથા કોન્ફરન્સને મદદ કરવા અપીલ કરી હતી.

### શ્રી. મોતીચંદ કાપડીઆ.

શ્રી. મોતીચંદભાઇ સોલિસિટરે જણાવ્યું કે આ યુગમાં આપણે નકામા કલેષો કરી શક્તિનો દુરૂપયોગ કરીએ તે પાળવે એમ નથી. આપણે તો એક ઝંડા નીચે કોમની ઉન્નતિ કેમ થાય, કેળવણી કેમ વધે, નિરૂદ્યમી ઉદ્યમે કેમ ચઢે, સંપ કેમ વધે એ માટે એકત્ર થઇ કામ કરાવાતું છે જૈન સમાજની સ્થીતિ સુધારવા તાત્કાલિક ઉપાયો લેવાજ જોઇએ. જૈનોમાં બેકારી હોય ? જૈન નિરાશ્રિત હોય ? એ માટે એકઠા મલી વિચાર કરો. જૈનોના હાથમાંથી અનેક ધંધા-રોજગાર સરી પડ્યા છે. ઝવેરાતના ધંધામાં જૈનોજ દેખાતા હતા, રૂમાં કચ્છી જૈન ભાઈઓજ વ્યોપાર કરતા પણ આજે આપણે કયાં છીએ ? આપણા માથે ઘણી જવાબદારીઓ રહેલી છે. કુસંપને ટાળો અને સર્વત્ર જૈન ધર્મને-સમાજને દિપાવો. પક્ષા-પક્ષી મૂકી દ્યો નહિં તો તમારા રહ્યા સહ્યા સ્થાને પણ ટકી નહીં શકો. આજે સમયને ઓળખવાની સૌની પ્રથમ ફરજ છે. કોન્ફરન્સ તો દીર્ઘ દષ્ટિથી સમાજની પ્રગતિઅર્થે કાર્ય કરી રહી છે. તેની સુ. ભં. ફંડની યોજના સુંદર અને સરળ છે. એ દ્વારા ધાર્મિક, વ્યવહારિક કેળવણીને ઉત્તેજન આપી શકાય, સમાજોપયોગી, તીર્થરક્ષા, સાહિત્યોદ્ધારના કાર્યો થઇ શકે. જૈન જનતા એને અપનાવે તો 'ટીપે ટીપે સરોવર ભરાય' એ ઉક્તિ અનુસારે સ્હેજે સારી રકમ એકત્ર થઇ સુંદર કાર્ય કોન્ફરન્સ કરી શકે.

### રાવસાહેબ રવજીભાઈ.

શેઠ રવજી સોજપાલ જે. પી. એ જણાવ્યું કે અખિલ હિંદમાં જૈનો માટે કોન્ફરન્સજ પ્રતિનિધિત્વ ધરાવનારી સંસ્થા છે. તેના ઉપયોગી કાર્યો વિષે ખૂબ કહેવામાં આવ્યું છે તેથી વિશેષ કહેતો નથી. તેની સુકૃત ભંડાર ફંડની યોજનાને તો જરૂર ટેકો આપવા જેવું છે જ. દાદરાના વતનીઓ, પટેલ, મુકાદમો અને અન્ય ભાઇઓએ એના માટે કાર્ય શરૂ કરવાની મ્હારી ખાસ ભલામણ છે

શ્રી મંગલદાસ ત્રિકમલાલ ઝવેરીએ સ્ત્રી કેળવણી વિષે બોલતા મારવાડી શ્રીમંત સિંઘાણીના કુટુમ્બમાં કેળવણી દ્વારા થયેલ લાભ જણાવી અજ્ઞાનતા દૂર કરવા અપીલ કરી હતી. ધાર્મિક અને વ્યવહારિક કેળવણીની જરૂર દર્શાવી દાદરમાં પાઠશાળા કન્યાશાળાની સ્થાપના કરવા સૂચના કરી હતી. તેઓએ સુકૃત ભંડાર ફંડની યોજનાને અને કોન્ફરન્સને ટેકો આપવાની જૈન સમાજની ફરજ બતાવી હતી. શ્રી રવજી સોજપાલની કૃપાથી દાદરમાં શુભ કાર્યોની શરૂઆત થઇ છે, તેને વિશેષ વિકસાવવા, શ્રાવક ક્ષેત્રને સુધારી મજબૂત કરવા. બેકારી નિવારવા, શિક્ષણ વધારવા વક્તાએ ભારપૂર્વક જણાવ્યું હતું. છાપાઓમાં તીર્થીઓના અનુયાયીઓ અંગે ૧૧૦૦૦ હજારની જગ્યાએ અગ્યાર લાખના આંકડા લખાય છે તેથી સાવધાન રહેવા સૂચના કરતાં એક ભાઇએ જણાવ્યું કે એક મિંડાનીજ ભૂલ થઇ હશે. ( હસાહસ )

શ્રી નરસી શાંયાએ એકયતા અંગે કવીતા ગાઇ કોન્ફરન્સને ટેકો આપવા જણાવ્યા બાદ શ્રી. મણીલાલ જેમલ શેઠે જૈન મહાસભાના પરાઓમાં કોંગ્રેસની જેમ થાણાં નાખવા સૂચવ્યું હતું. તેઓએ જૈન મહાસભાને આવકાર આપી તેના ધ્વજને ઉંચો રાખવા, સહકાર દ્વારા કામ કરવા દર્દ ભરી અપીલ કરી હતી. પારસી, કપોલ, ભાટીયા, લોહાણાની ચેરીટી ( દાન ) તરફ ધ્યાન ખેંચી આપણા જૈન સમાજમાં દુખી દર્દીઓની શું દશા થાય છે તે વર્ણવી હતી. જૈનો પાસે પૈસા છે, વિદ્વાનો છે પણ જ્યાં અવ્યવસ્થા, કુસંપ હોય ત્યાં શું થઈ શકે ? સત્વરે એ સ્થિતિ ટાળવાની જરૂર છે, અને તે માટે કોન્ફરન્સના પ્રયાસોને વધાવો. ચાર આના ઉમંગથી કોન્ફરન્સને આંગણે આવી આપો, પર્યુષણમાં સર્વે સ્થળે આ યોજનાને અમલમાં મૂકો અને સમાજોદ્યોતનાં કાર્યમાં સહકાર અર્પો.

બાદ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ દાદરમાં શેઠ રવજીભાઇ સોજપાલના નેતૃત્વ નીચે કોન્ફરન્સની ડ્રિસ્ટ્રીક્ટ કમિટી કરવા આગ્રહ કરી બેકારીની યોજનાને પણ આ વિભાગમાંથી ઉપાડી લેવામાં આવે એવી ઇચ્છા પ્રદર્શિત કરી હતી.

### પૂ ગુલાબમુનિજી મહારાજ.

પ્રમુખસ્થાનેથી પૂ. ગુલાબમુનિજી મહારાજે શ્રી સંઘને નમસ્કાર કરી ફરમાવ્યું કે હું કોન્ફરન્સ સાથે સંવત્ ૧૯૬૩ થી પરિચય ધરાઉં છું. એ સંસ્થાએ ઘણાં સારા સારા કાર્યો

કર્યા છે એની માહીતિ મ્હને વખતો વખત મળતી રહી છે. હાલમાં નબળી હોવાના કારણમાં તો મ્હને વચ વચમાં ડખલો ઉઠે છે એજ લાગે છે. હાથમાં લાડવો હોય, ખાવાની ઇચ્છા હોય છતાં બુદ્ધિની નબળાઇને લીધે કેટલીક વખતે ઇચ્છિત પરિણામ લાવી ન શકાય એજ પ્રકારની આપણી સ્થિતિ લાગે છે. જૈનોની વિશ્વ સંસ્થા–કોન્ફરન્સને પગભર કરવા ઉદ્દેશાનુસાર કાર્યમાં વીર્ય ફોરવશો તો જનતા તન, મન, ધનથી સાથ આપશે. ખડે પગે કેસરીઆ કરી કાર્યને ઉપાડી લ્યો. આજે આપણામાં પ્રથમ સંપની ઘણી જરૂર છે. શ્રી વીર પ્રભુના અનુયાયી તરીકે આપણે આપણી ફરજ સમજવી જોઇએ. પ્રથમ સંપ કરો અને વિદ્યા વૃદ્ધિ કરો. જૈન કોમમાં ખૂબ અંધકાર છે. તમે તપાસશો તો અશ્રુધારા છૂટશે. જૈનોના ઘેર ઘેર શારદા રમે, ફિજુલ ખર્ચ બંદ થાય કરકસરથી ખર્ચ કરવામાં આવે અને કોન્ફરન્સ જેવી સંસ્થાને પોષણ અપાય તો સમાજ અને ધર્મ ઉચ્ચ સ્થિતિએ અવશ્ય પહોંચે. આજે આડા–અવળા જવા સમય નથી, નિરર્થક ચર્ચાઓથી કંઇ સરવાનું નથી. એકત્ર થઇ કામ કરવા મંડી પડો, પોતપોતાના વાડાઓ જૂદા ન કરો. વીતરાગ પ્રભુના એક અબાધિત શાશનને સમાજ સેવાદ્વારા જયવંતુ વર્તાવો.

બાદ "સર્વ મંગલ માંગલ્યં" ની જય ધ્વની વચ્ચે સભા વિસર્જન થઇ હતી.

# જૈન કૉન્ફરન્સ સંબંધી મારા વિચારો

હાલમાં જૈન કોન્ફરન્સને અંગે વધારે જાગૃતી થતી જોઇ મારૂં ચિત્ત પ્રસન્ન થયા કરે છે. હું જૈન કોન્ફરન્સના જન્મથી તેમાં રસ લેનારો છું. મારાથી બનતી સેવા મેં એની કરી છે. હજુ પણ તેની સેવા કરવાની અભિલાષા તેટલીજ છે, પરંતુ શારીરિક કારણે હું વિશેષ ભાગ લઇ શકતો નથી. હું જૈન કોમના હિતને માટે એને એક સર્વોત્તમ વૃક્ષ માનું છું. એને જેટલું શુભ સિંચન કરશો એટલું એ વિશેષ ફાલશે ફુલશે ને ફળ આપશે.

મારી સાથેના એના હિતચિંતકો પૈકી ખાસ તો હું મારા પરમ મિત્ર ગુલાબચંદજી ઢઢ્ઢાને જોઇ રહ્યો છું કે જે હજુ પણ એની સેવા પ્રથમ પ્રમાણેજ આપી રહ્યા છે. તેને માટે તેમને ધન્યવાદ ઘટે છે.

જૈન કોન્ફરન્સે જૈન કોમના હિતના અનેક કાર્યો કર્યા છે તેનો એકંદર સરવાળો ઘણો મોટો થાય તેમ છે. કેટલાએક તેના બીન અનુભવીઓ તેના સંબંધમાં જુદા વિચારો ધરાવે છે પરંતુ તેઓ જો તેનો ઉદ્દેશ બરાબર સમજે તો જરૂર તેઓ પોતાના વિચારો ફેરવે એવી મારી ખાત્રી છે.

જૈન કોન્ફરન્સનું કોઇ કામ કે કોઇ ઠરાવ કોઇને પણ અયુક્ત લાગે તો તે તેને માટે પોતાનો અવાજ કાઢી શકે છે, તેને માટે સર્વ દ્વાર ખુલ્લા છે. તેના કાર્યવાહકો તો એમજ ઇચ્છે છે કે તમે તમારા શુદ્ધ અંતઃકરણથી અમારી ભૂલ બતાવો, અમે સુધારવા તૈયાર છીએ. આવો મારો અનુભવ છે.

એ સંસ્થાને પગભ રાખવાર માટે જૈન સુકૃત ભંડાર ફંડની યોજના ઘણી દીર્ઘદષ્ટિથી કરવામાં આવી છે. એને જૈન કોમે પૂરતો ટેકો આપ્યો નથી તેથીજ કેટલાક કાર્યો કોન્ફરન્સ કરી શકી નથી. એ ફંડના હીસાબ ચોખા છે. એમાં કાંઇપણ ગેરવ્યવસ્થા થઇ નથી. એ ફંડમાં દ્રવ્યનો ગેર-ઉપયોગ થતો નથી. એ બાબતની મારી તો ખાત્રી છે, બીજા બંધુઓ ખાત્રી કરી શકે છે.

ભાવનગરની જૈન ધર્મ પ્રસારક સભાના ઉદ્દેશોમાં એક ઉદ્દેશજ છે કે તેણે જૈન કોન્ફરન્સને બનતી સહાય કરવી.

આ ટુંકા લેખથી મેં મારા હૃદયની ઉર્મિ પ્રગટ કરી છે.

—કુંવરજી આણંદજી.

અથાગ પરિશ્રમના પરિણામે તૈયાર થયેલા

## જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

### પ્રચારાર્થે ટુંક સમય માટે

**રૂ૦ ૧૮–૮–૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭–૮–૦ માં અપાશે.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂ૦ ૩—૦—૦ | ૧—૦—૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂ૦ ૧—૮—૦ | ૦—૮—૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃત:—

| | | પૃષ્ઠ | | વાંચન પૃષ્ઠ ૩૧૦૦ |
|---|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂ૦ ૫—૦—૦ | ૧૦૦૦ | ૧—૮—૦ | સેટ લેનારને ત્રણે ગ્રંથો |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂ૦ ૩—૦—૦ | ૮૫૦ | ૧—૮—૦ | |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂ૦ ૬—૦—૦ | ૧૨૫૦ | ૩—૦—૦ | રૂ૦ ૪—૦—૦ માંજ. |

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ**, ૨૦, પાયધુની—મુંબઇ, ૩.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

Telegrams :-
"HINDSANGHA"
'हिंदसंघ'

૨૦, પાયધુની,
મુંબઇ ૩.
તા. ૨૭-૮-૧૯૩૭.

## શેઠ શ્રી,

## તથા શ્રી જૈનસંઘ સમસ્ત

સવિનય નિવેદન કરવાનું કે સમસ્ત હિંદના જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવનારી આપણી આ જૈન-મહાસભા-જૈન કોન્ફરન્સ આજે ૩૫ વર્ષથી જૈન કોમની સામાજીક, વ્યવહારિક અને ધાર્મિક પ્રગતિ સાધવાના ઉદ્દેશથી કાર્ય કરી રહી છે. આ સંસ્થા અસ્તિત્વમાં આવ્યા બાદ આપણાં તીર્થો, આપણું સાહિત્ય, જીર્ણોદ્ધાર, પુસ્તકોદ્ધાર તથા નિરાશ્રિતોને મદદ આપવા અંગે ઘણું કાર્ય કરી ચુકી છે અને કરી રહી છે. આજે સમાજમાં જે જાગૃતિ અને વધતી જતી કેળવણી અને કેળવણી આપવામાં સહાયક નિવડનાર સંસ્થાઓનું વધતું જતું પ્રમાણ આપણે જોઇએ છીએ તે આ સંસ્થાના અનેક પ્રયાસો અને પ્રચારનું પરિણામ છે. સંસ્થા હસ્તક વિદ્યાર્થિઓને સ્કોલરશિપો અપાય છે એટલુંજ નહિ પણ ધાર્મિક હરિફાઈની ઇનામી પરીક્ષાઓ લેવાય છે અને પાઠશાલાઓને માસિક મદદો આપવામાં આવે છે. આ સંસ્થા દ્વારા બનારસ હિંદુ યુનીવર્સીટીમાં જૈન ન્યાય અને તત્ત્વજ્ઞાનની જ્ઞાનપીઠ (જૈન ચેર) રૂા. બાવન હજાર આપી સ્થાપવામાં આવી છે જેથી તે વિષયમાં અભ્યાસીને યોગ્ય શિક્ષણ મલી શકે. તદુપરાંત હાલમાં જૈન કોમમાં પ્રાથમિક, માધ્યમિક (મેટ્રિક સુધીની) અને ઔદ્યોગિક કેળવણી પ્રચારાર્થે સ્કોલરશિપ, ફી, પાઠ્યપુસ્તકો આદિના રૂપમાં બે વર્ષમાં રૂા. ૨૫૦૦૦) પચીસ હજાર ખર્ચવાની યોજના કરવામાં આવી છે. આ સર્વ કાર્યો અંગે વિશેષ હકીકત આ સાથે મોકલેલ 'ટુંક પરિચય' ઉપરથી સ્હેજે જાણી શકાશે.

**સુકૃત ભંડાર ફંડની યોજના પ્રમાણે દરેક જૈન બંધુ અને બ્હેને ઓછામાં ઓછા ચાર આનાનો ફાળો દર વર્ષે આ સંસ્થાની ઓફીસમાં મોકલી આપવાનો છે.** આ ફંડની આવકમાંથી ખર્ચ બાદ જતાં બાકી રહેતી રકમનો અર્ધો ભાગ એજ્યુકેશન બોર્ડ દ્વારા કેળવણીનાં કાર્યોમાં વપરાય છે અને બીજો અર્ધો ભાગ સમાજોન્નતિનાં કાર્યો અને નિભાવ ફંડમાં વપરાય છે. જ્યાં સુધી દરેક ગામના સંઘ તરફથી સારી મદદ નિયમિત મલતી ન રહે ત્યાં સુધી સંગીન કામ થઇ ન શકે તેમજ સંસ્થાની આર્થિક હાલત સંગીન ન હોય ત્યાં સુધી જરૂરી કાર્યો પણ હાથ ન ધરી શકાય એ પણ સ્વભાવિક છે.

માટે ઉપરોક્ત કાર્યને પહોંચી વળવા માટે આપની આ એકની એક મહા સંસ્થાને આર્થિક પોષણ આપવું એ આપની અને સંઘ સમસ્તની પવિત્ર ફરજ સમજી **આવતા પર્યુષણના પવિત્ર દિવસોમાં આપનો સુકૃત ભંડાર ફંડનો ફાળો અવશ્ય મોકલી આપી** યથાશક્ય મદદ જરૂર કરશો.

આ સુકૃત ભંડાર ફંડની યોજના આજે ઘણાં વર્ષ થયા જૈન સમાજમાં જાણીતી છે એટલે વિશેષ માહિતીની જરૂર નથી. પ્રતિવર્ષ પ્રત્યેક સ્ત્રી પુરૂષ ઓછામાં ઓછા ચાર આના સંસ્થાને આપવા દ્રઢ આગ્રહ રાખે તો આ સંસ્થા મારફતે ઘણું સુંદર કાર્ય થઇ શકે તેવું છે અને એથી અમે આપને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આ અપીલ શ્રી સંઘ સમક્ષ રજુ કરી વધારેમાં વધારે જે ફાળો આપ **સુકૃત ભંડાર ફંડમાં** મોકલી શકો તે જરૂર આવતા પવિત્ર દિવસોમાં એકત્ર કરી અમને મોકલી આપવા કૃપા કરશો.

લી૦ સેવકો,

**જમનાદાસ અમરચંદ ગાંધી.**
**મણીલાલ જેમલ શેઠ.**
**ઑનરરી સેક્રેટરીઓ.**
**શ્રી સુકૃત ભંડાર ફંડ સમિતિ.**

મોતીચંદ ગિરધરલાલ કાપડિયા
કાંતિલાલ. ઈશ્વરલાલ.
**રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.**

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."

Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.

છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જીનું ૧૧ મું. નવું ૬ ઠું.

તારીખ ૧ લી ઓકટોમ્બર ૧૯૩૭.

અંક ૪–૫ મો.

## જૈનેતર દ્રષ્ટિયે જૈન ધર્મ.

પ્રમાણુભાસ એ શું છે? વાદ વિચાર કેવો હોય? ફલ પરીક્ષાની પદ્ધતિ કેવી હોય? એવું એવું ઘણું જૈન દર્શનમાં છે. વર્તમાન યુગના વિજ્ઞાન સંબંધી ઘણાં ખરાં મૂળ સૂત્રો જૈન વિજ્ઞાનમાં છે.

જૈન વિદ્યા ભારત વર્ષની વિદ્યા છે. એ વિદ્યાનો પુનરૂદ્ધાર કરવાની જવાબદારી ભારત વર્ષ ઉપર છે. ભારત વર્ષની લોપ પામેલી વિદ્યા અને સભ્યતાનો પુનરૂદ્ધાર કરવામાં બંગાળે હંમેશાં આગળ પડતો ભાગ ભજવ્યો છે. બંગાલામાં આજ સુધીમાં ઘણી પુરાણી જૈન પ્રતિમાઓ મળી આવી છે. બંગાલમાંજ "સરાક" નામની એક અહિંસા પ્રિય જાતિ વસતી હોવાનું બ્હાર આવ્યું છે. આજે તો જો કે એ જાતિ હિંદુ સમાજની અંદર સમાઇ ગઇ છે તોપણ એ પ્રાચીન જૈન સમાજની-શ્રાવક સમાજની વારસદાર છે એ વિષે જરાય શંકા નથી. એમના આચાર, એમની લોક કથા અને સંસ્કાર ઉપરથી એ સિદ્ધાંત વધુ મજબુત બને છે.

એવું પણ એક અનુમાન નીકળે છે કે બંગાલમાં જેને આજે બર્દવાન-વર્ધમાન નગર કહેવામાં આવે છે તે જૈન સંપ્રદાયના છેલ્લા ચોવીશમાં તીર્થંકર શ્રી વર્દ્ધમાન સ્વામીના નામ સાથે સંકળાએલું હોય. મહાવીર સ્વામીના નામને પ્રતાપે બંગાલાની ભૂમિમાં વીરભૂમિ (વીરભૂમ જીલ્લો) નામ અંકાયું હોય એ પણ સ્વાભાવિક છે. બંગાળામાં જૈન પ્રતિમાઓ ઉપરાંત કોઇ કોઇ સ્થળે પ્રાચીન જૈન મંદિર પણ મળી આવે છે. બંગાળની પાસે મગધમાં જૈન સંપ્રદાયના ઘણા ઘણા મહા પુરૂષોએ પોતાની વીરહાક ગજાવી છે. આ બધું જોતાં સભ્યતાભિમાની બંગાલીઓ, જૈન વિદ્યાના પુનરૂદ્ધારમાં પૂરો રસ ન લેતો એમને સારૂ એ એક આક્ષેપનો વિષય ગણાય.

બીજી પણ એક વાત અહીં કહી દઉં. અહિંસા ધર્મના પ્રતાપે ભારત-વર્ષનો રાજનૈત્તિક ઉદ્ધાર થવો જોઇએ એમ મહાત્મા ગાંધીજી તરફથી આપણને કહેવામાં આવે છે. સૌ પ્રથમ બંગાલેજ એ રાજનૈતિક અહિંસા આચરી બતાવી હતી. એ અહિંસા મૂળ કયાંથી આવી? વેદ શાસિત ધર્મમાં અહિંસાની પ્રશંસા છે એ વાતની હું ના નથી પાડતો. બૌદ્ધો પણ અહિંસાને પોતાના ધર્મના આધારરૂપ માને છે; પરંતુ ભારતવર્ષનો જૈન સમાજ બીજાની જેમ અહિંસા ધર્મના ગીત ગાઇને બેસી રહેતો નથી. મન, વચન, કાયાથીએ ધર્મ પાળે છે. બીજી રીતે જૈન સમાજ ભલે પાછળ રહી ગયો હોય તો પણ તેની અહિંસાની આરાધના ભક્તિ પ્રશંસનીય છે. જૈન વિદ્યાના પુનરૂદ્ધારમાં બંગાળના વિદ્વાન્ ભાઇઓ યથાશક્તિ સહાય આપવા તૈયાર રહે તો ભારતવર્ષની સભ્યતા દીપી નીકળે

(બંગાલી સાહિત્ય-પરિષદમાં શ્રી હરિ સત્ય ભટ્ટાચાર્યજી M. A. B. L. ના નિબંધ પરથી.)

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ**:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

**—श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૧૦-૩૭. શુક્રવાર.


## પર્યુષણ પછી

ઘણા ઘણા દિવસો સુધી રાહ જોવડાવી પધારેલા મહારાજા, જેમ કાર્ય નિષ્પત્તિ થતાં સિધાવી જાય અને પાછળ પ્રજાની જે સ્થિતિ થાય તેવી દશા આજે આપણી છે. મહારાજાએ આપેલ વચન, જાહેર કરેલ છુટછાટો, નિર્દિષ્ટ કરેલ રાહત માર્ગો અને સંભળાવેલ શિક્ષા–સૂત્રો એ જેમ પ્રજા માટે વિચારણીય કાયક્રમ બને છે, અને એમાંજ તે ઓતપ્રોત થઇ જાય છે, તેમ જૈન સમાજ માટે પર્યુષણ મહાપર્વની પૂર્ણાહૂતિ પછીના સમયનું સમજવું.

મિચ્છામિ દુક્કડમ્‌ની વિધિ થયા બાદ મેલ-કચરો કે દોષ આદિ નીકળી જવાથી હૃદય હળવું અને શુદ્ધ થઇ જાય છે. અધ્યાત્મિક ક્ષેત્રમાં એ પછીનો કાળ એટલે નવી વહી શરૂ કરવાનો શુભ સમય, નફા સિવાયનું મંગળાચરણ કોઇ પણ નજ ઇચ્છે, આશાઓ પૂર્ણ થાવ કિંવા ન થાવ છતાં સૌ કોઇ નવનવી અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી આશાઓ સેવેજ.

આ વિશ્વવર્ત્તી કાનુનમાંથી જૈન સમાજ કે એની કેંદ્રિત સંસ્થા-જૈન મહાસભા–શા સારૂ બકાત રહે? આધ્યાત્મિક દષ્ટિયે નિર્મળ થયેલા અંતરો ચક્ષુ સામે બનતાં ને બની રહેલા રોજના બનાવોનો અભ્યાસ કરશે તો સહજ જણાશે કે જગત આજે વ્યવહારૂ વિષયોના સાંધા જોડવામાં ગરકાવ થયું છે, એની ગતિ વિદ્યુત કરતાં પણ વધુ ઝડપી બની છે

તો પછી આપણે વ્યવહારૂ બનવાની જરૂર નથી? કોની રાહમાં આપણે અર્ધું વર્ષ વ્યતીત કીધું? શા માટે આપણા મગજમાંથી પેલી "કુકડી અને એના બચ્ચાની વાત" ઘડીભર પણ વિસ્મૃત થવા દેવી ઘટે? કોણ નથી જાણતું એ ઉક્તિ કે—"**આપ સમાન બળ નહીં.**"

જૈન સમાજનો પ્રત્યેક સંતાન સારી રીતે જાણે છે કે પાપભારથી મુક્તિ મેળવી-વર્ષ ભરના દોષોની ક્ષમાપના કરી-ખાતાવહી સરખી કરવાનો દિવસ તે જેમ સંવત્સરી, તેમ વ્યાપારના આંકડા પરથી નફા ટોટા તારવી, ચોપડા સરખા કરવાનો દિવસ તે દિવાળી, એ દિવાળીના આગમનની નોબત વાગી રહી છે.

અધ્યાત્મ આવશ્યક છતાં એનો સંબંધ આત્મા પુરતો સવિશેષ છે. વ્યવહારૂ જગતમાં વ્યવહારિક નજરે જે પરથી આગે કુચ કે પીછે હઠના માપ નિકળી શકે એવા કાર્યોનીજ કદર થાય છે. તેથીજ કરકસર-બેકારી કે ધંધાની પાયમાલીવાળા આ સમયમાં પણ હરિપુરા ગામડાની આસપાસ લાખોના વ્યય ઇષ્ટ મનાય છે. કેટલીક વાર વ્યય ને બાહ્ય પ્રદર્શન અતિ અગત્યનો ભાગ ભજવે છે. શરત માત્ર એટલીજ કે એ પાછળનું ધ્યેય મૂળ વાતથી અસંગત ન હોવું જોઇએ.

કેળવણી અને બેકારી ભલે જૈન સમાજ માટેના પ્રશ્નો લેખાય, છતાં ઇતર સમાજો એનાથી સાવ અણસ્પર્શ્યા કે અગ્રસિત તો નથીજ એ દિશામાં ઘણુંય કરવાનું રહે છે, અને એટલા માટે આજે જેઓ હજી ઓઘ સંજ્ઞામાં વર્તે છે તેમને અને જેઓએ મહાસભા સામે કેવલ કાદવ ઉરાડી હાથ ધોઇ નાંખ્યા છે તેમને, કંઇ ન કહેતાં જેઓ આજે પણ હાર્દિક ઉમળકાથી સહકાર આપી રહ્યા છે અને અધિકારની ખુરશી પર દષ્ટિ ગોચર થાય છે, તેમને વિનમ્ર ભાવે જણાવીએ છીએ કે જૈન મહાસભાનું "હરિપુરા" કયાં છે? જૈન સમાજના મોજુદ પ્રશ્નોમાં એનું સ્થાન છે કે નહીં? શાંતિથી વિચારતાં એમ નથી લાગતું કે આજના સર્વ સવાલો એ "વર વિનાની જાન" જેવા છે? રસવૃત્તિના મુખ્ય કેંદ્ર વગર અને એને લગતી જાગ્રતિ સિવાય ગમે તેવા બળતા પ્રશ્નોનો ઉકેલ પણ નહીં આણી શકાય. કેટલાકનો તોડ તો સમયની મર્યાદા પર અવલંબે છે. કેટલાકનો તોડ તો સ્વાશ્રય પર નિર્ભર છે. અને થોડાકનો ઉકેલ શક્ય છતાં એમાં વિપુળ દ્રવ્ય અને સેવાભાવી કાર્યકરોની આવશ્યકતા છે. આપણી પાસે એ કેટલા પ્રમાણમાં છે? તેથીજ 'ડાળ પાખંડાને છંડી, મૂળ પ્રતિ મીંટ માંડવાનું છે"

સરકારી બજેટનો સમય આવે છે. વ્યાપારી આલમના સરવૈયા નિકળવાનો કાળ પણ આવે છે. સખત પરિશ્રમ પછી આરામની રજાઓ યાને વેકેશન આવે છે. વર્ષભરની મહેનત કે અભ્યાસનો તાગ કહાડવાનો સમય પણ આવે છે. રોજના નિયમિત મુસાફર સહસ્ત્ર રશ્મિને એકાદવાર છુમંતર થઇ જવાનો કે રાત્રિના સમ્રાટ રોહિણીપતિને સદંતર અદ્રશ્ય થઇ જવાનો વખત પણ આવે છે. આમ વર્ષ ભરમાં દરેકને માટે થોડા કલાકો કે વધુ કલાકો નિર્માયા છે, તો પછી એ નિયમમાંથી સંસ્થાઓના અધિવેશનને કેમ બકાત રખાય? યાદ રાખવાનું છે કે જ્યાં લગી એ નિયમિતતા આણી નહીં શકાય ત્યાં લગી જાગ્રતિ અને ચેતનના પૂર નથીજ વહેવડાવી શકવાના. 'વહેતા પાણી નિર્મળા' એ કહેવત તો જમાના પૂર્વની છે. એ માટેની પ્રબળ ધગશ કે સખત તમન્ના નહિં પ્રગટે ત્યાં સુધી "ઘાંચીના બેલની સ્થિતિ" જેવુંજ રહેવાનું.

હવેનો વિચારણીય પ્રશ્ન એજ હોઇ શકે.

# નોંધ અને ચર્ચા.

## પર્યુષણ અને વ્યાખ્યાન પદ્ધતિ—

ગમે તેવી જુનવાણી વિચારવાળી જનતા હોય વા કેવળ રૂઢ સમાજ હોય તો પણ દેશ કાળની અસર એના પર મોડી મોડી પણ થયા સિવાય રહેતી નથી. મુંબઈ જેવા ભરચક મનુષ્ય સમૂહમાં ઉપાશ્રયની જગા સાંકડી પડે! ગમે તેવા બુલંદ અવાજધારીનો સાદ પણ સૌ કોઇને નજ સંતોષી શકે. પવિત્ર પર્વના દિવસોમાં સમજાય કે ન સમજાય છતાં બે અક્ષર કાને પાડવાની ઘણા ખરાની અભિલાષા હોય; આવા સંયોગોમાં "રેડીયાની ગોઠવણ" સૌ કોઇને લાભદાયી થઇ પડે એમાં શી નવાઇ! શ્રી આદિશ્વરજીની ધર્મશાળામાં એનો અખતરો સફળ થયો. વાયુ કાયના જીવોને નામે સ્હેજ ચર્ચા થઈ. નિશ્ચય તો થાય ત્યારે ખરો બાકી એની સ્હાયથી સંખ્યાબંધ માનવીઓને શ્રી કલ્પસુત્રના પવિત્ર શબ્દો શ્રવણ કરાવાયા. મુનિશ્રીને માત્ર એ યંત્ર સામે મુખ રાખી વાંચવા સિવાય ભાગ્યેજ કંઇ નવિન કરવાપણું હોય છે. લાભાલાભના આંક મૂકતાં આ ગોઠવણ મુંબઇ જેવા શહેરમાં ખાસ વધાવી લેવા જેવી છે. જ્યાં સુધી સમાજનો મોટો ભાગ શ્રદ્ધા સંપન્ન અને ત્યાગી જીવનના પવિત્ર વેષ પ્રતિ બહુમાન ધરનારો અને જ્ઞાન-ક્રિયા રૂપ યુગલ પ્રતિ લાગણીવાળો છે ત્યાં સુધી વ્યાખ્યાનમાળાની ગોઠવણ ઘણા થોડા ભાગને આકર્ષી શકવાની. પવિત્ર દિવસોમાં કેટલાકને ક્રિયા વિહોણું જ્ઞાન-તેમજ પ્રભુ શ્રી મહાવીર દેવના જીવનમાંથી ઘણું ઘણું જાણવાનું બાકી છતાં પંચરંગી ભાષણો અને સમજુગણના વર્ગમાં પણ કોઇ કોઈ વિવેચકો દ્વારા થતા કટાક્ષો કે ટીકા ખુંચે તેમ છે! પંડિતજી જેવા પુરૂષ, સમજુ ને અભ્યાસી ગણાતા વર્ગના એવા વચનોને જે જન સમૂહ જ્ઞાનમાં ઘણો પાછળ છે એને સમભાવથી ચલાવી લેવાની શિખામણ આપે એ ગળે ન ઉતરે તેવી વાત છે. ટુંકમાં એટલુંજ કહેવાનું કે રેડીયાના દાખલ થવાથી માર્ગ સુગમ થયો છે; તો સમાજના વિશાળ જનસમૂહની જેને લાગણી છે અથવા તો એ દ્વારા વિખરાયેલું બળ કેંદ્રિત કરવાની જેની મનોકામના છે, એવા સેવાભાવી વિચારકો એ દિશામાં ધારશે તો ઘણો સુંદર પ્રબંધ કરી શકશે.

## ગેરસમજ ક્યારે ટળી શકે?

આ અંકમાં અન્યત્ર અપાયેલ બે લેખો પરથી જોઇ શકાય તેમ છે કે જૈન ધર્મના મંતવ્ય કે ઇતિહાસના યથાર્થ જ્ઞાન સિવાય લખવા જતાં કેવી હસવા જેવી ભુલો લેખકો કરી બેસે છે! એથી જાત જાતની ગેર સમજુતો ફેલાય છે. એમાં ભોગ જોગે જો કોઇ અભ્યાસનું પુસ્તક હોય છે તો તો સર્વનાશ સમજી લ્યો! ઉગતી પ્રજાના હાથમાં મુકવાની વસ્તુ તો પૂર્ણ અભ્યાસથી તૈયાર કરવાની જરૂર રહી: કેમકે એક વાર જે જાતના સંસ્કાર પડે છે તે કુમળા મગજોમાંથી વર્ષો સુધી ભુસાતા નથી, તેથી પ્રખર ગણાતા વિદ્વાનોની એવા સમયે લખતાં પહેલાં તદ્વિષયના અભ્યાસી પાસે પહોંચી જઇ વસ્તુ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મેળવી લેવાની ફરજ છે. ઇતિહાસના નામે કલમ ચલાવનાર ને શિરે તો એ કરતાં ભારે જવાબદારી છે. ઉંડા અવગાહન વગરના છીછરા જ્ઞાનવાળા કેવો ગોટાળો કરી મૂકે છે તેનો ખ્યાલ એ બે લેખો પરથી સહજ આવે તેમ છે. જેમ લેખકને સુચના રૂપી સુર સંભળાવ્યો, તેમ કોન્ફરન્સ જેવી વગદાર સંસ્થાએ એવા લખાણોના યોગ્ય ઉત્તરો સત્વર પ્રકાશમાં મૂકી શકે એવા અભ્યાસીઓની એક સમિતિ નીમવાની અગત્ય છે. સરકારી ખાતાના "પ્રકાશન બ્યુરો" ની માફક એનું કાર્ય નિયમિત ચાલુ રહે તેવો પ્રબંધ કરવો ઘટે. સમાજના ઉગતા વર્ગને એટલી ભલામણ તો સહજ હોય કે જ્યાં જ્યાં વાંચવા-જોવામાં વિસંવાદ ભર્યું જણાય કે તરતજ એ સબંધી વિગતવાર સમાચાર ઓફિસે પહોંચાડવા રૂપ ફરજ અદા કરે. આક્ષેપ કે ગેર સમજ ભર્યા આલેખનનો યોગ્ય પ્રતિકાર એ તો આ યુગની ખાસ આવશ્યકતા છે.

## પ્રાચીન શોધ-ખોળ અને પુરાતત્વ

આ વિષય અતિ ગહન અને અતિ ગુંચવણભર્યો છે. એમાં સામાન્ય કક્ષાના અભ્યાસીની કે છીછરા જ્ઞાનવાળાની ચાંચ બુડે તેમ નથીજ. પથ્થરમાંથી સોનુ સંપાદન કરવાના કિમિયા કરતાં પણ વધુ ખંત અને ઉત્કટ પ્રયાસ એની પાછળ આવશ્યક છે. ખોદતાં જડી આવતી તુટી-ફુટી સામગ્રી પરથી, ભૂતકાળની કળા-કૃતિ કે શિલ્પની અવશેષ રહેલ રક્ષા પરથી, છુટા છવાયા મળી આવતાં શિલાલેખ. તામ્રપટ કે સિક્કાઓ પરથી કે રખ્યા ખખ્યા સંગ્રહિત થયેલ-દંત કથા કે પરંપરા વહીવંચા કે પ્રશસ્તિ ટીપ્પણોનો જેમાં સમાવેશ સવિશેષ છે—સાહિત્ય પરથી ગતકાળના ઇતિહાસના અંકોડા જોડવા, પરસ્પરના મેળ બેસાડવા—અને એક શૃંખલાબધ્ધ ઇતિહાસ ખડો કરવો એ મહાપરિશ્રમ યુક્ત ને અતિ વિકટ કાર્ય છે. ભલભલા વિદ્વાનોને પરસેવો ઉતરાવે અને નિષ્ણાત ગણાતાની પ્રજ્ઞાને તાવી નાંખે તેવું એ કાર્ય છે. જૈન સમાજમાં એ વિષયના જાણકારોની ખાસ અગત્ય છે આજે જે સાહિત્ય અને કથા—ચરિત્રો કે અન્ય પ્રકારની વિખરાયેલી વાતો એની પાસે છે એ સર્વનો યથાર્થ અભ્યાસ ને ઉંડુ અવલોકન કરી જૈનેતર વિદ્વાનોદ્વારા જે અનુમાન તરવાયાં છે અને કેટલાક ભળતા નામે ચઢાવી દેવાયા છે એ સર્વને દલીલો કે પુરાવાની કસોટીએ કસી, સંખ્યાબંધ વિભ્રમોમાંથી નિર્મળ સત્ય તારવી કહાડવાનું છે. આ સંબંધમાં શ્રી. ફતેહચંદ વીડલદાસે મુંબઈ સમાચારના કોલમમાં જે લંબાણુ લેખ લખ્યો છે તે અવશ્ય વિચારણીય છે. જૈનોની ઘણીખરી બાબતો સાચા સ્વરૂપમાં મૂકવાનો યશ જૈનેતર વિદ્વાનો જયસ્વાલજી આદિના ફાળે નોંધાય છે. ખુદ જૈન સમાજમાં એ વિષયમાં રસ લેનાર વ્યક્તિઓ જ જ્યાં આંગળીને ટેરવે રમે તેટલી છે ત્યાં નિષ્ણાતો જન્માવવા ક્યાંથી? એ પાછળ વિપુળ દ્રવ્યવ્યય અને એકધારૂં લક્ષ્ય આપવાની સુચના નિશંક ગળે ઉતારવા જેવી છે. એમના એ પછીના કોન્ફરન્સ પ્રત્યેના ઠપકા સાથે એટલા સારૂં મળતા નથી થઇ શકતા કે જ્યાં સારાયે જૈન સમાજની સ્થિતિ દુર્લક્ષ્યતા ભરી હોય ત્યાં સંસ્થાના સંચાલકો સર્વ બાબતોમાં કેવી રીતે હાથ દેવા જાય એ પ્રશ્ન વિચાર-

ણીય છે તે મુદ્દો ભાઇશ્રી વીસરી જાય છે! કોન્ફરન્સ જેવી સંસ્થા જે અભિપ્રાય વ્યક્ત કરે છે તે નિષ્ણાતોનો જ છે કિંવા અફર છે એવો તેનો દાવો નથી જ. જો અનુભવી અભ્યાસીઓ સેવા આપવા તત્પર હોય તો આજે પણ તેમને માટે દ્વાર ઉઘાડાં છે જ. પ્રાચીન ભારતવર્ષ કે આત્માનંદ શતાબ્દિ સ્મારક ગ્રંથ પરની એની સમાલોચના એ ચિતુની છાપ જેવી સચોટ છે, એવો પણ તેનો દાવો નથી. પ્રાચીન ભારત વર્ષના ઇતિહાસની કેટલીયે બાબતો સહુ મળતા ન થઇ શકાય તેવું છે તેમ લેખકના કેટલાયે મંતવ્યો તદ્દન નવી દિશામાં દોરી જાય છે કે જે ઉંડી ગવેષણા માંગે છે. આમ છતાં પ્રયાસ પ્રશંસનીય છે. સામાન્ય કક્ષાની વ્યક્તિ આટલી હદે પરિશ્રમ સેવી, દિન રાત એ પાછળ મંડી રહી, એક નવુંજ કલેવર તૈયાર કરી વિદ્વાનોને વિચાર સામગ્રી પુરી પાડે એ ફેંકી દેવા જેવી વસ્તુ તો નથી જ. 'ગુજરાતી' શ્રી ગોવિંદભાઇ દેશાઈ પ્રીન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમના ક્યુરેટર શ્રીયુત ગિરિજાશંકરભાઇ, એચ. ડી. વેલીનકર સાહેબ, બી. ભટ્ટાચાર્યજી ને ભાંડારકર ઇન્સ્ટીટ્યુટના કાર્યવાહક વિશ્વનાથ પ્રભુરામ જેવાના અભિપ્રાયો જેને માટે માનભરી નોંધ લ્યે એ માટે જૈન યુગની નોંધ કેવળ મધ્યમ રીતે જનતાનું ધ્યાન ખેંચે એથી ભાઇશ્રી માને છે તેવો નથી તો ઇતિહાસમાં ભૂકંપ થઇ જતો કે નથી તો સંસ્થાનો મરતબો માટીમાં મળી જતો. એ વિષયમાં ભૂલોની પરંપરા કે સાલવારીનો ગોટાળો નવો નથીજ. અટપટીયા સાધનો છતાં આટલોયે પ્રયાસ સેવનારને વધાવી લઇ ઉત્તેજન અપાય તોજ અન્યને એ ચીલે જવાનું મન થાય. ત્યારેજ આજે નહિં તો અમુક સમય પછી જૈન સમાજ પોતામાંથી નિષ્ણાત પૈદા કરી શકે અનુમાનો કે તૈયાર થતી સામગ્રી પરથીજ ભવિષ્યમાં સાચો ઇતિહાસ રચાવાનો ત્યારે પણ સુધારણા કે મંતવ્ય ફેરવણીને સ્થાન તો રહેવાનુંજ. આ દષ્ટિથી સ્મારક ગ્રંથ આદિની સમાલોચના નિરખાશે તો ભાઇશ્રીને વિષાદનું કારણ નહીં રહે.

## યાત્રાળુઓ! સાવધાન!!

આજ કાલ સ્પેશીયલ ટ્રેનો દોડાવી શિખરજી જેવા દૂરના તીર્થોની યાત્રા કરવાનો રવૈયો સવિશેષ દષ્ટિગોચર થાય છે. એ સંબંધમાં અગાઉ લાભાલાભની દષ્ટિયે વિચારણા થઇ ચુકી છે. સેવાની દષ્ટિયે કે એ નિમિત્તે દ્રવ્ય વાપરવાની અભિલાષાથી જો કાર્ય આદરાય તો એમાં કંઇ ટીકા કરવાપણું નથી. પણ આજ કાલ કેટલાકો એને ધન પેદા કરવાનું સાધન બનાવી રહ્યાં છે એટલેજ આ લાલ બત્તી ધરવી પડે છે. મર્યાદિત સમયમાં એક કરતાં વધુ મોટા તીર્થોની યાત્રાનો લલચાવનારો કાર્યક્રમ પ્રગટ કરી ભોળી જનતાને છેતરવામાં આવે છે! દરેક સ્થળે ઉતર્યા પછીનો જવર અવરનો ખર્ચો યાત્રાળુના શીરે હોવાથી દોડધામથી બધે પહોંચી વળતાં એનો આંક વધી જાય છે. હાડમારીનો પાર નથી રહેતો. ઉતાવળે બધું પતાવવું પડે છે ઘણા ખરાની તબિઅત પર એની માઠી અસર થાય છે. એમાં જો ખોરાકની અનિયમિતતા ને વિષમતા કે ક્ષુદ્રતા ભળે છે તો મંદવાડને ઘર કરતાં વિલંબ નથી થતો. સંખ્યાબંધ માનવીના સમુહમાં આજારી માટે કેવી સગવડ થઇ શકે એ તો સમજાય તેવી વાત છે. જ્યાં નક્કી કરેલ રકમાંથી રળવાની વૃત્તિ હોય છે, ત્યાં મોટે ભાગે ઉપર પ્રમાણે બનેજ છે. એ માટે ભૂતકાળના બનાવો તાજાજ છે કેમકે દોડાવનારના હેતુમાં યાત્રા કે સેવાભાવ કરતાં નફો કરવાની લાગણી પ્રધાન પદ ભોગવતી હોય છે. ઘણું ખરૂં લાભ લેનારમાં વૃદ્ધ ને મધ્યમ સ્થિતિનો વર્ગ વિશેષ હોય છે કે જેને એ સર્વ શોષવું પડે છે. તેથીજ મોટા મથાળાથી ન મોહતાં કે સસ્તામાં સર્વ તીર્થ ફરવાની માયા જાળમાં ન ફસાતાં પુરતી તપાસ પછી અને લઈ જનાર વ્યક્તિના સેવા ભાવ અનુભવ ને સ્વભાવની સંપૂર્ણ તપાસ કરીનેજ પગ માંડવો.

# ત્યારે હવે શું?

પર્યુષણ પર્વ આવ્યું અને ગયું. સહુ કોઇએ શક્તિ અનુસાર ધર્મ કર્યો, એક બીજાને ખમાવ્યા અને એ રીતે આઠ દીવસનો લ્હાવો લીધો. સૌ કોઇ જાણે છે કે ધર્મ એ મનની માન્યતા છે. એમાં ભાવના હોઇ શકે, આદર્શ હોઇ શકે અને એ રીતે સદાચારથી જીવન પવિત્ર બની શકે, પણ એને બંધન શા માટે? બુધ કે ગુરૂ એવા એમાં ભેદ શા માટે? એથી સમાજની શી દશા થાય છે? સામુદાયિક રીતે ઉજવાતા આ આપણાં મહાન પર્વને એક બીજાની માન્યતાને નામે વહેંચી નાખવામાં શું આપણું ગૌરવ છે? આપણે જાણીએ છીએ કે અત્યારે આપણો સમાજ અનેક પ્રકારના ગચ્છ અને જ્ઞાતિ વાડામાં વહેંચાએલો છે તે દૂર કરવાની વાત બાજુ ઉપર રહી. તેને બદલે બુધ ગુરૂવારના પંથો ઉભા કરીને આપણે ક્યાં જઇ રહ્યા છીએ તેનું આપણને ભાન છે? પર્યુષણ પર્વને નામે સૌ કોઇ પોતાની આત્મ શ્લાઘા કરવા માગતા હોય અને વીરના સાચા અનુયાયીનો ડોળ કરે તે કોઇ રીતે ઇષ્ટ નથી. સ્યાદ્વાદના રંગથી રંગાએલો અને અનેકાંતવાદનો સાચો પૂજારી કદી આવા ઝગડાઓમાં પોતાની શક્તિનો વ્યય કરી શકેજ નહી. આપણે ત્યારેજ સાચા પર્યુષણ ઉજવ્યા કહેવાય જ્યારે બુધ ગુરૂને નામે ઉપસ્થીત થતા ઝગડાઓથી હવે પછી દૂર રહીએ. શું આપણે આટલું ન સમજીએ?

—રમણીક ધીઆ.

# શૌર્યપુર તીર્થ કેસનો ફેંસલો.

આગ્રા જીલ્લામાં આવેલ શ્રી શૌરીપુર તીર્થને અંગે ૧૯૩૦ માં દિગમ્બર ભાઇઓએ તકરાર ઉઠાવી અને શ્વેતાંબર સમાજનું એ તીર્થ પોતાનું હોવાનો દાવો અદાલતમાં નોંધાવ્યો, અને તેમાં જણાવ્યું કે મંદિરમાંની શ્વેતાંબર માન્યતાની પ્રતિમાઓ ઉઠાવી લ્યો, કલકત્તાવાળા શેઠ હનુમાનસિંહે બંધાવેલ શ્વેતાંબર ધર્મશાળા તોડી નાખવી વગેરે.

સાત વર્ષ સુધી આ કેસ નીચલી અને ઉપલી કોર્ટમાં ચાલ્યો. ઉભય પક્ષના અનેક સાક્ષીઓ લેવાયા. છેવટ તા૰ ૧૫ મી સપ્ટેમ્બરના રોજ આગ્રાની કોર્ટે જજમેન્ટ આપેલ છે કે દિગમ્બરોએ દાખલ કરેલ દાવો રદ કરવામાં આવે છે અને એ તીર્થ શ્વેતાંબરનું છે. અને આ કેસને અંગે શ્વેતાંબર સમાજને જે ખર્ચ થયો હોય તે ખર્ચ દિગમ્બર સમાજે આપવાનો હુકમ થયો છે.

દિગમ્બરો અપીલની તૈયારીમાં હોય એવી હવા બહાર આવી છે.

# જૈનેતર વિદ્વાનોનું જૈન ઇતિહાસ વિષેનું અજ્ઞાન.

[ **નોટ:—**આ બન્ને લેખાંકો જૈન જનતાને ઘણાજ ઉપયોગી છે, જૈનેતર વિદ્વાનોને હાથે જૈન ઇતિહાસને કેટલું વિકૃત સ્વરૂપ અપાય છે, તે સ્પષ્ટ દેખાઈ આવે છે, જે જે ભાઈઓને આવી બીનાઓ અને હકીકતો પ્રાપ્ત થાય તેઓ અમારા ઉપર મોકલી આપશે તો અમો તેને તુરતજ સ્થાન આપીશું. ] **—તંત્રી.**

## લેખાંક ૧ લો

## કુમારપાલ અને શ્રી હેમચંદ્રાચાર્ય.

જે પુણ્યભૂમિ આર્યાવર્તમાં જૈનધર્મ યુગો પૂર્વે ઉત્પન્ન થયો, વિકસ્યો, વિસ્તર્યો અને આજે પણ વિદ્યમાન છે, તેજ ભૂમિમાં તેના વિષેનું જૈનેતર વિદ્વાનોનું અજ્ઞાન અજાયબી ભર્યું અને કેટલીક વાર અક્ષમ્ય હોય છે. કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો સંસ્કૃતિ ભિન્નતાને લીધે કે અધુરી સામગ્રીને લીધે ગેરસમજમાં ભૂલો કરી બેસે, પરંતુ જેમની વચમાં આપણે વસીએ છીએ તેઓ પણ આપણા વિષે ભ્રમણામાં રહે ત્યારે તો તે ભ્રમણા દૂર કરવા તરફ લક્ષ આપવાની આપણા નાયકોની પ્રથમ ફરજ છે.

(૧) અલ્લાહાબાદના પ્રખ્યાત પ્રો. ઇશ્વરીપ્રસાદ કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યને કુમારપાળના મહાઅમાત્ય કે મુખ્ય સચિવ તરીકે ઓળખાવે છે. તેઓના 'A short History of Muslim Rule in India' નામે પુસ્તકમાં પા. ૭ ઉપર લખે છે કે—"Kumarpala—showed great respect to Hemchandra Suri, the learned Jain Scholar, whom he elevated to the position of **Chief Minister.**" અર્થાત્-રાજા કુમારપાલને હેમચંદ્રસૂરિ નામે એક જૈન વિદ્વાન માટે ભારે માન હતું જેને તેણે **મુખ્ય પ્રધાનની** પદવી ઉપર નીમ્યા હતા. વળી-એજ પુસ્તકમાં પા. ૮ ઉપર લખે છે કે—'His Minister Hemchandra was a great Scholar of Prakrit and Sanskrit, and composed a number of works on history and religion which were dedicated to the King.' અર્થાત્ તેના (કુમારપાલના) **પ્રધાન** હેમચંદ્ર પ્રાકૃત અને સંસ્કૃતના મહા-પંડિત હતા અને તેમણે ઇતિહાસ તથા ધર્મ ઉપર સંખ્યાબંધ ગ્રંથો રચી રાજા (કુમારપાલ) ને અર્પણ કર્યા હતા.

હું માનું છું કે ભગવાન હેમચંદ્રાચાર્ય રાજા કુમારપાલના ધર્મગુરૂ કે ધાર્મિક બાબતોમાં સલાહકાર હતા, પરંતુ તેમને **મુખ્ય પ્રધાન** તરીકે ઓળખાવવામાં તો વિદ્વાન લેખક જૈન સાધુના આચાર તથા તત્કાલિન ઇતિહાસ વિષેના તેમના અજ્ઞાનનું પ્રદર્શન જ કરે છે.

(૨) શ્રી. ગુલાબભાઇ નાં. જોષી તેમના 'હિન્દુસ્તાનનો ઇતિહાસ' નામે પુસ્તકમાં પા. ૨૮ ઉપર લખે છે કે—' શ્રી મહાવીરના મરણ પછી ' જૈન ધર્મમાં ' શ્વેતાંબર અને દિગંબર એવા બે સંપ્રદાયો દાખલ થયા. '**જેઓ મહાવીરસ્વામીની મૂર્તિને શ્વેત વસ્ત્ર પહેરાવી પૂજા કરે છે તેઓ શ્વેતાંબર, અને જેઓ એમની વસ્ત્ર વિનાની અથવા નગ્ન મૂર્તિની પૂજા કરે છે તેઓ દિગંબર.**" શ્વેતાંબર અને દિગંબરની આ વ્યાખ્યા સાચી હોય એમ માની શકાય નહી. છતાંય આ પુસ્તક મારફતે શાળાઓમાં ભણતા આજના બાળકો અને ભાવિ નાગરિકોને આવું ભ્રમણાભર્યું જ્ઞાન અપાય છે.

આમ અનેક ઇતિહાસજ્ઞો (!) તથા નવલકથાકારો વિગેરેના હાથે આપણને તથા આપણા મહાપુરૂષોને જે અન્યાય થઇ રહ્યો છે તેને માટે દોષીત કોણ? આપણે કે તેઓ? વ્યર્થ વિતંડાઓમાં સમય, બલ, અને દ્રવ્યનો વ્યય કરનાર આપણાં વિદ્વાન આચાર્યો તેમજ આગેવાનો તેમની ફરજ ક્યારે સમજશે?

અમદાવાદ —**સુન્દરલાલ એ કાપડીઆ** બી. એ.

## લેખાંક ૨ જો.

## 'ઉગતો ભાનુ' નાટકના પાત્રો.

### જૈનોની ઇતિહાસિક વ્યક્તિઓનું વિકૃત નિરૂપણ.

આજથી થોડા દિવસ પહેલાં મારા એક મિત્રે કહ્યું કે દેશી નાટક સમાજના "ઉગતો ભાનુ" નાટકમાં જૈનોની કથાનો મોટો ભાગ આવે છે, અને તે ઇતિહાસિક ખેલ છે, એટલે સામાન્ય રીતે તે ખેલ જોવાની ઉત્કંઠા થઇ, અને અમોએ તે ખેલ જોયો. આ નાટકના લેખક કવિ જી. એ વૈરાટીએ નાટકની ચોપડીની પ્રસ્તાવનામાં આ નાટકના ઇતિહાસિકપણા માટે કેટલીક વિગતના ટુકડા ટુકડા આપ્યા છે, જે વાંચતાં તેમજ નાટકના પાત્ર નિરૂપણ જોતાં વૈરાટી જેવા કવિ આટલી હદ સુધી ઇતિહાસને નામે હાંકયે રાખે એ કેટલું બધું ખેદજનક કહેવાય?

શ્રી. વૈરાટી આ નાટકમાં મુખ્ય પાત્ર **બિંબિસાર** ઉપર આખા નાટકને ખેંચી જાય છે, અને બિંબિસારને મગધના એક જુલમી અને અહંકારી સમ્રાટ તરીકે આલેખ્યા છે, તે પ્રસ્તાવનામાં કહે છે કે " જૈન ગ્રંથોએ બિંબિસારને ઉપશ્રેણિક અને અશોકને શ્રેણિક તરીકે વર્ણવ્યા છે. આ માન્યતા તેની ભૂલ ભરેલી છે. જૈન ગ્રંથો બિંબિસારને (ભંભસારને) ઉપશ્રેણિક તરીકે નહિ પણ શ્રેણિક તરીકે વર્ણવે છે. વળી શ્રેણિકને તે મૌર્ય વંશના જણાવતાં કહે છે કે મને પણ શંકા છે કે બિંબિસાર એટલે ઉપશ્રેણિક મૌર્ય વંશના હતા કે શિશુનાગ વંશના હતા? આ રીતે લેખક પોતે પણ કોઇ નિશ્ચય ઉપર આવી શકતા નથી.

જૈન ગ્રંથો અને સાહિત્યના ટેકા વિના કવિ વૈરાટીએ આ વસ્તુ સંકલના જૈન ઇતિહાસ સાથે કેવી રીતે બંધ બેસાડી તે સમજાતું નથી, વળી શ્રેણિક અને મૌર્યવંશની સ્થાપના વચ્ચે શ્રેણિકની ત્રણ પેઢી તથા નવનંદના રાજ્યકાળનો સમય આવી

જાય છે. અને એ રીતે બન્ને વચ્ચે લાંબું અંતર હોવા છતાં બિંબિસારને મૌર્યવંશના ઠોકી બેસાડી નાટકની રચના આગળ ચલાવે છે.

વળી લેખકે આગળ ચાલતાં બિંબિસારની પત્ની જે ચેલ્લણા હતી, તેણીને ચિત્રાંગદા તરીકે વર્ણવી છે, અહિં તેનું અજ્ઞાન ખાસ દેખાય છે, કારણકે જૈન ગ્રંથો ચેલ્લણા મહાસતી મગધ સમ્રાટ શ્રેણિકની મહારાણી હતી એમ સ્પષ્ટ જણાવે છે, જ્યારે લેખક તેણીને ઉપશ્રેણિકની રાણી અને શ્રેણિકની માતા તરીકે વર્ણવે છે, આ વિચિત્ર મેળ તેણે કેવી રીતે બેસાડયો તે સમજાતું નથી. ખરી રીતે મારી માન્યતા એવી છે કે બિંબિસાર ( ભંભસાર ) એજ શ્રેણિક છે, અને હવે નાટકના તખ્તા પર એજ ચેલ્લણા મહાસતીના પતિ બિંબિસારને જુલ્મી અહંકારી અને મહોન્મત સમ્રાટ તરીકે આલેખી અનેક કાવત્રાં કરતો ચીતર્યો છે, જ્યારે શ્રેણિકે કોઈ પણ એવું કાર્ય કર્યું હોય એમ ઇતિહાસ ઉપરથી જણાતું નથી.

વળી મોંગીરના બાળરાજાને મારવા માટે અને મોંગીરના યુદ્ધને મહાન યુદ્ધ તરીકે વર્ણવતાં પણ તે ભૂલ ખાય છે, તે વખતે મોંગીર કોઇ મોટું રાજ્ય હોય તેવું કયાંય જોવામાં આવતું નથી.

આ ઉપરાંત બીજી પણ ઘણી નાની નાની ભૂલો દેખાય છે; પરંતુ તેનો સંબંધ જૈનોના ઇતિહાસ સાથે નહિ હોવાથી તે ઉપર આ સ્થળે ઉલ્લેખ કરવો જરૂરી નથી. પરંતુ શ્રેણિક અને ઉપશ્રેણિકનો ગોટાળો, ચિલ્લણા મહાસતીનું જીવન, બિંબિસારની રાજ્ય કારકીર્દી આદિ નાટકના તખ્તા ઉપર ઉતારતાં શ્રેણિક જેવા પ્રભુ મહાવીરના પરમ ભકત અને અહિંસા ધર્મનું સંપૂર્ણ પાલન કરનાર મહારાજાને તેમજ ચિલ્લણા જેવી મહાસતીને જે અન્યાય કરવામાં આવ્યો છે, તે ખરેખર શોચનીય છે.

વિદ્વાન જૈન બંધુઓ તેમજ ઇતિહાસકારો આ સંબંધમાં ઘટતું કરશે એવી આશા છે.

—મનસુખલાલ હી. લાલન.

## પર્યુષણાનું પુણ્યકાર્ય.

જૈન સમાજ આજે પણ અજ્ઞાનમાં સબડી રહ્યો છે. બેકારીની ભઠ્ઠીમાં શેકાઇ રહ્યો છે. ગામડાઓના હજારો બાળકો જ્ઞાન માટે તલસે છે. અભ્યાસના સાધનો નથી, પૂરતાં સ્થાનો નથી. આપણી આસપાસ જોઇએ તો કેટલાક કુટુંબોમાં બેકારીથી એકટાણા ચાલે છે. પર્યુષણની તૈયારી નથી. બાળકો માટે મિષ્ટાન્ન તો શું પણ પારણાની રાબડી માટે ઘી નથી. છેલ્લું ઘરેણું વેચાઈ ગયું છે, હવે વાસણો વેચવાનો સમય દેખાય છે આ બેકારી સમાજને ભરખી રહી છે. આ હાય વરાળ અને અજ્ઞાનતા જોવી વિચારવી અને દૂર કરવાની ફરજ પ્રત્યેક સંઘની હોવી જોઇએ. સાચું સ્વામીવાત્સલ્ય આજે શું હોઇ શકે!

આજે કદાચ પ્રભાવનાઓ વરઘોડાઓ નોકારશીઓ અને અપૂર્વ આંગી પૂજાઓનો ખર્ચ ઓછો કરીએ અને સમાજના સામુદાયિક સંકટ અને દુઃખ દર્દ દૂર કરવામાં થોડો ખર્ચ કરીએ તો ધર્મની પ્રતિષ્ઠા ઘટે તો નહિજ.

માત્ર પર્યુષણના પુણ્ય દિવસોમાં ખર્ચવાના બધા પૈસા અરે અડધી અડધી રકમ પ્રત્યેક સંઘ પ્રત્યેક શહેર પ્રત્યેક ગામ પ્રત્યેક મહોલ્લો પ્રત્યેક ઉપાશ્રય આપે તો તો કેટલું બધું કાર્ય થાય! જૈન સમાજ આ પ્રમાણે ઓછામાં ઓછા એક લાખ રૂપીઆ આપી શકે અને પોતાના પ્રાંત વિભાગ કે શહેર માટે સંગીન કાર્ય કરી શકે.

એજ કાર્ય—બેકારી ટાળવાની જબ્બર યોજના અને કેળવણી પ્રચારનો કાર્યક્રમ. સમાજના વિચારકો, આગેવાનો યોજશે કે! એકજ વર્ષમાં સમાજની દરિદ્રતા ઓછી થશે, અજ્ઞાનના અંધારાં ઓસરશે.

સમાજની કાયાપલટ જોવી હોય તો પર્યુષણનું દાન આ એકજ વર્ષ આપી જુઓ. સમાજપ્રેમ, સ્વામી ભાઈ પ્રત્યે હમદર્દી અને ધર્મ-પ્રેમ આ રીતે સાચેજ શોભી ઉઠશે.

—આનંદકુમાર.

[ * * નોટ:—આ લેખ પર્યુષણ પહેલાં છાપવા માટે આવ્યો હતો, પરંતુ પર્યુષણનો અંક બંધ રહ્યો તેથી લેખને અત્રે સ્થાન આપવામાં આવ્યું છે. તંત્રી ]

# —: અવળી પ્રવૃત્તિના ઓળા. :—

—જબલપુર પાસે પાટણ ગામમાં જૈનોના બે પક્ષ વચ્ચે મારામારી થતાં એટલી ગંભીર હદે મારામારી પહોંચી કે એક જૈનનું મરણ થયું છે, પોલીસે ધરપકડ કરી છે.

—મલાડમાં જમણના આમંત્રણ પરથી જૈનોમાં બે પક્ષો વચ્ચે મારામારી થઈ હતી, જેમાં પણ છરી છત્રી આદિનો ઉપયોગ થયો હતો, મુખ્યત્વે મારવાડી ભાઇઓમાં જ્ઞાતિબંધનના પરસ્પરના ઝગડાના પરિણામે આ મારામારી થયાનું જાણવામાં આવ્યું છે.

—મુંબઇમાં કાંદાવાડીમાં ભાદરવા શુદ ૫ ની નોકારશીના જમણ પ્રસંગે કોઈ લોહાણા ભાઇઓ સાથે નજીવા પ્રસંગમાં જૈનોની મારામારી થવાના સમાચાર જાણવામાં આવ્યા છે.

—મુંબઈમાં પર્યુષણમાં વ્યાખ્યાન વાંચનારા સાધુ મુનિરાજોની અછતને પરિણામે ગોરજીઓથી કામ લેવાયું હતું, જેમાં તેઓએ પણ લાગ જોઇને જૈનોના ખીસાં પર સારો કાપ મુકયો હોય એમ જણાય છે, માત્ર મહાવીર જન્મની ૪-૫ લાઇન વાંચવાના રૂા. ૨૫-૩૦ લીધાના દાખલા છે, જ્યારે વિદ્વાન્ શ્રાવકો સામા પૈસા ધર્માદામાં આપી તેના કરતાં પણ શુદ્ધ વાંચી દેતા હોય તેમાં શું મોટુ છે? જૈનો આંધળી વેષપૂજા કયારે છોડશે?

—પુના કે જ્યાં શ્રી રામચંદ્રસૂરિ વિરાજે છે, ત્યાંના સંઘમાં પણ પર્યુષણમાં ખુબ અશાંતિ વર્તી રહેવાના સમાચારો જાણવામાં આવ્યા છે.

# ક્રાન્તિ કે પરિવર્તન?

ચોતરફ આજ કાલ ક્રાન્તિ કરવાની કે બળવો પોકારવાની બુમો પડતી સંભળાય છે, સંખ્યાબંધ લેખકો જર્મનીના માર્ટીનલ્યુથરને કે રશિયાના લેનીનને એ સંબંધમાં ઉદાહરણ રૂપે ધરી દેતાં વિલંબ પણ નથી કરતા. જરા બારિકાઇથી અવલોકન કરીએ તો માત્ર એ બે નામોજ નહિં પણ સંખ્યાબંધ નામો મળી શકે છે કે જેમણે કોઇને કોઇ પ્રકારના એવાં કાર્યો પોતાના જીવનકાળમાં કર્યાં છે કે જેથી દેશ કે સમાજમાં જબરો સંક્ષોભ પેદા થયો છે અને ચાલુ ચીલાઓમાં અનેરૂં પરિવર્તન થયું છે. એ માટેની નામાવલિમાં આયર્લેંડના ડી. વલેરા, ટર્કીના કમાલપાશા, ઇટલીના મુસોલોની, જર્મનીના, હેર હીટલર અને ભારત વર્ષના મહાત્મા ગાંધીજીને સમાવી શકાય. જો કે એ દરેકના કાર્યોમાં અમુક અંશે ભિન્નતા રહેલી છે, તેમ દરેકની પદ્ધતિમાં તરતમતા પણ જાત જાતની માલમ પડે છે, આમ છતાં આખીયે ચળવળનો ઇતિહાસ તપાસીએ તો તરણીના તેજ સમ એટલો તો સ્પષ્ટ ભાસ થાય છે કે દરેક ક્રાન્તિકારને (?) આમ જનતાનો સંગીન સહકાર મળ્યો છે ત્યારેજ ચિરકાળના એક ધારા પ્રયાસને સફળતા પ્રાપ્ત થઇ છે.

વળી એ વાત પણ એટલીજ સાચી છે કે એ દરેકે દેશ–કાળની જરૂરીયાતનો સંપૂર્ણપણે અભ્યાસ કરી લઇ, કેવલ એ દિશામાં જનતાને ઝોક આપ્યો છે. ચાહે તો યુવાનો એને ક્રાન્તિ કે બળવાના રૂપકથી વધાવી લે, કે દ્રૌઢો પરિવર્તન કે ફેરફારના નામથી અપનાવી લે. શાસ્ત્રીય ભાષામાં એક પ્રકારનો એ જીર્ણોદ્ધારજ છે. નવલોહીઆ.ની વાણી એને નવસર્જન તરિકે વર્ણવશે.

જૈન સિદ્ધાંત આમાં કંઇ નવિનતા નથી જોતો. દ્રવ્ય કાયમ રહી પર્યાયોમાં પરિવર્તન થયાજ કરે છે એ એનો કાગજુનો સિદ્ધાન્ત છે. એના પ્રરૂપકોએ જેટલો ભાર દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પર મૂક્યો છે તેટલો ભાગ્યેજ અન્ય વાત પર મૂક્યો છે.

આમ છતાં ક્રાન્તિ કે પરિવર્તનના નામે જૈન સમાજમાં જેટલો ખળભળાટ થાય છે એટલો ભાગ્યેજ ઇતર સમાજમાં દેખાય છે! આમ થવામાં એક કારણ તો સમાજમાં મોટા ભાગે જૈન દર્શનના મૌલિક તત્વો પરત્વેની અજ્ઞાનતા મુખ્યપણે તરી આવે છે, બીજું કારણ યુવાનોની ભડકાવનારી ને અંકુશ વગરની વાણી છે, અને ત્રીજું કારણ પરિવર્તન કે ક્રાન્તિ કઇ વસ્તુની છે એ બાબતનું સંદિગ્ધપણુ છે. અન્ય નાના અવરોધો જતા કરી ઉક્ત ત્રણ કારણોને લઇને જે રીતો અન્યત્ર કારગત થઇ તે જૈન સમાજમાં માત્ર ભાગલા વધારવા રૂપે પરિણમેલી દષ્ટિગોચર થાય છે. એથી એટલું તારવી શકાય કે અનુપાન સાચું છતાં એની વિધિમાં ભૂલ છે. માર્ટીનલ્યુથરે ખ્રીસ્તી ધર્મમાં જે પોપશાહી ઘર ઘાલી બેઠી હતી તે સામે બળવો પોકાર્યો, એ વાતમાં રહસ્ય જણાતાં જનસમૂહે સાથ આપ્યો અને એમાં એને વિજય મળ્યો. ઝારશાહીના જુલમોનો કાળો અને કરૂણ ઇતિહાસ લેનીન માટેની ભૂમિકા તૈયાર કરવામાં સંગીન કારણ રૂપ બન્યો, એવીજ રીતે પ્રગતિને રોધનારા બંધનો દફનાવવામાં કમાલપાશાને જે સહકાર પ્રાપ્ત થયો એમાં લાંબા કાળથી ટર્કીશ પ્રજાને અન્ય પ્રજા તરફથી ભોગવવી પડેલી હાડમારીઓની કથા છે. જર્મની અને ઇટલી આજે જેમણે તારણહારો માને છે, એના ઉંડાણમાં ભૂખમરાનું દુઃખ ટાળી, અદ્રસ્ય થતી પ્રતિષ્ઠાને પુનઃ સ્થાપવામાં અગ્ર ભાગ ભજવવા રૂપ તેમનો ફાળોજ છે. તેથી જર્મન પ્રજા હીટલરને તારણહાર માને કે ઇટાલીયનો મુસોલોનીને શિરતાજ સમ લેખે એમાં આશ્ચર્ય જેવું નથી. ભલેને પછી એમની કાર્યવાહીથી હજારો નિરાપરાધીઓનાં જીવન જોતજોતામાં ધુળ મળતા હોય કે સુધરેલી પ્રજાને શરમમાં ઢાંકતા હોય!

ભારતવર્ષના સંતની પદ્ધતિ એ બધાથી ઘણે અંશે નિરાળી છે. એના ગર્ભમાં નથી તો સુધરેલી દુનિયાનો દંભ ભરેલો કે નથી તો વિજ્ઞાન યુગના જીવલેણ યંત્રોનો ચમકાર ભરેલો; એમાં તો પૂર્વકાલિન ઋષિમુનિઓના જીવનની નિષ્પરિગ્રહ વૃત્તિ અને તપના તેજ દેખાય છે. એના ચણતરમાં જગતભરના અણમૂલાં તત્વો અહિંસા અને સત્યની બેલડીનાં દર્શન થાય છે. તેથીજ આજે સામ્યવાદ કે ક્રાંતિવાદ અગર અન્ય કોઇપણ વાદ કરતાં ગાંધીઝમ સર્વથી અગ્રપદે શોભે છે. માત્ર હિંદમાંજ એના ગૌરવ ગીત ગવાય છે એટલુંજ નહિ, પણ ઇતર દેશના વિદ્વાનો ને અભ્યાસકોની દષ્ટિ એ પ્રતિ આકર્ષાઇ ચુકી છે. આમ મહાત્માજીએ હિંદભૂમિમાં નવસર્જન આણ્યું છે એમાં પણ દેશમાં વર્તી રહેલ દરિદ્રતા અને ઉદ્યોગ વિહીનતા આદિ કારણો મૂખ્ય છે. કહેવાનું એજ કે કાર્ય સિદ્ધિનો આધાર કારણોની યથાર્થ પરીક્ષા પર રહેલો છે. એ વાતનું રહસ્ય જ્યાં સુધી બરાબર ન સમજવામાં આવે ત્યાં સુધી ગમે તેટલા પ્રયાસો અદરાય કે જાત જાતના આંદોલનો ઉભાં કરાય પણ એ સર્વ જનતાના કાન સુધી પહોંચવામાં અસમર્થ નિવડવાના અને કદાચ થોડાના કર્ણપટ સુધી જાય તો પણ એની અસર ચિરકાળ પર્યંત નહીં ટકવાની. તેથીજ ક્રાંતિ કે પરિવર્તનના સૂત્રધારોએ એ વસ્તુનું યથાર્થપણે નિદાન કરવાની આવશ્યકતા છે સાથો સાથ સમાજની નાડ પારખવાની જરૂર છે. પ્રથમ અજ્ઞાનતા ટાળી તત્વોને અને એ પર ચઢેલા આવરણોને ભિન્ન કરી દેખાડવાના છે. શબ્દોના વપરાશમાં અમુકાંશે સંયમ રાખવાનો છે, અને એ પછી જે જે વિષયમાં ફેરફાર કરવાનો છે એના ગુણ દોષ પર આવવાનું છે. તોજ આ જન–સમૂહનો સંપર્ક સધાશે.

—પદ્મકુમાર.

## શોક સભા.

આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીના પ્રશિષ્ય મુનિમહારાજ શ્રી. ચરણવિજયજી મહારાજ વડોદરા મુકામે કાળ ધર્મ પામ્યાથી તે બદલ શોક દર્શાવવા જૈનોની એક જાહેર સભા ઓસવાલ હાઉસમાં ડો. શ્રી. નાનચંદ કસ્તુરચંદ મોદીના પ્રમુખપણા નીચે મલી હતી, જે વખતે શોક દર્શક ઠરાવો થયા હતા.

તેમજ તેઓશ્રીના પુન્ય સ્મરણાર્થે અઠ્ઠાઇ મહોત્સવ જીવદયા આદિ કાર્યો માટે મારવાડી ભાઇઓની એક કમીટી નીમવામાં આવી હતી.

# જૈન સમાજની વર્તમાન સ્થિતિ.

## નિરર્થક ઝઘડાઓ છોડી પ્રગતિ સાધવા જૈન આગેવાનોની હાકલ.

### જૈન મહાસભા પ્રત્યે જૈનોની ફરજ.

અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ દ્વારા યોજવામાં આવેલ જૈનોની એક જાહેર સભા મુંબઇ કોટ શાંતિનાથ પ્રભુ જિનાલયના ઉપાશ્રયમાં તા. ૨૯-૮-૧૯૩૭ રવીવારે રાતનાં સ્ટાં. ટા. ૯ વાગે મળી હતી. જે સમયે સર્વે સાથના ભાઇઓ તથા આગેવાનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

પત્રિકા વાંચન પછી શ્રી **ઝવેરચંદ પરમાણંદ ભણસાલી** એ જણાવ્યું કે શ્રી ફોજમલજી કપૂરચંદજી એક અતિ અગત્યના કામે બહારગામ ગયેલા હોવાથી આજની સભાના પ્રમુખસ્થાને શેઠ ફુલચંદ વેલજી બિરાજે એવી દરખાસ્ત કરૂં છું. શ્રી **અમથાલાલ નગીનદાસ ભાખરીઆ**એ દરખાસ્તને ટેકો આપતાં શેઠ **ફુલચંદ વેલજી** પ્રમુખસ્થાને બિરાજ્યા હતા.

#### શ્રી. મોતીચંદ કાપડીઆ.

પ્રારંભમાં મુખ્યવક્તા શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ. એલએલ. બી., સોલિસિટરે "જૈન મહાસભા પ્રત્યે આપણી ફરજ" વિષે ભાષણ કરતાં જણાવ્યું કે જૈન કોમ અત્યારે જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે તે તરફ આપણે આંખો ઉઘાડી ખૂબ વિચાર કરવા જેવું છે. જૈન વ્યોપારી કોમ હોવાથી તેની સ્થિતિ, પ્રગતિ વિષે એક અથવા બીજા આકારમાં એકત્ર થઈ વિચાર નહિં કરીએ તો ઇતિહાસમાં જૈન કોમ નામ માત્રની કોમ તરીકે રહી જવા સંભવ છે. જૈનોના હાથમાં પૂર્વે રૂ, ઝવેરાત, શરાફી, કાપડના ધંધાઓ મુખ્યત્ત્વે હતા. અત્યારે આ સર્વ ધંધાઓમાં ગણ્યા ગાંઠ્યા જૈનો રહ્યા છે. આપણા ઉપર મહાન જવાબદારીઓ રહેલી છે. તીર્થ રક્ષા, મંદિરોદ્ધાર, સાહિત્યોદ્ધાર, કેળવણી પ્રચાર આદિની મહત્ત્વપૂર્ણ જવાબદારીઓને પહોંચી વળવા, આપણાં સ્થાનને ટકાવી રાખવા પદ્ધતિસર દીર્ઘ દષ્ટિ વાપરી વિચાર કરો, તે માટે યોજનાઓ કરી અમળ કરો. જૈનો આત્માને જીતનાર ગણાય, તેની નિરાશ્રિત સ્થિતિ નજ હોઇ શકે. આત્મ જીવન માટે પણ આપણા સ્થાનને નભાવી રાખવા આજે જરૂરીયાત ઉપસ્થિત થઇ છે.

કોમીવાદમાં હું માનતો નથી. રાષ્ટ્રને અબાધિત રીતે આપણે સામાજિક ઉન્નતિ સાધવી છે. તે માટે કેળવણી વિના ચાલે એમ નથી. આપણાં અનેક પ્રશ્નોનો કેળવણી પ્રચારથી આપો આપ નિકાલ થઇ જશે. કોન્ફરન્સે પોતાની સ્થાપના પછી એ દિશામાં કામ કરેલ છે અને અત્યારે પણ કેળવણી પ્રચારની એક સુંદર યોજના સમાજ સમક્ષ રજુ કરી છે તે દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉદ્યોગિક કેળવણી પ્રચાર થશે. અને સમાજને અનેક પ્રકારે આશિર્વાદ રૂપ નિવડશે.

જૈન સાહિત્ય ગુજરાતી સાહિત્યને દાબી દે એમ છે છતાં આપણી બેદરકારી કહો કે બિન આવડત કહો તેના લીધે શ્રી ઋષભદાસ જેવાનું નામ પણ ક્યાં જોઇ શકતા નથી. આજે તો પ્રેમાનંદ, શામળ, બોજા યુગ સર્વત્ર સંભળાય છે. દેરાસરોના વહિવટ, તીર્થોના સંરક્ષણ, જૈન તત્વજ્ઞાનની સમૃદ્ધિ જાળવી પ્રચાર કરવા, અહિંસાના વાજાં દુનિયામાં વગડાવવા સમસ્ત જૈન કોમે મળીનેજ વિચારો કરવા પડશે. એ કાર્યો એક વ્યક્તિથી થઇ શકે એમ નથી. જૈન તત્ત્વ જ્ઞાનથી જગતના અનેક ઝગડાઓ પતી જાય એમ છે પણ આપણે એના પ્રચાર માટે આંખ ક્યારે ઉઘાડીએ છીએ? નિરર્થક ઝગડાઓ મૂકી અહિંસા સત્યાદિ પંચ મહાવ્રતના સંદેશાને જગતના ખૂણે ખૂણે ફેલાવવા સંગઠિત થયા વિના ચાલે એમ નથી. આ સર્વ બાબતો સ્પષ્ટ બતાવી આપે છે કે જૈનોને એક સેન્ટ્રલ સંસ્થાની જરૂર રહેલી છેજ, તેને નામ ગમે તે આપો. નામ માટે કોઇને વાંધો ન હોય. માત્ર કામ તરફ લક્ષ આપો. કોન્ફરન્સ અત્યારે પુનરોદ્ધારના પંથે વિચરી રહી છે. તેણે કોમના શ્રેય માટે કાર્યો હાથ ધર્યાં છે તેમાં સૌના સહકારની પ્રથમ આવશ્યક્તા છે. અત્યાર સુધી આપણે ન્હાની ન્હાની વાતોમાં ચોક્કસ થયા અને મુદ્દાની વાતો વિસારી દિધી. તેથીજ આપણને ખૂબ ખમવું પડયું છે. હવે આંખો મીચી માર્ગ ગમન કરી શકાય નહિં. તેથી જૈન સમાજની પ્રત્યેક વ્યક્તિ કોન્ફરન્સને અપનાવે તેનાં કાર્યો પ્રત્યે પ્રેમની લાગણી બતાવે, તન, મન, ધનથી સેવા અર્પે તો સમાજ કલ્યાણ દૂર નથી કોન્ફરન્સની સુકૃત ભંડાર ફંડની યોજના એક પ્રતાપી, વૃતધારીના હાથે શરૂ થઇ છે. ચાર આના જેવી નજીવી રકમ કોમના ભલા માટે આપી સદ્ભાવ દેખાડો. અત્યારે જૈનોની એ અતિ અગત્યની ફરજ હું લેખું છું. તે દ્વારાજ કોન્ફરન્સ સમાજની અનેક સેવાઓ કરવા સમર્થ બનશે.

#### શ્રી. મણીલાલ મોકમચંદ.

જૈન સમાજના ભૂતકાલ તરફ દષ્ટિ નાંખશો તો સ્હજે જણાશે કે જૈનો કરોડોની સંખ્યામાં હતા. જૈન રાજાઓ, મંત્રીઓ, રાજનીતીજ્ઞો, મહામુનિવર્યોની જગત્ના માટેની સેવાઓ સાથે સમાજ સેવાઓ તમોને આશ્ચર્ય ચકિત કરે એમ છે. પહેલા મુનિવર્યો પોતાના ભક્તોને સમાજહિતની દષ્ટિ સન્મુખ રાખીનેજ દોરતા હતા. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય અને મહારાજા કુમારપાલના ઇતિહાસના પાને લખાયેલા કાર્યો એ વાતની સાક્ષી પૂરે છે. આજે ૧૦ લાખ જૈનો રહ્યા છે તેમાંએ ત્રણ ફિરકા— શ્વે. મૂ. જૈનો તો ૩ કે ૩ાા લાખ—તેની પ્રતિનિધિ સંસ્થા તે આ કોન્ફરન્સ. એ કોન્ફરન્સની સ્થાપના ૩૫ વર્ષ પૂર્વે શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢાની પ્રેરણાથી થઇ. તેને ફકીરચંદ, પ્રેમચંદ રાયચંદ, મોહનલાલ પુંજાભાઈ, ખેતસી ખીઅસી, વીરચંદ દીપચંદ, બદ્રીદાસ બહાદુર, જેવા નર રત્નો એ સેવાઓ અર્પી. એક એક અધિવેશનમાં લાખો રૂપીઆ સમાજોન્નતિના કાર્યો માટે ભેગા થયા. તેથી અનેક સત્કાર્યો કરાયા પણ કેટલાક સત્તાશાહી માણસો એ જોઇ ન શકયા. તેની જરાક

અસર થઈ ખરી પણ સદ્દભાગ્યે આજે એજ સંસ્થા તમારા કલ્યાણ માટે પગલા ભરી રહી છે. તેના તરફ પ્રેમ દેખાડો. સંપથી કામ કરો. કોન્ફરન્સના દ્વાર ઉઘાડા છે. સદ્દભાવ, પ્રેમ અને સહકારની લાગણી સાથે તમે એના કાર્યને દીપાવો. સમાજની દશા, જૈનોના મધ્યમ વર્ગના માણસોની દશા વિચારો. અંધારી કોટડીઓમાં રહેતા બાળકોની તંદુરસ્તી તરફ ધ્યાન આપો. એ કાર્યો કોન્ફરન્સ દ્વારા થાય તે માટે સુકૃત ભંડાર ફંડમાં નાણાં આપો. આપેલી રકમ ઉગી નીકળશે. તમારા વિચારો વસ્તુની માફક વેંચાણ ન કરો. ખૂબ વિચાર કરી જૈન મહાસભાને મજબૂત બનાવો.

### શ્રી. મોહનલાલ ચોકસી.

જૈનોએ રાષ્ટ્રિય મહાસભાની કાર્ય પદ્ધતિ ઉપરથી દાખલો લઈ કામ કરવાની જરૂર છે. કોંગ્રેસ મુંબઇમાં સ્થપાઇ તે વખતે ૫૦ વર્ષની જુબીલી પણ મુંબઇમાં આવશે એ કોઇની કલ્પના પણ હશે નહિં. તેના કાર્યથી આજે જગત મુગ્ધ છે. તમે મજબૂત મનથી કામ કરો, દીર્ઘ દૃષ્ટિ વાપરો તો કોઇ અવરોધી શકે એમ નથી. આજે આપણે અવાજ રજુ કરવા કોંગ્રેસની જેમ કોન્ફરન્સ જેવી મહાસભા જોઇએજ. તમારા વારસામાં આવેલા આગમ અને મૂર્તિ (તીર્થ) ના અમૂલ્ય ખજાનાના સંરક્ષણ માટે સમાજના સંગઠિત પ્રવાહથી ઉભી થયેલી જૈન મહા સભાજ કાર્ય કરી શકશે. આજે કોઇ કેવલજ્ઞાની નથી. શ્રી હેમચંદ્રાચાર્ય ને ગ્રંથ રૂપે જોઇએ છીએ. એ અક્ષર દેહને સુરક્ષિત રાખો તીર્થોને સાચવો વસ્તુપાલ તેજપાલના આબુ જેવા તીર્થોને સંભાલો એમ સૌ કહેશે પણ તે માટે જવાબદાર કોણ? એ માટે તમારામાં બળ જોશે એક વ્યકિત એ કાર્યો કરી નજ શકે તેથી કોન્ફરન્સને કોન્ફરન્સ તરીકેજ જીવાડો તમે ભૂલ્યા હો તો હવે સુધારો પણ તાલીમ લઇ આગળ વધ્યા વગર હવે પાલવે એમ નથી. નહીં જેવી ચીજો પાછળ કાલક્ષેપ, દ્રવ્ય વ્યય ન કરો. કોન્ફરન્સ મહાદેવી જે તમારી માતા સમાન છે તેના પ્રત્યે રહેલ ઋણ અદા કરો. ૦-૪-૦ નો ભોગ કોઇને માટે વધારે નથી. એમાંથી ધાર્મિક કેળવણી પાછળ અર્ધી રકમ વપરાશે બાકીની અર્ધીમાંથી તમારા સમાજના ઉત્થાન અર્થે અનેક કાર્યો થશે. તે માટે તમારા હૃદયમાં સ્થાન કરો. તે સંસ્થા તમારા બધાની છે તેની પ્રફુલ્લિત બનાવવી એ તમારી ફરજ છે. આજે તમારામાં તે માટે ધગશથી કામ કરવા તમન્ના હોવી જોઇએ.

તમારા અનેક દેરાસરોમાં આજે દીપક પૂજન માટે પણ વ્યવસ્થા નથી. પરમ તારક પરમાત્માના બિમ્બોની પૂજા કરનાર શ્રાવકો ત્યાં નથી. આલીશાન મંદીરો ખંડેરોના રૂપમાં ફેરવાતા જાય અને તમે ઉધ્યા કરો એ શું શોચનીય નથી? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને ઓળખી ફલદ્રુપ જમીન તરફ પાણીને વાળો. ધનના પ્રવાહો ધર્મ, સમાજના કલ્યાણ માટે છોડી મૂકો. ૦-૪-૦ આપી કાર્યવાહકોને પૂછો કે એ શામાં વાપર્યા. આજે ભોગ આપ્યા વગર ઉદ્ધાર નથી. જેટલી સેવા આપશો તેટલી કોન્ફરન્સ માટે ઓછી છે. આજે કોંગ્રેસની જેમ અધિવેશન માટે હરીફાઈ જાગવી જોઇએ. ધર્મ અને સમાજની ભકિત અર્થે આપણે આ મહાસભાને અપનાવવી જોઇએ. તે સંસ્થા કંઈ સુધારકોનીજ નથી. સૌને એમાં સ્થાન છે. બહુમતિ મેળવો, વિચાર કેળવો, વાતાવરણ શુદ્ધ કરો એ તમારી ફરજ છે તમારી ફરજનું ભાન રાખી કર્તવ્ય ક્ષેત્રમાં ફાળો આપો.

### શ્રી. ભોગીલાલ રતનચંદ.

શ્રી. ભોગીલાલ રતનચંદ કવીએ 'ખોયું ઘણું, જોયું ઘણું, આંસુ વીના દેખાતું નથી; શું કોમની સ્થિતિ અત્યારે કોઈ જાણે નહી" વિગેરે કવીત ગાઇ જણાવ્યું કે જ્ઞાનના નામ નથી, ધંધા માટે દામ નથી, કુસંપમાં લાખો પાણી કર્યા, હૈંસાતુંસીમાં બેકાર થયા, સમતા ગઇ, શ્રદ્ધા ગઇ, વિવેક–વિનયના દર્શન થતા નથી તે સર્વ માટે સંપ કરો અને કોન્ફરન્સ જે કાર્ય કરે છે તેને વધાવી લઈ ટેકો આપો. એને સેંકડો રૂપીઆ આપી ધર્મની ટેક રાખજો.

### શ્રી. મણીલાલ જેમલ.

શ્રી. મણીભાઇએ રચનાત્મક કાર્યને પગલે કામ કરતી કોન્ફરન્સને ટેકો આપવા, કોટમાં કોન્ફરન્સની શાખા ઉઘાડવા, પ્રેમ અને વિશ્વાસની જ્યોતિ જગાડવા અપીલ કરી હતી. કાન્ફરન્સની શકિત વધારવા માટે સંગઠીત થઇ કાર્ય કરવા મંડી પડવા તેમણે હિમાયત કરી હતી

### શ્રી. ફુલચંદ વેલજી.

પ્રમુખસ્થાનેથી શેઠ ફુલચંદ વેલજીએ જણાવ્યું કે આજે જૈન સમાજની સ્થિતિ જે જૂદા જૂદા વકતાઓએ વર્ણવી છે તે સાંભલી કોઇની પણ આંતરડી દુભાયા વગર રહે નહિં. મહાત્મા ગાંધીજી માત્ર એક લંગોટ ધારણ કરી જગતના કલ્યાણાર્થે ત્યાગ અને સેવાના પાઠ સર્વેને આપી રહ્યા છે. જૈન કોન્ફરન્સે સારા કાર્યો ઉપાડ્યા છે તેને જરૂર ટેકો આપો. કોટના સંઘ ટ્રસ્ટી સાહેબો, આગેવાનો એની સુકૃત ભંડાર ફંડની યોજના માટે વિચાર કરી બીજા ફાળાઓની સાથે એ પણ ઉઘરાવવા તજવીજ કરે એમ ઇચ્છીશ. વ્યક્તિ દીઠ મહિનાની ચાર પાઈ તો નજીવી રકમ છે, પણ એ મહાન કાર્યો કરે છે, તેથી તે યોજનાને ઉત્તેજન આપો. સેવા ધર્મ બજાવો અને જૈનોની સ્થિતિ સુધારવા માટે ઉપાડેલા કેળવણી અને બેકારીના પ્રશ્નોને ટેકો આપો કેળવણી અને ઉદ્યોગના વિકાસથી તમારા સમાજની આર્થિક સ્થિતિ સુધરશે તો બધી મારામારી નિકલી જશે. તેથી જૈન સમાજને, શ્રી સંઘને, આગેવાન બંધુ અને બ્હેનને કોન્ફરન્સને ટેકો આપવા આગ્રહ કરૂં છું.

બાદ પ્રમુખનો આભાર માની સભા વિસર્જન થઈ હતી.

---

## ઝગડાઓની પતાવટ લવાદીથી.

આબુ-દેલવાડામાં આચાર્યશ્રી વિજયશાંતિસૂરિજીની પ્રેરણાથી જૈનો શ્વેતાંબરો દીગંબરો તેમજ જૈનેતરોની એક સભા મળી હતી જેમાં નીચે પ્રમાણે ઠરાવો થયા હતા.

શ્વેતાંબરો અને દીગમ્બરોમાં તીર્થોને લગતા ઝગડાઓનો અંદર અંદર સમજી શાંતિથી અંત લાવવો જોઇએ અને જૈન સમાજની આવી કટો કટી ભરી આર્થિક સ્થિતિના સમયે તો આવશ્યક છે કે જૈનોના સાધન અને શક્તિઓનો વ્યય કોર્ટમાં અથવા તો કોઇ પણ પ્રકારથી ઝગડાઓ લડવામાં કરવો એ જૈન સમાજને હાનિકારક છે. વધુમાં આ સભા ઠરાવ કરે છે કે શ્રી સૌરીપુરી તીર્થ બાબતમાં શ્વેતાંબરો અને દિગમ્બરો વચ્ચે જે ઝગડો લાખો રૂપીઆના ખર્ચે કોર્ટ મારફતે ચાલી રહ્યો છે તેનો નિકાલ શ્વેતાંબર તથા દીગમ્બરોએ અંદર અંદર સમજી બનતી તાકીદે લાવવા બન્ને પક્ષોને આ સભા આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે.

# પ્રભો! આ બધું તારા પુનિત ધામમાં?

હે દેવાધિદેવ! મારા હૃદયની વેદના આજે ન છુટકે તારા સમક્ષ ઠાલવું છું, એક કરતાં વધારે વખત મનને કાબુમાં રાખી શક્યો, પરંતુ આજે હું મુક્ત કંઠે મારી મનોવ્યથા વ્યક્ત કરૂં છું. હે જગન્નાથ! શું તારા પવિત્ર પ્રાસાદમાં પણ ગરીબ અને તવંગરોનો ભેદ આટલી હદે પહોંચ્યો છે? આ તારો પામર સેવક સંસારની અનેક જંજાળોમાં તવંગરોના હાથે ધબ્બા ખાઈ, તારા પુનિત ધામમાં આત્માની શાંતિ અર્થે આવ્યો, પરંતુ ત્યાં પણ શ્રીમંતોનુંજ સામ્રાજ્ય જોઇ આજે મારો અંતરાત્મા પોકારી પોકારી કહે છે કે શું ક્યાંય પણ ગરીબોને સ્થાન નથીજ?

હે જગન્નિયંતા! પર્યુષણના પ્રથમ પ્રહરે તારા પતિતપાવન મંદિરના દ્વારો ખુલતાંજ તારી ભક્તિમાં ચિત્ત પરોવવા આવી ચઢ્યો, તારી પૂજા કરવાની ભાવનાથી કપડાં બદલી સ્નાનાગાર તરફ ગયો, એક પાણીથી ભરેલી કુંડી ઉપાડતાંજ પટેલની બુમ સંભળાઈ કે ઓ ભાઇ! એ કુંડી તો.........શેઠ માટે ભરેલી છે, તમો બીજી શોધી લાવો! શ્રીમંતાઈની જોહુકમીના પ્રથમજ દર્શને ખિન્નતા અનુભવી પરંતુ તેને અજ્ઞાન ધારી સ્નાન કરી, પ્રભો! તારા ઘરમાં દાખલ થઇ તને સ્પર્શ કરવા જાઉં છું, ત્યાં પુજારીની ત્રાડ સંભલાઇ કે ભાઈ હજુ તો પખાલનું ઘી બોલવાનું છે.........શેઠ આવ્યા નથી, તેથી જરા મોડું થયું છે, માટે ઉભા રહો! તારા ચરણ સ્પર્શની ઉત્કટ ભાવના છતાં મારી ગરીબાઇએ મને બાજુએ હડસેલી દીધો, અને નિરાશ વદને તારા મુખારવિંદનાજ દર્શન કરતો ઉભો રહ્યો. ૫-૧૦ કે ૧૫ રૂપીયા ખરચવાની તાકાતવાળાજ પ્રભુને પહેલાં અડકી શકે એ સ્થિતિ તારા પુનિત ધામમાં પણ આટલી હદે પહોંચી હશે તેની ભિન્ન હૃદયે કલ્પના કરતો ઘેર ગયો.

પ્રભુ મહાવીરના જન્મ શ્રવણ કરવા ગરીબ બાલ બચ્ચાંને લઇ તારા દેરાસર (ઉપાશ્રય) માં આવ્યો, વહેલો આવેલ છતાં, શ્રીમંતો જેમ જેમ આગળ આવતા જાય તેમ તેમ મારા બચ્ચાં-ઓને લઇ પાછળ હઠતો ઘણે દૂર ધકેલાઇ ગયો, સ્વપ્ન ઉતારવા માટે ઉપરની બારી ઉઘડી, સાથેજ તારા મંદિરના રક્ષણનો દાવો કરનારા ટ્રસ્ટીઓની રાક્ષસી કોથળીઓના મ્હોડાં પણ ખુલ્લાં થયાં, કોઇ પણ હિસાબે એ પેટારા પૂરવા માટે પ્રયત્નો થવા લાગ્યા, ૧૫-૨૦-૨૫ રૂપીઆ તો ઓછામાં ઓછાં આપ્યા શિવાય એક સ્વપ્નને હાથ પણ લગાડી ન શકાય, શ્રીમંતોના બચ્ચાંઓ મૂલ્યવાન આભૂષણોથી સજ્જ થઇ સ્વપ્ના ઝુલાવતા હતા તે જોઈ મારાં બચ્ચાંઓ મારી સામું ટગર ટગર જોઇ રહ્યાં હતાં, મેં ૨-૫ રૂપીઆ ખરચવાની હિંમત પણ કરી, પણ અમારા નશીબે લખાયેલા ગરીબીના બંધનો અમને ક્યાંથી એ લાભ લેવા છુટા કરે? અન્તે બચ્ચાંઓને લઈ ઘેર આવી નિરાશ વદને તારા પવિત્ર ધામનો ઉપયોગ કેવો અઘટિત રીતે થાય છે, તારા સર્વ સામાન્ય મંદિરને તેના ટ્રસ્ટીઓ પોતાનું ગર્વદર્શનનું ધામ બનાવી ધનભંડાર ભેગો કરવાની એકજ વાંછનાએ કેટલો અન્યાય કરી રહ્યા છે. એ જ્યારે જ્યારે વિચારૂં છું ત્યારે ત્યારે આત્મા પોકારી ઉઠે છે કે હે પ્રભો! આ બધું તારા મંદિરમાં?

નાથ! હવે મારૂં એક છેલ્લું દુઃખ વર્ણવી મારી લવરી બંધ કરીશ. મારા જીવનમાં સંવત્સરીક પ્રતિક્રમણને હું મહા-નમાં મહાન્ વસ્તુ લેખું છું, અને એ ક્રિયા જૈનત્વની ઉચ્ચમાં ઉચ્ચ નીતિનું જગતને આબાદ દર્શન કરાવનારી છે એમ હું માનું છું. એટલે એ વસ્તુમાં રસ હોવાથી અને વડિલોની કૃપાથી સૂત્રો સ્તવનો આદિનું સારૂં જ્ઞાન હોવાથી આજે પ્રતિ-ક્રમણમાં જે અશુદ્ધ સૂત્રો બોલાય છે તેમાં સુધારો કરી શુદ્ધ બોલવાની ઇચ્છા થઇ, પ્રતિક્રમણમાં પણ શ્રીમંતોનું સ્થાન આગળ હોઈ હું જરા પાછળ બેઠો પરંતુ ત્યાં પણ અમૂક સૂત્રો બોલવા માટે ચડાવો થવા લાગતાં મારા તો હોંશ કોશજ ઉડી ગયા, મારી તીવ્ર અભિલાષાએ કંઇક ઘી પણ કરાવ્યું, પરંતુ ત્યાં પણ શ્રીમંત વર્ગનુંજ સામ્રાજ્ય વ્યાપેલું હોવાથી મને એક પણ સૂત્ર બોલવા અવકાશ ન મળ્યો, અને શ્રીમંતોના મ્હોડેથી તદ્દન અશુદ્ધ અને ખોટા સૂત્રો સાંભળી ખિન્ન હૃદયે વર્ષભરના પાપોનું પ્રાયશ્ચિત્ત કરી ધીમે પગલે ઘર તરફ વળ્યો, અને મનમાં સંકલ્પ કર્યો કે જે તારા પવિત્ર ધામો ધન ભેગાં કરવાની દુકાનો સમા બન્યા હોઈ તેના ટ્રસ્ટીઓ એક જાતનો વેપાર માંડી રહી ગરીબોની જે તુચ્છ મશ્કરી કરી રહ્યા છે તે પવિત્ર ધામો જ્યારે એવા ધનપિપાસુઓની જંજીરોમાંથી છુટશે અને ગરીબ કે તવંગર સર્વ સરખે ભાગે તારા પુનિત દર્શનનો અને પૂજનનો લાભ લઇ શકશે તે દિવસ જૈન કોમને માટે ધન્ય દિવસ ગણાશે બાકી અત્યારે તો પુનઃ એક વાર હું પ્રભો ગદ્ગદ કંઠે કહું છું કે:—

**આ બધું તારા પુનિત ધામમાં ન શોભે.**

**—ભગ્નાશ જૈન.**

## સ્વ૦ બાબુ રાયકુમાર સિંહજી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સને કલકત્તાથી તા. ૧૬-૯-૩૭ ના તારમા જણાવવામાં આવે છે કે "અત્યંત દિલગીર છીએ કે રાયકુમાર સિંહજી રાત્રે અવસાન પામ્યા છે—બહાદૂર."

—કૉન્ફરન્સની સાથે જૈન સમાજને પણ આ સમાચાર જાણી અત્યંત ખેદ થશે. મર્હુમ અખિલ હિંદ જૈન કોન્ફરન્સના સંવત્ ૧૯૫૯ માં મુંબઈમાં મળેલા દ્વિતિય અધિવેશનના પ્રમુખ રાય બદ્રિદાસ બહાદુર મુકીમ એન્ડ કોર્ટ જવેલર્સના પુત્ર હતા. તેઓએ કોન્ફરન્સના એક જનરલ સેક્રેટરી તરીકે સમાજની અનેક સુંદર સેવાઓ બજાવી છે. કેળવણી અને તીર્થ રક્ષા તથા સમાજના અનેક ન્હાના મ્હોટા પ્રશ્નોમાં મર્હુમ બાબુ સાહેબ જાતે ભોગ આપી કાર્યો કરતા રહ્યા હતા. શ્રી મક્ષીજી પાર્શ્વનાથજી તીર્થના કેસમાં તેઓની સેવાઓ જાણીતી છે. શ્રી સમ્મેતશિખરજી, પાવાપુરીજી, શ્રી કેશરીયાજી આદિ તીર્થોના કેસમાં તેઓએ ઘણી સહાયતા કરી હતી. કોન્ફરન્સના સમા-જોન્નતિના કાર્યોમાં તેઓ અતિ ઉત્સાહ પૂર્વક ભાગ લેતા હતા. તેઓના અચાનક અવસાનથી સમાજને એક આગેવાન કાર્ય-કર્તાની ખોટ પડી છે. તેમના કુટુમ્બ પર આવેલ આપત્તિમાં સમવેદના પ્રકટ કરવાની સાથે મર્હુમના આત્માને ચીર શાંતિ ઇચ્છીએ છીએ.

# ::: કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ. :::

## કાર્યવાહી સમિતિની સભા.

તા. ૨૦-૮-૩૭ ને શુક્રવારના રોજ રાતનાં સ્ટાં. ટાં. ૮ વાગે કોન્ફરન્સ કાર્યાલયમાં શ્રી. રમણિકલાલ કેશવલાલ ઝવેરી, સોલિસિટરના પ્રમુખસ્થાને મળી હતી. જે સમયે:—

(૧) આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ. ના તા. ૨૬-૭-૩૭ ના પત્ર અંગે નિર્ણય કરી (૨) શ્રી ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશિપ પ્રાઇઝ માટે સંસ્કૃત વિષયના માર્કસ જૂદા મેળવવામાં વિદ્યાર્થીઓને નડતી મુસ્કેલી સંબંધી વિચારણા કરતાં સર્વાનુમતે આ વર્ષે સંસ્કૃત વિષય સાથેની દ્વિતિય ભાષામાં સૌથી ઉંચા નંબરે આવનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીને તે ઈનામ આપવા ઠરાવવામાં આવ્યું અને વિશેષમાં મુંબઇ યુનિવર્સિટી સાથે તત્સંબંધે પત્ર વ્યવહાર કરવા રે. જ. સેક્રેટરીઓને સત્તા આપવામાં આવી.

(૩) શ્રી સુકૃત ભંડાર ફંડ પેટા-સમિતિ, શ્રી પુસ્તક વેંચાણ પેટા-સમિતિ, શ્રી પ્રચાર પેટા-સમિતિના કામકાજનાં ત્રિમાસિક રિપોર્ટો રજુ કરવામાં આવતાં તેની નોંધ લેવામાં આવી.

(૪) બંધારણાનુસાર ફાળો ન મળવાના લીધે સ્ટેન્ડિંગ કમીટીના સભ્યોની ખાલી પડતી જગ્યાઓ પૂરવા સંબંધે વિચારણા થતાં સિંધ, પાટણ શહેર અને તાલુકા, વડોદરા ખંભાત-ખેડા તથા આસપાસનો વિ., અને મુંબઇ વિભાગમાં અનુક્રમે નીચેના સભ્યોની નિમણુંક કરવામાં આવી.

શ્રી પોપટલાલ ત્રિભોવનદાસ શાહ, કરાંચી ( સિંધ )
શ્રી ચિમનલાલ વાડીલાલ શાહ, મુંબઇ ( પાટણ )
શ્રી ચંપકલાલ ડાહ્યાભાઈ શાહ, મુંબઇ ( પાટણ )
શ્રી ચિમનલાલ મોતીલાલ પરીખ, મુંબઈ (વડોદરા-ખેડા)
શ્રી નવીનચંદ્ર હેમચંદ અમરચંદ, મુંબઇ ( મુંબઇ )
ડો. મોહનલાલ હેમચંદ શાહ, મુંબઈ ( મુંબઇ )

વિશેષમાં જે સભાસદોના સંવત્ ૧૯૯૨ સુધીના બાકી રહેલા ફાળાની રકમ અત્યાર પર્યન્ત વસૂલ આવી નથી તેમના નામો કમી કરવા અને તેમની જગ્યાએ અન્ય સભાસદોની નિમણુંક કરવા રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓને સત્તા આપવામાં આવી.

સંવત્ ૧૯૯૩ નાજ વર્ષના ફાળાની રકમ જે સભ્યો તરફથી આવી નહિં હોય તેમને તે ચાલુ વર્ષ આખર સુધીમાં મોકલી આપવા ઠરાવવામાં આવ્યું.

## સુકૃત ભંડાર ફંડ પેટા-સમિતિ.

આ સમિતિની એક સભા તા. ૨૭-૮-૩૭ ના રોજે કોન્ફરન્સ ઑફિસમાં શ્રી ઝવેરચંદ પરમાણંદ ભણસાલીના પ્રમુખપણા હેઠળ મળી હતી. જે સમયે નીચે પ્રમાણે નિર્ણયો થયા.

૧. મુંબઇમાં કોન્ફરન્સની સ્ટે. કમિટીના સભ્યો તથા આ પેટા-સમિતિના સભ્યો અને મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ આદિ દ્વારા આગામી પર્યુષણ દરમ્યાન ફંડ એકત્ર કરવા મંત્રીઓએ તેમને પાવતી બુકો મોકલી ઘટતી ગોઠવણ કરવી.

૨. સુરતથી શ્રી ઉજમશી ત્રી. શાહનો આવેલ પત્ર રજુ થતાં ત્યાં સભા મેળવવામાં આવે તો સભ્યો આવી શકશે એ પ્રમાણે જવાબ લખવા તથા સાહિત્યાદિ મોકલાવવા ઠરાવ્યું.

૩. બહારગામ ફંડ એકત્ર કરવા ઘટતે સ્થળે પાવતી બુકો મોકલવા તથા શ્રી સંઘોને અપીલ પાઠવવા ઠરાવ્યું.

૪. શ્રી. જમનાદાસ અ. ગાંધીએ પોતાની નાદુરસ્ત તબીયતના કારણે આપેલ રાજીનામું અસ્વીકાર કરી તેમને મંત્રી તરીકે ચાલુ રહેવા વિનંતિ કરવી.

## બેકારી નિવારણ પેટા-સમિતિ.

તા. ૧૨-૮-૩૭ અને તા. ૨૪-૯-૩૭ ના રોજે આ સમિતિની બેઠકો મળી હતી જે સમયે ડ્રાફ્ટ સ્કીમ પર વિચારણાઓ કરવામાં આવી.

## પુસ્તક વેચાણ પેટા-સમિતિ.

આ સમિતિની તા. ૧૨-૮-૩૭ ના રોજે મળેલી સભામાં કોન્ફરન્સના પ્રકાશનોના વેંચાણ, કિંમત આદિ અંગે વિચારણા કરવામાં આવી હતી. જેના નિર્ણયાનુસાર ઘટાડેલી કિંમતની જાહેરાત જૈન, જૈન જ્યોતિ, જૈન યુગ પત્રમાં અત્યાર અગાઉ પ્રકટ કરાવવામાં આવી છે. મુંબઇમાં પર્યુષણ પર્વ દરમ્યાન તે અંગે હેંડબીલો પ્રકટ કરવામાં આવ્યા.

## પુસ્તક પ્રકાશન પેટા-સમિતિ.

આ સમિતિની એક સભા તા૰ ૨૪-૯-૩૭ ના રોજ મળી હતી. જે સમયે **જૈન ગુર્જર કવીઓ તૃતિય ભાગ** છપાવવા માટે મુદ્રણાલયોના ભાવો વિચારી તેની ૫૦૦ નકલ અમદાવાદ ડાયમંડ જ્યુબિલી પ્રિં. પ્રેસમાં છપાવવા અને કાગળના રીમ મુંબઈથી પ્રેસને મોકલવા ઠરાવ્યું.

## કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.

તા૰ ૩૦-૮-૩૭ ના રોજે શ્રી. રમણિકલાલ કે. ઝવેરીના પ્રમુખપણાં હેઠળ મળેલી સભામાં **સુરતમાં** નિમાયેલી સ્થાનિક સમિતિને એફિલએટ ( માન્ય ) કરવા તથા કેન્દ્રસ્થ સમિતિના નિયમાધીન તે સમિતિ રૂા૰ ૫૦૦) એકત્ર કરવાની જવાબદારી લેતી હોવાથી તેટલીજ રકમની કોન્ફરન્સ તરફથી મંજુરી આપવા ઠરાવ્યું.

**બારશી**માં નિમાયેલી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ એફિલએટ કરી.

સુરતમાં નિમાએલી સમિતિના સભ્યો:-

૧ શ્રી. દલીચંદ વીરચંદ શ્રોફ—પ્રમુખ
૨ શ્રી. ઉજમશી ત્રિભોવનદાસ શાહ—મંત્રી
૩ ડો. અમીચંદ છગનલાલ શાહ——સભ્ય.
૪ શ્રી ચુનીલાલ કલ્યાણચંદ જરીવાલા ,,
૫ શ્રી. રતનચંદ રાયચંદ ચોકસી ,,
૬ શ્રી. ડાહ્યાભાઇ ધનજીભાઇ ,,
૭ શ્રી. જીવણલાલ કપૂરજી ,,
૮ શ્રી. સુરચંદ પુરશોતમદાસ બદામી ,,
૯ શ્રી. પાનાચંદ હરજીભાઈ ,,

# સ્વીકાર અને સમાલોચના.

**જિનવાણી**—ઉંઝા ફાર્મસી તરફથી ભેટ મળેલ આ પુસ્તકમાં બંગાળી માસિકમાં શ્રીયુત હરિસત્ય ભટ્ટાચાર્યજી નામના વિદ્વાન્ કે જેઓએ જૈન સિદ્ધાંતના અભ્યાસી તરિકે લેખો લખ્યા છે, તેનો સરળ ને રોચક ભાષામાં શ્રી સુશીલ તરફથી કરાયેલ અનુવાદ છે, પુસ્તક હાથમાં લેતાંજ જૈન દર્શન પરત્વેની શ્રદ્ધા અને બહુમાન વૃત્તિ તેમજ ઇતર દર્શનના અભ્યાસની ચીવટ મૂળ લેખકમાં કેટલી સુંદર અંશે ખીલેલી છે એના સહજ દર્શન થાય છે. લગભગ ઇશ્વર, કર્મવાદ, વિજ્ઞાન, જીવ, ધર્મ અને અધર્મ આદિ નવ વિષયોપર તુલનાત્મક દ્રષ્ટિયે વિષયોની કઠીનતા ને કર્કશતાને અતિ હળવી કરી નાંખી, વાંચનાર સરળતાથી અવગાહન કરી શકે એ રીતે છપાવામાં આવેલ છે. ભારતીય દર્શનોમાં જૈન દર્શનનું સ્થાન એ લેખમાં નિમ્નપ્રકારે સાર ગર્ભિત દોહન છે.

'સામાન્યતઃ ભારતવર્ષના દાર્શનિક મતવાદમાં જૈન દર્શન સારૂં માનવંતુ સ્થાન ભોગવે છે. જૈન દર્શન એક સંપૂર્ણ દર્શન છે. તત્ત્વ વિદ્યાના બધા અંગ એમાં મળે છે. વેદાન્તમાં તર્કવિદ્યાનો ઉપદેશ નથી, વૈશેષિક કર્માકર્મ અને ધર્માધર્મ વિષે કંઇ ફોડ પાડતું નથી. જૈન દર્શનમાં તો ન્યાય વિદ્યા છે. તત્ત્વ વિચાર છે, ધર્મ નીતિ છે, પરમાત્મ તત્ત્વ છે અને બીજું પણ ઘણું છે. પ્રાચીન યુગના તત્ત્વ ચિંતનનું ખરેખરૂં જો કોઇ એક અમૂલ્ય ફળ હોય તો તે જૈન દર્શન છે, જૈનને બાદ કરીને જો તમે ભારતીય દર્શનની આલોચના કરો તો તે અપૂર્ણજ રહી જવાની!'

આ તો માત્ર વાનકીરૂપ ફકરો છે. ઉંડો અભ્યાસ અને એથી પ્રાપ્ત થયેલ સકારણ બહુમાન સુચક એવા તો કેટલાયે ઉલ્લેખ જુદે જુદે સ્થળે નોંધાયેલા છે અત્યારના યુગમાં ઉછરેલા ને વાતવાતમાં જૈન ધર્મની બાબતો સામે ચેડા કહાડતા પ્રત્યેક નવજવાનને એકવાર આ પુસ્તક વાંચી જવાની આગ્રહ ભરી ભલામણ છે. લગભગ ૨૭૫ પાનાના ગ્રંથની કિંમત માત્ર ૦-૧૨-૦ પ્રકાશક વૈદ્યરાજ નગીનદાસ છગનલાલ શાહ ઉંઝા આયુર્વેદિક ફાર્મસી—અમદાવાદ.

**શ્રી વિદ્યાવિજયજી મહારાજના વ્યાખ્યાનો ભા.-૧** કરાચી જેવા દૂર પ્રદેશમાં પહોંચી જઇ, માત્ર જૈનોનેજ નહિ પણ ઇતર સમાજને મુનિશ્રીએ સ્વ વિવેચન શક્તિના બળે મંડનાત્મક શૈલીએ જૈન તત્ત્વોનું કેવું સુંદર પાન કરાવવા માંડયું છે અને તેથી શ્રવણ કરનાર વર્ગ પર એવી તો અસર બેઠી છે કે દિન પ્રતિદિન સંખ્યા વૃદ્ધિંગત થતી રહી છે અને વ્યાખ્યાનોને પુસ્તક રૂપે પ્રાપ્ત કરવાની માંગણી થતાં એનો આ પ્રથમ ભાગ સો પાનાનો બહાર પડયો છે. પ્રયાસ પ્રશંસનીય છે.

પુસ્તકની કિંમત ૦-૪-૦ વધારે લાગે છે, આવા પુસ્તકમાં પ્રકાશકની કમાવાની દષ્ટિ હોય તો તે ઇચ્છનીય નથી.

મળવાનું સ્થળ-**શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ.**
ગોડીજીની ચાળ, બીજે માળે,

**મહેન્દ્ર જૈન પંચાગ**-સં. ૧૯૯૪ નું પ્રકાશક—અમૃતલાલ કેવળદાસ મહેતા—અહમદાબાદ કિંમત ૦-૨-૦ જૈનોમાં એક પણ આધાર ભૂત પંચાંગની હસ્તી નહતી, ત્યારે મુનિશ્રી વિકાસવિજયજી મહારાજનું આ કાર્ય પ્રશંસનીય છે.

**શ્રી વર્ધમાન જૈન સ્તવન માળા**—પ્રકાશક વર્ધમાન જૈન સંગીત મંડળ, મુંબઇ. મૂલ્ય સદુપયોગ. આ નાની પુસ્તીકામાં શ્રી વીરવિજયજી કૃત સ્નાત્ર પૂજા તથા શ્રી વિજયલબ્ધિસૂરિજીના રચેલાં હાલના રાગોની ઢબે ગવાતાં સ્તવનો તથા પ્રખ્યાત ગવૈયા પ્રાણસુખના રચેલાં સ્તવનોનો ચુંટી કાઢેલો સંગ્રહ છે.

શ્રી. કેસરીચંદ છગનલાલ બદામી બી. એ. એલ.એલ. બી. વકીલ તથા શ્રી. નગીનચંદ હીરાચંદ શાહ, બી. એ. એલ.એલ. બી. વકીલે કમીટીને વિદ્યાર્થીઓની જરૂરીઆતો વિગેરે બાબત તપાસ કરવામાં મદદ કરવા કબુલ કર્યું છે.

બારસીની કો. કે. પ્ર. સ્થાનિક સમિતિના સભ્યોઃ-

૧ શ્રી. મુલચંદ જેતીરામજી બલદોટા—ચેઅરમેન.
૨ શ્રી. નારણજી નરશી શાહ } સેક્રેટરીઓ.
૩ શ્રી. કચરૂલાલ લાલચંદ વખારીઆ }
૪ શ્રી. રામચંદ મુલચંદ વખારીઆ, સભ્ય.
૫ શ્રી. મુળજી નરશીભાઇ શાહ ,,
૬ શ્રી. દીપચંદ રામચંદ વખારીઆ ,,
૭ શ્રી. વાલચંદ લાલચંદ વખારીઆ ,,
૮ શ્રી. ચંદનમલ જવારમલ બલદોટા ,,
૯ શ્રી. મિસરીલાલ હિંમતમલ સુરાણા ,,

તા૦ ૨૧-૯-૧૯૩૭ ના રોજે મળેલી કેન્દ્રસ્થ સમિતિની સભામાં બહાર ગામની સમિતિઓને મોકલી આપવાના ફાર્મ તથા સમિતિના પેટા-નિયમોના ડ્રાફ્ટ પર વિચારણા કરવામાં આવી.

શ્રીયુત **મોહનલાલ ભગવાનદાસ ઝવેરી,** બી. એ. એલ એલ. બી. સોલિસિટરની કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિના ઑનરરી સેક્રેટરી તરીકે નિમણુંક કરવામાં આવી.

**લાહોરના કતલખાના અંગેઃ—**

મુંબઇની શ્રી જીવદયા મંડલીના મંત્રીઓ તરફથી લાહોરના કતલખાના અંગે કોન્ફરન્સને પત્ર મળતાં તેમના તરફથી ઉપાડેલી પ્રવૃત્તિને ટેકો આપવા, તેના વિરોધમાં જાહેર સભા બોલાવવામાં આવે તેમાં જોડાવા અને તે માટેની વાટાઘાટમાં શ્રી. **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટર** ભાગ લેશે એ મતલબનો જવાબ લખવામાં આવ્યો હતો.

**સ્થાનિક સભ્યોને નિવેદન.**

**પર્યુષણ પર્વ દરમ્યાન જે સભ્યોને સુકૃત ભંડાર ફંડ એકત્ર કરવા પાવતી બુકો મોકલવામાં આવી છે તે ભરાવી હિસાબ સાથે કોન્ફરન્સ ઓફિસમાં પાછી મોકલી આપવા વિનંતિ છે.**

**કોન્ફરન્સ-ઓફીસ.**

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."  Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.  છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧૬ મી ઓકટોમ્બર ૧૯૩૭. | અંક ૬ ઠ્ઠો.

## રાજવંશનો રક્ષણહાર ને દેશનો શણગારણહાર.

દેવરિયા મુનિવર! ધ્યાનમાં રહેજો

રાજેમતીનો એ ટહુકાર તે જૈન ધર્મનો ત્રિકાળનો ટહુકાર. જૈન ધર્મ એટલે ધ્યાન ધર્મ–સંયમ ધર્મ. જૈન એટલે વિજેતા. કોનો વિજેતા? ઇન્દ્રિયગ્રામના મહાવેગોનો વિજેતા. એકાદશે ઇન્દ્રિયોના ઝંઝાવાતો અને ગુરૂત્વાકર્ષણોને જીતે, નિજને સંયમની લગામ ચ્હડાવે તે જૈન. મહાવીર સ્વામી કહે છે કે જૈન એટલે જીતેન્દ્રિય. કાળની ગુફામાંથી આજે યે રાજેમતી ટહુકે છે કે

દેવરિયા મુનિવર! ધ્યાનમાં રહેજો.

રાજુલ કુમારીનો એ બોલ છે જૈન ધર્મનો સનાતન બોલ. એક શબ્દમાં જૈન ધર્મને સારવવો હોય તો એ મહાશબ્દ છે સંજમ. જૈન ધર્મ એટલે સંજમ ધર્મ.

જૈનના આચારમાં વિચારમાં, કલામાં કવિતામાં સાહિત્યમાં, ધર્મમાં સંસ્કૃતિમાં સંસ્કારમાં ચક્રવર્તીનો રાજધ્વજ ફરકાવે છે સંજમભાવના.

ભારતના ૩૫ કરોડમાં ૧૫ લાખ જૈન જનતા; ગુજરાતના ૧I કરોડમાં પાંચેક લાખ મહાવીરનો સંઘ સમુદાય. માંડ ચાર ટકા થયો. પણ સાળુને કોરપાલવ કેવ્કેવડા હોય છે? અંગને આભૂષણો શણગારે છે એ અંગોને કેટકેટલાંક ઢાંકે છે? સોહાગણના સૌભાગ્યની ચન્દનચૂડી કે કુંકુમચન્દ્રક સારી દેહવેલડને આચ્છાદતાં નથી. ન્હાનો પણ રાઇનો દાણો; એવો ન્હાનો પણ વીરનો બાળ ઇતિહાસની કાળકુંજોમાં રમે ભમે છે.

ઇતિહાસ કહે છે કે જૈન સંઘ એટલે ગુર્જર રાજવંશનો રક્ષણહાર.

ઘઉં બાજરીથી માંડીને હીરામોતીના સોદાઓનો સાગરસફરી શાહસોદાગર એટલે જૈન મહાજનિયો. ધનની નદીઓ દેશમાં વાળે ને પાટણને આરે સરસ્વતી વહેતી એવી લક્ષ્મીની સરિતાઓ વહેવડાવે. જૈન મહાજનિયો એટલે વ્યાપારી સાહસ ને નગરીનો નગરશેઠ.

અને એ લક્ષ્મીની સરિતાઓ, સરસ્વતી નદીની પેઠે, પાછી ધરતીમાંજ સમાઇ જતી? ના, ના; મેલોઘેલો સુદામાજી કે કાલોઘેલો ગુજરાતી એવો ગાંડો ન્હોતો. દુષ્કાળની ઝાળો પ્રગટતી, તો જગડૂશાહ ઇન્દ્રાધાર ધનવરસાદ વરસાવીને ઠારતા. ગિરનાર, તારંગા, સિદ્ધાચળ, અર્બુદાચળનાં આપણાં ગિરિશિખરોને એણે શણગાર્યાં શોભાવ્યાં, શિખર શિખરે એણે ધર્મનગરીઓ વસાવી. પત્થરમાં કવિતાઓ કોતરાવી; શીલાઓમાં અમર કલામન્ત્રો લખાવ્યા. વસ્તુપાળ તેજપાળનાં આબૂ-મન્દિરોને તો. ફરગ્યૂસન કહે છે કે, જમનાતટના તાજની કવિતાકલા યે ઝંખવી શકે નહિ. દિલ્હી આગ્રા ફતેહપુર સીક્રીમાં અકબરશાહ ને શાહજહાંન શાહ, જગતઇતિહાસના બે મહાકલાપૂજક શાહાનશાહો, અમર આરસકવિતાઓ લખાવી ગયા છે; ગિરનાર સિદ્ધાચળ ને અર્બુદાચળનાં શિખરશિખરે ગગનમંડળ શું વાતો કરતી અમર આરસકવિતાઓ ગુજરાતના શાહો લખાવી ગયા છે.

ચતુર્વિધ જૈન સંઘ! આપનો હતિહાસ યશપ્રભાળો છે. વાંચો, વિચારો, ને નવઇતિહાસ ઘડો. ભૂતકાળથી ભવિષ્ય સવાયાં સરજો. ત્યાગધર્મ ને સંસારધર્મ બન્ને ય જોગવતાં આપની સંસ્કૃતિને આવડયાં છે.

સજ્જનો અને સન્નારીઓ! જૈન એટલે ગુજરાતના રાજવંશનો રક્ષણહાર અને ગુજરાતનો શણગારણહાર.

**(કવિ શ્રી ન્હાનાલાલના વ્યાખ્યાનમાંથી.)**

**उदधाविव सर्वसिन्धव: समुदीर्णास्त्वयि नाथ! दृष्टय:**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधि:॥**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**શ્રી सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧૬-૧૦-૩૭. શનિવાર.


## કિનારો દેખાય છે ત્યારે!

ભીષણ મોજાના ગંભીર ઘુઘવાટો અને પ્રબળ વાયુના ઝંઝાવાતો વચ્ચે ભરદરિયે ઝોલાં ખાતું નાવ કાંઠા સમીપ ખેંચાઇ આવે અને એ સમયે અંદર બેઠેલા પથિકોને જે આનંદ ઉત્પન્ન થાય તેવુંજ આજે આપણા તીર્થો સંબંધમાં બની રહ્યું છે!

પૂર્વજોની ઉદારતાથી—કેવળ ભક્તિપૂર્ણ હૃદયથી-જે હાથ લંબાવાયેલો તેનો લાભ કેવી વિષમ રીતે લેવાયો અને એ પાછળ કેટલા દ્રવ્યનું આંધણ મૂકાયું એ તીર્થ સંબંધના ઝગડાનો થોડા વર્ષનો ઇતિહાસ ઉકેલતાં સહજ જણાઇ આવે તેમ છે. તટસ્થ વૃત્તિએ ઉંડુ અવગાહન કરતાં સ્પષ્ટ દેખાય છે કે તીર્થનો વહીવટ અસલથી શ્વેતાંબરોના હસ્તકજ હતો. 'દિગંબર બંધુઓ સહ કેટલીક માન્યતાઓમાં મતફેર છતાં એ પણ એકજ પિતાના સંતાન હોઇ આપણા ભાઇઓ જ છે, એટલે આત્મ કલ્યાણકારી પ્રવૃત્તિમાં તેમને પણ સગવડ કરી આપવી એ આપણો ધર્મ રહ્યો એમ માની જે કેટલીક ગોઠવણ યોજવામાં આવેલી તેનો સમય જતાં એ નતિજો આવ્યો કે 'આંગળી આપતાં પહોંચો કરડે' તેમ એ વર્ગ તરફથી હકના નામે વાંધા ઉઠાવાયા અને 'વાગ્યું તો તીર નહિં તો તુકકો' એ ઉક્ત અનુસાર દરેક તીર્થમાં માલિકી ને વહીવટ માટે કેશો ઉભા કરવામાં આવ્યા! જોત જોતામાં આત્મ કલ્યાણના એક માત્ર હેતુવડે લંબાયેલ હસ્ત ગંભીર ભુલરૂપે પરિણમ્યો ને શ્વેતાંબર સમુદાયની પરિસ્થિતિ કલહ મહાસાગરના મધ્યમાં ઝોલાં ખાવા જેવી બની ચુકી! દિગંબર પક્ષ તરફથી વ્યવસ્થાસર લડત ચલાવવા તીર્થ રક્ષક કમિટીની સ્થાપના થઇ અને એ સારૂ ફંડ પણ ઉભું કરવામાં આવ્યું. શ્વેતાંબર સમાજ તો વિખરાયેલો પડયો. શેઠ આણંદજી કલ્યાણજી હસ્તક કેટલાક તીર્થો હતાં તેમ કેટલાકનો વહીવટ સાવ જુદા જુદા સ્થાનિક સંઘોના હાથમાં હતો એટલે એકધારો જોસ નજ આવ્યો. વળી કલહ પાછળ આ જાતના કોર્ટ દરબારે નાણા વેડરી નાંખવા એ તેને યોગ્ય પણ ન જણાયા. એટલે સમજુતીના પ્રયાસો માટે ઘણી ઘણી જહેમત ઉઠાવી પણ શૂરે ચઢેલા દિગંબર બંધુઓએ મચક ન આપી એટલે આખરે બચાવ માટે-પોતાના હક્ક સાબિત કરવા સારૂ પ્રયાસ સેવવની જરૂર પડી. વિખરાયેલા બળોને જોડવાના પ્રયાસો સેવાયા. આમ છતાં દિગંબર પક્ષ જેટલું વ્યવસ્થિત સંગઠન તો નજ થઇ શકયું! પણ સત્યના પાયાપર મંડાણ હોવાથી આખરે જયનું ત્રાજવું મોટા ભાગના કેસોમાં શ્વેતાંબર પક્ષના લાભમાં નમ્યું. નજર સામે ફુટી નીકળી અકથિત પીડા આપતા સંખ્યાબંધ તીર્થ કલેશોનો હવે કિનારો દેખાવા માંડયો છે. લાખો રૂપિયાના આંધણ પછી અથાગ પરિશ્રમના ભોગે અને ઉદારતાની અમર્યાદિત સ્થિતિથી કિંવા દયા ડાકણને ખાય એ જનઉકિતમાં સમાયેલ સત્યથી કેટલીક બાબતોમાં નમતું તોલાયા પછી આજે લગભગ એનો અંત નજર સામે જણાય છે! એકજ પિતાના સંતાનના દાવાધારકો વચ્ચે ચાલેલા તીર્થ ઝગડાઓનો આ કરૂણ ને ટુંકો વૃતાન્ત છે. સૌરીપુરનો દાખલો એની સાક્ષી રૂપે ધરી શકાય. દિગંબર બંધુઓ કેવળ લડવાની વૃત્તિથી અને હક્ક પ્રાપ્ત કરવાની લાગણીથી દોરવાઇ કયાં સુધીની કારવાઈ કરે છે અને એ પાછળ કેવી મલિન ભાવનાથી મંડયા રહે છે એનો એ પરથી ખ્યાલ આવે છે! દ્વારકામાં પ્રભુશ્રી નેમનાથનો જન્મ માનનાર એ વર્ગ માટે સૌરીપુરનું તીર્થ તરિકે મહત્વ ન હોવા છતાં કેવળ અસુયાથી ધારણ કરી શ્વેતાંબર સમુહ સાથે લડવું ને ભાગ પડાવવો એ વૃત્તિથી પ્રેરાઈ કેસ ઉભો કરવામાં આવેલ. જોકે જેમ શ્રી સમેતશિખર, પાવાપુરજી, અંતરિક્ષજી, આદિ તીર્થોમાં બન્યું તેમ આમાં પણ ચુકાદો શ્વેતાંબરોના લાભમાંજ આવ્યો છે અને લગભગ દરેક ઠેકાણે વહીવટ માટેના પ્રયાસો નિષ્ફળ જઇ હાથ હેઠા પડયા છે. એકાદ બે સ્થાનના કેસો બાદ કરીએ તો હક્ક ને વહીવટ સંબંધી કેસોમાં આપણે હવે કિનારે આવી ચુકયા છીએ તેથીજ ભાવિ કાર્યવાહી કેવી રાખવી જોઇએ એ પ્રશ્ન વિચારણીય છે.

આજના શાસન તંત્રમાં દસ્તાવેજો ને પુરાવા એ સૌ કરતાં હક્ક સાબિતિ માટેના શ્રેષ્ઠ અંગો છે. વ્યવસ્થિત કમિટિનો નંબર બીજો આવે છે. શેઠ આણંદજી કલ્યાણજી હસ્તક કેટલાક તીર્થો છે, એટલે બાકીના પર પણ તેની દેખરેખ સ્થાપી તેને તીર્થરક્ષક કમિટીનું રૂપ અપાય એ ઇષ્ટ છે. આ સંબંધમાં શ્રીમતી કોન્ફરન્સે ઠરાવ પણ કરેલો છે. એ પરથી પણ એ કાર્ય માટે સકળ સંઘોની દૃષ્ટિ એના પર છે, તો તીર્થોનો આખોયે પ્રશ્ન એક ગ્રંથિમાં ગુંથવા તેણે કમર કસવી જોઇએ. સાથોસાથ પ્રત્યેક નાના મોટા તીર્થને લગતા પુરાવા, શિલાલેખ, દસ્તાવેજ અને ચાલેલા કેસમાં પડેલી મુદ્દાસરની જુબાનીઓનો સંગ્રહ એક પુસ્તક રૂપે તૈયાર કરાવી તેમાં જરૂરી ફોટાઓ અને હદ કે મર્યાદા સુચક નકશાઓ આમેજ કરી, પ્રાચીન કાળનું મહત્વ ટુંકમાં, તથા ઐતિહાસિક મહત્વ વિસ્તારથી દાખલ કરી. અત્યારના યુગની પદ્ધતિએ વર્તમાન કાળના સ્વરૂપનું વર્ણન જોડવા ખાસ લક્ષ્ય રાખવું. એની સંખ્યાબંધ નકલો છપાવી દરેક મોટા શહેરોમાંના સંઘ હસ્તક તેમજ દરેક

(અનુસંધાન પૃ. ૪ ઉપર જુઓ.)

# નોંધ અને ચર્ચા.

**'ગુજરાતી' ના તંત્રીશ્રીને**—આ વર્ષના કૃષ્ણ જન્માષ્ટમી અંકમાં જૈનધર્મ પાળનાર સમુદાય માટે જે પદ્ધતિએ તોછડી ભાષામાં કાદવ ઉરાડવામાં આવ્યો છે અને સત્યની મર્યાદા ઓળંગી જઇ ભળતે ભળતું લખાણ ચીતરી મારવામાં આવ્યું છે તે બિલકુલ ઇષ્ટ નથી અને એક જુના ને જાણીતા પત્રના ખાસ અંકને શોભારૂપ પણ નથી જ. વેદ વિહિત હિંસાજન્ય યજ્ઞો કે દેવી-દેવો સામે થતાં મૂક પશુઓના બળિદાન પ્રત્યે અવાજ ઉઠાવનાર જૈનધર્મ કયા કારણે નાસ્તિક મનાય કે નિંદ્ય ગણાય? અહિંસાની વ્યાખ્યાને વિશ્વસન્મુખ સંપૂર્ણપણે નિર્મળ સ્વરૂપમાં આલેખવા બદલ અને તેટલાજ જોરથી અમલમાં ઉતારવાની જાહેરાત કરવા સારૂ જૈનધર્મની પ્રશંસા કરવી જોઇએ. એ સામે બખાળા કહાડનાર કેવળ સાંપ્રદાયિક દૃષ્ટિના ચક્રાવે ચઢી સત્યનોજ અપલાપ કરે છે એમ કહેવું પડે છે! સમજુ વર્ગમાં એવા લખાણની કોડીની કિંમત પણ નથી રહી, એ વાત ભુલવા જેવી નથી. આજે પણ એવી વ્યક્તિઓ દૃષ્ટિગોચર થાય છે કે જેમનો વર્તાવ સર્વ ધર્મ પ્રત્યે સમભાવપૂર્ણ હોય છે તો પછી મહાભારત કે રામાયણના પાત્રો માટે શા સારૂ વેદધર્મીઓએ ઇજારો લેવો ઘટે? એ સબંધમાં લંબાણ ન કરતાં એટલુંજ કહીયે કે મધ્યસ્થ વર્ગ સામે ઉભય વર્ગના મહાભારત રજુ કરવામાં આવે તો એમાંથી ન્યાયના કાંટે તોલાઇ કોનું લખાણ દલીલયુક્ત ને અત્યારના યુગમાં ગળે ઉતરે તેવું છે તેની સહજ ખાત્રી થાય તેમ છે. વળી એ કાળના પાત્રોને પણ અનુરૂપ ને શોભાજનક છે. ભૂતકાળમાં જૈન સમાજની સુષુપ્તિથી અને જૈનેતરોના છીછરા જ્ઞાનથી જૈનધર્મના નામે ગમે તેમ ઘસડી શકાતું. પણ જાગ્રતિના આ યુગમાં હવે તેમ નજ ચાલી શકે. તંત્રીશ્રી આ વાત અવશ્ય વિચારે. 'જૈનો નાશ' પામી ગયા જેવો ગપગોળો ફેંકનાર લેખક અને એ જાતની હાથ પગ વગરની વાતને પ્રસિદ્ધિ કરનાર પત્ર જનતાની સેવા બજાવે છે કે માત્ર સાંપ્રદાયિકતાના ઘેનમાં સ્વચ્છંદપણે કાગળ કાળા કરે છે! યુગને ઓળખી આવી પ્રવૃત્તિથી અટકવા વિનંતિ છે.

**ધાર્મિક પરિક્ષા**—કોન્ફરન્સ સ્થાપિત એજ્યુકેશન બોર્ડ દ્વારા પ્રતિવર્ષ હિંદના જુદા જુદા શહેરોમાં યુનીવર્સિટીની પદ્ધતિએ એકજ દિને નિર્ણિત કલાકોમાં લેવામાં આવતી ધાર્મિક પરિક્ષા એ કેટલાક જીવંત કાર્યોમાંનું એક છે. એ સામે ભાગ્યેજ કોઈ વ્યક્તિને વિરોધના સુર કાઢવાપણું કે અસંતોષનો ઉભરો ઠાલવવાપણું હશે એ પ્રયાસ ઉત્તરોત્તર જે રીતે વૃદ્ધિગત થતો રહ્યો છે અને પરિક્ષા માટેના કેંદ્રોની સંખ્યા વધવા લાગી છે એ પરથી સહજ અનુમાની શકાય કે એ માટે બે મત જેવું નથી જ. કાર્યકરો મનમાં લ્યે તો આજની સ્થિતિ કરતાં ઘણે દૂર હજુ પણ લઇ જઇ શકે તેવું વિશાળ ક્ષેત્ર સામેજ પડયું છે. સવિશેષ પ્રગતિ થાય તેવો ચોકખો ચાન્સ પણ છે. જરૂર છે એ પાછળ ઉમંગી હૃદયોના હાર્દિક સહકારની અને કેટલાક વ્યવહારૂ ફેરફારોની. સાથો સાથ એ માટેના પરિભ્રમણ અર્થે થોડા દિવસની અવકાશની પણ તેટલીજ જરૂર છે.

પ્રથમ તો કોન્ફરન્સથી એની અલગતા અત્યારે જે રીતે છે તે બદલીને આખુંયે તંત્ર કાર્યવાહક સમિતિની દેખરેખ હેઠળ આણવું, તથા પ્રતિવર્ષ વહીવટ માટે જુદી સમિતિ એ સારૂ નિમવી અને કેવળ ધાર્મિક પરિક્ષા હિંદના દરેક મોટા શહેરોમાં વધુ પ્રમાણમાં લેવાય અને વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ એનો લાભ લઈ શકે એ અર્થે પરીક્ષાનો અભ્યાસક્રમ અટપટીઓ ને સખત ન ગોઠવતાં કિંવા શિક્ષિતોની દ્રષ્ટિએ ન તૈયાર કરતાં નજર સન્મુખ ઉમેદવાર સમુહને રાખીને નિયત કરવો. એ અર્થે કાયમી ફંડ એકત્ર કરવા સારૂ મુરબ્બી તેમજ જીંદગી સુધીના સભ્યો નોંધવા. એના કાર્યક્ષેત્રમાંથી સ્કોલરશીપ ને શાળાઓને મદદ આપવાની વિદ્યમાન પધ્ધતિ બંધ કરવી. એક સમયે ભલે એ આવશ્યક ગણાતી હોય પણ આજે એ કાર્ય બીજી સંસ્થાઓ કરતી હોવાથી બોર્ડે પડતું મૂકવાનું છે. એને પાઠ્યક્રમના પુસ્તકો તરફ સૌ કરતાં વિશેષ ને સત્વર લક્ષ આપવાનું છે. વળી પરિક્ષાના પરિણામ જલ્દી જાહેર કરી અભ્યાસી ગણમાં અભિરૂચી ને ઉત્સાહ સતત્ જાગ્રત રાખવાનો છે.

આ તો સામાન્ય ફેરફારોના છુટા છવાયા ઉલ્લેખો માત્ર છે. એ માટે વ્યવસ્થિત યોજના તૈયાર કરી જુદા જુદા સ્થળોમાં પરિભ્રમણ દ્વારા ધાર્મિક અભ્યાસની અગત્ય પર ભાષણો ગોઠવી, ઉગતા વર્ગને રસ લેતો કરવાની જેમ ખાસ આવશ્યકતા છે તેમ ઉમેદવાર પણ સુલભતાથી જૈન ધર્મ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરી, ઓછા પરિશ્રમે એમાં કાર્યદક્ષ થઇ શકે તેવા પાઠ્યક્રમના પુસ્તકો તૈયાર કરાવવાની પણ તેટલીજ અગત્ય છે. વિશેષમાં એ યોજના એવી હોવી ઘટે કે જેથી છુટી છવાયી કરેક શિક્ષણ સંસ્થાએ એક સાંકળે જોડી શકાય.

---

## રાષ્ટ્રના વિખ્યાત સેવક અને જૈન કોમના અજોડ સેવાવીર શ્રી. મણિલાલ કોઠારીનો સ્વર્ગવાસ.

દેશના અજોડ સેવક શ્રી. મણીલાલ કોઠારીના સ્વર્ગવાસના સમાચારો વર્તમાન પત્રદ્વારા ફેલાતાં આખા દેશમાં શોકની ગંભીર લાગણી ફેલાઇ ગઇ છે. એ વીરનરમાં કાર્ય લેવાની અજબ શકિત હતી. તેઓશ્રી પોતાની કોમળ લાગણીથી ભલભલાના હૃદયમાં સોંસરા ઉતરી જઇ કાર્ય કરાવી શકતા, મદદ મેળવી શકતા, એઓ પોતાના જીવન કાળમાં અનેક વખત ભીષણ કસોટીઓમાંથી પસાર થયા છે, શુદ્ધ કાંચનની પેઠે એની જીવન જ્યોત જળહળતી હતી, તેમણે દેશને માટે ભેખ ધર્યો હતો એટલુંજ નહિ પણ જૈન કોમના પણ સિદ્ધાચલજીની યાત્રાના વિકટ પ્રસંગે કોમને દોરવવા સુકાન હાથમાં લીધું હતું, તેઓએ જૈન યુવક પરિષદના પ્રમુખ સ્થાનેથી ત્રણે ફિરકાના ઐક્ય અને સંગઠનની જરૂરીયાત પોકારી, પરંતુ આપણા કમભાગ્યે ત્યારપછીના ટુંક સમયમાંજ કારાવાસમાં પૂરાતાં અને પરદેશીના કાળા કાયદાના ભોગ બનતાં તેઓની સેવાનો સંપૂર્ણ લાભ કોમ મેળવી શકી નહિ ટુંકામાં એમનું જીવન એ ખરેખર આદર્શ જીવન હતું., આજે દેશને એ સેવાવીરની અપૂરણીય ખામી પડી છે. પ્રભુ તેના અમર આત્માને શાંતિ આપો.

# [1]સમર્પણ.

લેખક: **ચીમનલાલ સંઘવી.**

[2]प्राप्यावन्तीनुदयनकथाकोविदग्रामवृद्धान्—
[3]प्रद्योतस्य प्रियदुहितरं वत्सराजोऽत्र जन्हे ।
हैमं तालद्रुमवनमभूदत्र तस्यैव राज्ञः ।
अत्रोद्भ्रान्तः किलनलगिरिः स्तम्भमुत्पाट्य दर्पा—
दित्यागन्तून् रमयति जनो यत्र बन्धुनभिज्ञः ॥

મહાકવિ કાળીદાસ: દૈવી વિભૂતિઓને પણ જે, તેમનાં તેજ કે રસ જીવનને વર્ણવતાં, તોલ્યા શબ્દોમાં ગુંથે: તે શ્રીમન્‌ના અમૃત ઝરના મુખમાંથી, રસગંગા સમા તેના મેઘદૂતમાં, બબ્બે વાર પ્રગટનાર રસ રાજવિ તે ઉદયન. સંસ્કૃત સાહિત્યના અનેક તારકોને તેણે આકર્ષ્યા છે. તેના રસ જીવનની આસપાસ **સ્વપ્નવાસવદત્તા**નું રમણીય નાટક રચાયું છે.

તે, રાજવિ શતાનિક કે મહારાણી મૃગાવતીનો પુત્ર હતો. મૃગાવતી: મહાન ચેટકની પુત્રી, સામ્રાજ્ઞીઓની બ્હેન, ગુણ ને સૌન્દર્યની વેલ, તેજસ્વીતાની ખાણ ને બુદ્ધિના ભંડાર સમું નારી રત્ન; પતિ મૃત્યુ પામતાં વિજય ધ્વજને ટકાવી રાખનાર, સમ્રાટ ચંડને બનાવનાર–હંફાવનાર, મહારાજ્યનું સુકાન સાચવનાર વિરાંગના; શ્રીમન્ મહાવીરની શિષ્યા થઇ ચંદનબાળાને પણ પરમ શિખર પર ખેંચનાર પૂજનીય માનવતા. તેના અંકમાં ઉછરેલો ઉદયન તેની પ્રતિમા સમો હતો.

સમ્રાટ ચંડ, મૃગાવતીના સૌન્દર્યથી આકર્ષાઇ, કૌશામ્બી સામે જ્યારે રણે ચડેલો ત્યારે, શતાનિક અકસ્માત મૃત્યુ પામતાં તેને, મૃગાવતીની ચાલાકીથી ગુંચવાઇ, તેની તેજસ્વીતાથી અંજાઇ ને પ્રભુ મહાવીરની પરમ શાંતિથી શરમાઇ, પાછું ફરવું પડેલું. તે સમયે તેણે ઉદયનનો, શિશુવયમાં, કૌશામ્બી–વત્સના સિંહાસને રાજ્યાભિષેક ઉજવેલો. પણ પછી, પોતાની પુત્રી વાસવદત્તાને સંગીત શીખવવા, તેણે તે યુવાન રાજવિનું, સૃષ્ટિ પરના સંગીતની પ્રતિમૂર્તિનું, કપટથી હરણ કરાવ્યું. યુવક યુવતિને એકમેકથી અણજાણ રાખવા તેણે પ્રયાસ કર્યો. પણ બંને અકસ્માતથી એકમેક પ્રત્યે આકર્ષાયાં; એકમેકમાં લપાયાં. તે ચંડ તેમને કંઇ કરતાં રોકે તે પહેલાં તે બંને રસભરી યુકિતથી ચંડના સામ્રાજ્યની હદ ત્યજી ગયાં.

તે રસરાજવિ ઉદયન, તેની પ્રિયા વાસવદત્તા સાથે, સ્વ પ્રજાને પુત્રવત પાળતો, વત્સના સિંહાસને શોભતો હતો.

તે મહા ધર્મિષ્ઠ હતો. તેના સમસ્ત જીવન પર માતા મૃગાવતીની પવિત્રતાની, રમણીય છાપ વિલસતી. શ્રીમન્ વીરના શિષ્યોને, મુનિવરોને, તે ભવ્ય માન આપતો. તે તેમને આંગણે ન્હોતરતો. સ્વ ધર્મમન્દિરમાં તે તેમની સેવા ભકિત કરતો; તેઓની સાથે તે જીવનની ઉચ્ચતામાં રમતો.

એક સમયે કોઇક ક્રોધી ચાકરને તેણે કંઇક શિક્ષા કરી. તે ચાકર, ક્રોધથી ધુંધવાતા અંતરે, વત્સથી દૂર ચાલ્યો. પર પ્રાન્તમાં રહી તે જૈન તત્ત્વજ્ઞાનના પાઠ શીખ્યો. તેણે એક મુનિવરને હાથે દીક્ષા લીધી. તે મુનિવર પાસે તેણે ઉદયનની ભકિતનાં ગુણગાન કર્યાં. મુનિવર કૌશામ્બી આવવાને લલચાયા.

ઉદયને, કૌશામ્બી આવી પહોંચેલા, તે મુનિવરનો સત્કાર કર્યો મુનિવરનો કપટી શિષ્ય તેમની સાથેજ હતો, પણ ભકિતઘેલો ઉદયન તેને પારખી ન શકયો. તેણે તે બંનેને સ્વ ધર્મમન્દિરે ન્હોતર્યાં. તે તેમની સાથે ધર્મક્રિયામાં પરોવાયો.

તેની તલ્લીનતા અપ્રતિમ હતી. ધર્મક્રિયાના રસમાં તે રાતદિવસનું પણ ભાન ભુલતો. તેણે રાત્રિના પૌષધ આદર્યાં; ધર્મમન્દિરમાંજ, ભોંય પર, તેણે શયન અપનાવ્યું. કપટી શિષ્યને લાગ મળ્યો. તેણે તે રાજવિના હૃદયમાં, એક રાત્રે, તીક્ષ્ણ ખંજર ભોંકી દીધું. રાજવિ તત્ક્ષણ મૃત્યુ પામ્યો. તેના ઘાતકે, પૂર્વે થયેલા અપમાનના બદલામાં, તેના મૃત દેહ પર અટ્ટહાસ્ય વેર્યું. ને ખંજરને પડતું મુકી તે ત્યાંથી પલાયન થઈ ગયો.

ખંડમાં લોહીની નીક ચાલી. મુનિવર, તેના સ્પર્શથી. ઝબકીને જાગી ઉઠ્યા. એક ક્ષણમાં તે પરિસ્થિતિ પારખી ગયા. તેમની નજર રકતભીના ખંજર પર પડી. તે ક્ષણમાંજ તેમણે કંઇક નિર્ણય કરી લીધો. ને બીજીજ ક્ષણે, ધર્મ ને ધર્મપુત્રો પર ઝઝુમતા વિપત્તિના વાદળને વિખેરવા તેમણે, તે ખંજરને, અમીભર્યાં નયને સૃષ્ટિની ક્ષમા વાંછતાં, પોતાની છાતીમાં ભોંકી દીધુ; હસતા મુખે જીવનનું બળીદાન દીધું.

જીવનનો સ્વૈચ્છિક અન્ત આપઘાત લેખાય. પ્રસંગ તેને સમર્પણનું મહાબિરૂદ અર્પે. મુનિવરના નામ ને કીર્તિની સાથે સંકળાયેલું, એવા ભવ્ય ને કરૂણ પ્રસંગગત, તે બિરૂદ અમર રહે એવી આશાસ્પદ ભાવના સેવવામાં પણ મધુર માનવતા સમાઇ છે.

---

[1] તાજેતરમાં પ્રગટ થયેલા, ડૉ૦ ત્રિભુવનદાસ લહેરચંદ રચિત, 'પ્રાચીન ભારત વર્ષ' નામે એક વિસ્તૃત ઐતિહાસીક ગ્રન્થના ભાગ પહેલાના પ્રથમ ખંડના પ્રકરણ પાંચમા પરથી તારવીને.

[2] વર્ણે વૃધ્ધો ઉદયન કથા એ અવન્તીજ આવ્યે—

[3] પૂર્વે આંહી હરી ઉદયને વહાલી પ્રદ્યોતપુત્રી,
તે રાજાનું અહીં વન હતું તાલનું હેમ વર્ણું;
મદથી ગાંડો નલગિરિ અહીં સ્થંભ પાડી ધુમ્યો' તો,
એવું જુના જન કહી કહી રીઝવે ત્હાં પ્હરોણા.

ન્હા. દ. કવિ.

---

( અનુસંધાન પૃ. ૨ ઉપરથી )

પ્રસિદ્ધ પુસ્તકાલયોમાં અને જ્ઞાન ભંડારમાં રાખવી. આમાં દ્રવ્યવ્યયનો સવાલ અને એ અર્થે નિષ્ણાતોની આવશ્યકતા પ્રથમ નજરે મુંઝવે તેમ છે, પણ એ વસ્તુની અગત્યપ્રતિ ચિત્ત દોરીએ છીએ ત્યારે એ ઉભય બાબત ગૌણ બને છે અને અત્યારસુધી જે રીતે ધન ખરચાયું છે એનો તોલ કરતાં એમાં મુશ્કેલી જણાતી નથી. કદાચ કલ્પી લઇએ કે અમાપ મુશીબતો વિના એ કાર્ય સંભવિત નથી તો પણ વર્તમાન યુગની એ મહત્વભરી ને દીર્ઘદર્શિતા સુચક માંગ—( Demand ) છે એટલે એને સંતોષવા સત્વર પગલાં ભરવાની જરૂર છે.

તીર્થો સંબંધી પ્રશ્ન એ બળતા ને ધ્યાન દેવા લાયક સવાલોમાંનો એક છે. માંડ ભાઇ સાથેના કલહમાંથી આંખ ઉંચી કરીએ ત્યાં હજુ રાજ્ય સાથેના મતભેદો ડોકીયા કરતા ઉભાજ છે. એ કપરી કસોટીની પળ આવે તે પૂર્વે આટલી તૈયારી તો જોઇએ જ. વહીવટદારો એ પ્રતિ પ્રથમ કાન માંડે એજ અભ્યર્થના.

# જૈનો અને બેકારી. ૧

લેખક:—
મોતીચંદ ગિ. કાપડીઆ.

જૈન સમાજમાં હાલમાં બેકારીનો પ્રશ્ન ખાસ ધ્યાન ખેંચી રહે તેવી સ્થિતિએ પહોંચ્યો છે. જૈન ધર્મના અનુયાયીઓ મોટે ભાગે વણિકવર્ગના હોઇ એનો મુખ્ય આધાર વ્યાપાર પર છે એનો કેટલોક ભાગ વ્યાપાર ચલાવે છે, જ્યારે મોટો વિભાગ તેમને ત્યાં હિસાબ કરનાર, નામા તૈયાર કરનાર, વેચનાર, ઉઘરાણી કરનાર અને માલ વેચનાર તોલનાર ઉપાડનાર બતાવનાર તરીકે જૂદા જૂદા વ્યવસાયમાં શ્રમજીવી તરીકે નોકરી કરે છે. આ રીતે વ્યાપારની પરિસ્થિતિ પર ચોક્કસ લક્ષ્ય રાખવાની આપણી ફરજ પ્રાપ્ત થાય છે. જે વ્યવસાય પર સમાજના ભવિષ્યનો મોટે ભાગે આધાર હોય, જેના પર ભરણ પોષણનો મોટો ટેકો હોય તે વિષય પરત્વે બેદરકારી રાખીએ તો ભવિષ્યમાં આપણે ભારે વિમાસણમાં પડીએ. આપણી ચૈત્યો સાહિત્ય પુસ્તકો વિગેરેને અંગે જે ખાસ જવાબદારીઓ છે, આપણી માથે અહિંસાના સંદેશાઓ જગતને પહોંચાડવાની જે ફરજ છે, આપણા વિશ્વશાંતિ સ્થાપવાના જે મનોરથો છે તેને પહોંચી વળવા માટે આપણી એક પણ પરિસ્થિતિ ઘુંચવાય તો આપણે ભારે મુંઝવણમાં પડી જઇએ તેવું છે તેથી આપણે નિરર્થક ઝગડામાં સમય ગાળવાને બદલે આપણા કર્તવ્યની વિચારણામાં પડી જઇએ એ આપણા સામાજિક જીવનના વિકાસને અંગે ખાસ જરૂરી છે.

વ્યાપારને અંગે અત્યારે જૈનોની શી સ્થિતિ છે તે પ્રથમ તપાસીએ. મુંબઇ જેવા મોટા શહેરમાં અવલોકન કરતાં જણાશે કે આપણે છેલ્લા ત્રીશ વર્ષમાં ઘણા વ્યાપારમાં પાછા પડતા જઇએ છીએ. મોટા વ્યાપારોનો જ દાખલો લઇએ તો જણાશે કે ત્રીશ વર્ષ પહેલાં રૂના વેપારનો મોટો ભાગ જૈનોના હાથમાં હતો. મુકાદમીનો ધંધો, તૈયાર માલના વેચાણો અને કામ કામ જીન પ્રેસ અને ખરીદી કચ્છી ભાઇઓના હાથમાં હતી. અતિશયોક્તિ વગર કહી શકાય તેમ છે કે ગુજરાતી અને કચ્છી ભાઇઓના હાથમાં આ સદીની શરૂઆતમાં પોણા ભાગ ઉપરનો રૂનો વ્યાપાર જૈનોના હાથમાં સીધી કે આડકતરી રીતે હતો. મોટી મોટી રૂની પેઢીઓમાં દરરોજ હજારોની નહિ, પણ લાખોની લેવડ દેવડ થતી, મોસમના વખતમાં તેમને ત્યાં વાત કરવાની ફુરસદ નહોતી અને એક એક વ્યાપારીને ત્યાં લાખ એંશી હજાર ગાંસડીઓ તો સહેજે થતી. એમને ત્યાં નોકર, નામાદાર, નમુના કાઢનાર, તોળનાર, દલાલ ઉઘરાણી કરનાર જૈનો મુખ્યતયા હતા.

રૂના વ્યાપારમાં અત્યારે અવલોકન કરતાં જણાશે કે તે વખતના પ્રમાણમાં અત્યારે દશ ટકા વેપાર પણ જૈનોના હાથમાં નથી રહ્યો. એક પણ મોટી પેઢી રહી નથી જેનો વ્યાપાર સર વસનજી કે હીરજી ખેતશીની પેઢીના વ્યાપાર સાથે સરખાવી શકાય. ગુજરાતી વ્યાપારીઓ પણ ઓછા થઇ ગયા છે અને કચ્છી પેઢીઓ પણ બહુજ ઓછી થઇ ગઇ છે. પેઢી ઓછી થતાં તેના પર આધાર રાખનારા નોકર દલાલ વિગેરે ઓછા થાય એ તદ્દન સ્વાભાવિક છે. આ મુંબઇ શહેરનો એક અગત્યનો ધંધો જૈનોના હાથમાંથી લગભગ ચાલી જવાની અણી પર આવી ગયો છે.

એને બદલે અત્યારે રૂના વ્યાપારમાં જૈનોના હાથમાં વાયદાનો વેપાર, લીયા દીયાના સોદા, શીયરનો જુગાર, આંક ફરકનો ચોખ્ખો જુગાર રહ્યો છે. ગણી ગાંઠી પેઢીઓ હજુ આડત દલાલીનું કામ કરે છે, પણ પૂર્વકાળની જાહોજલાલી ત્યાં દેખાતી નથી અને છે તેમાં પણ પાછાં પગલાં પડતાં જાય છે. આ રીતે મુંબઇનો એક અગત્યનો વ્યાપાર આપણને શું બતાવે છે તે જોયું.

આવીજ રીતે આપણે બીજા ધંધાઓ પર દૃષ્ટિપાત કરી લઇએ. મુંબઇમાં બીજો ધંધો ઝવેરાતનો હતો. એના મોતી વિભાગ પર જૈન ભાઇઓનો લગભગ સોએ સો ટકા કાબુ હતો. બ્હેરીનથી માલ ખરીદીને સાફ કરવાથી માંડીને પેરિસ લંડનમાં વેચવાનું કાર્ય જૈનોના હાથમાં હતું. એને અંગે અનેક નોકરો, વીંધનારા, પરોણીગરો, બાંધનાર, સાફ કરનાર પોષાતા અને તેનો મોટો ભાગ પણ જૈનોનો હતો. મુંબઇ સુરતના જૈનોની જાહોજલાલી આ ધંધાને લઇને દૃશ્ય થતી હતી અને સુરતના ઓશવાળના વરઘોડા તો સુરતનું એક અદ્ભુત દૃશ્ય ગણાતું. ઉપરાંત હીરા તથા બીજા ઝવેરાતનો વ્યાપાર પણ બહુ મોટે ભાગે જૈનોના હાથમાંજ હતો.

અત્યારે અનેક કારણોને લઇને મોતીનો વેપાર ભાંગી ગયો છે અને બીજા ઝવેરાતનો વેપાર જૈનોમાંથી ઓછો થયો છે. ઝવેરી બજારની મજા આજે તણાઇ ગઇ છે, અને બાદશાહી વ્યાપારને બદલે એના કરવૈયાઓ મહાજન એસોસીએશનમાં કે શેરબજારમાં આંટા ખાય છે. અત્યારે એ ધંધા તરફ નજર પણ માંડી શકાય તેવી સ્થિતિ રહી નથી. માત્ર ક્વચિત્ હીરાના વેપારમાં સહજ સ્થિતિ ટકી રહે છે તેટલો સંતોષ માનીએ તો પણ મોતીની જાહોજલાલી તો સદાને માટે ગઇ હોય એમ લાગ્યા વગર રહેતું નથી. અને આ સર્વ છેલ્લા દશ પંદર વર્ષમાં બન્યું છે.

એક વખતે મુંબઇની શરાફીમાં કુલ પેઢીઓ જૈનોની હતી. ગુજરાતી વેપારીઓ શરાફામાં કાબેલ ગણાતા હતા અને તેમની આબરૂ પણ જબરી હતી. શરાફ મહાજનનો સીક્કો વાગતો હતો. અત્યારે બે ચાર અપવાદ બાદ કરીએ તો આખી શરાફી જૈનોના હાથમાંથી ગઈ છે. અમુક પેઢીઓ ઓછી થાય તેની સાથે તેના પર જીવનારા પણ સહન કરે છે એ કહેવાની જરૂર ભાગ્યેજ હોય.

મુંબઇના કાપડ બજારમાં વીશ વર્ષ પહેલાં પેઢીઓ હતી તેનાથી અરધી પણ હાલ નથી રહી. ખાંડ બજાર કુલ જૈનોની હતી અને ખૂબ વ્યાપાર ધમાલમાં મશહુર હતી. એની સ્યુગર એસોસીએશનના પ્રમુખ હોદ્દેદારો જૈનોજ હતા. અત્યારે એકાદ અપવાદ સિવાય મુંબઇની ખાંડનો આખો વ્યાપાર પર હસ્તક ગયો છે. એ બજારમાં ગણ્યા ગાંઠ્યા

જૈનો દેખાય છે. તેમનો વેપાર સંકોચાઇ ગયો છે અને પંદર વર્ષ પહેલાંની જાહોજલાલીનું એક અંગ પણ હાલ નજરે પડે તેમ નથી.

દાણાનો વ્યાપાર ચૌદ આના જૈનોના હાથમાં હતો. અત્યારે જો કે મોટા વ્યાપારી ઓછા થયા છે, તોપણ નાના વેપારીઓ હજુ જૈનો સારી સંખ્યામાં છે. એ ધંધામાં પગલાં તો પાછાંજ પડતાં છે, પણ છતાં સ્થિતિ તદ્દન ભયંકર થઇ ગઇ નથી. વહેંચણીનો ધંધો એક હાથમાંથી બીજા હાથમાં જતાં વાર લાગતી નથી એ તો અર્થ શાસ્ત્રનો જાણીતો નિયમ છે, પણ આપણે અત્યારે તો માત્ર વર્ત્તમાન સ્થિતિનું ચિત્ર દોરવાજ પ્રેરાયા છીએ એટલે ધંધા હાથમાંથી જવાનાં કારણો અથવા ભવિષ્યમાં તેને અંગે થવાની સ્થિતિની કલ્પના પર આપણે અત્રે વિચાર નહિ કરીએ. એને માટે વળી કોઇ અન્ય પ્રસંગ હાથ ધરશું.

આ તો મોટા વ્યાપારની વાત થઇ. એ ઉપરાંત પરચુરણના વેપારીઓ, જરમન સીલ્વરના સામાન વેચનાર, તાંબા પીતળના વેપારીઓ વિગેરેમાં પાછા પગલાંજ પડયાં છે. એ વિષયને હવે વધારે લંબાવવાની જરૂર નથી. કહેવાની વાત એટલીજ છે કે ત્રીસ વર્ષ દરમ્યાન વ્યાપાર ધંધામાંથી આપણે સ્થાન મુંબઇ શહેરમાં તો જરૂર ગુમાવ્યું છે.

બાકી આપણા ભાઇઓને સક્રેટેરીટમાં સ્થાન નથી, મ્યુનિસિપાલિટીમાં જગ્યા નથી, સેલ્સમેન તરીકે ઓફિસમાં બહુજ અલ્પાંશ સ્થાન છે, જૈનોના વહીવટમાં મુંબઇમાં એક પણ મીલ નથી, મોટા ઉદ્યોગથી આપણે વંચિત છીએ, ઓફિસોમાં લાગવગ વગર પ્રવેશ નથી અને આપણે તો ભગવાનનોજ આશરો છે, એ તો માત્ર વર્તમાન પરિસ્થિતિ બતાવે છે. એ લાઇનોમાં આપણું હતું નહિ, એટલે ખોયું તો નથીજ, પણ નવીન પ્રાપ્ત કરી શકયા નથી, એ બાબત જૈનોની બેકારીની વિચારણાને અંગે પ્રસ્તુત હોઇ અત્ર ધ્યાન પર લાવવામાં આવી છે, ઓફિસની નોકરીમાં આપણા ભાઇઓને કાંઈ કાંઈ મ્હેતાગીરી મળે છે, પણ જવાબદાર મેનેજરનું સ્થાન ભાગ્યેજ મળે છે એનાં ઘણા કારણો છે જે અત્ર અપ્રસ્તુત છે. આવી દુઃખદ સ્થિતિ મુંબઈ શહેરને અંગે વ્યાપાર ધંધાને અંગે જૈનોની છે.

હવે આપણે ગામડાંઓ તરફ નજર ફેલાવીએ. તેલપળીનો વ્યાપાર કરનાર, ધીરધાર કરી કડારા કરનાર, વ્યાજની ઉત્પન્ન કરનાર વાણીઓ મધ્યમસરની ગરીબાઇમાં પણ આબરૂસર કુટુંબ નિર્વાહ કરી "સાહુકાર" કે' શેઠ'માં ખપતો હતો અને આખા ગામની પંચાત કરી ઝગડા પતાવતો, તેનું અત્યારે સ્થાનજ નથી રહ્યું. ખેડુત વર્ગની દેવાદારીની બુમ પડતાં તેમના દુઃખ નિવારણ માટે કાયદા ઘડાયા, બજાવણીઓ બધ થઇ, વરસોના હિસાબ લેવાના હુકમો થયા એમાં ખેડુતની સ્થિતિ સુધરી કે બગડી એ વાત અપ્રસ્તુત છે, કારણ વાણીઓ મોટે ભાગે ખેડુત હોતો નથી, પણ આખો સાહુકારનો વર્ગ કે ગામડામાં વેપાર કરનાર વર્ગ ખલાસ થઇ ગયો. આ બાબત બહુ બારીકીથી સમજવા યોગ્ય છે. ગામડામાં જઇને અભ્યાસ કર્યા વગર એનો ખ્યાલ થાય તેમ નથી. ત્યાં ખેડુતને જરૂરી વખતે બીઆં અનાજ અને રોકડ ધીરનાર, બળદ કે ગાય ભેંસ ખરીદવાના પૈસા આપનાર વાણીઓ અત્યારે નામશેષ થઈ ગયો છે. એકંદરે જૈનોની દૃષ્ટિએ જોઇએ તો કુલ ગામડાં ભાંગી ગયાં છે. વાણીઆને માટે ત્યાં સ્થાન નથી. અને અત્યારે સમાજવાદના જે વિચારો ચાલે છે તે જોતાં એને સ્થાન ફરીવાર મળનાર પણ નથી. આ હકીકતની યે ગ્યાયોગ્યતાપર અત્યારે આપણો વિચાર કરતા નથી, પણ જે વસ્તુસ્થિતિ છે તેનો ચિતાર રજુ કરીએ છીએ એ વાત ધ્યાનમાં રાખવાની છે. મોટા વ્યાજે લઇ ખેડુતને કરજદારીમાં રાખવાની રીતિ સાચી સારી કે પ્રશસ્થ હતી કે નહિ તેનો અત્રે વિચાર કરવાનો નથી. પ્રસ્તુત વાત એ છે કે ગામડાંનો શેઠ અત્યારે ઉડી ગયો છે.

નાના શહેરો તથા અમદાવાદ જેવાં મોટા શહેરો જોઇએ તો વ્યાપાર હાથમાંથી જતો જાય છે. અન્ય કોમ હરીફાઇમાં આગળ વધતી જાય છે, વીસ વર્ષ પહેલાં જેટલી મીલોનો વહીવટ જૈનોના હાથમાં અમદાવાદમાં હતો તેની અરધી પણ અત્યારે જૈનોના હાથમાં નથી અને છે તેનો સારો જેવો ભાગ અત્યારે સરી જતો દેખાય છે. પરચુરણ વ્યાપારમાં જૂની પદ્ધતિ ચાલતી નથી અને નવા ધોરણે વેપાર કરનારા ફાવતા જાય છે અને બાપ દાદાથી વેપાર કરનાર મ્હેતાગિરી પર ઉતરી પડતા દેખાય છે. આવી વ્યાપારની સ્થિતિ છે. દરેક લાઇનમાં પાછાં પગલાં પડતાં જાય છે. અને દીલમાં દુઃખ ગમે તેટલું થાય પણ વસ્તુ સ્થિતિ ખૂબ વિચારવા યોગ્ય થતી જાય છે એમાં સંદેહ નથી. --- (અપૂર્ણ)

## — પ્રકીર્ણ —

**શતાવધાન**—કરાચીમાં મુનિમહારાજ શ્રી વિદ્યાવિજયજીના આગમન પછી અપૂર્વ જાગૃતિ આવી છે હમણા પોતાના શતાવધાનનાં અદ્દભુત પ્રયોગોથી વિખ્યાત થયેલા શ્રી. ધીરજલાલ ટોકરશી શાહનું અત્રે આગમન થતાં તેમણે કરાંચીની જાહેર જનતા સમક્ષ શતાવધાનના અદ્દભુત પ્રયોગો કરી બતાવી મુગ્ધ કર્યા હતા, તેમને ત્યાંની જુદી જુદી ૭ સંસ્થાઓ તરફથી સુવર્ણ ચંદ્રકો, માનપત્રો પર્સ આદિ એનાયત કરવામાં આવ્યા હતાં.

**જૈન બાળવિદ્યાર્થી ભુવન-ભાવનગર**-ઉપરોક્ત સંસ્થા ધીમે ધીમે મક્કમ પ્રગતિ કરી રહી છે, એમ તેના રીપોર્ટ ઉપરથી જણાય છે, આ વર્ષે પણ પર્યુષણમાં રૂા. ૬૦૦) ની મદદ આ સંસ્થાને મળી છે, જો કે સંસ્થા ખોટમાં ચાલે છે, છતાં સમાજના દાનવીરોના આધારે પ્રગતિ કરતી રહી છે.

**કાળધર્મ પામ્યા**—સ્થાનકવાસી મુનિશ્રી મીશ્રીલાલજી મહારાજ દીલ્હી મુકામે કાળધર્મ પામ્યાના સમાચાર જૈન જનતામાં ફેલાતાં એક સખત આંચકો લાગ્યો હતો. જો કે તેમના વિચારો સાથે ઘણાને મત ભેદ હતા, છતાં તેમનામાં કાર્ય કરી છુટવાની તમન્ના અગમ્ય હતી, અને તેને અંગે તેમના લાંબા ઉપવાસોએ જનતામાં મહાન ચર્ચાનું સ્થાન લીધું હતું. તેમની ઐકય સાધવાની પ્રબળ ઇચ્છા છતાં તેમનાથી તે પાર પાડી ન શકાઇ એજ તેમની મહાત્વાકાંક્ષા અધુરી રાખી તેઓ અંતિમ માર્ગે સીધાવ્યા. તેમના આત્માને પરમ શાંતિ મળે એજ પ્રાર્થના.

# —: જૈન સમાજમાં ધાર્મિક કેળવણી પ્રચાર :—

## યુનિવર્સીટીના ધોરણે લેવાતી પરીક્ષાઓ.

### જ્ઞાન દ્રવ્ય અને જ્ઞાન પંચમીની ઉપયોગિતા.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ દ્વારા ગત વર્ષે લેવાયેલી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને અ. સૌ. હીમકુંવરબાઈ મેઘજી સોજપાલ સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને ઇનામો તથા પ્રમાણપત્રો આપવા માટે તા. ૩ ઑકટોબર ૧૯૩૭ રવીવારના રોજ બપોરનાં સ્ટાં. ટા. ૩-૩૦ વાગે જૈન કૉન્ફરન્સ હૉલમાં પાલણપુર નિવાસી શ્રીમાન્ શેઠ કાલીદાસ સાંકલચંદ દોશીના પ્રમુખપણાં હેઠળ એક જાહેર સંમેલન યોજવામાં આવ્યું હતું. જે સમયે આગેવાન કેળવણી-પ્રિય ગૃહસ્થોની સારી સંખ્યામાં હાજરી હતી

પ્રારંભમાં શ્રી. માણેકલાલ મોદીએ સંમેલન અંગેની પત્રિકા વાંચ્યા બાદ બોર્ડના મંત્રી શ્રી. સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી, સોલિસિટરે પોતાના નિવેદનમાં જણાવ્યું કે બોર્ડ અત્યારે મુખ્યત્વે બે કાર્યો કરે છે (૧) ધાર્મિક પરીક્ષાનું અને (૨) પાઠશાળા મદદ. ધાર્મિક પરીક્ષાના ક્ષેત્રમાં સારી પ્રગતિ થઇ છે. પ્રતિવર્ષે ડિસેમ્બર માસમાં લેવામાં આવતી પરીક્ષાઓમાં ગુજરાત, કાઠીયાવાડ, માળવા, પંજાબ, યુ. પી, મારવાડ, રજપુતાના, મહારાષ્ટ્ર આદિ પ્રાંતોના મલી લગભગ ૧૦૦૦ વિદ્યાર્થીઓ બેસે છે. બોર્ડના અભ્યાસક્રમને ત્યાંની પાઠશાળાઓએ સ્વીકારેલ છે અને અત્યારે સેન્ટરોની સંખ્યા ૧૧૦ ની છે. પરીક્ષા નિયમિત, વ્યવસ્થાપૂર્વક યુનિવર્સીટીના ધોરણે લેખિત થાય છે. છેલ્લા બે વર્ષથી પરિણામ પણ શિઘ્ર પ્રકટ થાય છે. પરીક્ષકો ઑાનરરી સેવા અર્પે છે તેથી કોઈ વખતે પરિણામ આપવામાં ઢીલ થઇ જાય છે.

ધાર્મિક પરીક્ષાના કાર્યને શ્રી ગં. સ્વ. ચંપાબ્હેન સારાભાઇ મોદી અને શેઠ મેઘજી સોજપાલ કાયા ઇનામોની રકમ આપી ઉત્તેજન આપી રહ્યા છે તે બદલ તેમનો આભાર માનતાં મંત્રીએ એ માટે તેઓ કાયમી વ્યવસ્થા કરવા કૃપા કરે એવી વિનંતિ કરી હતી. ગત વર્ષે ૯૨૫ વિદ્યાર્થીઓમાંથી ૭૦૭ પાસ થયા છે. અને રૂા. ૬૯૧-૪-ના ઇનામો અપાયા છે.

પાઠશાળા મદદ ફંડના અભાવે આપવામાં મુશ્કેલી નડે છે તો પણ દાનવીર ગૃહસ્થો પાસેથી મદદ મેળવી તે કાર્ય ચાલુ રાખ્યું છે. શ્રી ગોડીજી પાર્શ્વનાથજી દેરાસરજીના ટ્રસ્ટી સાહેબો તથા અન્ય દેરાસરજીના ટ્રસ્ટીઓ આ માટે મદદ આપે તો ધાર્મિક કેળવણી પ્રચારના એક ઉત્તમ સાધનને ખૂબ વેગ મળે. સં. ૧૯૯૨ માં ૮ પાઠશાળાઓને રૂા. ૧૯૨) ની મદદ અપાઇ હતી. આ વર્ષે રૂા. ૪૦૧) જૂદા જૂદા ગૃહસ્થો તરફથી મળ્યા છે તેમાંથી રૂા. ૨૦૦) ની મદદ મંજુર કરી બાકી જે કોઈ પાઠશાળા તરફથી અરજી આવે તેમને મદદ આપવા મંત્રીઓને સત્તા અપાઇ છે.

બોર્ડ તરફથી હાલમાં "સામાયિક સૂત્ર" પ્રકટ કરવામાં આવેલ છે, જેમાં રૂા. ૬૦૦) લગભગ ખર્ચ થયેલ છે. રૂા. ૨૦૦-૨૦૦ ની શેઠ મેઘજી સોજપાલ અને શ્રી. લીલાવતી બ્હેન દેવીદાસે મદદ આપી છે. કિંમત માત્ર બે આના રાખવામાં આવી છે. એ રીતે સસ્તું અને સારૂં પ્રકાશન કરવાની બોર્ડે પહેલ કરી છે.

બોર્ડની આર્થિક સ્થિતિ રજુ કરતાં મંત્રીએ જણાવ્યું કે માત્ર રૂા. ૩૫૮૨-૯-૯ ના નિભાવ ફંડથી મ્હોટા કાર્યો હાથ ધરી ન શકાય. ચાલુ આવક વ્યાજ અને સુ. ભંડાર ફંડના ફાળાનીજ છે. તેથી બોર્ડને પોતાની પ્રવૃત્તિ આગળ ધપાવવા સમાજે દ્રવ્ય સહાયતા કરવી જોઇએ

### શ્રી. મોતીચંદ કાપડીઆ.

બોર્ડના પ્રમુખ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ મતભેદ વિનાના આ ધાર્મિક કેળવણી પ્રચારના કાર્યને જૂદા જૂદા આકારમાં વિકસાવવા માટે સમાજે દ્રવ્યની મદદ કરવા અપીલ કરી હતી. બોર્ડની પરીક્ષા પદ્ધતિ સુંદર, વ્યવસ્થિત, નિયમિત હોઈ તેને સર્વત્ર વધાવી લેવામાં આવી છે. જ્ઞાન ખાતાની રકમ જ્ઞાન પ્રચારમાં વપરાવી જોઇએ. ધાર્મિક શિક્ષણ પ્રચારની સમાજને ઘણી જરૂર છે, તેના પ્રચારાર્થે એજ્યુકેશન બોર્ડ જેવી લોકપ્રિય સંસ્થાને મદદ કરવી સૌની ફરજ છે એમ જણાવી વકતાએ પરીક્ષામાં પસાર થયેલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને અભિનંદન આપ્યા હતા.

### શ્રી. મોહનલાલ ઝવેરી.

શ્રી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલિસિટરે પાઠશાળાઓમાં બહારગામ પરીક્ષા વિગેરેની તપાસાર્થે ઇન્સપેકટરો રાખવા, જૂદે જૂદે સ્થળે અપાતા શિક્ષણમાં બોર્ડદ્વારા શકય તે પ્રમાણમાં ફાળો આપવા તથા શિક્ષણ આપવાના અનેક સાધનો વિકસાવવા સૂચના કરી હતી. નિબંધો મંગાવવા માટે બોર્ડ યોજના કરે તો એ દિશામાં સારી પ્રગતિ થઇ શકે તેવીજ રીતે પ્રચાર કાર્ય પ્રકાશન આદિ કરવાં તેઓએ જણાવ્યું હતું.

બાદ પ્રમુખ શ્રી. કાલીદાસ દોશીના હાથે મુંબઇની માંગરોળ જૈન કન્યાશાળા અને સ્ત્રી શિક્ષણશાળા, કોટ જૈન પાઠશાળા શ્રી. મુળચંદ બુલાખીદાસ પાઠશાળા આદિના તથા બીજા વિદ્યાર્થો અને વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો તથા રોકડ ઇનામો અપાયાં હતાં.

### શેઠ કાલીદાસ સાંકલચંદ.

પ્રમુખસ્થાનેથી શ્રી. દોશીએ જણાવ્યું કે બોર્ડની પ્રવૃત્તિ અત્યારે ખાસ કરીને ધાર્મિક કેળવણી પ્રચાર તરફ કેન્દ્રિત

થયેલી છે અને હું માનું છું ત્યાં સુધી જૈન સમાજમાં કોઈ પણ વર્ગ તેનો વિરોધી નથી, દરેકનો તેમાં સહકારજ હોય છે. આ સ્થિતિ જોતાં બોર્ડની એ પ્રવૃત્તિને સમાજે દરેક રીતે બહુજ વિકસાવવી જોઇએ.

સમાજને વ્યવહારિક કેળવણી કરતાં ધાર્મિક કેળવણીની કોઈ પણ રીતે ઓછી જરૂર નથી. મનુષ્ય જીવનના વિકાસમાં બન્ને પ્રકારની કેળવણી એ ખાસ પાયારૂપ મનાય છે. તેના પ્રચાર માટે જેટલા પ્રયત્નો થાય તેટલા ઓછા છે. કોન્ફરન્સે હાલમાં વ્યવહારિક કેળવણી માટે ઘડેલી યોજનાને જેવી રીતે એક ઉદાર શ્રીમંત ગૃહસ્થે વધાવી લઈ રૂા. ૨૫૦૦૦) આપ્યા છે, તેવીજ રીતે ધાર્મિક કેળવણી માટે પણ કોઈ દાનવીર ગૃહસ્થ બોર્ડને સારી રકમ આપે તો બોર્ડ જરૂર સુંદર કાર્ય કરી બતાવે એમાં શંકા નથી. હાલની ઇનામી યોજનાને શેઠ મેઘજીભાઇ સોજપાલ અને શ્રી. ચંપાબ્હેન સારાભાઇ જે પ્રકારે આર્થિક પોષણ આપી ટેકો આપી રહ્યા છે તે બદલ તેમને અભિનંદન ઘટે છે.

જૈન સમાજ તો શરૂઆતથીજ 'જ્ઞાન' ની પૂજા અને મહિમામાં માનનાર છે, તેના સ્મારકરૂપ 'જ્ઞાનપંચમી' જેવા તહેવાર આપણામાં મોજુદ છે. જ્ઞાનની ખરી પૂજા તો તેના અધિકમાં અધિક પ્રચાર જ્ઞાનદાનમાં રહેલી છે. "પહેલું જ્ઞાન અને પછી ક્રિયા" એ સૂત્ર બરાબર સમઝવા જેવું છે. આજે તો આપણે અનેક નિરર્થક ઝઘડાઓમાં સમય, શક્તિ અને દ્રવ્યનો વ્યય કરી રહ્યા છીએ. ન્હાના ન્હાના ગામડાઓમાં જ નહિં પણ મ્હોટા શહેરોમાં પણ આજે કેટલાઓને જિનેશ્વર પ્રભુ અને તેના ધર્મ-ધર્મસૂત્રોની ખબર નથી. આ યુગ કેળવણી યુગ છે, તેમાં કેળવણીરૂપી કિરણો જેટલા અંશે વધારે ફેલાશે તેટલા અંશે આપણા સમાજ અને ધર્મની પ્રભાવના થશે તેથી હું સમાજની પ્રત્યેક વ્યક્તિને નમ્રભાવે ધાર્મિક કેળવણી પ્રચાર માટે દરેક પ્રકારની સહાયતા કરવા વિનવીશ.

બાદ મી. મોદીએ જણાવ્યું હતું કે આજના મેળાવડાના પ્રમુખ શ્રી. કાલીદાસ સાં. દોશી અને શેઠ બબલચંદ કેશવલાલ મોદી દરેકે રૂા. ૧૦૦) આપી બોર્ડના લાઇફ મેમ્બર થવા તથા શેઠ મનસુખલાલ હીરાલાલ લાલને સહાયક સભ્ય થવા કૃપા કરી છે.

છેવટે શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને પ્રમુખશ્રીનો આભાર માનવા દરખાસ્ત કરતાં યોગ્ય ટેકો અપાયા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

## કવિ શ્રી ન્હાનાલાલનું જૈનો તરફથી સન્માન.

જૈનોની જુદી જુદી ૬ સંસ્થાઓના આશ્રય નીચે કવિ સમ્રાટ શ્રીયુત્ ન્હાનાલાલ દલપતરામને તેમના મણિ મહોત્સવ પ્રસંગે તા ૬-૧૦-૩૭ ના રોજ સન્માન આપવા એક મેળાવડો મહાવીર વિદ્યાલયના વિશાળ હોલમાં ગોઠવાયો હતો; ઉક્ત પ્રસંગે શ્રી. મોતીચંદ ગિ. કાપડીઆએ પ્રમુખસ્થાન લીધું હતું આ પ્રસંગે કવિશ્રીએ '**રાજવંશનો રક્ષણહાર ને દેશનો શણગારણહાર**' એ વિષય ઉપર પોતાની મીઠી અને અલૌકિક ભાષામાં જે વ્યાખ્યાન વાંચ્યું. તેથી શ્રોતાગણ કોઇ અનેરી દુનિયામાં વિહાર કરતો હોય, એમ ઘડીભર લાગ્યા વીના રહ્યું નહિ. તેમણે ઇતિહાસિક પ્રસંગો તથા જૈનોની વિવિધ ઉપક્રમોની ઘણી મધુર શૈલિએ વ્યાખ્યાઓ કરી જૈનો દરેક ક્ષેત્રમાં કેટલી ઉન્નત ગતિએ વિહરતા હતા, તેનું ખૂબ રસપૂર્વક બ્યાન આપ્યું હતું, જે વ્યાખ્યાનના ઉપયોગી ફકરાઓ આજના અંકમાં મુખ પૃષ્ઠ ઉપર મૂકવામાં આવ્યા છે.

## સ્વીકાર અને સમાલોચના.

**રાજહત્યા**—'પ્રજાબંધુ' પત્રની ચાલુ વર્ષની ભેટ લેખક શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ. મૂલ્ય ૧-૧૨-૦. 'ગુજરાતી' પત્રની ઐતિહાસિક નવલકથા માફક આ પણ એક ઐતિહાસિક નવલકથા છે. એમાં રાજવી અજયપાળના સમયનો ઇતિહાસ આલેખાયો છે. લેખક જાતે જૈન હોઇ સુપ્રસિદ્ધ છે. 'જ્યોત અને જ્વાળા' 'નગ્ન સત્ય' આદિ કેટલીયે કૃતિઓ દ્વારા વાંચક ગણમાં તેઓશ્રી જાણીતા છે. તેમની કલમમાં સરળતા સાથે રસ પ્રવાહની અખંડતા વહેતી હોવાથી વાંચકની જિજ્ઞાસા બની રાખવાની શક્તિ છે. આ કૃતિમાં આલેખેલ બે ત્રણ બાબતોથી અત્યારપૂર્વે જૈન સમાજમાં એ સંબંધમાં સંક્ષોભ ઉઠી ચુકેલ. એને લગતી જે નોંધ પૂર્વે અમો આપી ગયા છીએ તેને વળગી રહીએ છીએ. તેઓશ્રીએ એ આલેખન ન કર્યાં હોત તો પણ વાર્તાનો પ્રવાહ અસ્ખલિત વધે રહેત. અમારી દ્રષ્ટિએ પંડિત રામચંદ્રને રાત્રિના સમયે પાલખીમાં બેસાડી અજયપાળના આમંત્રણથી રાજદરબારમાં મોકલવા. એ પરથી તો ઉલટું પંડિતજીનું પાત્ર સાવ નબળુ બની જાય છે. લેખક તે રીતે પંડિતજી પૂર્વે વિદ્વાન ને કાર્યદક્ષ તરિકે આલેખી પાછળથી તેમની મારફત આ જાતનું વર્તન કરાવી તે દલીલ કરે છે એ વિરોધાભાસ જેવી લાગે છે! આમ છતા એક જૈન લેખક કેટલાક અન્ય લેખકોની માફક સંપ્રદાયિક દ્રષ્ટિએ ન તણાતાં કેવી મધ્યસ્થતાથી રચના કરી શકે છે તેનો આ પરથી ખ્યાલ આવે છે. આખી વાર્તા પરથી જૈન સમાજને તો ઘણા ઘણા બોધપાઠ ગ્રહણ કરવા જેવા છે. અહિંસા, રાજશક્તિ અને જીવનની કિંમત આદિ સંબંધમાં કેવું મંતવ્ય હોવું જોઇએ અને ભૂતકાળમાં પૂર્વજોનું હતું એ પરે ઠીક પ્રકાશ ફેંકાયો છે એ માટે લેખકને ધન્યવાદ ઘટે છે.

**જૈન પંચાંગ પદ્ધતિ**—પ્રકાશક મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી, મૂલ્ય-વાંચન, મનન. આ ટુંક ચારિત્ર સ્મારક ગ્રંથમાળાના ૨૭ માં મણકા તરિકે બહાર પડ્યું છે. જ્યોતિષનો વિષય હોવાથી સામાન્ય જનતા બહુ લાભ લે તેવું નથી. જ્યોતિષના રસ લેનારાઓને ખાસ ઉપયોગી છે.

**દક્ષિણામૂર્તિ ભવનનો રીપોર્ટ**—સને ૧૯૩૬-૩૭ નો રીપોર્ટ સંસ્થા તરફથી મળ્યો છે.

**જૈન બાળ વિદ્યાર્થી ભુવનનો રીપોર્ટ**—સં. ૧૯૯૨ નો રીપોર્ટ સંસ્થા તરફથી મળ્યો છે, શ્રી. જમનાદાસ અમરચંદ ગાંધીની જાતિ દેખરેખ નીચે સંસ્થા ઠીક કામ કરી રહી છે, મુંબઇથી તેમજ સ્થાનિક મદદ પણ ઠીક મળતી જણાય છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી
છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:—"હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो सिध्धस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧ લી નવેમ્બર ૧૯૩૭. | અંક ૭ મો.

# નૂતન વર્ષે 'યુગ'ની અભિલાષા.

કાળ મહાસાગરના વિશાળ જળ સમૂહનું એક બિંદુ, અનેક અવસર્પિણીઓ અને આરાઓનો એક અણુ, આર્યાવર્તમાં અહિંસાની અમર જ્યોત ચેતવનાર ભગવાન્ મહાવીરના જીવન નિર્વાણનું ૨૪૬૩ મું વર્ષ, દાનેશ્વરી વિક્રમરાજની અમર સંભારણા અર્પતું ૧૯૯૩ નું વર્ષ, માનવ સમુદાયના વ્યવસાય વાક્યનું એક વિરામ ચિન્હ, આશ્વિન અમાવસ્યાની અંધારી રાત્રિએ અનંત અવગાહમાં ડુબી જાય છે, અને તે સાથેજ નવાં વાકયની શરૂઆત કરતું, નવીન આશાઓની મીઠી લહરીઓનું સેવન કરાવતું સોનેરી ઉષાનું આગમન થાય છે. નૂતન વર્ષ રૂપે ઘટ માલિકાનો એક ઘડો પુન: માનવ વ્યવહારના જલ ભરતો દૃષ્ટિ સમીપ ખડો થાય છે. જુના ઘટના જલમાંથી યથેચ્છ પાન કરનારાઓ તેમજ તેનો લાભ લેવાથી વંચિત રહેલા બન્ને પ્રકારના માનવો પુન: નૂતન ઘટના જલ નિજ નિજ તરફ વાળવા એક સરખા ઉત્કંઠિત રહે છે, એ નૂતન ઘટ પ્રત્યે અનેક જિજ્ઞાસુ દૃષ્ટિઓ અનેરી આશાઓ સેવતી રહે છે, અને એના જળને પોતા તરફ આકર્ષવાના નિયમિત પ્રયત્નો ચાલુ કરે છે.

વ્યવહાર સંગ્રામમાં જેઓ વિજેતા થયા હોય છે, જેઓ પર ભાગ્ય દેવીની કૃપા ઉતરી હોય છે, જેઓને લક્ષ્મી દેવીએ લલાટ પર કુંકમ તિલક કર્યાં છે, તેઓ પુલકિત વદને દીપમાલિકાઓની હારમાળા નિરખે છે, અને ભવિષ્યમાં ઓર પણ વધુ દીપમાળાઓ પ્રગટાવવાના મનોરથો સેવે છે, જ્યારે એ સંગ્રામમાં ભાગ્યદેવીની અવકૃપાથી પરાજિત થયેલાઓ બની ગયેલી વસ્તુ સ્થિતિ પ્રત્યે એક વિષણ્ણ દૃષ્ટિ ફેંકી ભવિષ્યની ઉજળી આશાઓના સ્વપ્ના સેવે છે, એટલે કે વિજેતા કે પરાજિત, શ્રીમંત કે સાધારણ, સહુ કોઇ ભવિષ્યના ભાગ્ય ક્ષેત્રમાં એક સરખા ઉમળકાથી પગલાં માંડે છે, ભાવિનાં તેજ કિરણ ઝીલવા એ બન્ને સરખાજ આતુર હોય છે.

આ રીતે જેમ વ્યાપારીઓ લક્ષ્મી દેવીની કૃપા અવકૃપાની ગણત્રીઓ ચોપડાના પાના ઉપરથી અંકિત કરે છે, અને ભવિષ્યના માર્ગનું સૂચન એના ઉપરથી મેળવે છે, એજ રીતે હરેક ક્ષેત્રમાં કાર્ય કરનારાઓએ પણ પોતાની પ્રવૃત્તિના હીસાબના સરવાયાં કાઢવાના રહે છે. સમાજના સૂત્રધારોએ સમાજ સેવામાં શું જમા કર્યું અથવા ગુમાવ્યું ? દેશના સૂત્રધારોએ દેશોન્નતિના માર્ગમાં કયાં પ્રગતિ કરી અથવા પીછેહઠ કરી એનો હીસાબ અવશ્ય કાઢવો જોઇએ. અને આપણે ઉપર દર્શાવ્યું તેમ જો પ્રગતિ કરી હોય, કાંઇ મેળવ્યું હોય, કંઇ કરી બતાવ્યું હોય, તો એથી વધારે કરી બતાવવાની તમન્ના સાથે, અને જો ગુમાવ્યું હોય તો તે ઉપરથી જાગૃત બની ભવિષ્યમાં એવી ભૂલ ન કરાય એવા માર્ગગ્રહણની અભિલાષા સાથે નૂતન વર્ષના મંગલ પ્રભાતે જીવનની શરૂઆત કરી આખુંયે વર્ષ પોતે સમાજ અથવા દેશને માટે કંઇક કર્યું છે એ બતાવી ગર્વથી ઉન્નત મસ્તકે સમાજ સમક્ષ ઉભા રહે એજ અભિલાષા સાથે નૂતન વર્ષે ઉત્સાહ અને પ્રેરણાના અમૃત સદાયે અમારા અને તમારા અંતરને અસ્ખલિત રીતે સિંચન કરે એજ નૂતન વર્ષની શુભ અભિલાષા.

—મનસુખલાલ હી. લાલન.

# જૈન યુગ.

તા. ૧-૧૧-૩૭. સોમવાર.


## પૂજ્ય સાધુગણને—

અસ્ત થાય છે! નેત્ર સામેથી અદ્દશ્ય થાય છે! કાળ મહાસાગરના ગર્ભમાં વિલિન થાય છે! પ્રભુશ્રી વીરના સંવત્સરનું ૨૪૬૩ મું અથવા તો વિક્રમાર્કનું ૧૯૯૩ મું વર્ષ! જ્યારે આખુંયે વર્ષ અલોપ થઈ જઇ કોઇ અનેરી ઉષાના અજવાળાં સૃષ્ટિ તળ પર પથરાય છે. ત્યારે શા સારૂ એ ગત કાળના અંધકાર ભર્યા સંભારણા પ્રતિ દૃષ્ટિ તાણવી? એને સ્મૃતિપટમાંથી ભૂસી વાળી, જાણે કંઇ બન્યુંજ નથી એમ માની લઇ, નવુંજ પાનું ઉઘાડાય તો શું ખોટું? **गतं न शोचामि** એમ નીતિકાર પણ વદે છેજ.

મહાવીર પ્રભુના જ્યેષ્ટ પુત્રો! જરા સાંભળો, આપની સન્મુખ આ હૃદયના ઉંડાણમાંથી પ્રગટ થતી પ્રાર્થના છે, એજ પ્રભુના લઘુ ગણાતા બાળકોની પ્રેમભાવની વિનવણી છે. મ્હોટા કહેવડાવા માત્રથી મોટાઇ કે મહત્તા નથી આવી જતી. એની સાથે જવાબદારીનો જે વજનદાર બોજો છે તે ખભા પર ઉપાડવાની આવશ્યકતા છે. ચતુર્વિધ સંઘમાં પ્રધાન સ્થાન આપનેજ શોભે; તો પછી પ્રધાન પદની ચિંતા કરવાની–સારાયે સંઘની સંભાળ રાખવાની–શું આપની ફરજ નથી?

કવિ સમ્રાટ ન્હાનાલાલ જે સંસ્થાના ગૌરવ આજે પણ મુક્ત કંઠે ગાઇ રહેલ છે, જે સાધ્વી ગણુની પવિત્રતા પર પ્રશંસાના પુષ્પો વેરતા જેમણે હર્ષ પેદા થાય છે તે ત્યાગી સંસ્થા આજે કેવી વિષમ સ્થિતિમાં આવી ઉભી છે! આપ સરખા સુકાનીઓ છતાં એની મહત્તાના પુર આથમી રહ્યાં છે! વમળના ચક્રાવામાં એ તણાઇ રહી છે! વાદવિવાદરૂપી મગરમચ્છ એની કોટે બાઝયો છે અને સમયના વધવા સાથે વાતાવરણમાં એવી ભીષણતા ને કલુષિતતા જામતી જાય છે કે જોતજોતામાં એનું ગૌરવ હતું નહતું થઇ જવાની આગાહીઓ અપાઇ રહી છે! આ સર્વ મૂક ભાવે જોવામાં ડહાપણ છે શું?

જૈન સંઘની એક માતબર સંસ્થા, આ પ્રકારની પરિસ્થિતિ ચાલુ રહે તો એમાં ધર્મ અને સંઘબંધારણ સરખા ઉમદા તત્વોનો સર્વનાશ જોઇ રહી છે; તેથીજ નવા વર્ષના માંગળિક ચોઘડીયે–જ્યારે એક મહાન્ વિભૂતિનું નિર્વાણ કલ્યાણક ને એ વિભૂતિના પટ્ટ શિષ્યનું કેવલ જ્ઞાન કલ્યાણક ઉજવાતું આવ્યું છે ત્યારે–યાદ આપે છે કે–

વિદ્વાનો, પૂજ્યો ગચ્છનાયકો, આપ કયા યુગમાં વિચરી રહ્યા છો એનો વિચાર કરો. ચર્ચા ઇષ્ટ છે પણ વિતંડાને તો નવ ગજના નમસ્કારજ શોભે. ક્ષુદ્ર મંતવ્યોથી ત્રિકાળાબાધિત સિદ્ધાંતને અલવલ નજ પહોંચે, છતાં એના તોડ સારૂ સ્યાદ્વાદની પદ્ધત્તિજ વ્યાજબી લેખાય.

ત્યાગી સંસ્થાના ગણુનાયકોને નમ્રપણે એટલું જણાવીએ કે કયાં તો તેઓ શ્રીમદ્ આનંદઘનજી ને યોગી ચીદાનંદજી જેવું નિરપેક્ષ જીવન જીવે નહિંતર પુરોગામી, કળિકાળ સર્વજ્ઞ–શ્રીમદ્ હેમચંદ્રસૂરિ કે સમ્રાટ અકબરશાહ પ્રતિબોધક શ્રી હીરવિજય સૂરિ સરખું સાપેક્ષ જીવન આદરી શાસનના સીદાતા કાર્યો માટે–તીર્થોના સરી જતા હક્કો માટે જૈન સમાજની દિન પ્રતિદિન થઇ પડેલી, શોચનીય સ્થિતિની સુધારણા માટે–કટિબદ્ધ થાય. એ કાર્યની નિષ્પત્તિ અર્થે નાના મતફેરોને ગળવા પડશે ને વિહાર મર્યાદા લંબાવવી પડશે વિચાર પૂર્વક કાર્યક્રમ યોજવો પડશે અને દેશકાળને અનુરૂપ સમિતિની રચના કરી, સતત્ જાગ્રતિ ચાલુ રહે તેવી પદ્ધતિ અખત્યાર કરવી પડશે. નિયત મર્યાદાથી વિરુદ્ધ વર્તનાર માટે યોગ્ય નશિયત ને કડક પગલાં પણ ખરાંજ. તોજ અને ત્યારેજ આજની વર્તી રહેલી છિન્નભિન્ન દશાપર, સંઘની નધણિયાતી ને કઢંગી સ્થિતિપર, દિ ઉગ્યે ફુટી નીકળતા વિચિત્ર તડા ને ચોકા પર કંઇક અંકુશ આવશે પછીજ ચાલુ સમયની જરૂરીયાતો કઇ હોઇ શકે એ વિચારવા યોગ્ય વાતાવરણ સરજાશે. આજ તો આપણા પડોશમાં શું થઇ રહ્યું છે એ નિહાળવાની આપને ફુરસદ નથી. ગૃહ કલહની દિવાલોની વચમાંજ અભ્યાસ–અને આવડત કિંવા જ્ઞાન અને ચારિત્ર ખરચાઇ જાય છે. આમ ન હોય તો હિદ બહાર ગયેલ બૌદ્ધ ધર્મ જોરથી પગ પેસારો કરે, અને એના ભિખ્ખુઓ પ્રચાર સર્વ દેશીય કરવાના કાર્યક્રમ યોજે. હજી આંખ સામે જન્મેલો અને નજર આગળ વૃદ્ધિ પામેલો આર્ય સમાજ જડ જમાવી બેસી. નવ પલ્લવતાના મધ્યાન્હે પહોંચી, ભારત વર્ષના ખૂણે ખૂણે ફરી વળે એ જોઇ અમારા પૂજ્ય સંતો કયાં તો બુધ ગુરૂમાં કે કયાં તો અરહટ્ટ ઘટ્ટીની ક્રિયામાં સંતોષ પકડી બેસી રહે?

આસ્તિક–નાસ્તિક, રૂઢીચુસ્ત–સુધરેલા, વૃદ્ધ–યુવક, આદિ દ્વંદ્વોનું અસ્તિત્વ સનાતન કાળથી ચાલ્યું આવે છે કર્મોના ભિન્નતા સ્વીકારનારા કયા મતફેરથી ગભરાય? શા સારૂ સંસ્થા પ્રત્યે પ્રકોપ દાખવે? ખરૂં શૌર્ય તો સંસ્થાનું સુકાન ગ્રહી ઇપ્સિત ઉન્નત્તિ સાધવામાં છે. માત્ર પરાંગ્મુખતા તો નિંદ્ય છે. દલીલના દેવાળા સદશ છે. યાચના કે પ્રાર્થના જે કહો તે આ છે. કયાં તો એ સ્વીકારી સાચી શાન્તિ સ્થાપી પ્રભુત્વ સાબિત કરો અગર એ મુશ્કેલ જણાય તો ગુજરાત–મુંબઇની ધરતીમાંથી કદમ ઉઠાવી લઇ, બંગાળ પંજાબ સંયુકત પ્રાંત, અથવા મદ્રાસ કે વરાડ પ્રતિ આગળ વધો. ત્યાંના ક્ષેત્રો હજુ અણખેડયા છે; એટલે ત્યાંના માનવીઓને જેમ આપ સરખાનું આગમન કલ્યાણકારી થઇ પડશે, તેમ એ તરફનો નવો અનુભવ નવીજ તમન્ના પ્રગટાવશે. કરાંચીની જનતા આતિથ્યથી આપ અજ્ઞાન નહિંજ હો.

## જૈન યુગના ગ્રાહકોને વિનંતિ.

જૈન યુગ પાક્ષિકના ૬ ઠા વર્ષના ૭ અંકો આપને મોકલાઇ ચુકયા છે. આ ચાલુ વર્ષના લવાજમના રૂા. ૨) આ અંક મળેથી મનીઓર્ડર દ્વારા મોકલી આપશો જેથી વી. પી. ખર્ચના ૦–૫–૦ વધુ આપવાં ન પડે. અન્યથા આગામી અંક વી. પી. થી મોકલાશે જે સ્વીકારી લેવા વિનંતિ છે.

જૈન યુગ કાર્યાલય.

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ**

૨૦, પાયધુની, **મુંબઈ, ૩.**

# શ્રી. અમૃતલાલ કાળીદાસના પ્રેરક વિચારો.

## વિચ્છિન્ન સંઘ—વિઘ્નોનું મૂળ.

## ટ્રસ્ટીઓની સત્તાશાહી સામે ખુલ્લો પડકાર.

( જૈન સ્વયંસેવક મંડળના વાર્ષિક સમારંભ પ્રસંગે શ્રી અમૃતલાલ કાલીદાસના ભાષણમાંથી. )

"આજે હું બે મહિના પછી પુનઃ જાહેર સભાઓમાં બોલું છું. કારણ કે બે મહિનાથી હું બીમાર હતો સ્વયંસેવક મંડળના વખાણ કરવા તે મારા વખાણ કરવા બરાબર છે, કારણ કે મારા જાહેર જીવનનો આરંભ એ મંડળથીજ થયો છે. સ્વયં સેવક મંડળનું કાર્ય અવિચ્છિન્નપણે ચડતી કક્ષાએજ ચાલતું રહ્યું છે, એ આનંદની વાત છે. અત્રે તેના પ્રોગ્રામમાં વિવિધ વિષયો ઉપરાંત સંગીતની લહેરીઓ પણ પીરસવામાં આવી, એમાં એક ભાઇએ જૈન કોમની ઉણપ માટે જે ખેદ બતાવ્યો છે તેને હું તદ્દન મળતો થાઉં છું. આ બધાના કારણ માટે આપણામાં પડેલી ફાટ વધારે જવાબદાર છે. જ્યાં સુધી આપણે વહેંચાયેલા છીએ, ત્યાં સુધી ન તો આપણાથી બેકારી નીવારી શકાય તેમ છે, ન તો કેળવણી પ્રચાર થઇ શકે તેમ છે. જો આપણે એટલે હું અને તમે બધા મળીને ઐક્ય કરવાની પ્રતિજ્ઞા લઇએ તો આપણે એટલું કામ કરી શકીએ તેમ છે કે અત્રે ભાઇ ગણપતિશંકરે જૈનોના જે વખાણ કર્યાં છે, તેથી સેંકડોગણા વખાણને લાયક આપણે અવશ્ય બનીએ એમ હું છાતી ઠોકીને કહું છું. કારણ કે આપણી પાસે શ્રીમંતો છે, વિદ્યાપતિઓ છે, વિચારકો છે, યુવકો છે, સેવાભાવી સ્વયં સેવકો છે. આવા મેળાવડાઓમાં એને લગતી મંત્રણાઓ ન થાય, પરંતુ આપણે બીજી રીતે વિચારી અવશ્ય તોડ લાવી શકીએ."

"હવે હું અત્રે એક પ્રસંગ જે લાલબાગના ટ્રસ્ટીઓની બાબતમાં ઉપસ્થિત થયો છે તે માટે કંઇક કહેવા ઇચ્છું છું આ વસ્તુ હું ઇરાદાપૂર્વક કહું છું કેમકે એજ લાલબાગનો હું મેનેજીંગ ટ્રસ્ટી છું. ટ્રસ્ટીઓ અને આ સ્વયં સેવક મંડળ વચ્ચે કેવી રીતે અથડામણ ઉભી થઇ તે બાબતથી હું અજ્ઞાત છું, કારણ કે હું હાજર થઇ શક્યો નહોતો, છતાં પણ હું એટલું તો અત્યારે જરૂર આ પ્લેટફોર્મ ઉપરથી કહી શકું કે ટ્રસ્ટીઓ સંઘના સેવકો છે, નહિ કે સત્તાધીશો. તેઓ ટ્રસ્ટનો વહીવટ કરે છે, આપણા તરફથી પાઇએ પાઇ મૂકાએલીનો વહીવટ તેઓ આપણા વતી કરે છે, અને તેઓ આપણને જવાબ આપવા અવશ્ય બંધાએલા છે, એકેએક જૈન એઓ પાસેથી ન્યાયની માગણી નિઃશંકપણે કરી શકે છે. હું દાખલો આપી જણાવીશ કે આજે કોંગ્રેસરાજ થતાં જે અમલદારો તેમના ઉપર જુલમ કરતા હતા, તે આજે સત્તાપર આવતાં તેમનાજ નોકરો તરીકે રહે છે. તેવીજ રીતે આજના યુવકો કે સ્વયં સેવકો કાલે ટ્રસ્ટીઓ નહિ થાય તેની શું ખાત્રી છે? હું તો એટલે સુધી કહું છું કે એ સમય આવતોજ જાય છે, એટલે જો આજના ટ્રસ્ટીઓ સત્તાના મદમાં આમ પ્રજાને ન ગણકારે તો હું કહીશ કે શા માટે તેમની પાસે સત્તા રહેવી જોઇએ? શા માટે આપણે તે આપણા હાથમાં ન લઇ શકાય? પરંતુ અહિં મારી વિચાર સરણી કેટલાક ઉતાવલીઆ વક્તાઓથી જુદી પડે છે, હું સમજાવટથી અને ધીમે ધીમે કામ લેવામાં માનનારો છું જ્યારે મણિભાઇ આદિ બાથંબાથામાં માનનારા છે."

"હું આજે ખુલ્લા શબ્દોમાં કહીશ કે જો ટ્રસ્ટીઓની કંઇ ગેરસમજ થઇ હોય તો તેમને સમજાવવાનો અને રસ્તો કાઢવાની પહેલી જરૂર છે, અને તેમ છતાં જો તેઓ ન માને તો ગમે તે પગલાં લઇ આપણે ન્યાય મેળવવો જોઇએ. આ બાબતમાં પણ સ્વયં સેવક મંડળ એ પ્રમાણે વર્તશે એમ હું આશા રાખું છું."

"છેવટમાં પણ મારા પ્રથમના દર્શાવેલા વિચારોને પુનઃ એક વાર ઉચ્ચારતાં કહું છું કે આ બધી વિઘ્નકારી પ્રવૃત્તિઓનો નીકાલ કરવાનું સાધન માત્ર એકજ છે, અને તે ઐક્ય. પરંતુ તે ઐક્ય મારાથી કે કાન્તિભાઇ એકલાથી નહિ થઇ શકે, તે તો કોન્ફરન્સ જેવી આગેવાન સંસ્થા દ્વારાજ થઇ શકે, અને તેમાં પણ તમામ આગેવાનોના સહકાર ઉપરાંત સ્વયંસેવક ભાઇઓની સહાય પણ જોઇશેજ. અને આપણે ઐક્ય કરવાની પ્રતિજ્ઞા લઇનેજ ઘેર જવું જોઇએ. આમ આટલું કહી: હું બેસી જવાની રજા લઇશ."

## શાંતમૂર્તિનું સ્વર્ગારોહણ

મહાતીર્થ શ્રી શત્રુંજયના આંગણે મુનિ જીવનના આદર્શ સમા, પવિત્ર સાધુ જીવનના સુવાસિત વાતાવરણમાં ચાલુ સમયની પ્રચલિત અન્ય કોઇ પણ ચર્ચાઓથી લેપાયા સિવાય કેવલ સમભાવવૃત્તિ. પ્રશંસનીય શાંતિધારી ચારિત્રનું પાલન કરનાર **મુનિશ્રી કપૂરવિજયજી** માહારાજનું કાળધર્મ પામવું એ મોંઘેરા લ્હાવ સમાન છતાં ભક્તો ને ઉપાસકો માટેનો દુઃખનોજ પ્રસંગ લેખાય. તેઓશ્રીના દર્શનથી ગમે તેવા તપ્તહૃદયના આત્માને શીતળતા પ્રાપ્ત થતી. તેમને જોતાંજ શ્રીમદ્ આનંદઘનજી કે યોગી ચિદાનંદજી સ્મૃતિપટમાં તાજા થતા–ખાદીધારી આ આ સંત સતત અધ્યાત્મમાંજ મસ્ગુલ જણાતા–જ્ઞાનરશ્મિઓ ઘરોઘર ને ખાસ કરી ઉગતી પ્રજામાં પ્રસરાવવાના તેઓશ્રીના પ્રયાસો સુપ્રસિદ્ધ છે ભાવનગરના પ્રકાશ યુગલમાં આવતા લેખોથી કે પ્રેરણાથી પ્રગટ કરાવેલ પુસ્તિકાઓથી ભાગ્યેજ કોઇ જૈન સંતાન અજ્ઞાત હશે, કપુરની સુવાસની તેઓશ્રીની પવિત્ર જીવન પરાગ ચોતરફ વિસ્તરેલી છે. ધન્ય હો, એ મૂક્તિપંથે વિસરનાર મહાવિભૂતિને! વંદન હો એ મહાત્માના ચરણમાં.

—જૈન યુગ કમિટી.

# મૈયાની મનોવ્યથા.

( એક સ્વપ્નદર્શન. )

જ્યારે મોહમયીનો આ મહાસાગર મોજાને ઉંચા ઉછાળી ગર્જારવથી નૃત્ય કરી રહ્યો છે! જ્યારે વાલકેશ્વરની પેલી આલીશાન મહેલાતો એકએ પૂરાઈ જતાં એના પર તદ્દન નવી ધપે ખડી થયેલી હવેલીઓ અને જવર અવર માટેનો આ સુંદર માર્ગ ધરતી માતાને આલ્હાદ આપી રહ્યાં છે! જ્યારે દિ ઉગ્યે જેનો વિસ્તાર વૃદ્ધિગંત થતો જાય છે અને જોત-જોતામાં જ્યાં પચરંગી પ્રજાની વિવિધ સંસ્થાઓ જન્મે છે અને ટુંક સમયમાં તો યૌવનનો ઉન્માદ અનુભવે છે! ત્યારે આ ગૌરવશાળી નગરીમાં વર્ષોથી ઘર કરી બેસનાર, ઓ વ્હાલી માતા! આપના ચહેરા પર યૌવનની તેજસ્વિતાને ચંચળ-તાને સ્થાને આમ વિષન્નતા ને ખિન્નતા, અરે વન કુદાવી ગયેલ વૃદ્ધા જેવી નિસ્તેજતા કાં પથરાઇ ચુકી છે? સમૃદ્ધિનો એ તૃતિયાંશ જેના હાથ તળે થઈ પસાર થાય છે એવો ઉલ્લેખ લોર્ડ કર્ઝન જેવાને કરવો પડેલો, અને જેના પૂર્વજો માત્ર ધનસંપાદન કે વાણિજ્યમાંજ પાવરધા હતા એટલુંજ નહિં પણ અમાત્ય–મહાઅમાત્ય અને સેનાનાયક પદે રહી શસ્ત્રો પણ વીંજી જાણતા, એવા સંખ્યાબંધ સંતાનો જ્યારે આજે આપના અંકને શોભાવે છે, ત્યારે ઉદાસી ધરવાનું શું પ્રયોજન છે! આપનીજ સાહેલીઓ આજે આનંદ-પ્રમોદ માણી રહી છે! કોઇક તો વળી શરતના મેદાનમાં મોખરે જઇને રાજમુગટ ધારી બેઠી છે, શક્તિનો પરચો દાખવી રહી છે ત્યારે આપજ કેમ પાષાણની શાંતિ સેવી રહ્યાં છો? તનમનાટને બદલે ગંભિ-રતાનું ચિત્ર ખડું કરી રહ્યાં છો?

પુત્ર! અંતરનું દુઃખ બહાર પ્રગટ કરવાથી શો લાભ?

હૃદયની મનોવ્યથાના રૂદન ન હોય! એના તો સમના ભાવે સહન કરાય. એજ શોભાસ્પદ લેખાય જરૂર મૌનતા ને ગંભી-રતા એ તો કુલિનપણાનું અનુપમ અંગ ગણાય. છતાં વેદનાની રજુઆત મુંઝવણ ટાળે છે અને એ દ્વારાજ એની કાયમી ઘોર ખોદાય છે એ ભુલવું જોઇતું નથી તેથીજ હૃદય ખોલવું ઈષ્ટ ગણાયું છે, આશાભર્યા તનુજ! ગાંધીયુગના પ્રેમળ સંતાન! મારી કરુણ કથની શાંત ચિત્તે શ્રવણ કર. કદાચ એમાં કટાક્ષ કે ઠપકાની રેખાઓ જણાય, એથી ગુસ્સો ન કરતો. માતાના એ ઉકળાટ પાછળ વાત્સલ્યના વારિ ઉછળી રહ્યાં છે એ સ્મૃતિપટમાં કોતરી રાખજે. એ પણ સમય હતો કે જે વેળા મારી ગોદ રાય બ્રદ્રિદાસજી, રાય બુદ્ધિસિંહજી, શ્રેષ્ટિ વીરચંદ દીપચંદ, શ્રેષ્ટિ મનસુખભાઇ ભગુભાઇ, શ્રેષ્ટિ ખેતસી ખીઅસી શોભાવતા હતા. હોંશભેર વડોદરા, અમદાવાદ, ભાવનગર અને કલકત્તા જેવા શહેરો સન્માન માટે પડાપડી કરતા–સંખ્યા-બંધ જૈનો અધિવેશનને તીર્થયાત્રાના અનુપમ લ્હાવ સમ અવધારી લઈ એકત્ર થતા ને ભારતવર્ષના ભિન્ન ભિન્ન પ્રાંતોના સ્વધર્મી બંધુઓના દર્શનરૂપ સંમેલનને નિરખી આંખો ઠારતા–અંતર તૃપ્ત કરતા–સારાયે સંઘોની એ પ્રતિ એકધારી નજર હતી. મતફેરો પડતા, બોલાચાલી થતી, છતાં ભાઇભાઇ વચ્ચેના એ વૈમનસ્ય સમાઈ જતાં. શ્રેષ્ટિ ફકીરચંદ ને ભાઇ અમરચંદની કુનેહને ધગશ હજુ પણ વીસરાતી નથી. આજે એ નથી રહ્યું! સંતાનો તો લાખો લેખાતા હોય, ત્યાં સુપુત્રો નથી એમ કેમ કહેવાય? નજર સામેના શ્રેષ્ટિ કસ્તુરભાઇ, કે રેવજીભાઇ અને બાબુ નિર્મળકુમારને કેમ વીસરી જવાય! છતાં ઘરક્લેશથી કચવાટ પેદા થયો છે. એકજ માતાના સંતાનો મારા અંકમાં રમવાને બદલે મનેજ ઝઘડાનું મૂળ માની લઇ બેઠા છે! વીસમી સદીના આ વિદ્યુત્ વેગી કાળમાં ભારતવર્ષના જુદા જુદા ભાગોમાં, ઈતર સંસ્થાઓ અને સમાજો નિયમિત અધિ-વેશન ભરી જે જાગ્રતિના આંદોલનો પ્રગટાવી રહ્યાં છે, સંગઠ-નના જે મહામંત્રો ફેલાવી રહ્યાં છે, અને નવી રાજ્ય વ્યવ-સ્થામાં–ખંધ પર નંખાતી વહીવટ સંબંધી જવાબદારીઓમાં–પૂર્ણ અભ્યાસ દ્વારા સ્વહક્ક સંરક્ષવા જોરપૂર્વકનો ઝુકાવ કરી રહ્યાં છે; તેની સરખામણીમાં મારા પુત્રો તરફ મીંટ માંડતાં મ્હારૂં હૃદય કમકમી ઉઠે છે! ક્ષુદ્ર કલહોમાં અહોરાત્ર રાચી રહેલાં ને પરસ્પરને ઉતારી પાડવાના નિંદ્ય પ્રયત્નમાં માચી રહેતાં નિહાળી મ્હારૂં અંતર બળીને ખાખ થાય છે. ધર્મની રક્ષાના નામે–સિદ્ધાંતની સેવાના નામે–કે આત્મિક કલ્યાણની મનગમતી વ્યાખ્યાના નામે–પ્રચલિત સાઠમારીઓએ–પરસ્પરના વીતંડાઓએ–ઉભી કરેલી જુદી છાવણીઓએ ઉત્કર્ષનો કેવો ફાળો નોંધાવ્યો એ તો કોઇ તટસ્થ હાથે નોંધાવાય ત્યારેજ સમજાય. બાકી એને એ ઉક્તિ તો જરૂર લાગુ પડી શકાય કે–'રોમ બળી રહ્યું હતું ત્યારે એનો શાશક' નીરો ગાનતાન ને મદિરામાં મશ્ગુલ બની આનંદ માણતો હતો!, સુષુપ્તિ-શિથિ-લતા–અને કંકાશમાં કેટલું બધું ગુમાવ્યું તેનો આંક આ બૃહસ્પતિના વંશજના દાવાદારો નથી કહાડતા. મારી હાજરી એમને વર્ષની પરિસ્થિતિનો ભાગ લેવામાં નિમિત્તભૂત થઇ પડે, જે પ્રાંતમાં બેઠક હોય એમાં જાગ્રતિના પુર વડાવવામાં ઉપયોગી નિવડે, અને પરસ્પરના વિચાર વિનિમયથી ભાવિ પ્રગતિના માર્ગ શોધનમાં કારગત થાય; આવા સુંદર પ્રસંગના યોગરૂપ મારૂં આગમન પણ આજે એમને અકારૂં થઇ પડયું છે! જનેતા–જન્મભૂમિ માફક રાષ્ટ્રિય મહાસભા અને જૈન મહાસભા એ પણ માતાના અધિકારે છે. માતાના હૃદયો અમાપ વાત્સલ્યથી ભરપૂર હોય છે. ભિન્નભિન્ન વૃત્તિ પર નૃત્ય કરતાં ને કર્મરાજના ક્ષયોપશમની જુદી જુદી કક્ષા પર આવી ઉભેલા સંતાનોમાં મતભેદોના મતફેર, વિચારણાની વિવિધતા કે કાર્યવાહીના વિચિત્ર વહેણ સંભવેજ. એ માટે માતાને દોષ ન દેવાય. માતાનો પ્રેમ ને આશીર્વાદ સૌ પર સરખોજ હોય. આમ છતાં ઓ, પ્રેમાળ બાળક, સાંભળ.

મારા સંતાનના એક ભાગે મારૂં સુરત મુકામે તેરમું કરી વાળ્યું! કેટલાક પ્રતિષ્ઠા સંપન્ન પુત્રોએ ક્ષેત્ર સન્યાસ લીધો! ઓઘ સંજ્ઞા સેવી, વિભાગ માટે હું જીવું છું કે મરૂં છુ એવો પ્રશ્ન પણ નથી રહ્યો! મારા પ્રત્યે માન ધરાવનારા કેટલાક શિક્ષિત તનુજો વિચાર કક્ષામાં એટલા આગળ કુચ કરી ગયા કે આમ જનતા એને અનુસરી ન શકી, મારા મૂઠીભર

બાલુડાઓના પાશ્ચાત્ય સંસ્કારોથી રંગાયેલા ને ઉન્માદની આગથી ભભુકતા ધર્મ વિષયીક વિચારોએ શ્રદ્ધાવંતોના મોટા સમૂહમાં ભયંકર સંક્ષોભ પ્રગટાવ્યો! શ્રીમંત ને રૂઢિચુસ્ત ગણાતા એક મોટા ભાગમાં ચાલુ યુગના બળતા પ્રશ્નોએ અને એ પાછળ પીઠ બળ દેતી યુવક પ્રવૃત્તિએ ધરતીકંપના આચકાની ગરજ સારી! મારાજ દુધમાંથી જેમના જન્મ સંસ્કાર થયા છે અને મનેજ વિસારી મેલી જેમની પાછળ મંડવાની મનોવૃત્તિ પ્રકટી છે એવા જુનવાણી ને ગગનગામી યુવાનોની મર્યાદિત સંસ્થાઓ ઉભી થઇ. મારા પ્રતિના એકધારા પ્રેમમાં એને ગાબડા પાડવામાં મણા ન રાખી! આ બધી વિલક્ષણ પ્રવૃત્તિના દોષનો ટોપલો મારે શીરે ચઢાવી, જાત જાતના વિરોધી સુર મારી સામે ખડા કરી, વાતાવરણમાં એવું તો વિષ ભર્યું છે કે સારાયે હિંદમાં મારા સંતાનો પથરાયેલા છતાં, તેમજ તેઓ શક્તિ ભક્તિ અને અન્ય માર્ગે દ્રવ્ય વ્યય માટે સુપ્રસિદ્ધ છતાં તેઓ મારૂં અસ્તિત્વજ લગભગ ભુલી ગયા છે! કોઇ ગણ્યા ગાંઠ્યા યાદ કરે છે તો માંડ એકાદ વાર! કેટલાકની પૂછપરછ છે છતાં સાવ લુખી! ભાગ્યેજ પૂર્વથી પશ્ચિમ કે ઉત્તરથી દક્ષિણ પર્યંતના એકાદ પ્રાંતવાસીને પોતાને આંગણે મને આમંત્રવાનું મન સરખુંયે થાય છે! ભાઈ ભાઇ વચ્ચેના મતફેરોએ મારી આ દશા આણી મેલી છે! મારા ભૂતકાળના ઉપકારો ને આવશ્યક કાર્યો સાવ વિસ્મૃત થઇ ગયાં છે!

આમ નિરાશા વાદળો હેઠળ ઘેરાયલી હું હજુ કેટલાકના હૃદયમાં મારૂં સ્થાન અચળ રાખી શકી છું. મારા એ સંતાનોનો ચાહ મર્યાદિત છતાં બન્યો રહ્યો છે! આ મોહમયીની પ્રબળ ધમાલ વચ્ચે અને ભાત ભાતના વ્યવસાયોની જાળમાં ફસાયા છતાં પણ તેઓ મારી ભાળ રાખે છે! મને સુખ ઉપજે, મારી દેહ સ્થિતિ સુધરે, હું પ્રફુલ્લિત થઉં એ સારૂ ઉહાપોહ કરે છે. નિષ્ણાતોની સલાહ લે છે, જાત જાતની સમિતિઓ નીમે છે. મારા એ સંતાનો આવા લાગણીવાળા છતાં કમનસિબે તેઓ પણ ત્રણ ભાગમાં વહેંચાયેલા છે! એમાંના ધનિકો વાત વાતમાં અધર્મ જુવે છે! યુવકોના પ્રત્યેક કાર્યમાં શંકા અને સત્યાનાશ દેખે છે! એ સામે યુવકોની ચક્ષુઓ પણ ઓછી રાતી નથી. એમને પ્રત્યેક કાર્યોમાં રૂઢિચુસ્તતાના દર્શન થાય છે! વાત વાતમાં બહુમતિનો સધિયારો લઇ એવા તોડફોડના સ્વપ્ના સેવે છે કે અલ્પ સમયમાં એક નવિન સમાજના સર્જન થઇ જાય! આ દૂરવર્તી છેડાઓની મધ્યમાં શિક્ષિત તરિકેની પ્રતિભાના ઘેનમાં ઘેરાયેલ વર્ગ ઘણું ખરૂં સુંદર ચર્ચાઓના વમળમાં ભ્રમણ કર્યાજ કરે છે! કોઇક વાર ઇધર તો કોઇકવાર ઉધર પીઠ દઇ ડુબતું વહાણ સમતોલ રાખવા પ્રયત્ન સેવે છે! આમ આ મ્હારા ભકિતવંત પુત્રો મારી સાર સંભાળ ચિંતામાંથી-પરસ્પરની માન્યતામાંથી પરવારતાંજ નથી કે જેથી મારા દરદનું મૂળ શોધાય.

જુદા જુદા દેશોમાં ભ્રમણ અને નવ નવા હવા પાણીના સેવન સિવાય મારૂં અંતર વિકસે કે મારામાં પ્રફુલ્લિતતાનો પમરાટ પ્રસરે એવું મને નથી દેખાતું! જો કે બીજી કેટલીક વાતો છે, છતાં મારા સ્વાસ્થ્ય માટે એ આવશ્યકને પહેલી તકે હાથ ધરવા યોગ્ય નિદાન છે, પરસ્પરના મતફેરો કાયમ રાખીને પણ મારા પ્રત્યે એકધારો સ્નેહ પ્રવાહ વહેવો જરૂરી છે. એમાંજ સમાજનો અભ્યુદય છે. પણ એ ઝીણો સાદ શ્રવણ કરનાર કે ઝીલનાર કયાં છે!

—સ્વપ્નદ્રષ્ટા.

# 'અમારો જન્મસિદ્ધ હક્ક'?

### એક કટાક્ષ ચિત્ર.

સુજ્ઞ વાંચક! શિર્ષક વાંચીને એક પ્રખ્યાત લોકનેતા—લોકમાન્ય તિલક મહારાજે વર્ષો પૂર્વે ઉચ્ચારેલા 'હક્ક'ની પુનરૂક્તિ કે સમર્થનની આશા રાખતો મા, કેમકે હું કોઈ રાજકીય પ્રશ્ન ચર્ચવા ઇચ્છતો નથી-એમાં મને કંઇ રસ પણ નથી અને માનવજાતિનો જાણે એકજ જન્મસિદ્ધ હક્ક છે એમ માની લેવું તે શું સંકુચિત મનોદશાનું પ્રતિક નથી? તું જે કલ્પવા લલચાયો હોય તે હક્ક-સ્વરાજ્ય—વિષે તો આજ પૂર્વે પુસ્તકાલયો ઉભરાઇ જાય એટલું લખાઇ ગયું છે અને બોલાયું છે. તેમાં વ્યર્થ વધારો કરવાની મારી ઇચ્છા નથી—ફુરસદ પણ નથી. હું જે હક્ક માટે લખવા માગું છું તે તો 'સ્વરાજ્ય'ના હક્ક કરતાંય પુરાણો અને અનેક-ગણો વધારે મહત્વનો છે, અરે આજે તો આ સ્વરાજ્યના કાલ્પનીક હક્ક માટે મેદાને પડનારાઓજ અમારા જન્મસિધ્ધ હક્ક સામે જેહાદ જગાવવા લાગ્યા છે. ત્યારેજ તો તેમની સામે કલમ ઉપાડવાની આવશ્યકતા ઉપસ્થીત થઇ છે.

વધુ પ્રતીક્ષા કરાવ્યા સીવાય જણાવી દઉં છું કે 'જુદા પડવાનો અમારો જન્મસિધ્ધ હક્ક છે.' જોજે પાછો 'જુદા પડવાનો' એટલે સામ્રાજ્યમાંથી જુદા પડવાનો હક્ક સમજતો નહી; એ તો થોડાક ધાંધલીયાની વ્યર્થ ઝૂર્મો છે. **આ તો સંઘમાંથી, સમાજમાંથી, જ્ઞાતિમાંથી, તડમાંથી, એકડામાંથી વગેરે વગેરેમાંથી જુદા પડવાનો—જુદું તડ જમાવવાનો—હમારો જન્મસિદ્ધ હક્ક છે.** પોતાની જાતને સુધરેલા માનતા, બીજાના હક્કો માટે ફના થઈ જવાનો આડંબર કરતા કેટલાક સ્વયં બની બેઠેલા આગેવાનો આ આપણા હક્કને ડુબાવવા-તેના ઉપર ત્રાપ મારવા—વ્યર્થ બુમ બરાડા પાડી રહ્યા છે, સ્વરાજ્ય આવે ત્યારે કાયદાની મદદથી આ હકકને છીનવી લેવાની તેમની મુરાદ છે. સ્વરાજ્ય તો આવે ત્યારે ખરૂં, પણ બીચારાઓને ભાન નથી કે આ હક્કને માટે મરી ફીટવા-પાયમાલ થઈ જવા—સેંકડો સજ્જનો, આ બાલવૃધ્ધ-કટિબધ્ધ છે.

હજારો વર્ષોથી અમારા પૂર્વજોએ આ હક્કનો ભોગવટો કર્યો છે. તેનાજ પરિણામે તો હમે અનેક ધર્મો, પેટાધર્મો, સંપ્રદાયો, જ્ઞાતિઓ, તડો, એકડાઓ વગેરેનું એક, જગતમાં અદ્વિતીય, સંગ્રહસ્થાન અમારી પુણ્યભૂમિમાં વસાવી શક્યા છીએ. વિવિધતામાંજ નવિનતા છે. નવિનતામાંજ ચૈતન્ય છે. સંસ્કૃતિનો પ્રથમ પ્રકાશ અમારા પૂર્વજોને મળ્યો. તેઓએ આપણી ભૂમિના મૂળ વતનીઓ અનાર્યો વગેરેથી જુદા પડી ઉપરોક્ત હક્કનો પ્રથમ અખતરો સફળતા પૂર્વક કર્યો. આજે

પણ અમે તેઓએ પ્રવર્તાવેલી અસ્પૃશ્યતાને અમારા ધર્મના અવિભાજ્ય અગ સમી માનીએ છીએ-થોડા ઉચ્છૃંખલો ભલે ન માને. પછી તો આર્યો પણ અનેક વિભાગમાં વ્હેંચાયા. દર્શનશાસ્ત્રીઓએ દર્શનવાર નવા વિભાગો પાડી આ હકકનો ભાંગવટો કર્યો. દરેક દર્શનના અનુયાયી-જ્ઞાની ધર્માચાર્યોએ પણ સૈકે સૈકે જુદા ફાંટા પાડી, વાડા જમાવી જીવન સફળ કર્યું-અમર નામના કરી. ભગવાન મહાવીર અને બુધ્ધના કાળમાં પણ અનેક મતો પ્રવર્તતા હતા. દરેક મતવાદી બીજાઓથી જુદા જુથ જમાવતો. ત્યારપછી શ્વેતવસ્ત્ર-દિગ્વસ્ત્ર-મિમાંસા સમયે પણ શ્વેતાંબર, દિગંબર એમ બે પેટાપંથ પડયા. થોડાજ સૈકા પૂર્વે એક વિદ્વાનને મૂર્તિપૂજાની અનાવશ્યકતાનું જ્ઞાન થયું, એટલે તેઓશ્રીએ એક ભિન્ન તડ જમાવી-જુદા પડવાના હક્કનો અમલ કર્યો. અરે, ચાલુ વર્ષેજ બુધ-ગુરૂ ચર્ચાને લીધે જૈન સમાજમાં ઉત્પન્ન થયેલી જાગૃતિનો સદુપયોગ કરી દીર્ઘદ્રષ્ટિવાળા નાયકોએ બે મોટા પક્ષો સ્થાપી જનતાનું કલ્યાણ સાધ્યું! (ધન્ય છે આ હકકનો ઉપયોગ કરી તેને કટાઇ જતો અટકાવનારા મહા પુરૂષોને) આ ઉપરથી એટલું તો ચોકકસ માનવુંજ પડશે કે પૂર્વોક્ત હકક કંઇ આજ-કાલનો નથી, પણ પરાપૂર્વથી ચાલ્યો આવે છે. અને તેથીજ બીજા અનેક પરંપરાગત હકકોની જેમ આ હકક માટે પણ આપણે-આર્યપૂર્વજોના સુપુત્રોએ-મક્કમપણે લડત ચલાવવીજ જોઇએ. જ્યાં આ હક્ક ઉપર ત્રાપ મારવાની વાત હોય ત્યાં વળી પેલા 'સ્વરાજ્ય' જેવા મામુલી હકક માટેની લડતને શું કરવી છે?

શેરીમાં ખેલતાં નાના બાળકો પણ કોઇ તકરારનું સમાધાન ન થાય તો તરતજ જુદા જુદા પક્ષો રચે છે. આપણા તડ પાડવાના હકકનું તેમને પણ સચોટ ભાન હોય છે. એક વખત એક જ્ઞાતિમાં છોકરાઓને અંગ્રેજી શિક્ષણ આપવા માટેની યોજના ઉપર ચર્ચા ચાલી. અમુક ભાગે તો આખી યોજનાનોજ વિરોધ કર્યો, કેમકે તેઓ જાણતા હતા કે પાશ્ચાત્ય શિક્ષણથી છોકરાઓ ધર્મભ્રષ્ટ થાય છે. બાકીના કેટલાકે કહ્યું કે વીસમી સદીમાં પ્રત્યેક હિંદીને અંગ્રેજીનું અમુક જ્ઞાન આવશ્યક છે-ભલે તેઓને ધર્મભ્રષ્ટ થતા અટકાવવા રચનાત્મક યોજનાઓ ઘડાય. મતભેદ વિશાળ થયો, અ-સાધ્ય બન્યો. છેવટે-તડ પાડવાના જન્મસિધ્ધ હકક પ્રમાણે બન્ને મતવાદીઓએ જુદા એકડા કર્યા. હવે તેઓ વચ્ચે પોતપોતાના પક્ષકારોને મિષ્ટાન્ન જમાડી સ્વામિવાત્સલ્યનું પુણ્ય ઉપાર્જન કરવાની રસભરી હરિફાઇ ચાલી રહી છે. અને હરિફાઇ એજ પ્રગતિનું મૂળ છે! માટે આ હકકના સતત ભોગવટાથીજ અમે સર્વદેશીય પ્રગતિ સાધી રહ્યા છીએ!

અનેક પ્રજાઓ, સલ્તનતો, આપણા દેશપર રાજ કરી ગઇ, પણ કોઇ સત્તાએ આ અમારા જન્મસિદ્ધ હકક ઉપર ત્રાપ મારી હોય તેવું-દેશી કે વિદેશીએ લખેલા-કોઇ પણ ઇતિહાસમાં વાંચ્યું નથી. દૂર કયાં જવું? આપણી વર્તમાન સરકાર તેમજ પુરાણી રાજસત્તાઓના તેજસ્વી અવશેષો સમા દેશી રાજ્યો પણ તડ પાડવાના આપણા હકકને માન્યજ રાખે છે.

કેટલાક સમયથી કહેવાતા સુધારકો આ હકક સામે છૂપો-ગંદો-પ્રચાર કરતા જણાય છે. સ્વરાજ્ય આવે ત્યારે આ હકક સદંતર ડુબાવવાની વાહીયાત વાતો કરે છે! પણ તેઓ ન ભૂલે કે વીર પૂર્વજોના સુસંતાનો આ જન્મસિધ્ધ હક્કની રક્ષા ખાતર તન, મન, ધન અને સર્વસ્વ કુરબાન કરવા કટિબધ્ધજ છે.

અને નવા રાજકીય સુધારાઓ અમલમાં આવે ત્યારે, આપણા ઉપરોક્ત સનાતન, પરંપરાગત, જન્મસિદ્ધ હકકને સંપૂર્ણ રક્ષણ અપાશે એવી સ્પષ્ટ જાહેરાતનો, ના. સમ્રાટના ઢંઢારામાંજ, સમાવેશ કરાવવા માટે આપણા ખાનદાન, પ્રતિષ્ઠિત, પરંપરાનુસારી આગેવાનોનું એક 'ડેપ્યુટેશન' વીલાયતની પાર્લામેન્ટ સમક્ષ રવાના કરીયે તો શું ખોટું?

**સુન્દરલાલ એ. કાપડીઆ, બી. એ.**

# કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ.

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

શ્રી પર્યુષણ પર્વાધિરાજ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટીના સભાસદો વિગેરેને શ્રી સુકૃત ભંડાર ફંડ એકત્ર કરવા મોકલાયેલી અપીલના પરિણામે નીચેની રકમો વસૂલ આવી છે જે આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

**સ્થાનિક સભાસદો પાસે પાવતી બુકો બાકી રહી હોય તે તેમણે ભરાવી હિસાબ સાથે કૉન્ફરન્સ ઑફિસમાં તુરત પાછી મોકલી આપવા વિનંતિ છે.**

| | |
|---|---|
| ૪૦-૦-૦ | શ્રી મણીલાલ જેમલ શેઠ દ્વારા. |
| ૫-૦-૦ | શ્રી મણીલાલ મોકમચંદ શાહ હા. મણીલાલ જેમલ શેઠ દ્વારા. |
| ૫-૦-૦ | શ્રી દલપતભાઇ ભુખણદાસ હા. મણીલાલ જે. શેઠ દ્વારા. |
| ૧૦-૦-૦ | શ્રી ભગવાનદાસ હરખચંદ દ્વારા. |
| ૨૫-૦-૦ | શ્રી મણીલાલ જેમલ શેઠ દ્વારા. |
| ૧૫-૦-૦ | જૈન સંઘ સમસ્ત બારસી હા. શ્રી નારાણજી નરશી શાહ દ્વારા. |
| ૩૧-૮-૦ | શ્રી મુલુંદના ભાઈ-બ્હેનોના હા. ગં. સ્વ. રાણબાઈ તે. જમનાદાસ અમરચંદ ગાંધી દ્વારા. |
| ૫-૦-૦ | શ્રી માણેકલાલ સ્વરૂપચંદ દ્વારા. |
| ૧૫-૦-૦ | શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ, બી. એ. દ્વારા |
| ૨-૦-૦ | શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન દ્વારા. |
| ૧૦-૦-૦ | શ્રી સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી, સોલિસિટર દ્વારા. |
| ૧૦-૦-૦ | ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી, એલ. એમ. એન્ડ એસ. દ્વારા. |
| ૫-૦-૦ | શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલ દ્વારા. |
| ૨૨-૦-૦ | શ્રી કાંતિલાલ ઇશ્વરલાલ દ્વારા. |
| ૧૦-૦-૦ | શ્રી જૈન સંઘ આમોદ હા. શ્રી છગનલાલ ફુલચંદ. |
| ૫-૦-૦ | શ્રી ત્રિકમજી પત્રામલ મુનવર દ્વારા. |
| ૧૩-૦-૦ | મેસર્સ ભાઇચંદ અમોલખની કંપની-મુંબઇના. |
| ૨૩-૦-૦ | ડૉ. પુનશીભાઈ હીરજી મૈશેરી, જે. પી. દ્વારા. |
| ૧૫-૦-૦ | શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતા દ્વારા. |
| ૨૬૬-૮-૦ | |

# મેળાવડાઓનો મહિનો.

( ટુંક અવલોકન. )

આસો માસની શરૂઆત થતાંજ સમાજમાં પુરૂષ તેમજ સ્ત્રી વર્ગમાં ચેતનના ચમકારાઓ શરૂ થતા જણાય છે, આસો માસની શુકલ ૧ થીજ નવરાત્રિના દિવસોની શરૂઆત થતી હોવાથી સ્ત્રી વર્ગ સ્વાભાવિક રીતેજ ગરબા આદિના ઉત્સવ માણવા પ્રેરાય છે, જ્યારે પુરૂષ વર્ગ પણ દિપાવલી નજીક આવતી હોવાથી પોત પોતાના કાર્ય પ્રત્યે અધિક ચપલતાથી ધ્યાન આપે છે, આ રીતે ઉભય વર્ગ ઉત્સાહના વાતાવરણથી અંકિત બને છે, એ ઉત્સાહની અસર સામાજિક કે ધાર્મિક સંસ્થાઓ ઉપર પણ ત્વરિત થતી હોય એમ છેલ્લાં બે ત્રણ વર્ષથી જોવામાં આવે છે. મહિલા વર્ગ તરફથી શરદુત્સવ ગરબા પાર્ટી નવરાત્ર મહોત્સવ આદિ જુદા જુદા નામો નીચે નવરાત્રના દિવસો ઉજવાય છે, પુરૂષ વર્ગ પણ કંઇક ભકિતથી તો કંઇક રસવૃત્તિથી આવા ઉત્સવોને સહકાર આપે છે, અને એ તકનો લાભ સંસ્થાના સંચાલકો લેતાં પણ ભૂલતા નથી. સ્વભાવિક રીતેજ સુંદર ઋતુ. સ્કુલો ઓફિસો કોલેજો વિગેરેમાં રજા, આ બધા સુંદર પ્રસંગોનો લાભ સમાજના સંચાલકો લઇ સમાજના અંગેના વાર્ષિક કે કોઇ બીજા સમારંભો ગોઠવે છે

આ વર્ષે પણ એજ પ્રકાર જોવામાં આવ્યો છે, અન્ય કોમોની વાત બાજુએ મૂકી આપણે જૈન સમાજ તરફ નજર કરીશું તો જણાશે કે આપણી કોમની સંસ્થાઓના સંચાલકોએ પણ આ માસનો ઠીક ઠીક ઉપયોગ કર્યો છે. આ માસમાં નાના મોટા ૭ થી સાત મેળાવડાઓ આપણી કોમ દ્વારા ઉજવાયા છે, આ સર્વ મેળાવડાઓનું ટુંક અવલોકન કરવું એ આ લેખનો મુખ્ય ઉદ્દેશ છે.

પ્રથમ તો કવિ શ્રી ન્હાનાલાલના સત્કાર માટે પાંચથી ૭ સંસ્થાના આશ્રય નીચે મહાવીર વિદ્યાલયમાં યોજાએલો મેળાવડો, આ મેળાવડામાં હાજરી જો કે અલ્પ છતાં પણ કવિશ્રીની રસ ઝરતી કલમથી લખાયેલું ઇતિહાસિક ભાષણ એ આ મેળાવડાની ખાસ વિશિષ્ટતા હતી

બીજો મેળાવડો કોન્ફરન્સ ઓફિસમાં યોજાએલ જૈન એજ્યુકેશન બોર્ડ તરફથી ઇનામ તથા સર્ટીફીકેટો આપવાનો સમારંભ. આ મેળાવડામાં હાજરી તો અલ્પજ કહી શકાય, એટલુંજ નહિ પણ ધાર્મિક અભ્યાસ પ્રત્યે દિન પ્રતિદિન રૂચિ કેટલી ઓસરતી જાય છે, તે મેળાવડામાં હાજર રહેલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની જુજ સંખ્યાથી કલ્પી શકાય છે. સંસ્થાના સંચાલકોએ આ વાત ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર જણાય છે.

ત્રીજો મેળાવડો આવ્યો માંગરોળ કન્યાશાળાનો-કાવસજી જહાંગીરનો ભવ્ય હોલ આખો સ્ત્રી પુરૂષોથી ચીકાર ભરાઇ ગયો હતો, ઘણાક ભાઇ બ્હેનોને જગાના અભાવે ઉભું રહેવું પડયું હતું, આ કન્યાશાળા તરફથી પ્રતિવર્ષે વિજયાદશમીના રજાના દિવસનો લાભ લઈ આ સમારંભ યોજવામાં આવે છે. તેમજ નૃત્ય ગરબા આદિનો આકર્ષક પ્રોગ્રામ રખાતો હોવાથી સામાન્યત: એ જોવાની હરેકને અભિલાષા થાય છે. આ મેળાવડાની સંપૂર્ણ હાજરી અને પ્રથમના બે મેળાવડાની હાજરીની સંખ્યાનો મુકાબલો કરતાં જનરૂચિ કઇ તરફ ઢળી ગઇ છે, એ સ્પષ્ટ દેખાઇ આવે છે. આ મેળાવડાના સંચાલકો ખુબ જહેમત ઉઠાવે છે, ગરબા વિગેરે ઠીક યોજાય છે, પરંતુ એમાં પણ આર્યત્વની ભાવનાનું કેટલેક અંશે ખુન થતું દેખાય છે, ઇંગ્લીશ ઢબના અનુકરણો અને ડ્રેસો કંઇક સુધારણા માગે છે, ગાયનો અને ગરબાઓ પણ સરળ હોય તેમ વધુ પ્રિય બને છે, એ તરફ સંચાલકોનું લક્ષ ખેંચાએ તો તેમાં કંઇ ખોટું નથી લાગતું, તેમજ ઉપર જણાવ્યું તેમ સામાન્યતઃ. જનતાને ટીકાનો સમય ન મળે એ ઉપર ધ્યાન આપવાની જરૂર છે.

ત્યાર પછી આવ્યો ઘાટકોપર યુવક સંઘ તરફથી યોજાએલો વાર્ષિક ઉત્સવ ઘાટકોપરમાં સંપૂર્ણ ઉત્સાહ વચ્ચે ઉજવાયેલા આ મેળાવડામાં ઘાટકોપરના અગ્રગણ્ય શહેરીઓએ ઠીક લાભ લીધો હતો તેમજ મુંબઇથી પણ ઉત્સાહી ભાઇઓ ગયા હતા, એક વર્ષનીજ કારકીર્દીના પ્રમાણમાં સમારંભની ધમાલ વધારે પડતી ગણાય, તેમાંય પણ યુવક સંઘોના સમારંભ પાછળ આટલો વ્યય કંઇક વધારે તો કહેવાયજ, છતાં પણ કાર્ય કરનારાઓનો ઉત્સાહજ આ માટે જવાબદાર હોઇ શકે.

આ પછી આવ્યો જૈન સ્વયં સેવક મંડળ તરફનો વાર્ષિક મેળાવડો. ભાંગવાડીનું મધ્ય લત્તામાં આવેલું લોકપ્રિય થિએટર, બેસવાની સગવડ, અને નિવૃત્તિનો સમય, આ બધું જોનારને આકર્ષવા માટેના અનુકૂળ સાધનો ઉપરાંત સ્વયં સેવક મંડળની લોકપ્રિયતા, તેનું તાલીમબદ્ધ બેન્ડ, અને તાલીમ પામેલા વ્યાયામ કરવાવાળાઓના વિધ-વિધ પ્રયોગ, આ બધું લોકરૂચિને ઠીક અનુકુળ પડતું હતું, અને તેથીજ જનતાએ ઠીક લાભ લીધો કહેવાય. લાઠી વિગેરેના પ્રયોગોમાં જૈન વિદ્યાર્થીઓ કરતાં જૈનેતર વિશેષ દેખાતા હતા. લાલબાગની આપખુદ ટ્રસ્ટીઓની જોહુકમી માટે લોકોના કાન યોગ્ય રીતે ચમકાવવામાં આવ્યા. સંચાલકોએ સમયની મર્યાદા ઉપર ખાસ ધ્યાન આપવું જરૂરી છે.

આ ટુંક અવલોકન કરતાં એટલો સાર તારવી શકાય છે કે જમાનાનો પ્રવાહ એવો છે કે લોકો શુષ્ક મેળાવડાઓમાં રસ જોઇએ તેવો લેતા નથી, પરંતુ જો તે મેળાવડાઓમાં સાથે સાથે કંઇક વિવિધ જોવાલાયક કાર્યક્રમ હોય તોજ જનતા આકર્ષાય છે, અને લોકો તો જન્મથીજ કુતુહલ અને નવીન જોવાની જિજ્ઞાસાવાળા હોવાથી તુરતજ તે તરફ આકર્ષાય છે, આજે સમાજની સ્થિતિ તાવ આવેલા માણસ જેવી થઇ પડી છે, તાવથી પીડાતા માણસને એકલું ક્વીનાઈન લેવું બહુજ અકારૂં લાગે છે, પરંતુ જો તેને સાકરવાળી ગોળીઓ અપાય તો ગળી શકે છે, તેમજ જો મિશ્રિત મેળાવડાઓ હોય તેજ તેનો લાભ જનતા લેવા પ્રેરાય છે, પરંતુ આવા દેખાવોમાં પણ મર્યાદા અને સંયમને અવશ્ય સ્થાન રહેવુંજ જોઇએ. જો એ બાબત ઉપર લક્ષ ન અપાય તો પ્રવાહ ધારવા કરતાં અન્ય સ્થળે ઉતરી જઈ ઉલટાની ખરાબી કરી મૂકે. દરેક સંસ્થાના સંચાલકોએ આ બાબત હૃદયમાં કોતરી રાખવા જેવી છે.

—ચક્રવાક.

# સ્વ. મણીલાલ કોઠારી.

## મુંબઈમાં જૈનોની જાહેર સભા.

રાષ્ટ્ર અને સમાજના અનન્ય સેવક ભિક્ષુકરાજ સ્વ. શ્રી મણીલાલ વલ્લભજી કોઠારીને અંજલી આપવાને મુંબઈમાં શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, જૈન યુવક સંઘ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય આદિ ૨૨ જૈન સંસ્થાઓના આશ્રય હેઠળ તા૦ ૧૭-૧૦-૩૭ ના રોજ રાતના સ્ટા. ટા. ૮/૩૦ વાગે મહાજન એસોસીએશન હૉલમાં એક જાહેર સભા મળી હતી. પ્રમુખસ્થાને સરદાર શ્રી વલ્લભભાઇ પટેલ બિરાજ્યા હતા.

શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ નીચેનો ઠરાવ રજુ કર્યો હતો.

"મુંબઇની ભિન્ન ભિન્ન જૈન સંસ્થાઓના એકત્ર આશ્રય નીચે બોલાવેલી જૈનોની આ જાહેર સભા સ્વ. મણીલાલ વલ્લભજી કોઠારીના અકાળ અવસાન સંબંધમાં તિવ્ર શોકની લાગણી રજુ કરે છે. એમણે દેશની તેમજ સમાજની જીવનભર બને તેટલી સેવા કરી હતી અને એક આદર્શ વફાદાર સૈનિક તરીકે પોતાનું જીવન તેમજ મૃત્યુ ઉજ્જવલ બનાવ્યું હતું. તેમનું હૃદય અપૂર્વ વાત્સલ્યથી ભરેલું હતું અને અજોડ વકતૃત્વથી રાષ્ટ્રકાર્યમાં અખુટ ધનનો પ્રવાહ તેમણે વહાવ્યો હતો. તેમના જવાથી જૈન સમાજને, કાઠીયાવાડના પ્રજાગણને તેમજ રાષ્ટ્રિય મહાસભાને એક સાચા શક્તિશાલી કાર્યકર્તાની ભારે ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને આ સભા પરમશાંતિ ઇચ્છે છે અને તેમના સ્વજન સંબંધિઓ પ્રત્યે આ દુઃખદ પ્રસંગે આ સભા અંતઃકરણપૂર્વક સહાનુભુતિ દર્શાવે છે."

ઠરાવના સમર્થનમાં શ્રી કાપડીઆએ જણાવ્યું કે સ્વ. મણીભાઈ દેશના સાચા સિપાહી હતા. તેમણે તેમનું સમસ્ત જીવન સેવાના ચરણે ધરી દીધું હતું. તેઓ આપણી વચ્ચેથી ચાલી ગયા છે છતાં તેમની સુવાસ આપણા જીવનને મઘમઘાવી રહી છે. આજે દેશને નેતા કરતાં સેવકોની જરૂર વધારે છે. તેઓ સાચા સેવક હતા. જૈન કોમની શ્રી શત્રુંજયના પ્રશ્ન વખતે, યુવક પરિષદ્ આદિ પ્રસંગે તેમણે ઘણીજ બહોશીથી સુંદર સેવાઓ બજાવી છે.

ઠરાવના વધુ સમર્થનમાં શ્રી મણીલાલ મોકમચંદ શાહ, શ્રી શિવલાલ નરપતલાલ મણીયાર, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી અને શ્રી ગૌતમલાલ અમુલખ શાહે ભાષણ કરી સ્વર્ગસ્થના આત્માપર અંજલીના પુષ્પો વેર્યા હતા.

સરદાર શ્રી વલ્લભભાઈ પટેલે શ્રી મણીલાલ કોઠારીના જીવનનો પરિચય કરાવીને જણાવ્યું હતું કે હું મણીલાલને ભૂલી શકતો નથી. મ્હારી પાસે જાહેરજીવનનું એક પણ એવું કાર્ય ન્હોતું કે જેમાં તેમણે મ્હને સાથ ન આપ્યો હોય. તેમના ચાલી જવાથી હું અપંગ થઇ પડ્યો છું. જ્યારે જ્યારે પૈસાની જરૂર પડતી ત્યારે ત્યારે તેઓ તો તે માટે પ્રથમથીજ તૈયારી કરી રાખતા હતા. સામા માણસ પાસે સચોટ છાપ પાડવાની તેમનામાં દૈવી શક્તિ હતી. એમણે ઘણાં પાપીઓ પાસેથી પુણ્ય કરાવ્યું હશે, ઘણાં સુમ પાસે દાન કરાવ્યા હશે. વધુમાં સરદાર પટેલે સ્વ. કોઠારીના જીવનના કેટલાક અદ્ભુત પ્રસંગોનું વર્ણન કરીને તેમણે કરેલી સેવાની પ્રતીતી કરાવી હતી.

સભાજનોએ ઉભા થઇને સર્વાનુમતે ઠરાવ પસાર થયેલો જાહેર કર્યો હતો. પ્રમુખનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

---

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

## જૈન પાઠશાળાઓને મદદ.

બોર્ડને નીચેના ગૃહસ્થો તરફથી ચાલુ વર્ષમાં (૧૯૯૩) પાઠશાળાઓને મદદ આપવા માટે જે રકમો મળી છે તે સાભાર સ્વીકારીએ છીએ.

| | | |
|---|---|---|
| શેઠ ગિરધરલાલ ત્રિકમલાલ | મુંબઇ. | રૂ. ૧૦૦-૦-૦ |
| શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ | મુંબઇ. | રૂ. ૧૦૦-૦-૦ |
| શેઠ માણેકલાલ ચુનીલાલ | મુંબઇ. | રૂ. ૧૦૦-૦-૦ |
| શેઠ કકુભાઇ ભુદરદાસ વકીલ | મુંબઇ. | રૂ. ૧૦૧-૦-૦ |
| | | ૪૦૧-૦-૦ |

આ વર્ષમાં ઉપરોક્ત રકમ પ્રાપ્ત થતાં નીચેની દરેક પાઠશાળાઓને એક વર્ષ માટે રૂ. ૨૫) ની મદદ મંજુર કરવામાં આવી છે.

(૧) શ્રી જૈન શ્વે. પાઠશાળા **આમોદ,** (૨) શ્રી પુણ્યવિજયજી જૈન પાઠશાળા **ગેરિતા,** (૩) શ્રી વાસુપૂજ્ય જૈન પાઠશાળા **અલાઉ,** (૪) શ્રી બુદ્ધિસાગર સૂરિ જૈન પાઠશાળા **આજોલ,** (૫) શ્રી જૈન પાઠશાળા **ગવાડા,** (૬) શ્રી જૈન શ્વે. પાઠશાળા ભોપાલગઢ-**બડલુ,** (૭) શ્રી જૈન શ્વે. પાઠશાળા **નિંગાળા,** (૮) શ્રી મોહનલાલજી જૈન પાઠશાળા **બોરસદ,** (૯) શ્રી દેવવિમળજી જૈન પાઠશાળા **કોળવડા,** (૧૦) શ્રી ઋષભદેવ જૈન પાઠશાળા **ગંભીરા** —૧૦ પાઠશાળાઓને એક વર્ષના માટે કુલ રૂ. ૨૫૦).

**શેઠ રતિલાલ વાડીલાલ પુનમચંદ શાહ** તરફથી બોર્ડને રૂ. ૧૦૧) ભેટ આપવામાં આવ્યા છે જે આભાર સહિત સ્વીકારીએ છીએ.

બોર્ડની ધાર્મિક કેળવણી પ્રચારની પ્રવૃત્તિને વધારવા સર્વે બંધુઓ અને બ્હેનોને મદદ કરવા આગ્રહપૂર્ણ વિનંતિ છે.

### આગામી ધાર્મિક પરીક્ષાઓ.

બોર્ડ તરફથી શેઠ **સારાભાઈ મગનભાઈ મોદી** પુરૂષ વર્ગ અને અ. સૌ. **હીમઇબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઈની ઇનામી પરીક્ષાઓ આગામી **તા૦ ૨૬ ડિસેમ્બર ૧૯૩૭ રવિવાર**ના દિવસે સર્વે સેન્ટરોમાં લેવામાં આવશે.

---

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્ક્સ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું: "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે — છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. — તારીખ ૧૬ મી નવેમ્બર ૧૯૩૭. — અંક ૮ મો.

## મહાવીરના સિદ્ધાન્તમાં બુદ્ધિવાદનું સ્થાન.

"જે મૂળ સિધ્ધાન્તો ઉપર ભગવાન મહાવીરે આખા જૈન ધર્મની રચના કરી છે તેનો, તેમંજ ભગવાન મહાવીર પાછળ થયેલા શરૂઆતનાં ધર્માચાર્યો કે જેમણે એ પ્રગટેલી જ્યોતને કેટલાક સૈકાઓ સુધી એક સરખી પ્રજ્વલિત રાખી હતી તેમના લખાણોનો જો આપ ક્ષણભર વિચાર કરશો તો આપને માલુમ પડશે કે પાછળથી થયેલી મૂળ સિધ્ધાન્તોના વિકૃતિને ધર્મના સનાતન તત્વો સાથે કશો સંબંધ કે નિસ્બત નથી. જૈન ધર્મ કોઈ એક પયગંબરનો સાક્ષાત્કાર નથી. તે તો આત્મજીવનના સનાતન સિદ્ધાન્તોનું પ્રતિપાદન છે, જેની વિગતો વાસ્તવિક જીવન ઉપર લાગુ પાડતાં હંમેશા દેશ કાળ અનુસાર ફેરફારોની અપેક્ષા રાખે છે. મોક્ષ માર્ગના સાધનરૂપ ત્રણ તત્વોમાંથી શ્રધ્ધા અથવા તો દર્શન પણ મૂળ આચાર્યોએ વર્ણન કર્યું છે તે મુજબ સત્ય તત્વની આછી ઝાંખી છે, જેની ચોખવટ અને સ્પષ્ટતા પાછળના વિશિષ્ટ જ્ઞાનથી કરવાની રહે છે. આજે રૂઢિચુસ્તો જે પ્રકારની આંધળી શ્રધ્ધાની માંગણી કરે છે તેવું તો કાંઇ ઉપર વર્ણવેલી શ્રદ્ધામાં છે જ નહિ. જે સૈકાઓ દરમિયાન આપણે જાણીએ છીએ તેમ ધર્મસત્તાએ બુદ્ધિનો કબજો લીધો હતો અને બુદ્ધિવાદનું સ્થાન શબ્દપ્રમાણે લીધું હતું, તે સૈકાઓ દરમિયાન પણ સિધ્ધાન્તોના ઉપન્યાસમાં તેમજ તેને અવલંબીને ચાલતી રૂઢિઓમાં અવારનવાર ફેરફારો થતા રહ્યા હોય એમ માલુમ પડે છે. જૈનોમાં કાળક્રમે જુદા જુદા ગચ્છો ઉભા થયા છે એ પણ એમ સુચવે છે કે જો કે ધર્મના મૂળભૂત સિધ્ધાન્તો સૌ કોઇ એક સરખી રીતે સ્વીકારતા હતા, એમ છતાં પણ પેઢી દર પેઢીના આચાર્યો એક યા બીજી બાબતમાં એકમેકથી જુદા પડતા આવ્યા છે. તો પછી જે નવી પરિસ્થિતિની ભૂતકાળમાં કલ્પના સરખી પણ નહોતી, તે નવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે અત્યારના વર્તમાન સંયોગો વિશેષ વ્યાપક ફેરફારોની અપેક્ષા રાખતા હોય તો આવા ફેરફારોથી ભડકવાનું કશું પણ કારણ નથી. સાધારણ માનવીઓને સન્માર્ગે દોરવા માટે સાધુઓની સંસ્થા ઉભી કરવામાં આવી હતી અને તે પાછળ એ આશય અને સમજણ રહેલાં હતા કે જેઓ જનતાને દોરવાનો અને શિક્ષણ આપવાનો દાવો કરતા હોય તેઓના જ્ઞાન અને ચારિત્ર વચ્ચે એકરૂપતા હોવી જ જોઇએ અને આવી એકરૂપતા સાંસારિક બંધનોનો ત્યાગ કર્યા સિવાય અને એરીસ્ટોટલ દર્પે છે તેવું ધ્યાનપરાયણ જીવન સ્વીકાર્યા સિવાય પ્રાપ્ત થઇ શકે જ નહિ. આજે આ સાધુની સંસ્થા એવી દશાએ પહોંચી છે કે જેમાંના બધા તો નહિ પણ ઘણા ખરા ત્યાગી જીવનનો બાહ્યાચાર પાળે છે, પણ તેમનામાં યે સાચું સાધુ જીવન જીવવાને લગતું ઉંડુ જ્ઞાન કે ખરી શકિત જોવામાં આવતી નથી. × × ×

× × × લોકસમુદાયના માનસમાં વર્ષો થયાં ચોંટી બેઠેલા વહેમો, હું જાણું છું કે, એકદમ દૂર થવા સહેલા નથી; પણ જૈન કોમનું કેળવણી પ્રમાણ જોતાં આજે ચોતરફ ઘર ઘાલી બેઠેલા વહેમોનાં માઠાં પરિણામોનું કોમને ભાન કરાવવું મુશ્કેલ હોય એમ મને નથી લાગતું. આજે કેળવાયલા જૈનોમાં પોતાની જાત અને પોતાના વિશિષ્ટ કાર્યમાં વિશ્વાસ પેદા થવાની ખાસ જરૂર છે. સત્યને વળગી ચાલતાં લોકોની અપ્રીતિ વહોરવાનો તેઓ ભય ન સેવે અને આજે નાખુશ થનાર લોકો આવતી કાલે તેને જરૂર પ્રેમ અને સદ્‌ભાવથી વધાવશે એટલી તેઓ ખાત્રી રાખે. જેઓએ સત્યનો પ્રકાશ જોયો છે અને એ સત્યના પ્રકાશને સર્વત્ર વિસ્તારવો એ એકજ જેના જીવનનું ધ્યેય છે તેમના સતત પ્રયત્નો વડે ધનવાનોના ધનનો ગમે તેટલો ટેકો હોય તો પણ અજ્ઞાનપૂર્ણ રૂઢિચુસ્તતા અને જુનવાણીની દિવાલો એક દિવસ તુટવાની જ.

(ઓ. શ્રી. લટ્ટેના મુંબઇ જૈન યુવક સંઘના દશવર્ષીય મેળાવડાના પ્રમુખ સ્થાનથી અપાયેલાં ભાષણમાંથી તા. ૧૪-૧૧-૩૭)

**उद्धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ:**–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧૬-૧૧-૩૭. મંગળવાર.


# સાપ ગયા ને લીસોટા રહ્યા!!!

પુન્ય પવિત્રા જ્ઞાન પંચમીનું આજનું ઉજવણું શું સુચવે છે? સૌભાગ્ય પંચમીના પૂનિત નામે જે દિનની મહાકથાઓ, વિવિધ વર્ણી આખ્યાયિકાઓ રચાઇ છે, જે અમૂલ્ય દિને જ્ઞાન જેવા આત્માના પ્રથમ અને પરમ ગુણના યશોગાન ગવાયા છે, એ પંચમીનું પર્વ આજે કઇ રીતે ઉજવાય છે?

સુપુત્રોનો ધર્મ પૂર્વજોના ગૌરવ પર રાચવા–માચવાનો ન હોય, પણ વર્તમાન કાળને ભૂત કરતાં વધુ તેજોમય અને ગૌરવવંત નિર્માણ કરવાનો હોય. તોજ સુપુત્રત્વની કંઇ કિંમત લેખાય. પણ જૈન સમાજના એ સંતાનો–પૂજ્ય શ્રમણો અને ત્યાગી જીવનમાં સૌરભ પાથરતી શ્રમણીઓ–તુંગિયા નગરીના શ્રાવકો ને જયંતી શ્રાવિકાના વંશજો–જૈન શાસનના વર્તમાન ગૌરવમાં–રચાતા ઇતિહાસમાં–આપનો શો ફાળો છે?

દુનિયા વિજ્ઞાનમાં વિદ્યુત્ વેગે માર્ગ કાપી રહી છે. દિવસ ઉગ્યે નવી નવી શોધો બહાર આવી રહી છે. સાધન સામગ્રી વિપુળતાને વરી રહી છે. જાણે અખિલ વિશ્વનુ ઘડતરજ કોઇ નવા ચાક પર થઇ રહ્યું છે. જ્ઞાનનો પ્રચાર વિસ્તારવા અને વાંચક ગણની પિપાસા તૃપ્ત કરવા "કલ્યાણ" નામા હીંદી માસિક નવસો પાનાનો દળદાર "સંત અંક" પ્રગટ કરે છે ને ગ્રાહકોને ખાસ અંક તરિકે ભેટ આપે છે. અરે એમાં સંખ્યાબંધ ચિત્રો દાખલ કરી શોભા વિસ્તારે છે, ત્યારે જ્ઞાન પંચમીનું મહત્વ મુખે રાગડા તાણી લલકારનારા આપણે એવા એકાદ માસિકને સર્જાવી પણ શકયા નથી કે જે લેખ સામગ્રી ગ્રાહક સંખ્યા કે ધર્મ સેવામાં એની બરાબરી કરે! ત્યાં એવા ખાસ પ્રકાશનના તો સ્વપ્ન સેવવા રહ્યા! આપણો શોખ જ્ઞાન રવિના કિરણો વિસ્તારવા કરતાં, એને મકાન ખડા કરી એમાં પૂરી રાખવાનો વધુ જણાય છે! અને આપણી મનોદશાની પરીક્ષા તો એ અંકમાં આપણાજ એક બંધુએ મોકલેલ પ્રભુશ્રી મહાવીર દેવના ચિત્ર પરથી થઇ જાય છે! જૈન સત્ય પ્રકાશ માસિક એ ચિત્ર જોઇને જૈન જનતાને દુઃખ થયાનું જણાવે છે! પણ અમે તો આગળ વધી જાહેર કરીએ કે આ યુગમાં પણ જો આપણે હજુ ફિરકા ભેદની ગલીકુંચીમાં અથડાતા હોઇએ અને કળાકૃતિ એ કઇ ચીડીયાનું નામ છે એટલું પણ ન સમજતા હોઇએ તો બ્હેતર છે કે દુઃખના રૂદન કરવા કરતાં એકાદી ગહન ગુફામાં અદ્રશ્ય બની જઇ, દેશ–કાળને અનુરૂપ ગતિ કરવામાં આપણે મુ[illegible]ંગુ છીએ એવી જાહેરાત જગતના ચોપડા લખાવી દેવી.

જો અવલંબન ગ્રહણ કરવું હોય, કિંવા ઉદાહરણ શોધવા હોય તો ભૂતકાળના આપણા સાહિત્ય મહોદધિમાંથી એક એકને ટપી જાય તેવા સંખ્યાબંધ પ્રસંગો ટાંકી શકાય. એ પરથીજ જ્ઞાન પ્રત્યે અભિરૂચી ને બહુમાનનો પારો કઇ ડીગ્રીએ ચઢયો હતો. શ્રી ભગવતી સુત્રમાં આવતા "ગોયમા" પદના પ્રત્યેક શ્રવણ ટાણે એકેક સોના મહોર ધરનાર સંગ્રામનું નામ કોણ નથી જાણતું? જેસલમેર પાટણ અને સ્થંભ તીર્થના પ્રાચીન ભંડારો–એમાં સંગ્રહાયેલી સંખ્યાબંધ પ્રતો (તાડપત્ર પર તેમજ કાગળ પર લખાયેલ) અને સમયનો સદુપયોગ કેવળ આત્મસાધન ને જનકલ્યાણમાં જ કરવાની જેમની લગની હતી એવા સંતોના હાથે સર્જાયેલ સાહિત્ય, આલેખાયેલ ચિત્રો, અને વિવિધ શાહી યા રંગમાં મનોહર કળાકૃતિ યુક્ત રચના, કયા હૃદયને ગજ ગજ ન ફુલાવે? જ્ઞાનના બહુમાન માટેનો એ સુવર્ણ સમય હતો. દેશની વિકટ અને વિષમ પરિસ્થિતિવાળા વાતાવરણમાં શ્રી મહાવીર દેવના એ ભિખ્ખુઓએ વીતરાગના એ નિર્ગ્રંથોએ જે વારસો આપણા કરકમળમાં સોંપ્યો છે તેના જેટલા યશોગાન ગાઇએ તેટલા ઓછાં છે! દેશ–કાળને અનુરૂપ ફેરફારો કરી તે મહાત્માઓએ જનતાની અભિરૂચી જાગ્રત રાખી, જ્ઞાન તૃષા છીપાવી છે.

પણ આજ તો એ ભંડારોના દ્વાર ખોલવાનો કે પોથીઓના દોરા ઉકેળવાનો સમય સરખો નથી! સંતો અને શ્રાદ્ધો ઉભય 'પેટ ચોળીને ઉભા કરેલા શૂળ' માંથી ઉંચાજ નથી આવતા! વિદ્યુત વેગે ગતિ કરતી દુનિગાને નજરે નિરખતાં, પાશ્ચિમાત્યો જ્ઞાનાર્જનમાં–પ્રાચીન સાહિત્યના અવલોકન અને મનનમાં કેવો ઉંડો રસ ધરાવે છે તેના વર્ણનો વાંચતાં કે સામાયિકમાં પ્રગટ થતાં ચિત્રો જોતાં; અને કાલિક–કથા કે કલ્પસુત્રોના ચિત્રો પર બારિકાઇથી પરામર્શ કરતાં ગ્રંથો અવલોકતાં, પણ તેમની ચક્ષુ ખુલતી નથી કે તમન્ના પ્રગટતી નથી એ ઓછું દુઃખદાયક છે! આજની જ્ઞાન રચના એટલે અવ્યવસ્થિત રીતે બારી–ભરતના શણગાર હેઠળ ગોઠવેલી પાંચ સાત પોથીઓ કે થોડા પુસ્તકોની હારમાળા!

આજની ભક્તિ એટલે કાગળનું ભુંગળું ને એકાદુ બરૂ મૂકવા રૂપ વિધાન. વધુ વિચારીએ તો ગુગરા સંજોરી કે સીતાફળ–દાડમ કે શ્રીફળના ઢોકણુ ને દીપકની રોશની!! પણ સાચી–સુમજભરી–અંતરના ઉંડાણને ભેદતી રોશની કેટલાના હૃદયમાં ભભકતી હશે? આમ છતાં આપણે શું વદીએ છીએ?

જ્ઞાની શ્વાસોશ્વાસમાં કઠીણ કર્મ છેદ–
જ્ઞાન વિના પશુ સરિખા જાણો એણે સંસાર.
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન.
લોકા લોક પ્રકાશ કર જ્ઞાન એક પ્રધાન.

**ज्ञानक्रियाभ्यां मोक्षः** અથવા **पढमं नाणं तओ दया** મુખના એ લલકારો છતાં વર્તનમાં ગોળ ચકરડા ગાડરીયા કરણી પાછળ ન મળે સમજ કે ન મળે એમાં લોકોચિત પરિવર્તન! અરે કોને ઉપાલંભ દેવો? વિદ્વાન્પણાની ખ્યાતિ ધરાવતા સાધુઓ પણ ઉદ્યાપન જેવામાં નેત્ર સામે હજારો રૂપીઆ શોભાના ગાંડીઆ સમા ચંદરવા–પુંઠીયામાં ખરચાવા દે છે! જ્ઞાનના સાચા બહુમાન એમાં નથી રહ્યાં એટલું પણ કહેતા નથી. હજારોની જ્ઞાન પિપાસા છીપાવતા–ને સર્વ પ્રકારના સાહિત્યથી ભરેલાં પુસ્તકાલયો જોયા છતાં એવું એકાદ પણ ઉભું કરી શકતા નથી!!

હૃદયપર હાથ મૂકી પ્રત્યેક જૈન આ સવાલ વિચારે અને જ્ઞાનભક્તિના મૂલ્ય આંકે.

# નોંધ અને ચર્ચા.

## ટ્રસ્ટીપણું કે ઝારશાહી?

આજના ધાર્મિક ખાતાના વહીવટદારો એટલે સંઘ સેવકો નહિં પણ જાણે સમાજ ઉપર ઉપકાર કરતા હોય અને વહીવટની દેખરેખમાં કેમ જાણે દુબળા પડી જતા હોય તેવા ઘણું ખરૂં ધનિક ગ્રહસ્થો. આ વાખ્યામાં અપવાદને સ્થાન છે, છતાં તે અતિ અલ્પ પ્રમાણમાં. મોટા ભાગ માટે એ વ્યાખ્યા યથાર્થ રીતે લાગુ પડે છે અને તેથીજ આજે એ પ્રકારના કારભારાં સામે આમ જનતાનો પ્રકોપ ફાલ્ગુન માસની હુતાશની માફક ઠેરઠેર વૃદ્ધિંગત થવા લાગ્યો છે. શ્રીમંતોની છાપ અને સગવડતા એ ભૂતકાળમાં તેઓને સારૂ જનસમૂહમાં અનોખુ સ્થાન જન્માવેલું એટલે દરેક જાહેર ખાતામાં ખાસ કરી જ્યાં ધન અને આભૂષણના સંરક્ષણનો પ્રશ્ન હોય ત્યાં કાર્યવાહી ચલાવવાનો કિંવા દેખરેખ કે સાર સંભાળ રાખવાનો જવાબદારીભર્યો અધિકાર સહજ સોંપાતો. શાસ્ત્રકારોએ પણ એ પ્રકારના કાર્યોમાં સેવા આપનાર માટે '**जिने, जिनमते संघे. पुनरमोक्षामिलाषोनाम्**" જેવા સુત્રનો ઉલ્લેખ કરી, એનું મૂલ્ય સર્વોત્કૃષ્ટ દર્શાવ્યું. ભૂતકાળના સાહિત્ય ગર્ભમાંથી એ જાતની સેવા-પુન્ય કે પરમાર્થ દૃષ્ટિયે બજાવ્યાના ઉદાહરણો સંખ્યાબંધ તારવી શકાય, પણ આજે તો સેવાને સ્થાને સત્તા ડાકિની પંજો જમાવવા મંડી પડી છે કેટલાકને એ દ્વારા રાજ દરબારમાં અને વેપારી સૃષ્ટિમાં અગ્રણી થવાની લાલસાઓ ઉદ્ભવી હોય છે, અને થોડાક તો આ કાર્યને સ્વાર્થ પોષણ કે વૃત્તિ નિભાવનું અંગ માની બેઠા છે.

જ્યાં ત્યાં પોલો પ્રગટ થતાં સ્હેજે જન સમૂહની નાડ તપવા માંડે છે અને તેથી લીલા ભેગુ સુકુ પણ બળી જાય છે. પ્રમાણિકપણે અને કેવળ પરમાર્થ વૃત્તિથી યાને ધર્મ દાઝથી વહીવટ સંભાળનાર વર્ગ અતિ અલ્પ જણાય છે. પ્રેમ ભાવને બદલે તિરસ્કારના વાદળો ઘેરાતાં છતાં કેટલાકનું સત્તાઘેન ઉડતું નથી. તેથી નતિજો એ આવ્યો છે કે જોત જોતામાં વાત દરબારની દેવડીએ પહોંચે છે અને મોંઘા ન્યાય પાછળ દેવદ્રવ્યના આંધણ થાય છે. જૈન સમાજે આ બળતા પ્રશ્નનો નોડ સત્વર આણવાની જરૂર છે. એ માટે ચાલુ કાળની પદ્ધતિ તેમજ શાસ્ત્રીય કાનુનો મોજુદ છે.

## ધર્મસ્થાનકો કે કમાણીના હાટ?

પર્વના દિવસો આત્મકલ્યાણની સાધનામાં સવિશેષ જુસ્સો પ્રગટાવવા કે બાળજીવોને ધર્મ પ્રતિ આકર્ષવા અર્થે યોજાયેલા હોય છે એ પ્રસંગે ભાવુક હૃદયો પુન્યપ્રાપ્તિ અર્થે ધન કે આહારના પદાર્થો પરની મમતા ત્યજી પ્રભુ સન્મુખ એ વસ્તુઓ અંતરના ઉમળકા સહિત ધરે એ સમજી શકાય તેવું છે; પણ આ જાતનું ઢોકણ યાને ધરવાપણું કેમ વિપુલ પ્રમાણમાં થાય એ માટેના માર્ગો શોધવામાંજ વહીવટદારોની ફરજ સમાઇ જતી નથી. આજે એ પ્રથાઓને એવી તો ગુંથી દેવામાં આવી છે કે ડગલે પગલે ઘોળીઆનું સામ્રાજ્ય પથરાયેલું દ્રષ્ટિગોચર થાય. દેવાલયના વહીવટદારથી માંડી ઠેઠ ભૈયા સુધી ઉપાસકોની સગવડતા કે શાંતપણે આચરી શકાય એવી ધર્મકરણી પ્રતિ લક્ષ્ય આપ્યા સિવાગ પેલી પડી રહેલી ટંકશાળ તરફ ને એના રક્ષણમાં દત્તચિત્ત હોય છે દર્શન-વંદન કે સ્તવન કરનાર જનસમૂહ માટેની સગવડતાનો પ્રશ્ન ભાગ્યેજ કોઇને જન્મે છે! વીતરાગના ધામમાંથી આજે શાંતી રીસાઈ ગઇ છે અને એનું સ્થાન ધમાલ-અવ્યવસ્થા-કોળાહળ આદિએ બથાવી પાડ્યું છે. આત્મકલ્યાણની બડીબડી વાતો કરનાર આપણે ખ્રીસ્તી મંદિરોમાં પ્રાર્થના વેળા એકાદ ડોકીયું કરવાની જરૂર છે. ત્યાં સુધી ભાગ્યેજ ઉપાસકો અને વહીવટ કર્તાઓ આત્મકલ્યાણ એ કઇ ચીડીયાનું નામ છે એ સમજી શકશે?

## શત્રુંજય પરના દર્શન અને ભાયખલા.

કાર્તકી અને ચૈત્રી મેળાના પ્રસંગોમાં જ્યાં સાથોયે મુંબઇની જૈન જનતા દર્શનાર્થે ઉતરી પડે છે, એ ભાયખલા પરના શેઠ મોતીશાના આદિશ્વરજીના મંદિરની સ્મૃતિ આજે એ કારણથી કરવી પડે છે કે ટ્રસ્ટીઓની ઉપેક્ષાથી અને સુત્રધાર મુનિમની જોહાકીથી છેલ્લા બે પ્રસંગથી યાત્રાળુઓને સખત અગવડ ભોગવવી પડે છે. પૂર્વે જે સ્થાન ઉગતા સૂર્યના આગમનથી મોડી રાત સુધી સ્વયં-સેવકોની વ્યવસ્થા હેઠળ મૂકાતું અને સ્ત્રી પુરુષ માટે દાખલ થવાના તેમજ બહાર નિકળવાના ભિન્ન માર્ગોથી મોટા સમુદાયને અનુકુળતા અર્પતું ત્યાં આજે ગીરદીનો ઉકળાટ વધી પડે છે ને અથડાઅથડી તો ચાલુજ હોય છે. પચરંગી વિશાળ જનસમૂહના મેળામાં યોગ્ય વ્યવસ્થા વગર આમ બને એમાં નવાઇ જેવું ન લેખાય-મુનીમજી પૈસા પૈમાં રક્ત હોય અને ભૈયાઓ દ્વાર સાચવતા હોય ત્યાં યાત્રાળુઓની કે-નારીવૃંદની અથવા તો નાના બાળકોની સગવડની કોને પડી હોય! સ્વયંસેવકો સેવા કરવા તૈયાર છે એમ તપાસ કરતાં માલમ પડ્યું છે, પણ મુનિમજીથી પકડેલી જોહાકી મૂકાતી નથી એટલે વહીવટદારે તરિકે આમંત્રણ મોકલાતું નથી. યાત્રાળુઓની અગવડ ધ્યાનમાં લઇ આ વાતનો સત્વર તોડ આણવો ઘટે છે.

## કન્યાશાળાની અગત્ય—

પાયધુની અને ઝવેરી બજાર જેવા જૈનોની ગીચ વસ્તીવાળા લત્તામાં આજે એક પણ કન્યાશાળા ન મળે એ ઓછું શોચનીય ન ગણાય. એક સમયે માંગરોળ જૈન કન્યાશાળા અને નજીકમાં જ રત્ન ચિંતામણી કન્યાશાળા જેવી બન્ને સંસ્થાઓ જ્યાં ચાલતી, ત્યાં આજે એક પણ ન મળે એ જેમ અજાયેબી ભર્યું છે તેમ એ પરથી જૈન સમાજના આગેવાનોની માનસિક વળણનો વેગ કઇ દિશામાં છે એનો તાગ જડી આવે છે. જે સમાજમાં કન્યાઓને પણ શિક્ષણ આપવું જાઇએ એ વાત હજુ સમજાઇ ગળે ઉતર્યા ને માડ દશકો થવા આવ્યો છે, ત્યાં વસ્તીની સમિપતાના ધોરણે શાળા કેંદ્રસ્થળે હોય તેજ વાસ્તવિક ગણાય. કાલબાદેવી જેવા દૂર સ્થાને એ ન શોભ. વળી દાભોલકરની વાડીનું મકાન ભાડાની દ્રષ્ટિયે ભલે અનુકુળ લેખાય, બાકી શિક્ષણ આપવાના સ્થાન તરિકે અને ઉપરોક્ત હેતુ પર વજન મૂકતાં એનુ મહત્વ નહિં જેવું ગણાય! કાર્યવાહકો સત્વર એ સ્થાન બદલી પાયધુની પરના કોઇ મધ્ય સ્થળે કન્યાશાળા બસેડી લાવે એજ ઇષ્ટ છે. અલબત ભાડાનો સવાલ મુંજવે ખરો, પણ અન્ય માર્ગે એનો તોડ ઉતારીને પણ આ કાર્ય તાકીદે કરવા જેવું છે. સાથેસાથ જૈન સમાજના ધર્મિક ખાતાઓના વહીવટદારોને ભાર મૂકી જણાવીયે કે તેઓ દરેક બાબતમાં રકમના વ્યાજ પ્રતિ કે વિશેષ ભાડુ ઉપજાવવા તરફ લક્ષ્ય આપી, સમાજને અતિ ઉપયોગની સંસ્થાઓને સ્થાન ભ્રષ્ટ થવા દે છે એ બિલકુલ ઇષ્ટ નથી.

# ભારતના જૈન ગુફા-મંદિરો.

લેખકઃ—
શ્રી. નાથાલાલ છગનલાલ શાહ.

ઐતિહાસિક યુગ પહેલાં અને તે પછીના સમયમાં જૈન તીર્થંકરો શ્રમણ દશામાં ગુફાઓમાં નિવાસ કરતા હતા, એવા પ્રમાણો જૈનોના પુરાતન સાહિત્યોમાંથી મળી આવે છે. શ્રી જિનપ્રભસૂરિના તીર્થકલ્પમાંના શત્રુંજયકલ્પમાં શ્લોક ૩૨ માં જણાવેલ છે કે-શત્રુંજય પર્વત પરની ગુફામાં જૈન તીર્થંકર અજિતનાથ અને તીર્થંકર શાંતિનાથ ચોમાસું રહેલ તેમજ તીર્થંકર શ્રી પાર્શ્વનાથ-તામીસ્ર ગુફામાં, અને અંતિમ તીર્થંકર શ્રી મહાવીર, રાજગૃહની ગુફામાં નિવાસ કરતા. ઇ સ પૂર્વે છઠ્ઠી શતાબ્દિમાં શિશુનાગ વંશના સમયથી માંડી મૌર્યવંશ-ચેદીવંશ, ગુપ્તવંશ, કલચુરી વંશ વીગેરેમાંથી થઇ ગયેલ જૈન રાજવીઓએ જૈન તીર્થંકરોના સ્થાપત્ય માટે તેમજ જૈનશ્રમણોના નિવાસ અર્થે પહાડોમાં કુશળ કળાકારો દ્વારા શિલ્પ કળામય ગુફાઓ કોતરાવી જેઓ પોતાના નામો અમર કરાવી ગયા છે, તેનો પ્રામાણિક ઇતિહાસ અદ્યાપિ પર્યંત બહાર આવેલ નથી તે હેતુને લઇને અમારી કેટલાએક વર્ષોની શોધખોળ વિદ્વાનો સમક્ષ રજુ કરૂં છું. —લેખક.

## લેખાંક ૧ લો.

## રાજગૃહની જૈન ગુફાઓ.

રાજગૃહ અથવા રાજગિર, પ્રભુ મહાવીરે હિંદમાં ધર્મ પ્રચાર કર્યો તે સમયે મગધ કે મધ્યહિંદની રાજ્યધાનીનું પાટનગર હતું. શીશુનાગ વંશના પ્રખ્યાત મહારાજા બિંબસાર (શ્રેણીક) અને મહારાજા કુણિક (અજાત શત્રુ) નું નિવાસ સ્થાન હતું. રાજગૃહની ચારે બાજુએ પર્વતો હોવાથી સંપૂર્ણ આરોગ્યમય નહતું આથી એક નવું શહેર તેજ નામનું પાંચમાથી સાતમા સૈકા સુધીમાં વસાવવામાં આવ્યું. આ શહેર અસલના રાજગૃહથી નાનું હતું અને તે ખીણની બહાર ઉતરે આવેલું હતું, કોઈ પ્રાંતની રાજ્યધાની બને તે કરતાં આ શહેર માટે વધુ આબાદી થવી એ અશક્ય હતું. અશોકના વખતમાં પાટલીપુત્ર (પટણા) ને રાજ્યધાની બનાવવામાં આવી હતી, અશોકના પીતામહ મહારાજા ચંદ્રગુપ્તના સમયમાં પાટલી પુત્ર એ મહત્વનું શહેર હતું એમ આપણને મેગેસ્થનીસના ઇતિહાસ પરથી માલુમ પડે છે. પ્રાચીન રાજગૃહ આ રીતે નાશ પામ્યું તેથી તેના મકાનોના ઘણા અવશેષોની શોધ કરવી એ નકામું છે. આપણે તો જરાસંઘની બેઠકના શિલ્પી બાંધકામો, તેમજ ખડકમાંથી કોતરી કાઢેલી બે ગુંફાઓ કે જે સોનભંડાર અને સતપાની યા સતપર્ણીના નામથી ઓળખાય છે તેનો વીચાર કરવાનો છે. આ બે ગુફાઓ માંહેની મ્હોટી ગુફા "બરાબરના" પહાડપરની "કર્ણચોપાર" નામની ગુફાની સાથે મળતી આવે છે. તેની લંબાઇ ૩૪ ફૂટ અને પહોલાઇ ૧૭ ફૂટ હોવાથી બંન્નેના કદ લગભગ સરખાં છે [1] તેની દીવાલો ૬$\frac{3}{4}$ ફૂટની ઉંચાઇ સુધી સંપૂર્ણ રીતે સાદી છે તે પછી એ દીવાલો સ્હેજ અણીવાળી કમાનના મધ્યભાગમાં થઇને આગળ વધે છે. પ્રવેશદ્વાર એક છેડા તરફ છે. અને તે અંદરની બાજુએ ઢલેલું છે. ગુફાના બીજા છેડે ત્રણ ફુટ સમ ચોરસ એક બારી આવેલી છે. આ એક હિંદમાં નવીન ઘટના કહી શકાય. ગુફાના શિલ્પ કામમાં એક વધુ પ્રગતી એ છે કે તેમાં આઠ ફુટ ઉંડીપડસાલનો સમાવેશ થાય છે એ પડસાલના મોખરે આગળ વધેલ છે, તેમજ ગુફાની પેલી મેર એક છેડે થોડા અંતર સુધી જોવામાં આવે છે.

પડસાલનો વધારો એક ખાસ લક્ષ ખેંચે તેવો છે કારણ કે તે જાલી માફક એક સુધારા રૂપે છે. વલી 'બરાબર' પહાડની ગુફાએની રચના કરતાં પણ તેથી વધુ પ્રગતી થાય છે. કટકની ગુફાઓ કે જેમાં પડસાલો ખડકમાંથી કોતરી કાઢવામાં આવેલી છે તેના કરતાં આ ગુફાઓ પણ આગળ વધે છે.

સતપર્ણી ગુફાને સત્તપાન્ની યાને "પીપલા કેવ" પણ કહે છે. સત્તપાન્નીથી "પીપલા સ્ટોન" એથી ત્રણ માઇલ દુર આવેલ છે તેના ખોદ કામની બન્ને બાજુએ વૈભારગિરિ પર્વત આવેલ છે. જનરલ કનીંગહામ આ ગુફાને 'સોન ભંડાર' ગુફા નામથી બતાવે છે તેમ કેટલાક લેખકો એવું પણ દર્શાવે છે કે સત્તપાન્ની ગુફા, પર્વતની દક્ષિણ તરફ અને વૈભારગિરિ પર્વતની ઉત્તરની બાજુએ આવેલ હતી. આદિનાથની બંન્ને ગુફાઓ વૈભારગિરિ પર્વતની ટોચ પર આવેલી છે તે પર જવાને માટે સાંકડાં પગથીઆં છે ડૉ. સ્ટીન જણાવે છે કે આદિનાથની ગુફાઓ સાથે સત્તપાન્ની ગુફા હોલ એક બીજા સાથે મળતો આવી શકે છે ગુફાનો આગળનો ચોતરો સાત વાર પહોલાઇએ છે. સત્તપાન્ની ગુફામાં પાંચસો માણસો બેસી શકે તેટલી જગ્યા છે. આ ગુફા હોલમાં પુરાતન સમયમાં સભાઓ ભરવામાં આવતી ; એવું ચીનીયાત્રી હુએનસૅંગે જણાવેલ છે. સત્તપાન્ની ગુફાની સામેની જુની દીવાલના પાયાઓ અને તે ગુફા મહારાજા કુણિક (અજાતશત્રુ) એ બંધાવેલ હતી, અને તેમાંના મ્હોટા પત્થરની ઇમારતો રાજગૃહીની બીજી ઈમારતોના સંધાણમાં હતી. બીજી બાજુએ ગૃધ્રકૂટ પર્વતના મ્હોટા પત્થરોના મકાનો અને વિહારની દક્ષિણ બાજુએ પત્થરના મકાનો છે બીજી બાજુએ અસુરની ગુફા આવેલ છે તેને હુએનસૅંગે પોતાના પ્રવાસમાં વર્ણવેલ છે. ફાહીયાનના વર્ણન પ્રમાણે જાણી શકાય છે કે "પીપલા"ગુફાની બાબત જનરલ કનીંગહામે પત્થરના ઘર તરીકે ઓળખાવી છે હુએનસોંગ પોતાના "ભારતના પ્રવાસમાં" જણાવે છે કેઃ—જ્યારે હું અહીં દર્શને આવેલ તે સમયે પિપલા યાને વૈભારગિરિ પર નિર્ગ્રંથો (જૈનશ્રમણો) દેખવામાં આવતા હતા.

(અપૂર્ણ.)

1 Cunningham-Reports Vol 5 Plah 19.

# ભકિતની અતિશયિતા.

ખોરાક વિના દેહ ન ટકી શકે, તેથી પુષ્ટિકારક આહાર જરૂરી ગણાય, છતાં એનો અતિરેક તો અજીર્ણ પેદા કરેજ; અને **अजीर्ण प्रभवाः रोगाः** એ સુત્ર પ્રમાણે અજીર્ણ એ રોગોની જનેતા લેખાય. આજ નિયમ ભક્તિને લાગુ કરતાં કલ્પી શકાય કે ભક્તિ વગર આત્માની ઉત્ક્રાંતિ ન સંભવે, તેથી સાચી ભક્તિની આવશ્યકતા રહી, છતાં એમાં ઘેલછા કે અજ્ઞાન ભળે તો પ્રગતિના સ્થાને પીછેહઠ સંભવેજ, અને સરવાળે એનું અજીર્ણ આત્મકલ્યાણના મુદ્દાનો ધ્વંસ કરી નાંખે. જિનમુર્તિ એ આત્મઉત્ક્રાંતિનું પ્રબળ સાધન. તીર્થંકર તુલ્ય તેમની પ્રતિમાને અવધારી લઇ એના બહુમાન-ભકિત સાચવવાના. શ્રાવક-શ્રાવિકા સમુદાય માટે પૂજા અર્ચન અને સ્તવન-કીર્તન આદિ પ્રકારો દ્વારા એ માટેના માર્ગ બહુશ્રુતો મારફતે ચીંધાયા છે. એથી આત્મા જાતે પરમાત્મા બની શકે છે. પણ આજે એક વર્ગ માત્ર નામ સ્મરણમાંજ ઇતિકર્તવ્યતા સમજે છે. બીજો ઉગતો વર્ગ વીસમી સદીમાં ફોટોગ્રાફીએ જન-સમુહના હૃદયમાં કેવું ઉંચું સ્થાન જમાવ્યું છે, એ જાણ્યા છતાં પત્થરની મૂર્તિ પૂજવાથી શું લાભ? કિંવા પાષાણની ગાય કંઇ દુધ દે ખરી? એવી ભ્રમમૂલક દલીલોમાં અટવાઇ, આત્મોન્નત્તિના આ મોંઘેરા અવલંબન પ્રત્યે આંખમીચામણા આરંભી રહ્યો છે! આ તો અનાવૃષ્ટિની વરાળ નીકળી પણ વ્યાખ્યાન શ્રવણ કરી જેમના પળીયાં પણ શ્વેત થવા આવ્યા છે અને જેઓ હાટ એક હજારની લેવડદેવડ લાભાલાભ વિચારી ચોકસાઇથી કરી શકે છે, એનો મોટો સમુદાય અહર્નિશ પૂજા-ભકિતમાં કઇ કક્ષાએ પહોંચ્યો છે? એ પેલી અનાવૃષ્ટિ સામે અતિવૃષ્ટિ જેવુંજ છેને! યોગ્ય વર્ષાજ પાક પેદા કરી આપે, બાકી એનો અભાવ કે એનો ધોધમાર તો દુકાળનાજ દર્શન કરાવે!!

એકાદ ચૈત્યમાં પ્રવેશો કે તરતજ રેશમી વસ્ત્રોમાં સજ્જ થયેલ ને લાલ કેશરની વાડકીઓ ને પુષ્પના ઢગલાથી જેમના હસ્તની રકેબીઓ પહેલી નજરે ધ્યાન ખેંચે છે, તેવા પૂજકોનો સમૂહ નજરે ચઢવાનો. એમાંના ઘણાખરાને પૂજાના હેતુની કે એ સારૂ કેવી શુદ્ધિ રાખવી જોઇએ તેની ભાગ્યેજ ખબર હોય છે! કોઇ રડ્યા ખડ્યાને એની જાણ હોય છે, છતાં 'પીછેસે ચલીઆતી હે'ના નિયમ આગળ કે 'ઘીની બોલી એ તો રોજનો રવૈયો અને એમાં તો શ્રીમંતોનાજ ગજ વાગે એટલે એ દ્વારે તેજ માર્ગ' જેવું હોવાથી ટટ્ટુ ચાલી શકતું નથી. તેથી આજે વીતરાગની મૂર્તિ શણગારનું સાધન બની રહી છે! શાંતરસને પોષનારૂં ને ત્યાગ દશાને જન્માવનારૂ આ અણમુલું સાધન ઘણાખરા પ્રસંગે તેથી વિરૂદ્ધ દિશામાં જનારા ભાવોને પેદા કરનાર નિમિત્ત થઇ પડે છે. આજે ભક્તિ જેવી પવિત્ર વસ્તુ આડંબર ને ધમાલમાં પરિણમતી દ્રષ્ટિ ગોચર થાય છે! 'સાચી ભક્તિ ભાવન રસ કહ્યો' એ વચન ખરેખર સંતાઇ ગયું છે! ક્યાં એ આત્મશ્રેય અર્થે નિર્માયેલ પવિત્ર કરણી, અને ક્યાં આજનું આપણું સ્વછંદી વિધાન? શાંત ચિત્તે, વીતરાગના પૂજન તો વીતરાગતા કેળવવા સારૂજ હોય. એમાં ચિત્ત પ્રસન્નતા ને સાત પ્રકારની શુદ્ધિ પર ખાસ લક્ષ હોવું ઘટે. રાજ્યાવસ્થા ચિંતનકાળે ભલે તિલક ને, મુગટ આવશ્યક મનાય પણ ત્યારબાદ ત્યાગી દશાના મનન પણ હોયજ ને!

ત્યાં તો આજે એકાદ શુદ્ધિ જવલ્લેજ દેખાય છે! ગમે તેવી રીતે દ્રવ્ય પેદા કરી લાવનાર બોલીમાં વધી પ્રથમ પૂજાનો હકદાર થાય છે! અરે! કેટલાક પાસે એ જાતની ઉઘરાણીની રકમ લેણી છતાં ચઢાવો કરતાં શરમાતા પણ નથી!! બરાસના લપેડા મૂર્તિના મુખ પર ને નેત્ર સુધી લઇ જવાય છે! લાલ કેશરના ટીલાનો શુમાર નથી રહેતો! ચાંદીના ખોલ્રા ચઢાવી દેવાની ઉતાવળનો આંકજ નથી! હવે તો એમાં અંગ-લુહણ મૂકાવા માંડ્યાં છે. એના છેડા બહાર લટકતા રહેતા હોવાથી કોઇ જુદોજ ચિતાર ખડો કરે છે! પ્રભુબિંબની દાઢીમાં હાથ નાંખનારા, પલાંઠી દાબનારા, અને અંગલુહણથી પૂર્વની પૂજા પૂંછી કે ભુસી નવી કરનારાનો ટોટો પણ નથી! એ વેળા વનસ્પતિમાં જીવ છે એ વાત પણ ભુલાઇ જાય છે! પુષ્પોની કીલામણા તરફ ભાગ્યેજ ધ્યાન દેવાય છે! અને અલંકારો કે આડટીલીઓ તો મરજી માફક વધવા માંડી છે! ભલેને એથી કળાકૃતિના નમુના સરખી મૂર્તિ બેડોળ દેખાય! ભલેને એથી વીતરાગપણાનો ભાવ ખંડિત થાય! દાગીના પણ રોજના-પર્વના અને આંગીવેળાના-જુદા જુદા ધારણ કરાવવાના! આંગીઓમાં પણ કબજા-જામા કે ખમીશની રચના! અને એ બધાને દીપાવવા વિજળીના દિપકોના ભભકા! ગર્ભ-ગૃહમાં શીતળતા ને ઠંડકને સ્થાને ઉષ્ણતા ને ઝગઝગાટની ગરમી, આવું તો કેટલુયે વર્ણન આજની ભકિતના ચિત્રમાં આલેખી શકાય. એમાં અતિશયોકિતની છાંટ સરખી પણ નથી. એ તો રોજનો ક્રમ છે.

એ સાથે ભક્તોના દોષિત રેશમી વસ્ત્રોનો, હિંસાજનક રીતે વપરાતા ફુલોનો, કે રભસવૃત્તિથી કરાતી અતિચાર યુક્ત વિધિનો વિચાર કરીએ તો આથી પણ ચિત્ર બેહુદું બની જાય!

સમ્યગ્ બુદ્ધિથી એકાંતમાં વિચારતાં શું કોઇને પણ લાગ્યા વગર રહે કે આજની આપણી પ્રભુ ભકિત એ એક પ્રકારની ધમાલ સિવાય બીજું કંઇ નથી? એમાં ભકિતની રહસ્યમયતા કરતાં આડંબર પ્રિયતા અતિ વધુ નથી? અલબત અવલંબનના ઉત્તમોત્તમ સાધન પ્રતિ ચેડા કહાડનાર કે એ માટે અકાટ્ય દલીલો હોવા છતાં સ્વચ્છંદી વર્તન સેવનાર તથા સ્નાન-શણગાર પાછળ સમય વેડફાય તેનો હિસાબ ન જોયો કરી કેવલ પુજાનો પ્રશ્ન આવે ત્યારે ફુરસદનો અભાવ આગળ ધરનાર જરૂર આજે ટીકાપાત્ર લેખાય. એવામાં ભકિતની લુખાશ આવી છે કે ધર્મભાવના ઘટી છે એમ કલ્પી શકાય.

આમ છતાં જેઓ અહર્નિશ એમાં રચ્યા પચ્યા રહે છે. જેઓને શાસ્ત્ર શ્રવણનો યોગ સાંપડે છે અને જેઓ ધર્મ કર્યાનો દાવો કરે છે, તેઓ આજે ક્યાં ઉભા છે? ઉભય બાજુ જોવાની જરૂર છે. ત્યાગીની સેવા, વીતરાગની ભકિત, પોતાના સ્થાનથી કેટલી ખસી પડી છે. એના મૂળપર કેટલા આવરણો બાઝ્યાં છે એનો કોઇ દિ વિચાર કર્યો છે? મૂળ છંડી ડાળાં પાંખડામાં રાચનાર કે સાધ્ય ત્યજી સાધનમાં લવલીન બનનાર ઠપકાપાત્ર નથી? આ તો હજી ગર્ભગૃહ સંબંધીજ વાત છે. શું એમાં સુધારણાની અગત્ય નથી? એક તરફ ધર્મવૃત્તિ ઘટતી જવાની બુમ મારનાર બીજી તરફ કેવું આચરણ ચલાવી રહ્યા છે એ પણ જોવું જોઇએ. પહેલું જ્ઞાન અને પછી ક્રિયા એ સૂત્ર વીસરવું નજ શોભે.

—મોહનલાલ દીપચંદ ચોકસી.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો દશવર્ષીય ઉત્સવ.

### સુંદર મેળાવડો—ગાર્ડન પાર્ટી અને શ્રી. મેઘાણીનું સંગીત.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના દશમા વર્ષના પ્રવેશ કાળે દશ વર્ષનો ઉત્સવ ઉજવવાનો એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. કાર્તિક શુદ એકાદશીની પ્રભાતમાં જ તેનાં મંગળાચરણ થયાં હતા. મહાવીર વિદ્યાલયના વિશાળ હોલમાં જૈન યુવાનો અને આગેવાનોની હાજરી નીચે યોજાયેલા આ મેળાવડાનું પ્રમુખસ્થાન મુંબઇ ઈલાકાના નાણાં ખાતાના પ્રધાન શ્રીયુત્ એ. બી. લઠ્ઠેએ સ્વીકાર્યું હતું. મેળાવડામાં મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહીનો આઠ વર્ષનો રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો, તેમજ શ્રી. અચ્યુત પટવર્ધન, શ્રી. મહેરઅલી, શ્રી. ધીરજલાલ ટોકરશી આદિ વક્તાઓએ પ્રસંગાનુસાર વિવેચનો કર્યા હતાં, શ્રી. લઠ્ઠે સાહેબે વિદ્વતા ભર્યું વ્યાખ્યાન તૈયાર કર્યું હતું, પરંતુ તેઓશ્રીની માતૃ ભાષા ગુજરાતી નહિ હોવાથી મરાઠીમાં તેઓશ્રી બોલ્યા હતા. (ગુજરાતી ટ્રાન્સલેશન છપાયું હતું) બાદ આભાર દર્શન પછી સવારનો કાર્યક્રમ પૂરો થયો. આ પ્રસંગને વધુ દીપાવવા શ્રી. કકલભાઇ બી. વકીલે સાન્તાક્રુઝમાં પોતાના નિવાસ સ્થળે પ્રમુખશ્રીના માનમાં દબદબા ભરી ગાર્ડન પાર્ટી આપી હતી, જેમાં તમામ જૈન આગેવાનો, ઉપરાંત જૈનેતર ગૃહસ્થો પણ મોટી સંખ્યામાં હાજર હતા.

રાત્રે મહાવીર વિદ્યાલયના હોલમાં શ્રી. ઝવેરચંદ મેઘાણીએ વીર રસથી તરબોળ વીરોની બલિદાન કથા આદિ સંગીતની રમ્ય છટાથી વર્ણવી ખીચોખીચ ભરાયેલી માનવ મેદનીને મુગ્ધ કરી દીધી હતી, રાત્રિના ૧૧ વાગે ઘણાજ આનંદથી મેળાવડાની પૂર્ણાહુતિ થઇ હતી.

આ પ્રસંગે યુવક સંઘ પ્રત્યે પ્રેમ ધરાવતા ઉદાર ગૃહસ્થો ને યુવાનોમાંથી ૬ પેટ્રનો અને ૮ લાઇફ મેમ્બરો થયા હતા અને એ રીતે યુવક સંઘને અમૂલ્ય પ્રોત્સાહન આપ્યું હતું.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### શેઠ સારાભાઇ મગનલાલ મોદી પુરૂષ વર્ગ અને અ. સૌ. હીમદબાઇ મેઘજી સોજપાલ સ્ત્રી વર્ગ

## ધાર્મિક હરિફાઈની ઇનામી પરીક્ષાઓ.

ઉપરોકત પરીક્ષાઓ બોર્ડના સર્વે સેન્ટરોમાં આગામી તા૦ **૨૬ ડિસેમ્બર ૧૯૩૭** સંવત ૧૯૯૪ ના માગસર વદ ૯ ને **રવીવારના** દિને બપોરના સ્ટાં. ટા. ૧ થી ૪ સુધીમાં લેવામાં આવશે.

પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓના ફોર્મ બોર્ડને મોડામાં મોડા તા૦ ૧ ડિસેમ્બર ૧૯૩૭ સુધીમાં મળી જવા જોઇએ. તે તારીખ પછી આવેલા ફોર્મ અસ્વીકાર થઇ શકશે.

નવા સેન્ટરો ઉઘાડવા માટેની અરજીઓ પણ તા૦ ૧-૧૨-૩૭ સુધીમાં મોકલી આપવા પાઠશાળા આદિના કાર્યવાહકોને જણાવવામાં આવે છે.

અપૂર્ણ વિગતવાલા કે વિદ્યાર્થીની સહી વગરના ફોર્મ બોર્ડ સ્વીકારશે નહિં. ફોર્મ, અભ્યાસક્રમ આદિ માટે ૦-૦-૯ ની પોસ્ટ ટિકિટ મોકલવી.

### અભ્યાસક્રમમાનાં પુસ્તકો.

નીચેના ધોરણોમાં રાખવામાં આવેલા પુસ્તકો અલભ્ય હોવાથી આ વર્ષે કમી કરવામાં આવ્યા છે.

**સ્ત્રી ધોરણ પ્રથમ : "આરોગ્યનું સામાન્ય જ્ઞાન"**

**સ્ત્રી ધોરણ દ્વિતિય : "ભરહેસર બાહુબલી વૃત્તિ"**

અભ્યાસક્રમમાનાં પુસ્તકો મેળવવા માટે જૈન સંસ્થાઓ અને બુકસેલરોની સાથે પત્ર વ્યવહાર કરવા સર્વેને જણાવવામાં આવે છે. પુસ્તક પ્રાપ્તિ સ્થાન, ઠેકાણું સહિત અભ્યાસક્રમમાં જણાવવામાં આવેલ છે.

"સામાયિક સૂત્ર" (શાળોપયોગી આવૃત્તિ) જે બાળ અને કન્યા ધોરણ પ્રથમમાં રાખવામાં આવેલ છે તે બોર્ડ દ્વારા પ્રકટ થઇ ચુકી છે. તેની કિંમત ૦-૨-૦ બે આના રાખવામાં આવી છે. વધુ કાપીઓ મંગાવનારે રેલ્વે પાર્સલથી મંગાવવી. પોસ્ટ ખર્ચ વધારે આવે છે. નકલો ઘણી થોડી રહી છે.

લી૦ સેવકો;

**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી,**

**બબલચંદ કેશવલાલ મોદી,**

ઓનરરી સેક્રેટરીઓ.

**શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ કાર્યાલય.**
ગોડીજી બિલ્ડિંગ,
૨૦, પાયધુની—મુંબઈ.
તા૦ ૧૩-૧૧-૧૯૩૭.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."  Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.  છુટક નકલ:—દોઢ આનો.

…જુનું ૧૧ મું.
…ું ૬ ઠું.

તારીખ ૧ લી ડીસેમ્બર ૧૯૩૭.

અંક ૯ મો.

DABAD

## માનવ સંસ્કૃતિના વિકાસમાં રેડાયેલ વિષ.

માનવ સંસ્કૃતિના વિકાસમાં આજ એક મૂળભૂત 'વિષ' રેડાયું છે. દરેકને જીવવું છે, પણ તે બીજાને જીવતા રાખીને નહિ. દરેકને ચિરંજીવી બનવું છે, પણ તે બીજાઓનો જીવન પ્રવાહ અટકાવીને. તે જાણે છે કે બળ કરીશું તો જીવાશે. તે સમજે છે કે કળ વાપરશું તો જીવાશે. આખી સંસ્કૃતિમાં બળ અને કળની બાજુઓ ગોઠવાઈ ગઇ છે. બળ અને યુક્તિની વચ્ચે આખો માનવ હીંડોળ હીંચકાય છે. એજ બળનું મૂર્તિમંત સ્વરૂપ તે જગતની શસ્ત્ર સજાઈ. પછી તે શસ્ત્ર વ્યક્તિ ધારણ કરે કે પ્રજા ધારણ કરે. એજ કળનું મૂર્ત સ્વરૂપ તે વાણિજ્ય. અને રાજનિતિ-પછી તે વાણિજ્ય કાપડના વેચાણમાં વ્યક્ત થાય કે માનવ દેહના વેચાણમાં વ્યકત થાય. એ રાજનિતિમાં ખુલ્લી નાદીરશાહી કત્લેઆમ હોય કે પછી સ્વતંત્રતાને માર્ગે લઈ જવાની સ્વતંત્રધૂન જગાવ્યાં છતાં માર્ગનો છેડો જ ન આવે. એવી ભૂલભૂલામણીમાં ગુંચવનાર ગૌર પ્રજાઓના રાજઅમલની છુપી કત્લેઆમ હોય.

માનવીને જીવતાં આવડતું હોય તો સંસ્કૃતિને સાચવવા શસ્ત્રોની જરૂર ન પડત. જન વ્યવહાર જ્યાં સુધી વાણિજ્ય ઉપર રચાયો રહેશે ત્યાં સુધી વાણિજ્યના અર્ક સમો રૂપીયો જ જગત ઉપર રાજ્ય કરશે. તે બુદ્ધિને ખરીદે છે, ગુણને ખરીદે છે, રૂપને ખરીદે છે અને કલાને પણ ખરીદે છે. અપાર્થિય તત્વોને ખરીદતાં આ ચક્રવર્તિ રાજરાજેન્દ્ર રૂપીયાની આણ માનવા કદાચ એ તત્વો અચકાય તો તે તત્વોને બળથી તાબે કરવા તે જમૈયો-તલવાર પણ ખરીદી શકે છે.

—શ્રી. રમણલાલ વસંતલાલ દેશાઈ.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ:**–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

**—श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૧૨-૩૭. બુધવાર.


## ધર્માદા મિલ્કતોના વહીવટદારોને–

જૈન સમાજમાં હીંડોળે ચઢેલો આ પ્રશ્ન અતિ ગંભીર છે. દેશાંતરની વાત બાજુએ રાખી કેવળ મુંબઇ જેવા શિક્ષિત શહેરમાં જોઇએ તો પાંચેક દેરાસરના વહીવટ સંબંધી ફરિયાદો કોર્ટ સુધી પહોંચી ગઇ છે. હિસાબોમાં ગરબડ અને પદ્ધતિમાં બેદરકારી એ છુપાં નથી રહ્યાં. ચો તરફથી વ્યવસ્થિત બંધારણ અને આમ જનતાના ઉચિત અવાજની માંગણી થઇ રહી છે ઘણું ખરૂં વહીવટદારો શ્રીમંતોજ હોય છે અને મોટે ભાગે તેઓ વ્યાપારી હોવા છતાં આ જાતની બુમ ઉઠે છે એ પરથી અનુમાની શકાય કે એમાં દેખરેખની ખામી ને કાયદાની અનભિજ્ઞતા જણાઇ આવે છે. જેઓ દેવદ્રવ્ય સાચવવું એ સાપનો ભારો સાચવવો માનતા હોય અને એમાંની એક પાઇ ખાવા કરતાં મૃત્યુને ભેટવું પસંદ કરતાં હોય, તેમના હાથે ટીકાપાત્ર વહીવટ થાય એ ઘડીભર ન ચલાવી શકાય. એક રીતે જોઇએ તો જેઓ જોરશોરથી બુમો મારે છે કે સુધારકો તો દેવદ્રવ્યનું ભક્ષણ કરવાનું કહે છે માટે અધર્મી છે. તેઓ પોતેજ બીજી રીતે કયાં તો જાતે ભક્ષણ કરી રહ્યા હોય છે અથવા અન્યને કરાવી રહ્યા હોય છે!! સિદ્ધાંતકારોએ દેવદ્રવ્ય સંરક્ષણ નિમિત્તે જે મર્યાદા બાંધેલી છે અને જે પધ્ધતિ દર્શાવેલી છે તે તરફ કયાંતો તેઓ નજર સરખી કરતાં નથી અથવા તો જાણીબુઝીને તેનું સ્વાર્થવશ થઇ ઉલ્લંઘન કરે છે. પૂર્વકાળે ઘણું ખરૂં ધનવાનો જ ધાર્મિક ખાતાના વહીવટ કરતાં. એ નિમિત્તે તેઓ યથાશક્તિ તન–મન–ધનનો ભોગ આપતાં ને જેની ટીકા ન થઇ શકે એવી પ્રમાણિકતા દાખવતાં–એમાં રહેલ પરમાર્થ વૃત્તિ ઉડીને આંખે વળગતી. પણ આજે ઘણી ખરી બાબતોમાં એથી ઉલ્ટુંજ દ્રષ્ટિએ પડે છે. ધનિક વહીવટકર્તા પોતાની શ્રીમંતાઇના ગર્વમાં સેવાનું સુત્ર સાવ ભુલી ગયો છે. વાતવાતમાં સત્તાનું પ્રદર્શન દેખાડે છે અને જાણે સમાજ ઉપર ઉપકાર ન કરતો હોય એમ ઉપરૂ વર્ણવ્યો એવો ગેરવહીવટ ચલાવી છાતી ઉછાળે છે. કોઇ જરા કહેવા જાય કે ઝટ બચકુ ભરવા લાગી જાય છે. 'પોતે જે કરે છે તે યથાર્થજ હોય છે, બીજાને એમાં માથુ મારવાનો અધિકાર જ નથી' એ તેનું મંતવ્ય હોય છે. આબરૂદાર ને પ્રમાણિક હોય તો પણ જાણે મધ્યમ કક્ષાની વ્યકિત વહીવટદાર થઇ શકેજ નહિં; વહીવટનો અધિકાર નો માત્ર વંશ પરંપરાનો વારસો હોય તેમ શ્રીમંતોના હસ્તકજ રહેવો જોઇએ, એવું આંધળું ને ભુલ ભર્યું મંતવ્ય તેઓ સેવે છે!

આ મનમાની આળપંપાળનો નતિજો એ આવ્યો છે કે એ પ્રકારના વહીવટદારોના હસ્તે ચાહેતો જાણમાં કે અજાણમાં ધાર્મિક ખાતાના ધનને જબરો ધક્કો પહોંચ્યો છે. સાંભળવા પ્રમાણે કંટ્રાકટર ને મહેતા મુસદ્દીના ખીસા તર થયા છે. આ વાતો કેવળ શેખચલ્લીના મનોરથ સમી નથી પણ એ માટેના પુરાવા એકત્ર કરાયેલા છે તેથીજ એક સમયે જે ટ્રસ્ટી મહાશયો વિરોધ સભાની નોંધ લેવા તૈયાર ન હતાં તે આજે ભીનુ સંકેલવાની વાતો કરવા લાગ્યા છે. કમિટી નીમી તપાસ લેવી કે એ સંબંધી રિપોર્ટ કરવો એ તો સહજ બન્યું છે.

નેત્ર સન્મુખ આ પ્રકારના બનાવો ડોકીયા કરે છે ત્યારે આ ટ્રસ્ટીઓ–ગાદીતકીઆના ધરાર પટેલો–મનમાં એ બધું સમજ્યા છતાં પોતાની બેપરવાઇના પશ્ચાતાપ કરવાને બદલે, ટગમગ બની ડચકીયાખાતી પ્રતિષ્ટાને રક્ષવાના ફાંફાં મારે છે! હજારોની હાનિ પુગાડયા છતાં સરી જતી સત્તાના બચાવ અર્થે ઉકત ધાર્મિક ધનમાં વકીલ બારીસ્ટરો રોકી નવા ખાડા પાડી રહ્યા છે!! શું આ ધર્મ છે? એ જાતના હેતુ પાછળ જરાપણ ધર્મ ભાવનાની છાંટ સરખી કલ્પી શકાય ખરી?

હજુપણ તેઓ સમજી જઇ, દેશ–કાળને પિછાની લઇ, યુગ બળને માન આપી, રાજીખુશીથી આમ જનતાના અવાજને વધાવી લઇ, લાયક, પ્રમાણિક અને સેવાભાવી ગ્રહસ્થો માટે માર્ગ આપે. સુજ્ઞેષુ કિંબહુના.

---


**તમારા ઘર, લાયબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

## જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂ. ૧૮–૮–૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮–૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા. ૩–૦–૦ | ૧–૦–૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧–૮–૦ | ૦–૮–૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫–૦–૦ | ૧૦૦૦ | ૧–૦–૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩–૦–૦ | ૮૫૦ | ૧–૮–૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઈતિહાસ | રૂા. ૬–૦–૦ | ૧૨૫૦ | ૩–૦–૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪–૦–૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

# ભારતના જૈન ગુફા-મંદિરો.

લેખકઃ—
શ્રી. નાથાલાલ છગનલાલ શાહ.

## લેખાંક ૧ લો.

## રાજગૃહી, (ચાલુ)

સત્તપાન્ની યાને સત્તપર્ણિ ગુફા કે જ્યાં પહેલો સમારંભ થયો હતો, તે ગુફા અને સોનભંડારની ગુફા એકજ છે એવા જનરલ કનિંગહામના સિદ્ધાંતની ચર્ચા કરવાની જરૂર રહેતી નથી. મી. બેગલરે જે ગુફાઓનો સમુહ શોધી કાઢયો છે અને જેનું ખરૂં નામ "સત્તપર્ણ" હતું.

(Cave Temples of India P. 49–50.)

વૈભારગિરિ પર ઉત્તરની બાજુએ છ કુદરતી ભોંયરાઓ આવેલ છે. એ સીવાય એક સાતમું ભોંયરૂં અગાઉ પણ હતું એવો પુરાવો આપણને મળી શકે છે. વળી એક મુદ્દો એ છે કે જરાસંઘની બેઠક કે જેમાં પંદર ભોંયરાઓ છે કે જે ઉપરથી હિંદના સૌથી પુરાતન એવા શિલ્પયુક્ત વિહારનો આપણને મ્હોટો દાખલો મળી રહે છે તેજ પ્રમાણે આમાંથી એટલે ખડકમાંથી કોતરી કાઢેલ વિહારનો દાખલો પ્રાપ્ત થાય છે. એ વિહારને સાત ભોંયરાઓ છે આ બંન્ને માટે ઐતિહાસીક પ્રમાણ અને દંતકથાનો પુરાવો એવો મળી આવે છે કે આ બંન્ને વિહારો બૌધ્ધ પહેલાના સમયના છે. એવા વિહારો માફક આ વિહાર કુદરતી ભોંયરાઓનો એક સમુહ છે, જે તેની અંદરની ભીંતોમાં ટાંકણાઓની એક પણ નીશાની જણાતી નથી તે પરથી પુરવાર થાય છે.

રાજગૃહિમાં બીજી બે ગુફાઓનો સમુહ છે તે ગુફાઓ અતિહાસિક મહત્વના લીધે આપણું ધ્યાન ખેંચે છે, આમાંની પહેલી ગુફા મહાત્મા ગૌતમબુદ્ધના કટ્ટરશત્રુ દેવદત્તના નિવાસ સ્થાન તરીકે ઓળખાય છે. જે આ શહેરના અગ્નિ ખુણામાં આવેલ એક ટેકરીની તલેટીમાં એક કુદરતી ભોંયરૂં તે આ ગુફા છે જે પુરાતન કાળની ગુફાનું અસલ સ્વરૂપ કેવું હતું તેનો તે પરથી દાખલો મળી રહે છે. આ ગુફાના મોખરે એક ખડક છે. એવી દંત કથા છે કે દેવદત્તે આ ખડક પર્વત પરથી મહાત્મા ગૌતમબુદ્ધને માર્ગમાં ફેંકી દીધો હતો, જે ખડક લાગવાથી ગૌતમબુદ્ધના પગના અંગુઠાને ઇજા થઇ હતી. ગુફાઓનો બીજો સમુહ ગૃધ્રકૂટ પર્વત પર આવેલ છે જે શહેરથી ઇશાન ખુણામાં આશરે ત્રણ માઇલ દુર આવેલ છે. મહાત્મા ગૌત્તમબુદ્ધ અને તેમના સહચારી આનંદે આ ગુફાઓની વારંવાર મુલાકાત લીધી હતી એવું ચીનાઇ યાત્રિકોએ સુક્ષ્મતાથી વર્ણન કર્યું છે તેથી ગુફાઓનો સમુહ રસદાર્ઇ થઇ પડે છે. એક ચીનીયાત્રિક ગુફાઓનું વર્ણન કરતાં જણાવે છે કે–પર્વતના શિખરો અતી ભવ્ય અને સુંદર છે. શહેરની આસપાસ પાંચ પર્વતોમાં આ પર્વત સૌથી ઉંચો છે. આ ગુફામાં મહાત્મા ગૌતમબુદ્ધ રહેતા હોવાનું ફાહીયાન જણાવે છે.[1]

(1) Fah Hian, Beal's Translation P. 115 and Julien Vol. 3, P. 27.

### સોન ભંડાર ગુફા.

સોન ભંડારની બીજી ગુફા બીજી મ્હોટી ગુફાથી ત્રીશ ફુટ છેટે આવેલ છે અને તેનું કદ બીજી બધી બાબતોમાં મળતું આવે છે. તેની લંબાઇ ૨૨ ફુટ અને પહેલાઇ ૧૭ ફુટ છે. છતનો ભગ લગભગ પડી ગયેલ છે. બીજી ગુફાના મોખરા આગળ જેવી પડસાલ છે, તેવી લાકડાની પડસાલ આ ગુફાને હતી એમ બતાવવા માટે હાલ એક બાંકુ જણાય છે.

આ બંન્ને ગુફાઓ વચ્ચે એક ખડક ઉભેલો છે, એ ખડકની અંદર સીડી કોતરી કાઢેલી છે આ બન્ને ગુફાઓની છત ઉપર થઇને એ સીડીવાટે ખડકની સપાટી ઉપર જઇ શકાય છે. કટક (ઓરિસા) ની કેટલીક ગુફાઓ ઉપરથી ઉપલા માલના અવશેષ માલુમ પડવાની આશા રહે છે, પરંતુ આ વાત નક્કી કરવી એ ઘણું મુશ્કેલ છે, કારણ કે સ્તુપ હોય કે ઇંટથી બનેલું મકાન હોય તો તેનો લાંબા સમય ઉપર ઉપયોગ થઇ મુકયો હોવો જોઇએ.

શિલ્પ કામમાં એવું કશુંએ નથી કે જે ઉપરથી ગુફાનો સમયકાળ નક્કી કરી શકાય. મી. કીટ્ટો[1] જણાવે છે કે બુધ્ધોની કેટલીક જેવી તેવી રૂપરેખાઓ તેના પર કોતરાએલ છે, અને સુંદર એક નાનું જૈન મંદિર છે, જે બહુ ભાંગી તૂટી હાલતમાં છે. આમાં જે બુદ્ધની રૂપરેખાઓનું બનાવેલ છે પણ તે જૈન તીર્થંકરોની આકૃતિઓ હોવાનું વધારે સંભવીત છે. ડો ફરગ્યુસન જણાવે છે કે એકંદર પુરાવા ઉપરથી સોન ભંડારની ગુફાઓનો સમયકાળ ઇ. સ. પૂર્વે ૩૧૯ થી ઇ. સ. પૂર્વે ૧૮૦ નો હોવો જોઇએ, વળી "બરાબર" પર્વતની ગુફાઓ કરતાં તેમનો સમયકાળ આધુનીક છે એટલે કે એ ગુફાઓનું ખોદકામ ઇ. સ. પૂર્વે ૨૨૫ પછી થયેલું હોવું જોઇએ.[2]

વિહાર શબ્દનો સામાન્ય રીતે જે અર્થ કરવામાં આવે છે તે અર્થમાં બીહારની સોન ભંડારની ગુફા સીવાય બીજી કોઇ ગુફા આવી શકતી નથી. આ ગુફા ઘણું કરીને જૈનોની હોવી જોઇએ તે સાદી લંબચોરસ ગુફા છે, તેની લંબાઇ ૩૩૩/૪ ફુટ અને પહોલાઇ ૧૭ ફુટ છે, ઉંચાઇ ૧૧ ફુટ ૭ ઇંચ જેટલી છે. ગુફાને એક બારણું અને એક જાલી છે, જેના પર ગુફાના બાકીના ભાગ માફક કોઇપણ જાતનું શિલ્પ કામ નથી.

આથી તેનો સમય કાળ નક્કી કરવામાં આપણને કંઇપણ પ્રકારની મદદ મળી શકતી નથી. પ્રવેશદ્વાર અંદરથી ઢળેલો છે, છતાંએ તેથી પણ ગુફા વધારે પુરાતન હોવાનું કારણ મળી શકતું નથી. ગુફાના મોખરેના ભાગમાં લાકડાની પડસાલ હતી, આવી પડસાલો ઘણું કરીને સામાન્ય જેવી

(1) Kittoe, of A. S. B, 1847 Plap 42.
(2) Cave Temples of India P. 49.

થઇ પડી હતી. "કન્હેરી" ની ઘણી ખરી ગુફાઓમાં આવી ગુફાઓ વિદ્યમાન હતી. સોન ભંડાર ગુફાઓનો સમયકાળ શિલા લેખ કરતાં પુરાતન હોવાનું બનવા જોગ છે.

"બરાબર" પર્વત ઉપરની તેમજ "નાગાર્જુની" ટેકરી પરની બીજી ગુફાઓ પ્રાર્થના તેમજ ભક્તિ કરવાના સ્થળ રૂપ હતી. પશ્ચિમની ગુફાઓના માટે "ચૈત્ય" શબ્દનો જે અર્થમાં ઉપયોગ થાય છે તે અર્થમાં આ ગુફાઓ ભલે ન પણ હોય, નિવાસ સ્થાન માટે અગર ધાર્મિક અનુષ્ટાન માટે આ ગુફામાં આજીવીક યતીઓ રહેતા હતા એમ સંભવીત છે. કોઇ પણ ગુફામાં જુદું ભોયરૂં નથી [3]

સોન ભંડાર ગુફા એ જૈનોની છે. આ ગુફામાં અંદર જવાના પ્રવેશદ્વારમાં દાખલ થતાં ડાબી બાજુએ એક પ્રાચીન શિલાલેખ બે લાઇનમાં લખાયેલ મળી આવે છે, જેનો સમય-કાલ ઈ. સ. ત્રીજી શતાબ્દિનો મળી શકે છે.

**निर्वाण लाभाय तपस्वि योग्ये शुभे गृहेऽर्हत्मतिमा मतिष्टे।**
**आचार्य रत्नम् मुनि वैरदेवः विमुक्तये कारथ दीर्घ तेजः॥**

ભાવાર્થ-નિર્વાણની પ્રાપ્તીના માટે તપસ્વીઓને યોગ્ય અને અર્હન્તની પ્રતિમાથી પ્રતિષ્ટિત શુભ ગુફા મુનિ વૈરદેવને મુક્તિના માટે પરમ તેજસ્વી આચાર્યપદ રૂપી રત્ન પ્રાપ્ત થયું.

મુનિ સંઘે મુનિ વૈરદેવને આચાર્ય સ્થાપીત કર્યા તે આ ગુફા છે, તેની અંદર એક જૈન તીર્થંકરની મૂર્તિ બીરાજિત છે. આ શિલાલેખ પથ્થરના ખડકમાંથી ખોદેલો હજુ જણાઇ આવે છે. મુનિ વૈરદેવના સમયમાં આ ગુફામાં જૈન શ્રમણો અને તપસ્વીઓ નિર્વાણ સાધવા માટે યોગ કરતા હતા.[૪]

મી. ફરગ્યુસન સાહેબે જણાવેલ છે કે-સોન ભંડાર નામની ગુફા કે જે ઘણું કરીને જૈન અથવા આજીવિકોની હતી, તેના સીવાય બીહારની કોઇપણ ગુફાને ખરી રીતે કરીએ તો વીહાર કહેવામાં આવતી નથી.[૫]

પ્રાચીન-તીર્થમાળામાં જણાવેલ છે કે-સોન ભંડાર નામની ગુફામાં રાણી ચેલણાની મૂર્તિ આવેલ છે.

—અપૂર્ણ.

(ટ.) (3) Fergusson's History of Indian and Eastern Architecture Vol i.

4 Archiological Survey of India annual report 1905-06 PP. 9".

5 History of Indian and Eastern Architecture Vol 1 PP. 175-177.

## મોરબીના જાણીતા જૈન આગેવાનનું અવસાન.

મોરબીના વતની પારેખ ત્રીભોવન મલુકચંદ જૈન વીશા શ્રીમાળી નાતીના આગેવાન કાર્તિક શુદ પૂર્ણિમાને પ્રભાતે અવસાન પામ્યા છે. તેઓએ પોતાની જીંદગી દરમ્યાન ઘણાજ ધર્મના અને ગામના મોટા કાર્યોમાં ભાગ લીધો હતો. તેઓ એક ધર્મચુસ્ત અને સેવાભાવી પુરૂષ હતાં અને તેઓનું જીવન એક આદર્શ હતું. તેમના અવસાનથી આજે તેમના કુટુંબને જ્ઞાતને અને શ્રી. મોરબી તપગચ્છના સંઘને આજે અપુરણીય ખામી પડે છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## સ્ટેન્ડિંગ કમિટીના સભાસદોને વિનંતિ.

કોન્ફરન્સની અખિલ હિંદ સ્થાયી સમિતિ ( All-India Standing Committee ) ના સભાસદોને બંધારણાનુસાર ચાલુ વર્ષ સંવત્ ૧૯૯૪ ના સાલના શ્રી સુકૃત ભંડાર ફંડના ફાળામાં ઓછામાં ઓછા રૂા. પાંચ શિઘ્ર મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

લિ૦ સેવકો;

| | |
|---|---|
| શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.<br>૨૦, પાયધુની, મુંબઇ, ૩. | **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,**<br>**કાન્તિલાલ ઈશ્વરલાલ,**<br>રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ. |

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

આ ફંડમાં નીચે પ્રમાણેની રકમો વસૂલ આવી છેઃ-

| | |
|---|---|
| જૈન યુગના ગતાંકમાં સ્વીકારાએલ | રૂા. ૨૬૬-૮-૦ |
| શ્રી જૈન સંઘ સમસ્ત **અમલનેર** | |
| હા. શેઠ ખેમચંદ રૂઘનાથદાસ | ૪૮-૧૦-૦ |
| શ્રી જમનાદાસ ચતુરદાસ શાહ મુંબઈ દ્વારા | ૫-૦-૦ |
| શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી મુંબઈ દ્વારા | ૧૦-૦-૦ |
| શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ દ્વારા | ૭૯-૦-૦ |
| શ્રી હીરાભાઇ રામચંદ મલબારી દ્વારા | ૧૦-૦-૦ |
| શ્રી ફુલચંદ વેલજી દ્વારા | ૫-૦-૦ |
| ( તા. ૨૫-૧૨-૩૭ સુધી ) | ૪૨૪-૨-૦ |

સ્થાનિક સભ્યો તથા બહારગામના બંધુઓને મોકલાયેલ સુકૃત ભંડાર ફંડની પાવતી બુકો હિસાબ સાથે પાછી મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

**જમનાદાસ અમરચંદ ગાંધી.**
**મણીલાલ જેમલ શેઠ.**
મા. મંત્રીઓ, સુકૃત ભંડાર ફંડ સમિતિ.

# મંદિરનું રૂપાંતર મસીદમાં ?

માલવણ ( જીલ્લો પાલણપુર ) નું પુરાતન જૈન મંદિર પહાડી ટેકરીની ખીણમાં પુરાતન કાળની શિલ્પકળાનો નમૂનો દર્શાવતું ખડું હતું. જેના બાંધકામમાં કિંમતી આરસ પહાણના પત્થરો વપરાયા હતા. વળી મનોહર શિખરથી એની શોભા અતિ વૃદ્ધિ પામી હતી. સંખ્યાબંધ ભાવુકો એના આંગણે અહર્નિશ ઉતરી પડી આત્મ કલ્યાણની સાધનામાં એક-તાર બનતા. એ કાળે માલવણના નુર કોઇ અનેરા હતા. પણ અન્યત્ર બન્યું છે તેમ એકાદી કારમી પળે એના પર ધર્માંધતાના અંધારા પથરાયા. તોડ ફોડની આંધિનો પહેલો જુવાળ શિખર પર ફરી વળ્યો ! કળાકૃતિ અને આત્મસ્મૃતિના આ ધામનું પરિવર્તન અનોખી સંસ્કૃતિના અવતારમાં પરિ-ણમ્યુ. આ વાત 'પાલણપુર રાજ્યકા ઇતિહાસ' માં સૈયદ ગુલાબ મીયાં મુનશી જણાવે છે. ભગ્ન મંદિરના એક પત્થરમાં અરેબીક ભાષા પરથી એનો ઉતારો છે. હીજરી સં. ૭૨૬ ઈ. સ. ૧૩૨૫ ના કોતરાએલ શિલાલેખમાં બતાવવામાં આવ્યું છે કે-" બાદશાહ હુમાયુના સુબાએ ખુદાપાકના હુકમ પ્રમાણે મંદિરની મૂર્તિઓનો નાશ કરી તેની મસજીદ બનાવી." શ્રી અરિહંતના ઉપાસકો આ પરથી શો ધડો લેશે ?

**લે. નાથાલાલ છગનલાલ શાહ.**

# श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

## कॉन्फरन्स केळवणी प्रचार केन्द्रस्थ समिति.

२०, पायधुनी, मुंबई ३.
ता. १६ नवेम्बर १९३७.

## केळवणी प्रचारनी योजना.

श्री जैन श्वेतांबर कॉन्फरन्सनी केळवणी प्रचारनी योजनाना विकासार्थे ता. १५ नवेम्बर १९३७ ना रोजे मळेली कॉ. के. प्र. केन्द्रस्थ समितिनी सभाए मूळ उद्देशने लक्षमां राखी ते योजनामां नीचे प्रमाणे सुधारा-वधारा कर्या छे.

मूळ छपायेली योजनाना पेरेग्राफ ५ पछी उमेरो :—

"कोई पण स्थळे जैन विद्यार्थीओने औद्योगिक शिक्षण आपवा माटे स्वतंत्र संस्था उभी थती होय अने तेने आर्थिक मददनी अपेक्षा होय तो तेवी संस्थाने मदद करवाना उद्देशनो पण आ योजनामां समावेश करवामां आवे छे."

मूळ छपायेली योजनाना पेरेग्राफ ६ ना पेटा '(ध)' मां 'आ प्रमाणे जेटली रकम स्थानिक समिति एकत्र करे तेटली रकम' पछी उमेरो "**सामान्यतः**" 'कॉन्फरन्स तरफथी आपवी' एटले पेटा '(ध)' आ प्रमाणे थशे.

"आ प्रमाणे जेटली रकम स्थानिक समिति एकत्र करे तेटली रकम सामान्यतः कॉन्फरन्स तरफथी आपवी."

**मोहनलाल भगवानदास झवेरी.**
ऑनररी सेक्रेटरी,
**श्री कॉन्फरन्स केळवणी प्रचार केन्द्रस्थ समिति.**

### कॉन्फरन्स केळवणी प्रचार केन्द्रस्थ समिति
### अने
### कॉन्फरन्स केळवणी प्रचार स्थानिक समिति ना

## पेटा-नियमो.

[ कॉन्फरन्स केळवणी प्रचार केन्द्रस्थ समितिनी ता. १५-११-१९३७ ना रोजे मळेली सभामां नीचेना नियमो, फॉर्म आदि स्वीकारवामां आव्या छे. ]

१. कॉन्फरन्सनी केळवणी प्रचारने लगती योजनामां जणाव्या मुजब उभी थयेली कोई पण स्थानिक समिति केन्द्रस्थ समिति पासे मान्य थवानी मांगणी करे त्यारे ते समिति प्रस्तुत योजनामां सुचवेला बंधारण अनुसार उभी थई छे अने केळवणीने लगती स्थानिक जरुरीयातोने पहोंची वळे एवा वगदार सभ्योनी बनेली छे एवी खात्री थये केन्द्रस्थ समिति ए समितिने मान्यता-पत्र लखी मोकलशे.

२. जे स्थानिक समितिने केन्द्रस्थ समिति पासेथी वार्षिक मददनी अपेक्षा होय तेणे केन्द्रस्थ समितिए नक्की करेलुं अरजी-पत्रक तेमां मांगेली विगतो भरीने मोकली आपवुं.

३. ए अरजी-पत्रकनी विगतो ध्यानमां लईने केन्द्रस्थ समिति पोताने योग्य लागे तेटली एक वर्ष माटेनी मदद अने तेने लगता हफता नक्की करशे अने ते मुजब स्थानिक समितिने जणावशे.

४. कोई पण वर्ष माटे मंजुर थएलो रकम बीजे वर्षे चालु राखवानी, वधारवानी, घटाडवानी के बंध करवानी केन्द्रस्थ समितिने सत्ता रहेशे. अने पोताने अमुक वर्ष माटे मळेली मदद चालु राखवा माटे के तेमां कांई पण फेरफार कराववा माटे स्थानिक समितिए डीसेम्बर मासनी छेल्ली तारीख पहेलां पोताना कार्यक्षेत्रनी केळवणीने लगती परिस्थितिमां थयेला फेरफारोनी विगतो साथे अरजी करवी पडशे.

५. केन्द्रस्थ समिति तेमज दरेक स्थानिक समितिनुं हिसाबी वर्ष जान्युआरीनी पहेली तारीखथी डिसेम्बरनी छेल्ली तारीख सुधी गणाशे.

६. दरेक स्थानिक समितिए पोताना कामकाजनो तेमज आवक–जावकनो रिपोर्ट दर छ छ महिने एटले के जान्युआरीथी जुन सुधीनो अने जुलाईथी डिसेम्बर सुधीनो रिपोर्ट नियमितरीते मोकलवो पडशे.

७. ज्यां स्थानिक समितिए एकठी करवानी कबुलात आपेली रकम जेटलीज रकम केन्द्रस्थ समितिए मंजुर करी होय त्यां स्थानिक समितिए वस्तुतः जेटली रकम एकठी करी हशे तेथी वधारे रकम तेने केन्द्रस्थ समिति तरफथी मली शकशे नहिं.

८. स्थानिक समितिए एकठी करवानी कबुलात आपेली रकम तथा केन्द्रस्थ समितिए ते आधारे मंजुर करेली रकम वचेनुं प्रमाण वधतुं ओछुं हशे त्यां ते प्रमाण ध्यानमां राखी स्थानिक समिति वस्तुतः ओछी रकम एकठी करी शकी हशे तो ते प्रमाणे केन्द्रस्थ समिति ओछी रकम आपशे.

९. केन्द्रस्थ समितिए भिन्न भिन्न स्थानिक समितिओनी देखरेख राखवा माटे नीमेल निरीक्षकने प्रत्येक स्थानिक समितिए जोईती विगत पुरी पाडवी पडशे.

१०. नीचे जणावेल कोई पण संयोगोमां—

(क) जे कोई पण स्थानिक समिति केन्द्रस्थ समितिने के तेणे नीमेल निरीक्षकने जरुरी खबरो पुरी पाडवामां आळस के आनाकानी करे,

(ख) जे स्थानिक समितिए पोते एकत्र करेली रकम संबंधी खोटी खबर आपी छे एम मालुम पडे,

(ग) जे स्थानिक समिति पोताने हस्तक एकत्र थयेलां नाणांनो प्रस्तुत योजनाना उद्देश अने धाराधोरण अनुसार उपयोग करती नथी अथवा तो नाणां संबंधी गेरव्यवस्था चलावे छे एम मालुम पडे,

(घ) जे स्थानिक समिति पोते स्वीकारेलुं काम बहुज मंद पणे करे छे अथवा तो बिलकुल करती नथी एम मालुम पडे,

—ते स्थानिक समिति संबंधमां ते ते संयोग ध्यानमां लईने ते माटे मंजुर थयेली आखी रकम अथवा तो तेमांनो बाकी रहेलो भाग अटकाववानी अथवा तो ते स्थानिक समितिने अमान्य जाहेर करवानी केन्द्रस्थ समितिने सत्ता रहेशे.

११. कोई पण स्थानिक समिति बंध थाय अथवा तो उपर जणावेला संयोगोमां अमान्य जाहेर थाय त्यारे केन्द्रस्थ समितिए मोकलो आपेली छतां नहि वपरायेली रकम आ रीते बंध थती के अमान्य ठरती स्थानिक समितिए केन्द्रस्थ समितिने पाछी सुप्रत करवी पडशे.

१२. केन्द्रस्थ समिति कोई पण असाधारण संयोगना कारणे मंजुर करेली मदद कोई पण वखते संकोची अथवा तो रद करी शकशे.

१३. मुंबई, कलकत्ता के अमदावाद जेवा बहु मोटां शहेरो बाद करतां एक स्थळमां एकथी वधारे स्थानिक समिति मान्य थई शकशे नहि.

१४. स्थानिक समिति संबंधमां वखतोवखत नक्की थता धारा–धोरणो, ठरावो अने नियमो दरेक स्थानिक समितिने बंधनकर्ता गणाशे अने दरेक स्थानिक समितिए केन्द्रस्थ समितिनी सूचनाओने अनुसरीने पोताना कामकाजनो वहीवट चलाववो पडशे.

१५. आ योजना नीचे उभी थयेली स्थानिक समितिए व्यक्तिगत मदद पहोंचाडवानी छे पण पोते एकठां करेलां अथवा केन्द्रस्थ समिति पासेथी मळेलां नाणांनो उपयोग कोई पण स्थानिक संस्थाने मदद पहोंचाडवामां करवानो नथी.

## [ मान्यतापत्र माटेनी मांगणी करनार पत्र ]

स्थळ ____________

तारीख ____________

### श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

कॉन्फरन्स केळवणी प्रचार केन्द्रस्थ समितिना मंत्री योग्य.

मु० मुंबई.

मुज्ञ महाशय,

वि० आपनी केळवणी प्रचारने लगती योजनाना बंधारण मुजब अमे अहिं एक स्थानिक समिति उभी करी छे. अमारो आशय प्रस्तुत योजनामां सुचवेल केळवणीना प्रदेश संबंधमां अहिंनी स्थानिक जरुरीयातोने पहोंची वळवानो छे. अमे आपना सर्व धारा-धोरण वांच्या छे अने तेने आधीन रहीने अमारी समितिनुं काम चलाववाने बंधाईए छीए.

आ साथे अमारी समितिना अधिकारीओ तेमज सभ्योना नामनुं लीस्ट मोकल्युं छे. आशा छे के आप अमारी समितिने केन्द्रस्थ समिति पासे मान्य करावीने अमने मान्यता पत्र मोकली आपवा कृपा करशो.

लि० सेवक,

मंत्री,

श्री कॉन्फरन्स केळवणी प्रचार स्थानिक समिति.

## [ वार्षिक मदद माटेनी मांगणी करनार पत्र. ]

स्थळ ____________

तारीख ____________

### श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

श्री कॉन्फरन्स केळवणी प्रचार केन्द्रस्थ समितिना मंत्री योग्य,

मु. मुंबई.

मुज्ञ महाशय,

वि० आ साथे आपनी प्रश्नावलीना विगतवार जवाबो अहिंनी सर्व परिस्थितिनी योग्य तपास करीने तैयार करवामां आव्या छे ते हुं मोकलुं छुं ते उपरथी आपने मालुम पडशे के अहिंनी स्थानिक जरुरीयातोने पहोंची वळवा माटे वार्षिक रु. ____________ जोईए तेमांथी अमे अहिं खाते रु. ____________ एकठा करी शकीए तेम छीए तेथी आप आपनी केन्द्रस्थ समिति तरफथी रु. ____________ नी वार्षिक मददनी अमारी मांगणी स्वीकारवा कृपा करशो.

लि० सेवक,

मंत्री,

कॉन्फरन्स केळवणी प्रचार स्थानिक समिति.

# श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

## श्री कॉन्फरन्स केळवणी प्रचार केन्द्रस्थ समिति.

## [ स्थानिक समिति माटेनी प्रश्नावली. ]

जे कोई स्थानिक समितिने केन्द्रस्थ समिति पासेथी पोताना कार्य माटे आर्थिक मददनी अपेक्षा होय तेणे नीचे जणावेली दरेक बाबत संबंधमां पोताना कार्यक्षेत्रने लगती विगतवार माहिती मोकली आपवी.

१. तमारी समिति कया गाम, शहेर अथवा तो तालुकानी प्रस्तुत योजनामां सुचवेली केळवणीनी जरुरीयातोने पहोंची वळवा धारे छे ?

२. तमारी समितिए स्वीकारेला कार्यक्षेत्रनी प्रस्तुत योजनानी मर्यादामां आवतो केळवणीने लगती शुं शुं जरुरीयातो छे ? अने ते सर्वने पहोंची वळवा माटे बीजेथी मळती मददो बाद करतां केटली रकम जरुरी गणाय ?

३. आ कार्यने पहोंची वळवा माटे तमारा कार्यक्षेत्रमां केळवणी फंड, संस्था, ट्रस्ट, राज्य प्रबंध के एवी कोई बीजी व्यवस्था छे के नहि अने होय तो शु शुं छे ?

४. तमारी समिति तमारा कार्यक्षेत्रमांथी केटली वार्षिक आर्थिक मदद मेळवी शके तेम छे ?
आज सुधीमां तमे केटली मददनां वचनो मेळव्यां छे अने केटली रकम एकठी करी छे ?

५. केन्द्रस्थ समिति पासेथी तमारी समितिने केटली मददनी अपेक्षा छे अने ते मदद संबंधमां केवा हफता तमने अनुकूळ छे ?

लि० सेवक,

स्थळ————————— }
तारीख————————— }

मंत्री,
कॉन्फरन्स केळवणी प्रचार स्थानिक समिति.

# श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

## श्री कॉन्फरन्स केळवणी प्रचार केन्द्रस्थ समिति.

## स्थानिक समितिने सूचनाओ.

[ स्थानि समितिए एकत्र करेलां अने केन्द्रस्थ समिति पासेथी मळेलां नाणांनो शी रीते उपयोग करवो तेने लगती सूचनाओ. ]

१. आ योजनाओनो उद्देश हाइस्कुलना मेट्रिक सुधीनां धोरणो तेमज सामान्य औद्योगिक केळवणीना क्षेत्र सुधीज पहोंचवानो छे तेथी कोलेजनुं के एवुं बीजुं उंचुं शिक्षण लेता विद्यार्थीओने मदद आपवा माटे आ योजनामां जरा पण अवकाश नथी.

२. आ योजनानो हेतु व्यक्तिगत मदद आपवानो छे तेथी आ योजना निमित्ते एकत्र थयेला द्रव्यनो उपयोग कोई पण केळवणीनी संस्थाने मदद आपवामां थई शकशे नहि.

३. व्यक्तिगत मदद त्रण प्रकारे आपवानी छे—

(१) पाठ्य पुस्तको, (२) फी अने (३) नानी शिष्यवृत्तिओ.

पाठ्य पुस्तकोनी मदद एवी व्यवस्थापूर्वक अपावी जोइए के जे विद्यार्थीने पाठ्य पुस्तको आपवामां आवे ते संभाळीने वापरे अने खप पूरो थये स्थानिक समितिने सुप्रत करे के जेथी एनां ए पुस्तको पछीना विद्यार्थीओने काम लागे.

शिष्यवृत्तिओ ए दृष्टिए आपवानी छे के जेना टेकाथी विद्यार्थीना मा-बाप विद्यार्थीनुं भणतर मात्र गरीबाइना कारणे अटकावीने तेने बहु नानी उम्मरे महेनत मजुरीमां जोडी देवा मांगता होय ते तेम करतां अटके अने पोताना बाळकनुं भणतर चालु राखे.

४. ज्यां आर्थिक सगवड ओछी होय अने स्थानिक केळवणीनी जरुरीयातो वधारे होय त्यां नीचेना धोरणे स्थानिक जरुरीयातोने पसंदगी आपवानी छे.

(१) प्राथमिक केळवणीने सौथी पहेली पसंदगी आपवी.

(२) कन्या अने कुमारो वच्चे कन्या केळवणीने प्रथम पसंदगी आपवी.

(३) हाइस्कुल अने औद्योगिक केळवणी वच्चे औद्योगिक केळवणीने प्रथम पसंदगी आपवी.

पाठ्य पुस्तको, फी अने शिष्यवृत्तिओ संबंधमां आ योजनानो लाभ जैन श्वेतांबर मूर्तिपूजक संप्रदायना विद्यार्थीओनेज आपवानो छे.

लि० सेवक,

२०, पायधुनी, मुंबई ३.

मोहनलाल भगवानदास झवेरी.

ऑनररी सेक्रेटरी.

श्री कॉन्फरन्स केळवणी प्रचार केन्द्रस्थ समिति.

# ::: કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ. :::

**બેકારી નિવારણ યોજના સમિતિ**

આ પેટા-સમિતિની અનેક મિટીંગોમાં વિવિધ દૃષ્ટિથી જૈન સમાજમાં વ્યાપી રહેલી બેકારી નિવારણના પ્રશ્ન અંગે વિચારણા કરવામાં આવી છે. કોન્ફરન્સ કાર્યાલય દ્વારા નોકરી શોધનાર બંધુઓને કેટલી અને કયા પ્રકારે સહાયતા શક્ય છે, ન્હાના ન્હાના ધંધાઓ માટે શું કરી શકાય, કયા કયા ઔદ્યોગિક ધંધાઓ દ્વારા સમાજના શિક્ષીત અને અશિક્ષીત બંધુઓને ઉદ્યમે લગાડી શકાય તે વિગેરે બાબતો કાળજીપૂર્વક વિચારી એક રિપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે.

આ રિપોર્ટ પેટા-સમિતિની તા. ૨૬ નવેમ્બર ૩૭ ના રોજ રાત્રે મળેલી સભાએ મંજુર રાખી કાર્યવાહી સમિતિ સમક્ષ રજુ કરવા રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ ઉપર મોકલી આપેલ છે. ટુંક સમયમાં આ રિપોર્ટ કાર્યવાહી સમિતિની વિચારણાર્થે રજુ થશે

**કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.**

આ સમિતિની તા. ૧૫-૧૧-૧૯૩૭ ના રોજ રાતના શ્રીયુત **પરમાનંદ કુંવરજી કાપડીઆ** બી. એ એલ એલ. બી. ના પ્રમુખપણા હેઠળ મળેલી સભામાં સ્થાનિક સમિતિના પેટા-નિયમો, ફોર્મ, પ્રશ્નાવલી આદિ સ્વીકારવામાં આવ્યા ઉપરાંત ઔદ્યોગિક શિક્ષણ આપવા માટે સ્વતંત્ર સંસ્થા ઉભી થતી હોય તો તેને નિયમાધીન રહીને મદદ કરવાના ઉદ્દેશનો યોજનામાં સમાવેશ કરવા ઠરાવવામાં આવ્યું છે. આ ફોર્મ, પેટા-નિયમો આદિ આ અંકમાં અન્યત્ર છપાયેલ છે.

બારશીમાં જે ઔદ્યોગિક શિક્ષણાર્થે સ્વતંત્ર સંસ્થા ઉભી થાય તો નિયમાધીન રહી **રૂ. ૬૦૦) સુધીની મદદ** આપવા ઠરાવવામાં આવ્યું.

જૈન વસ્તીવાળા ગામોમાં પ્રવાસ કરી કેળવણી પ્રચારની યોજનાના પ્રચારાર્થે એક સુશિક્ષિત, અનુભવી માણસની જરૂર છે તે માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી અરજીઓ માંગવામાં આવી છે.

**શ્રી કોન્ફરન્સ નિભાવ ફંડ.**

શ્રીયુત **મોહનલાલ હેમચંદ ઝવેરીએ** ગત્ અધિવેશન સમયે ભરેલા રૂા. ૨૫૧) ચેક દ્વારા આપ્યા છે તે આભાર સહિત સ્વીકારીએ-છીએ.

આ ફંડમાં બીજા જે બંધુઓએ ભરેલા નાણાં અત્યાર પર્યન્ત મોકલાવ્યા નથી તેમને તે માટે રિમાઇન્ડરો લખવામાં આવ્યા છે અને આશા છે કે તેઓ પોતાની રકમો સત્વરે મોકલી આપવા કૃપા કરશે.

**શ્રી કેશરીયાજી ધ્વજા દંડ કમીશન ખર્ચ.**

કાર્યવાહી સમિતિ દ્વારા આ કાર્ય અંગે નિમાયેલી પેટા સમિતિની સભા તા૦ ૨૩-૧૦-૩૭ ના રોજ મેસર્સ મોતીચંદ એન્ડ દેવીદાસની ઓફિસમાં મળી હતી. સર્વ સભ્યો હાજર હતા અને તેઓની સંમતિ અનુસાર શ્રી આણંદજી કલ્યાણજીને અમદાવાદ પત્ર લખવામાં આવેલ છે.

**બેંગ્લુ દેરાસર માટે સહાયતા.**

આ અંગે શ્રી. મગનલાલ ચોરડીઆનો અસલ પત્ર તા. ૧૦-૧૧-૩૭ ના રોજ શ્રી ગોડીજી પાર્શ્વનાથજી મહારાજ જૈન દેરાસરજીના ટ્રસ્ટી સાહેબો પર યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવેલ છે.

**આગામી ધાર્મિક પરીક્ષાઓ.**

શ્રી કોન્ફરન્સ હસ્તકના જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ દ્વારા ધાર્મિક પરીક્ષાઓ આગામી તા. ૨૬-૧૨-૩૭ ને રવીવારના રોજ સર્વ સેન્ટરોમાં લેવામાં આવશે.

કેન્દ્રોમાં તથા પાઠશાળાઓને વિદ્યાર્થીઓને બેસાડવા માટેના ફોર્મ મોકલી અપાયા છે. કેટલાક સ્થળેથી ફાર્મ ભરાઇને મલી પણ ચુકયા છે. જેઓએ ન મોકલાવ્યા હોય તેઓ તુરતજ મોકલી આપે એ ઇચ્છવા યોગ્ય છે.

આ પરીક્ષાઓના નિમાયેલા પરીક્ષકોને પ્રશ્નપત્રો બોર્ડ કાર્યાલયને શિઘ્ર મોકલી આપવા મંત્રીઓ દ્વારા વિનંતિ કરવામાં આવે છે.

—**કોન્ફરન્સ ઓફિસ.**

## સમાચાર સાર.

**જૈન બોર્ડિંગ રાધનપુર:**—શ્રી કાંતિલાલ ઇશ્વરલાલ જૈન બોર્ડિંગ રાધનપુરની ઉદ્ઘાટન ક્રિયા આગામી તા૦ ૨૫ મી ડિસેમ્બર ૧૯૩૭ ના રોજ થશે. જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ પણ ત્યાં પધારવા વક્કી છે.

**ઓસવાલ સમ્મેલન કલકત્તા:**—શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાના પ્રમુખસ્થાને આગામી ડિસેમ્બર માસમાં મળશે. બાબુ બહાદુરસિંહજી સિંધી સ્વાગતાધ્યક્ષ છે.

**શ્રી પાર્શ્વનાથ ઉમ્મેદ જૈન બાલાશ્રમ:**—ઉમેદપૂર ( મારવાડ ) ની જનરલ મિટીંગ મુંબઇમાં રાયસાહેબ ભભૂતમલ ચત્રાજીના પ્રમુખસ્થાને મળી હતી. સંવત્ ૧૯૯૨ પર્યન્તના હિસાબ અને રિપોર્ટ મંજુર થવા ઉપરાંત બંધારણ કમિટી આદિ અંગે નિર્ણયો થયા. કમિટીના પ્રમુખ શ્રી. કાંતિલાલ ઇશ્વરલાલ ચુંટાયા છે.

**પ્રો. હર્મન જેકોબી:**—જૈન ધર્મનાં સૂત્રો તેમજ આગમોનું ભાષાંતર કરનાર જર્મન પ્રોફેસર હ. જેકોબી અવસાન પામ્યા છે.

**પાલણપુર જૈન વિદ્યાલયના**—નવા મકાનોની ઉદ્ઘાટન ક્રિયા ના. પાલણપુરના નવાબ સાહેબના મુબારક હસ્તે કરવામાં આવી છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."

Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. | છુટક નકલ—[illegible] આનો.

વર્ષ { જુનું ૧૧ મું. નવું ૬ ઠું. } તારીખ ૧૬ મી ડીસેમ્બર ૧૯૩૭. { અંક [illegible]૦ મો.

## જૈનો હિંદીઓ ક્યારે બનશે?

### નાના ઘોળો અને વાડાઓ સમાજ હિતની આડે.

### શ્રીમંતોના કરોડોના દાન કરતાં ગરીબનો અર્ધો રોટલો વધારે કિંમતી છે.

આજે તમારા આમંત્રણથી મને આવા મેળાવડામાં ભાગ લેવાને જે તક મળી છે, તે માટે તમારો આભારી છું. આજે આ મેળાવડા પ્રસંગે એક બે વાત કહેવા હું લલચાઉં છું. પહેલી વાત તો એ છે કે તમો અત્રે પટણી તરીકે ભેગા થયા છો, તેમાં પણ જૈન પટણીઓ તરીકે ભેગા મળ્યા છો. આ સંસ્થા કે જેનો મેળાવડો છે તે પણ પાટણના જૈનોની છે, આ રીતે આ સંસ્થા એક નાની વિભાગીય સંસ્થા છે, આવી નાની પેટા વાડાની કે વિભાગની સંસ્થાનો હું વિરોધ કરૂં છું. આજે આખા વિશ્વમાં વિવિધ દેશોમાંથી એક હિંદુસ્થાનજ એવો દેશ છે કે જ્યાં કોમના કે ધર્મના અભિમાનથી લોકો ઓળખાય છે, કોઇ કહે છે અમો વીસા શ્રીમાળી છીએ, કોઇ કહે છે અમો બ્રાહ્મણો છીએ, ઇત્યાદિ. પણ કોઇ એમ નથી કહેતું કે અમે હિંદી છીએ. જ્યારે અન્ય દેશો પહેલા પોતાની માતૃભૂમિને માન આપેં છે, અને તેઓ પોતાની માતૃભૂમિથીજ ઓળખાવામાં અભિમાન લે છે. એક અમેરીકાના રહેવાવાળાને પૂછશો તો તે પોતાના ધર્મથી કે જાતથી નહિ ઓળખાવે પણ પોતે એક અમેરીકન તરીકે ઓળખાવશે. જ્યારે આપણા દેશના સર્વ ફંડો અને સર્વ સંસ્થાઓને એકત્ર કરી એક સાર્વજનિક ફંડ કરીશું અને કોઇ પણ ધર્મ કે કોમના ભેદભાવ વિના જરૂરીયાતવાળા હરકોઇના ઉપયોગમાં તે ફંડ લઇશું, ત્યારેજ આપણા દેશની આપણે ઉન્નતિ સાધી શકશું. આ ઉપરથી હું કાર્ય કરનારાઓને નિરૂત્સાહી બનાવવા નથી ઇચ્છતો, પરંતુ જે અતિ અગત્યની વસ્તુ છે, તે તમારી સમક્ષ મૂકવાની મારી ફરજ સમજું છું.

બીજી એક વાત ફંડોની. આ બાબતમાં મારે કહેવું જોઇએ કે તમારા સંસ્થાના સભ્યો શ્રીમંત છે, સંસ્થા પણ શ્રીમંત છે, તમો અનેક ખાતાં નિભાવો છો, આજે અહિં બીરાજેલા ગૃહસ્થો એવા છે કે એમાંના એક એક ગૃહસ્થ આવી સંસ્થા નીભાવી શકે છે, પરંતુ હું પ્રાણ વિનાના દાનને ઇચ્છતો નથી. જેઓ દાન આપવા તરીકે અથવા તો સ્વાર્થ અથવા કીર્તિને માટે સંસ્થાઓને દાન આપે છે તેઓનું દાન લેવામાં હું માનતો નથી. કારણ કે તે દાનના પાછળ ભાવના નથી, ઊર્મિ નથી. આ ઉપરથી હું એ ગૃહસ્થોના ભોગને ઉતારી પાડવા માગતો નથી, છતાં પણ એટલું તો હું ચોકસ માનનારો છું કે જે દાનની પાછળ હૃદયની ભાવના નથી તે દાન લેવા કરતાં એટલું દ્રવ્ય બીજી રીતે અથવા જાત મહેનતથી પેદા કરવું તે વધારે ઉત્તમ છે. હું ભારપૂર્વક જણાવું છું કે શ્રીમંતના કરોડોના દાન કરતાં ગરીબનો આપેલો અર્ધો રોટલો વધારે કિંમતી છે, કારણ કે એની પાછળ જે ભાવના રહી છે. તે ભાવના કરોડોના દાનમાં દેખાતી નથી.

છેવટમાં આપ ભાઇઓએ આ પ્રસંગે મને અત્રે લાવી બોલવાની જે તક આપી છે તે માટે આપ સર્વેનો આભાર માનું છું.

(શ્રી. ભુલાભાઈ દેશાઇના પાટણ જૈન મંડળ બોર્ડીંગના રજત મહોત્સવ પ્રસંગના પ્રમુખ સ્થાનેથી અપાયેલા ભાષણનો ટુંક સાર.)

**उद्धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ**:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતા તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

**—श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧૬-૧૨-૩૭. ગુરૂવાર.


## અનુભવ સિદ્ધ વચન

અહા! કેવું અનુભવ સિદ્ધ વચન **मरणं प्रकृतिः** મરણ એ તો પ્રત્યેક ભુતાત્માનો સ્વભાવ! તો પછી આ જીવન શું છે? અને તરતજ **विकृतिः जीवन मुच्यते** એવું સૂત્ર અનુસંધાનમાં પ્રાપ્ત થાય છે. Death is certain. Life is but an accident એ આંગ્લ નિતિકારનું કથન પણ એજ સુચવે છે.

આમ જ્યારે મુત્યુ અનિવાર્ય વસ્તુ છે, અરે એના વગર દરેક જીવાત્માને ચાલવાનુંજ નથી તો પછી એનો ભય શા માટે? એ અતિ ભયંકર અને કારમુ કેમ ભાસે છે! હસતે મુખડે વધાવી લેતાં માનવીના ગાત્રો ત્યાં ઢીલા શા કારણે પડે છે! જ્યાં એક કાર્ય કોઇ પણ રીતે બનવાનુંજ છે; જ્યાં એને રોકવાનો કિંવા અટકાવવાનો ઉપાયજ નથી ત્યાં પછી મનુષ્ય સરખી પ્રજ્ઞાસંપન્ન વ્યક્તિ એનો ભય શા કારણે ધરે? અહર્નિશ તૈયાર રહી એના આગમનની માર્ગ પ્રતિક્ષા કેમ ન કરે? એનું સ્વરૂપ યથાર્થ અવધારી લઇ, એ તરફની ભીતિને સદાને સારૂં દેશવટો દઇ, કેમ રોજના અન્ય આવશ્યક કાર્યોમાં મન ન પરોવે?

પ્રખર અનુભવીઓનો તો એજ માર્ગ છે. પૂર્ણ જ્ઞાને જોનાર વિભૂતિઓએ એ નગ્ન સત્ય નિરખી ઉચ્ચાર્યું કે—'આત્મા અમર છે અને દેહ નશ્વર છે.' દેહથી આત્મા છુટો પડે છે ત્યારે સંસાર એને મરણ તરિકે ઓળખે છે, જ્ઞાની એમાં નવસર્જન પેખે છે. જુના વસ્ત્રોનો ત્યાગ કરી નવા સજવાના કાર્ય સિવાય એમાં કંઈ વિશેષતા નથી. 'ઉત્પાદ, વ્યય અને ધ્રુવ' રૂપ ત્રિપદી એમાં કાર્ય કરતી અનુભવાય છે. તેથી તો સમજુ પુરૂષો સંસારને રેલ્વેના જંકશનની ઉપમા આપે છે. જંકશને જેમ ગાડીઓ બદલાય છે તેમ એમાં આત્માના ભવોના બદલા થાય છે. પ્રાકૃત દ્રષ્ટિ સ્મશાન ભૂમિને ભીષણુતાના સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ જેવી નિહાળે છે ત્યારે સંસ્કૃત દ્રષ્ટિને મન એનું ટ્રાન્સફર સ્ટેશનથી અધિક મહત્વ નથીજ. આમ ચસ્માના કાચમાં જમીન-આસમાન સમો ફરક છે. બરાબર વિચાર કરતાં અનુભવીઓના વચનમાંજ સત્યના દર્શન થાય છે. જાતિ અનુભવ એ વાતની સાક્ષી પુરે છે તેથીજ નિમ્ન વાકય

**गोयम! समय मा पमाए।** એ પ્રભુ શ્રી મહાવીર દેવનું ગણધર શ્રી ઇંદ્રભૂતિ પ્રત્યેનું વાકય ખાસ મનનીય છે. 'સમય માત્ર પ્રમાદ ન કરવો' એ શબ્દોમાં અમાપ તત્વ ભર્યું છે એમાં સુચના-કાર્યદિશા અને ચીમકી છે. સમજ્યા તે જીતી ગયા

એ માટે ગતકાળના ગર્ભમાંથી કેટલાયે ઉદાહરણો ટાંકી શકાય. ગજસુકુમાળ-અવંતિ સુકુમાળ-અરણિક-મૈનાર્ય કે સુદર્શનના રેખાચિત્રો તરી આવે તેમ છે. બળતા અંગારાને શ્વસુરે બંધાવેલી પાઘડી સમજનાર ગજસુકુમાળ, તીક્ષ્ણ દાંતોથી દેહ ફાડનાર શિયાલણીને ઉપકારી માનનાર અવંતિ સુકુમાળ, ધગધગતી શિલાને ફુલ સજ્જીત પલંગ માની લઇ એ પર આસન પાથરનાર મુનિ અરણિક, ક્ષણે ક્ષણે તંગ થતી વાધરથી અમાપ દુઃખ પામતાં ને વિષમ આતપમાં ઉભેલા મેતાર્ય અને શૂલી પર પરોવાયા છતાં અડગ રહેનાર શેઠ સુદર્શન, શાશ્વત, અશાશ્વતના ભેદ પૂર્ણતઃ પામી ગયા હતાં. એમને મન નાશ્વીન દેહના કરતાં આત્માના મૂલ્ય અતિ ઘણા હતાં, એમણે 'મૃત્યુ' પાવકની જ્વાળા સમ નહોતું. તેથીજ હસતે મુખડે વધાવી લેનાર એ સમજુ અને શૂરા આત્માઓ હતા. આજે પણ આત્માની અમરતા સમજનારા સંત કે બળિદાન વેદી પર વગર વિલંબે જીવન હોમી દેનાર દેશનેતાઓ દ્રષ્ટિ ગોચર થાય છે તેમને મરણ એ ભયરૂપ નથીજ હોતું.

જો આટલું નિતરૂં સત્ય સમજાય તો જગતમાં કેટલી શાંતિ પથરાય, કેટલી અજ્ઞાન સુચક રોકકળ અટકી જાય. કેટલી સ્પર્ધાનો સહજ અંત આવે. સંસ્થા અને સંચાલકોના કાર્યોમાં ઘર ઘાલી બેઠેલી વડાઇ અને અહંતા સત્વર પિગળી જાય.

પ્રત્યેક વ્યકિત પોતાને વિશાળ શૃંખલાનો એક માત્ર અંકોડો સમજી સતત્ જાગ્રત ને કાર્ય શીલ રહે.

હાકલ થતાંજ રંચમાત્ર હાયવોય વિના સ્મિત્ વદને ચાલી નિકળે

## અંતરનાદ એટલે?

અંતઃકરણ એ કેળવ્યે માણસને મળે છે. એ મનુષ્ય માત્રમાં સ્વભાવેજ નથી હોતું. એની કેળવણીને સારૂ બહુ પવિત્ર વાતાવરણ જોઇએ. એ અતિશય નાજુક વસ્તુ છે. બાળકોને અંતઃકરણના અવાજ જેવું કંઇ નથી. જેઓ જંગલી ગણાય છે તેને અંતઃકરણ નથી હોતું. અંતઃકરણ એટલે ખેડાયેલી બુદ્ધિની વાટે આપણા અંતરપટમાં પડતો પડઘો. એટલે દરેક માણસ અંતરના અવાજનો દાવો કરે એ હાસ્ય જનક કહેવાય. તેમ છતાં બધા તેનો દાવો કરે તેથી ગભરાઇ જવાની કશી જરૂર નથી. અંતઃકરણને નામે થયેલો અધર્મ ટકવાનો નથી. વળી અંતરના અવાજને બહાને વર્તન ચલાવનારા દુઃખ વેઠવા તૈયાર હોતા નથી. એટલે એ દાવો ગમે તેટલા મનુષ્યો કરે તેમાંથી જગનું અનિષ્ટ નહિ થાય. જેમણે એવી સૂક્ષ્મ વસ્તુની સાથે ખેલ ખેલ્યો હશે તેમનો નાશ સંભવે છે. બીજાનો નહિ. વર્તમાન પત્રો આમાં કંઇક દ્રષ્ટાંત રૂપે છે. ઘણા વર્તમાન

# નોંધ અને ચર્ચા.

### બહારની સત્તા નોતરવાનો મોહ !

એક તરફ આપણા ધાર્મિક કાનુનોમાં, બહારની સત્તા હસ્તક્ષેપ કરે એ સામે સખ્ત વિરોધ જાહેર કરીએ છીએ જ્યારે બીજી તરફ ધર્માદાના નાણા, એ અંગેના વહીવટ આપણે એવી બેદરકારીથી આમજનતા પ્રત્યે બેપરવાઇ દાખવી ચલાવીએ છીએ કે જેથી જનકલ્યાણના નિમિત્તથી કે હિસાબની ચોખવટ અને મિલ્કતના સરંક્ષણ અર્થે ત્રીજી સત્તાને એમાં હાથ નાંખવોજ પડે. આ પરિસ્થિતિ આપણા સરખી વણિક કોમ માટે અનિચ્છનીય ને લજ્જાસ્પદ છે. દીક્ષાના કાયદા માટે વડોદરા શોકદિનનો આડંબર કરનાર કયા મુખે એડવોકેટ સાહેબને મરજી માફક ટ્રસ્ટીઓ નિમવાની ભલામણ કરતા હશે! વર્ષો થયાં જે હક્ક સાગરસંઘ ભોગવી રહેલ છે, એને હડતાળ ફેરવવા તત્પર બનેલ ગ્રહસ્થો એમાં કયા પ્રકારની ધર્મબુદ્ધિ નિહાળે છે?

સિંહની માફક મૂળ કારણ શોધવાનું ત્યજી દઇ શ્વાન માફક ઉપાદાન યાને વચગાળાના નિમિત્તને પકડાય છે દીક્ષાની પ્રવૃત્તિમાં દેશકાળોચિત્ત પ્રમાણિકતા અણાય તો આજે એ કાયદો રદ કરાવી શકાય. ધર્માદાના વહીવટ સ્વચ્છ રહે અને આમ જનતાનો એમાં અવાજ હોય તો કશી ફરિયાદનું કારણ ન રહે. બાકી કંઇ ન્યાયી પોકાર ઉઠ્યો કે સોંપી દો એડવોકેટને એ ભલે આજે સ્હેલું જણાય, પણ સરવાળે એમાં અગવડ અને પરતંત્રતા ઓછા નથીજ.

### દેવદ્રવ્યના ચિંતનહારો !

દેવદ્રવ્ય એટલે દેવ યા દેવસ્થાનને અંગે ઉપસ્થિત થતાં કાર્યો અંગે એકત્ર કરાયેલ દ્રવ્ય. આ અર્થમાં કોઇકજ સંમત ન હોય. જ્યાં આ સ્થિતિ મોજુદ છે, ત્યાં ભાગ્યેજ કોઇ જૈન સંતાન એ પ્રકારની મર્યાદાવાળા દ્રવ્યને ભક્ષણ કરવાનો કિંવા એ દ્વારા સ્વનિર્વાહ ચલાવવાનો વિચાર કરે! અલબત જેમાંથી એવો ધ્વનિ નીકળે તેવું લખનાર-બોલનાર છેજ, પણ તેથી અખિલ યુવક સમુદાય દેવદ્રવ્ય ખવડાવી દેવા માંગે છે યા તો દેવસ્થાનમાં પૈસો મૂકવો એ કસાઇખાને મૂકવા બરાબર છે એમ ન તો માને છે કે ન તો વદે છે. પણ એ સામે જ્યારે કેટલાક વહીવટદારોને ક્યાં તો એ પ્રકારના દ્રવ્યમાંથી ખડા થતાં મકાનો આદિના વહીવટમાંથી ભળતી રીતે રકમ ગડપ કરી જતા જોવાય છે અથવા તો કેવલ પોતાનો કક્કો ખરો કરવા સારૂ વકીલ બારીસ્ટરના ખીસા ભરાતા નિરખાય છે, ત્યારે તો સહજ ઉચરી જવાય છે કે આ કહેવાતા ધર્મના ઇજારદારો સાચેજ દેવદ્રવ્યના ભક્ષકો છે! આજે પ્રવર્તિ રહેલી ઉઘાડી પરિસ્થિતિનું આ તો માત્ર ઝાંખું ચિત્ર છે. ઉંડું અવગાહન કરનાર જરૂર આથી વધુ જોઇ શકે. શું આમ ચાલવા દેવું વ્યાજબી ગણાય!

### છ રી પાળતા યાત્રા સંઘો—

ઘડીભર પૂર્વકાળના જેવા પગે-ચાલતા ને ‘છ’ રી’ પાળતા યાત્રાળુઓ યુકત સંખ્યાબંધ ગાડાવાળા સંઘો આજના સમયમાં અતિશયતાભર્યા અને સમયને પ્રતિકુળ જેવા જણાય, છતાં જો ઉંડે ઉતરવામાં આવે તો એ પદ્ધત્તિ સાવ ફેંકી દેવા જેવી કે માત્ર ટીકા કરવા જેવી તો નથીજ. અલબત આજના સાધનો પ્રતિ મીંટ માંડતાં કે આજના યુગની પ્રવૃત્તિ તરફ ચક્ષુ ફેરવતાં જરૂર એમ લાગ્યા વિના નજ રહે કે આ માર્ગે આટલું દ્રવ્ય ખરચવા કરતાં, ચાલુ કાળના સાધનોનો લાભ લઇ, બચત દ્રવ્યથી ક્યાં બીજા માર્ગો વડે ધર્મપ્રભાવનાના કાર્યો ન કરવા? અથવા તો ક્યાં એથી સમાજના નરનારીઓને લાભકર્ત્તા બનવું? છતાં એ સર્વ આખરે તો વાપરનારની ઇચ્છા પર અવલંબે છે, એટલે આજે એની ચર્ચામાં ન ઉતરતાં એટલું કહીયે કે માર્ગે આવતા ગામોમાં, જે જે જરૂરીયાતોની ઉણપ જણાય તેને જરૂર લક્ષ્ય અપાય અને પગપાળો પ્રવાસીવર્ગ સવિશેષ સંઘમાં હોય તો એ પ્રકારની યાત્રાનો આનંદ અનેરોજ છે એ અનુભવનો વિષય છે, એમાં બેમત જેવું નથીજ. પણ ચાલુ કાળને ઉચિત ફેરફારો કરી એનો મેળ પ્રવાસ યાત્રાને અનુરૂપ કરવો ઘટે. વધી પડેલો આડંબર, દોડાવાની મોટરો, અને મુકામ કરવાના સ્થાનો પર થઇ પડતી ધમાલ અને મોંઘવારી અટકાવવાના પગલાં પૂર્વેથી લેવાવા જોઇએ. સાથોસાથ તંબુ નાંખવાની પદ્ધત્તિ એકાદી છાવણી જેવી હોય કે જેથી નરનારીઓને, અગવડ ન પડે અને આહાર-નિહારની અનુકુળતા પણ જળવાય. છેલ્લાં ગાંધીજીના પગપાળા પ્રવાસના જે વર્ણન પત્રોમાં આવતાં તે પરથી પણ ઘણી ઘણી સુચનાઓ મેળવી સંઘપતિ ધારે તો આ ભુલાઈ જતી સંઘ પ્રથાને નવો ઓપ આપી શકે અને અનુકરણીય બનાવી શકે.

### જામનગરથી નીકળેલો પગપાળો સંઘ:—

ઉપરના પેરીગ્રાફમાં કરાયેલી સૂચનાનું કારણ એ છે કે આજે જામનગરથી શ્રી પોપટલાલ ધારસીભાઇએ એક આવો સંઘ કાઢયો છે, આ પૂર્વે પણ હમણાં હમણાં બે ત્રણ સંઘો નીકળી ગયા છે, તેવાજ પ્રકારનો આ સંઘ છે, પરંતુ આ સંઘના સંબંધમાં ઘણી ઉણપો અને કહેવાનું સંભળાય છે. જામનગર જેવા ૨૫૦૦ જૈનોની વસ્તીવાળા શહેરમાંથી નીકળતા સંઘમાં માત્ર એક ઓશવાળ નાતનીજ તેમાં સામેલગીરી છે જ્યારે સંઘનો મોટો ભાગ તેમાં સામેલ નથી. જુના કજીયાનો નીકાલ કરવાનો આ ઘણોજ યોગ્ય અવસર હતો, પરંતુ જામનગરના કમભાગ્યે કજીયો પત્યો નહિ, ઘેર મહાન અવસર ઉભો કરનાર મહાશયે જો કંઇક નમનતાઈ બતાવી હોત તો જરૂર કજીયો નીકળી જાત, અને આખો સંઘ એકદીલથી સંઘમાં ભાગ લઈ જામનગરની શોભા વધારી દેત.

---

પત્રો લોક સેવાને નામે આજે કેવળ ઝેર ફેલાવી રહ્યાં છે. પણ એ વેપાર લાંબી મુદત સુધી ચાલવાનો નથી. પ્રજા તેથી કાયર થવાની જ છે. સત્યનું તાદૃશ જ્ઞાન-સાક્ષાત્કાર-એટલે અંતરનાદ, એમ હું માનું છું. અને આપણને સત્યનું સંપૂર્ણ દર્શન થતું નથી, આપણે જે સત્ય જોઇએ છીએ તે અપૂર્ણ હોય છે, તેથી આપણે જગતના ઋષિઓને આપણા માર્ગદર્શક માનીએ છીએ ને તેમને અનુસરીએ છીએ. સત્યનો સાક્ષાત્કાર કરી શકાય એને માટે ચોકસ નિયમો ઘડાયેલા છે; એનું પાલન કરીને જ સત્યનું દર્શન કરી શકાય. એટલે, જેમ ભૂમિતિનું શિક્ષણ લીધા વિના ભૂમિતિનું જ્ઞાન ન મળી શકે, તેમ આવશ્યક સાધના કર્યા વિના કોઇને પણ અંતરનાદ સંભળાઇ શકે છે એમ કહી ન શકાય.

(ધર્મ મંથન)

# ::: કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ. :::

**'સરાક' જાતિ ઉત્થાન પ્રવૃત્તિઃ—**

પૂર્વ દેશમાં સરાક જાતિના ઉત્થાનાર્થે પૂ. મંગળવિજયજી મહારાજ અને બંગાળના આગેવાનો તરફથી જે પ્રવૃત્તિ ઉપાડી લેવામાં આવી છે તે અંગે વર્તમાન પત્રોમાં સમાચારો પ્રકટ થતા રહ્યા છે. તત્સંબંધે શ્રી પ્રભાકરવિજયજી મહારાજ તરફથી કૉન્ફરંસને એક ટુંક પત્ર મળતાં એ અનુમોદનીય પ્રવૃત્તિને ટેકો આપવા બંગાળ વિભાગના કૉન્ફરન્સના એક જનરલ સેક્રેટરી બાબુ બહાદુરસિંહજી સિંધી તથા પ્રાંતિક મંત્રી શ્રી નરોત્તમદાસ જેઠાભાઇને ભલામણ કરવામાં આવી છે.

**કૉન્ફરન્સનાં પ્રકાશનોઃ—**

સંસ્થાના પ્રકાશનોની કિંમત પ્રચારની દૃષ્ટિએ નિમાયેલ પેટા-સમિતિએ ઘટાડયા બાદ તેનાં વેંચાણાર્થે શકય તેટલા વધુ પ્રયાસો ચાલુ છે. હાલમાં જુદા ૨ સ્થાનોની જૈન પુસ્તક-પ્રકાશન સંસ્થાઓ અને બુકસેલરોને તેની ખરીદી અર્થે પત્રો લખવામાં આવ્યાં છે, લેટ્ એકી સાથે ખરીદ કરી શકે એમ ન હોવાથી કેટલાક અમુક સંખ્યામાં સેટ મંગાવે છે.

## શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.

### ૪૦ સ્થળે ૧૦૩૪ વિદ્યાર્થીઓની ધાર્મિક પરીક્ષાઓ.

કૉન્ફરન્સ હસ્તકના શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ દ્વારા દર વર્ષે નિયમિત લેખિત ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓ લેવામાં આવે છે. આ વર્ષે તા. ૨૬-૧૨-૩૭ ને રવિવારના રોજ બપોરનાં સ્ટાં. ટા. ૧ થી ૪ સુધીમાં લેવામાં આવનાર શ્રી **સારાભાઇ મગનભાઈ મોદી** પુરૂષ વર્ગ અને અ. સૌ **હીરાબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રી વર્ગ ધાર્મિક પરીક્ષાઓના જુદા જુદા ધોરણોમાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા (ફોર્મ ઉપરથી) નીચે પ્રમાણે છેઃ—

| | | | |
|---|---|---|---|
| મુંબઈ | ૪૯ | અમદાવાદ | ૧૮૨ |
| ભાવનગર | ૧૩૦ | પાલીતાણા | ૧૩૧ |
| સુરત | ૩૫ | રતલામ | ૭૯ |
| કરાંચી | ૧૩ | ગુજરાનવાલા | ૭ |
| ઉંઝા | ૧૯ | જુન્નેર | ૩૫ |
| સાંગલી | ૧૬ | નિપાણી | ૧૧ |
| બારસી | ૧૬ | ગદગ | ૧ |
| પૂના | ૧૭ | દાહોદ | ૬ |
| ગોધરા | ૩૪ | થરાદ | ૧ |
| ચાંદવડ | ૧૨ | વિરમગામ | ૩ |
| જુનાગઢ | ૨૧ | ઓશીયા | ૫૪ |
| સાદડી | ૫ | બોપાલગઢ | ૨ |
| રાંદેર | ૯ | પાદરા | ૨૫ |
| બોરસદ | ૨૨ | આમોદ | ૧૨ |
| પાલણપુર | ૨૪ | ઉમતા | ૨ |
| ભરૂચ | ૧૮ | વેજલપુર ભરૂચ | ૭ |
| બગવાડા | ૧૨ | મહેસાણા | ૧ |
| મહુધા | ૫ | છોટીસાદડી | ૧ |
| વરકાણા | ૨૬ | અમલનેર | ૧ |
| જાલોર | ૨૫ | હિંડૌન | ૧૫ |

કુલ ૧૦૩૪ વિદ્યાર્થીઓ [તા. ૧૩ ડિસેમ્બર ૩૭ સુધી.]

**નવાં સેન્ટરો.**

નીચેના સ્થળો ધાર્મિક પરીક્ષાર્થે નવા સેન્ટરો તરીકે મંજુર રાખવામાં આવ્યા છેઃ—

**દાહોદઃ** વ્યવસ્થાપકો; શ્રી રતનલાલ નહાલચંદ અને મગીનદાસ ગિરધરલાલ, દાહોદ (પંચમહાલ.)

**ચાંદવડઃ** વ્યવસ્થાપકો; શ્રી કેશવલાલ હરખચંદ બાબડ અને શાંતિલાલ ખેમચંદ શાહ, ચાંદવડ (જી. નાશિક.)

**વ્યવસ્થાપક સમિતિની સભા.**

જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની વ્યવસ્થાપક સમિતિની એક સભા તા ૫-૧૨-૧૯૩૭ રવિવારના રોજ કૉન્ફરન્સ કાર્યાલયમાં શ્રીયુત **મકનજી જે. મહેતા.** બાર-એટ-લૉના પ્રમુખસ્થાને મળી હતી. ૭ સભ્યો ઉપસ્થિત હતા.

(૧) બોર્ડની સ્થાપનાને ૨૭ વર્ષ પૂર્ણ થયેલ હોવાથી યોગ્ય સમારંભ ગોઠવવા સમિતિએ વિચાર કરી નિર્ણયો કર્યા હતા. તત્સંબંધે વિશેષ વિચારણા હવે પછીની સભામાં થશે.

(૨) શ્રીયુત કાળીદાસ સાંકળચંદ દોશી અને શ્રી બબલચંદ કેશવલાલ મોદી તથા શ્રી મનસુખલાલ હીરાલાલ લાલનને અનુક્રમે બોર્ડના લાઇફ મેમ્બરો અને સહાયક સભાસદ તરીકે સ્વીકાર્યા.

(૩) સંવત્ ૧૯૯૩ અને ૧૯૯૪ નો હિસાબ તપાસવા ઑનરરી ઑડિટર તરીકે શ્રીયુત બાલચંદ મગનલાલ મહેતા, જી. ડી. એ; રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણુંક કરવામાં આવી.


**તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

**જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.**

**રૂ. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂ ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂ. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂ. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂ. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂ. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂ. ૪-૦-૦ માં જ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ,**
૨૦, પાયધુની—મુંબઇ, ૩.

# સરાક જાતિ અને જૈન ધર્મ. (મળેલું)

બંગાળ બિહાર અને ઓરિસામાં એવી જાતિ વસે છે કે જે સરાક જાતિના નામે ઓળખાય છે. "સરાક" શ્રાવક શબ્દનો અપભ્રંશ છે, ત્યાંની ગવર્નમેન્ટે પ્રકાશિત કરેલ સેસન્સ રિપોર્ટ અને ડીસ્ટ્રીકટ ગેઝેટમાં એમ જાહેર કરવામાં આવ્યું છે કે, સરાક જાતિ વસ્તુતઃ જૈન છે, તે લોકોનાં ગૌત્ર, રહેણી કરણી અને આચાર-વિચાર જોઇ કોઇ પણ કહી શકે, તે જૈનોજ છે. તેઓ માનભુમ. વીરભૂમ, સિંહભૂમ, પુરૂલીયા, રાંચી, રાજશાહી, વર્દ્ધમાન, બાંકુડા, મેદિનાપુર આદિ જિલ્લાઓમાં તથા ઓરિસાના કેટલાયે જિલ્લાઓમાં વસે છે. જો કે તે લોકો પોતાના વાસ્તવિક સ્વરૂપને ભૂલી ગયા છે. છતાં કુળાચારને લીધે તેઓ વનસ્પત્યાહારી છે. ધર્મ અને કર્મના સંબંધમાં તેઓ પોતાના કુળાચાર પ્રમાણે ભગવાન પાર્શ્વનાથના ઉપાસક છે. ત્હેનાથી વધારે જ્ઞાન તેઓને નથી; પરંતુ તેઓ એ તો જરૂર સ્વીકારે છે કે તેમના પૂર્વજો જૈનો હતા. તે લોકો સમ્મેતશિખરજીની યાત્રા કરવા જતા હતા, તેઓમાં એવી માન્યતા હતી કે યાત્રા કર્યા પછી ખેતી આદિ કાર્ય થઇ શકે નહિ અને તે માટે કંગાલીયત ને દરિદ્રતાથી યાત્રાનો ત્યાગ કરવો પડયો. ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં તેમાં જરાયે શંકા નથી કે તે લોકો જૈન છે. સન ૧૯૧૧ માં માનભૂમ જીલ્લા ગેઝેટના ૫૧ મા પાનામાં સરાક જાતિ સંબંધી નીચે પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

Reference is made elsewhere to a deculiar people bearing the name of Sarak (variously spelt) of whom the district still contains a considerable number, these people are obviausly Jains by origin and their own traditions as well as those of their neigh bours. The Bhumij make them the descendents of race which was in the district when the Bhumij arrived their ancestors are also credited with building the temples at Parra, Chharra, Bhoram and other places in these pre Bhumij days They are new and are credited with having always been, peaceable race living on the best of the terms with the Bhumij.

અર્થાત:—આ જીલ્લામાં એક એવી જાતિ નિવાસ કરે છે, જહેને સરાક કહેવામાં આવે છે. કે જેની સંખ્યાનું પરિમાણ અહિં કાફી છે, એ નિર્વિવાદ સિદ્ધ છે કે સરાક ઉત્પત્તિથી જૈન છે, ત્હેના કુલાચારથી અને સહવર્તિ ભૂમિજોનાં પરંપરાગત કથનથી પણ એ ફલિત થાય છે કે એ લોકો એ જાતિના વંશધર છે કે જે ભૂમિજોના આગમન પહેલાં અહિં વસ્યા હતા અને ત્હેમણે પારા, છરા, ભોરમ આદિ સ્થાનોમાં ભૂમિજ કાલથી પહેલાં જિન મંદિરો બંધાવ્યા હતા. ભૂમિજો સાથે હળીમળીને તેઓની રહેણી કરણી અને સદ્વ્યવહાર એ બાબતની સાક્ષી પૂરે છે કે તેઓ હમેશાં અને આજે પણ શાંતિપ્રિય છે.

એજ રીતે સન ૧૯૦૮ ના પૂરી ગેઝેટના ૮૫ મા પેજ ઉપર લખ્યું છે કે:—"સરાક જાતિ અતિ પ્રાચીન જાતિઓમાંની છે."

તે સંબંધી મી. ગેટસન્ ૧૯૦૧ ના બંગાળ સેસન્સ રિપોર્ટમાં કહે છે કે એ તો નિશ્ચયજ છે કે સરાક શબ્દની ઉત્પત્તિ શ્રાવક શબ્દથી થઇ છે, જેને. સંસ્કૃત ભાષામાં 'સાંભળનાર' એવો અર્થ થાય છે. જૈનોમાં શ્રાવક ત્હેને કહે વાય છે કે જે યતિઓ અને મુનિઓથી ભિન્ન છે, અર્થાત્ ગૃહસ્થ છે. અહિ ઘણા સરાકો વસે છે. ખાસ કરીને તેઓ (ઓરીસા) તાઇગીરીયા રાજ્ય, કટકનું બંકી થાણું અને પૂરીના પીપલી થાણામાં વસ્યા છે. તે લોકો બીજી સરાક જાતિની જયમ શાકાહારી છે. પ્રતિવર્ષ મહા મહિનાની સાતમના રોજ ખંડગીરીની ગુફા ઓમાં જઇ ત્યાંની જૈન મૂર્તિઓની પૂજા સ્તવના કરે છે.

તે શિવાય બંગાળ સેસન્સ રિપોર્ટમાં નં. ૪૫૭ પેજ ૧૦૯ માં લખે છે કે: પ્રાચીનકાળમાં પાર્શ્વનાથ હીલના નજીકના પ્રદેશોમાં જૈનીઓની ખૂબ વસતી હતી. માનભૂમ અને સિંહભૂમ તો તે લોકોના ખાસ નિવાસ સ્થાન હતા, જૈનીઓના કથન અનુસાર તે પ્રત્યેક પ્રાંતોમાં ભગવાન મહાવીર વિચર્યા હતા, ત્યાંના લોકો પણ એજ કહે છે કે: પ્રાચીનકાળમાં અહિં સરાક જાતિનું રાજ્ય હતું અને તે લોકોએ કેટલાંએ જૈન મંદિરો બંધાવ્યાં હતાં માનભૂમમાં જૈનોનાં કેટલાંયે પ્રાચીનસ્મારક અને સિંહભૂમમાં તામ્રપત્રો મળી આવ્યાં છે, તે લોકો પ્રાચીન જૈન શ્રાવક છે અને ત્હેના સંતાનો સરાક જાતિના નામથી પ્રખ્યાત છે."

ઉપરોક્ત રિપોર્ટો શિવાય બીજાં પણ કેટલાંક પ્રમાણો છે કે તે લોકોના ગોત્ર આદિદેવ, અનંતદેવ, ધર્મદેવ અને કાશ્યપ (ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરનું કાશ્યપ ગોત્ર છે) વગેરે છે કે જે જૈનેતર જાતિમાં હોવા અસંભવ છે.

તેઓના ગામોમાં અને ઘરોમાં કોઇ કોઇ સ્થળે અત્યારે પણ જિનમૂર્તિઓની પાર્શ્વનાથના નામથી તેઓ પૂજા કરે છે, એ લોકો કટ્ટર શાકાહારી છે, માંસ મદિરા વિગેરે બીલકુલ ખાતા નથી, જમીનકંદાદિ ફળો ઉપર પણ નફ રત છે, તે સંબંધી તેઓમાં કહેવત છે, "ડોહ ડુમુર પોડા છાતી યહ નહિ ખાય સરાક જાતિ" સરાક લોકો જમીન કંદાદિ ખાતા નથી (જૈન તર કોઇ પણ જાતિમાં ફળ વિશેષનો ત્યાગ જોવામાં આવતો નથી) તે લોકો રાત્રિ ભોજનને ખરાબ સમજે છે. અને કેટલાક લોકો રાત્રિભોજન કરતા નથી. ઉપરોક્ત પ્રમાણોથી

સિદ્ધ થાય છે કે સરાક જાતિ એ જૈન સંતાનોજ છે. તેઓ એક એવા દેશમાં અને જાતિ સાથે નિવાસ કરે છે કે જેનો હજારો વર્ષોથી જૈન ધર્મ સાથેનો સંબંધ તુટી ગયો છે. જ્યાં હિંસાનું સામ્રાજ્ય છે, જ્યાં સાધુ સમાગમ નથી, જ્યાં જીવન નિર્વાહની સમસ્યા સિવાય ધર્માદિ વિષયોપર કોઈ જાતની ચર્ચા નથી એ પરિસ્થિતિમાં સરાક જાતિ પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી જાય તો ત્હેમાં આશ્ચર્ય શું છે? છત! જૈન ધર્મના! છાપનો એ પ્રભાવ છે કે તે લોકો પોતાના કુલાચારને હજુ સુધી બરાબર સંભાળે છે. છેલ્લાં દોઢ વર્ષથી સ્વ જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજય ધર્મ સૂરિજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન ન્યા. ન્યા. ઉપાધ્યાય **શ્રી** મંગળવિજયજી મહારાજ આ જાતિમાં વિચરી ધર્મ પ્રચાર કરી રહ્યા છે અને એ જાતિને પુનઃ શુદ્ધ જૈન બનાવવા અપનાવવા માટે ઝરીયા અને કલકત્તામાં શ્રી જૈન ધર્મ પ્રચારક સભા નામની બે સંસ્થાઓ સ્થાપન થએલી છે. આ સંસ્થાના પ્રયાસથી અત્યારે આ સરાક જાતિમાં પૂરતા ફંડના અભાવે હાલ તુરતમાં ફકત એકજ જીલ્લાના ૬૭ ગામમાંથી ૧૭ ગામમાં કુમારડી, મધુડી, બેલહટ, બેલુંજા, દાંડયકા, પર્વતપુર, કર્માટાંડ, દેવગ્રામ, ગન્ધ્ર, પડીહ, ઉપરબાંધા, આસનસોલ, અમ્લાબાદ, મોહાલ, ચૌધરીબાંધ, શીબાબુડી, પસ્તાવડી, ભજૂડી વિગેરેમાં પ્રચાર કાર્ય ચાલી રહ્યું છે. બધા જીલ્લા સાથે લઇએ તો કુલ વસ્તી ત્રણ લાખની થાય છે, પણ આ સત્તર ગામમાં ફકત સરાકની વસ્તી એક હજારની છે અને માનભૂમ આખા જીલ્લામાં સરાકની લગભગ બત્રીશ હજારની વસ્તી છે.

**પ્રચારકાર્યની રૂપરેખા.**

સરાક જાતિના કુમારડી, બેલહટ, દેવગ્રામ અને મોહાળ આ ચાર ગામોમાં સ્કુલો ખોલ વામાં આવી છે, જેમાં સરાક જાતિના બાળકો ધાર્મિક, હિન્દી, બંગાળી અને ઇંગ્રેજી અભ્યાસ કરે છે, અને કુમારડી ગામમાં જગ્યા લઇ એક નાનું મંદિર બનાવવું શરૂ થયું છે.

મેટ્રીકથી વધારે અભ્યાસ કરનાર એક વિદ્યાર્થીને હાલમાં કલકત્તામાં વધુ અભ્યાસ માટે સ્કોલરશીપ, રહેવા ખાવા વિગેરેનો બંદોબસ્ત કરી રાખ્યો છે અને બીજાઓની પણ અરજીઓ ચાલુ આવે છે, તેમ સરાક લોકો બીજા ગામોના પણ પોતાને ત્યાં સ્કુલ મંદીર વિગેરે વાસ્તે ચાલુ માંગણી કરે, છે સરાક જાતિમાં સાહિત્ય પ્રચાર માટે શ્રી આદિનાથ, શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં જીવનચરિત્રો તથા પૂજા સાથે ધર્મદત્ત નૃપકથા તથા પંચમહાવ્રત પરની કથાઓના બંગાળી ભાષામાં અનુવાદો કરાવી છપાવી પ્રચાર કરવામાં આવે છે. તથા હિન્દીમાં આર્હત જીવનજ્યોતિ અને શ્રાવકાચાર વિગેરેનો પ્રચાર કરવામાં આવ્યો છે. આ જાતિના ઉપદેશ કાર્યને માટે ખાસ એક જૈન પંડીત રોકવામાં આવેલ છે, તેમજ જંગલોમાં પ્રાચીન જૈન મંદિર અને મૂર્તિઓના ભગ્નાવશેષોની શોધખોળ કરવામાં આવે છે અને તેથી પ્રાચીન મૂર્તિઓના તથા મંદિરોના ભગ્નાવશેષો મળી આવ્યા છે.

ઉપર્યુક્ત રીતે શ્રી જૈન ધર્મ પ્રચારક સભા કલકત્તા અને ઝરીયાના સભ્યો કાર્ય કરી રહ્યા છે, જૈનોની ઘટતી જતી સંખ્યા ઉપર દૃષ્ટિપાત કરી આ ઉત્તમ કાર્યને જૈનીઓએ હાથ ધરવાની જરૂર છે. આશા છે કે પૂજ્ય આચાર્ય દેવો આ સંસ્થાને પૂર્ણ રીતે ઉપદેશદ્વારા મદદ મોકલાવશે અને દરેક ગામોના શ્રી સંઘો પોતાનો ફાળો મોકલી આપશે.

વિશેષ જાણવાની ઇચ્છાવાળા ભાઇઓ ધી સેક્રેટરી જૈન ધર્મ પ્રચારક સભા નં. ૯૬ કેનીંગ સ્ટ્રીટ કલકત્તા લખશે તો તે વીષે વધુ માહીતી આપવામાં આવશે. તેમજ મદદ મોકલનાર નીચે ઠેકાણે મદદ મોકલી શકશે.

શેઠ કેશવજી નેમચંદ,
ટ્રેઝરર શ્રી જૈન ધર્મ પ્રચારક સભા,
નં. ૪૮ ઇઝરા સ્ટ્રીટ, કલકત્તા.

---

## રાધનપુરમાં જૈન બોર્ડીંગ ખુલ્લી મૂકાશે.

શ્રી કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી ઉત્સાહી શ્રીમાન્ કાન્તિલાલ ઇશ્વરલાલે પોતાના પિતાશ્રીના સ્મરણાર્થે રાધનપુર મુકામે જે બોર્ડીંગ સ્થાપન કરી છે, તેની ઉદ્દ્ઘાટન ક્રીયા તા. ૨૫-૧૨-૩૭ ના રોજ થશે, તે માટે હરેક સ્થળે આમંત્રણ પત્રિકાઓ મોકલાઇ ગઇ છે; આ પ્રસંગે આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ પોતાના શિષ્ય પરિવાર સહિત પહોંચી જશે. આ પ્રસંગે ઘણા આગેવાન જૈન ગૃહસ્થો ત્યાં એકત્ર થશે એમ માનવામાં આવે છે.

## પાટણ જૈન મંડળનો રજત મહોત્સવ.

ઉપરોક્ત સંસ્થાનો રજત મહોત્સવ તા. ૧૨-૧૨-૩૭ રવીવારના રોજ વાલકેશ્વર ઉપર શ્રી. હેમચંદ મોહનલાલના બંગલાના વિશાળ કમ્પાઉન્ડમાં શ્રી. ભુલાભાઇ જે. દેશાઇના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવ્યો હતો, છોકરાઓની રમત-ગમતની હરિફાઇ, પૂજા, આરોગ્ય પ્રદર્શન, ભોજન તથા ભાવના વિગેરે પ્રસંગોથી આખો દિવસ ભરચક કાર્યક્રમ હતો, તેમજ પાયધુનીથી બસની મફત સગવડ રાખેલી હોવાથી લોકોએ ઠીક લાભ લીધો હતો; આવા પ્રસંગે ભોજનનો પ્રબંધ કંઇક અવ્યવસ્થા થવાનું જાણવામાં આવ્યું છે, આવા પ્રસંગોએ ભોજન આદિમાં કંઇક નિયમન આવશ્યક છે.

---

## શોકજનક અવસાન.

અમોને જણાવતાં અતિ દીલગીરી થાય છે કે આ પત્રના તંત્રી ભાઇશ્રી મોહનલાલ દીપચંદ ચોકસીના પિતાશ્રી દીપચંદભાઈ ગત્ માગસર શુદ ૬ ને દિવસે ખંભાત મુકામે ટુંક માંદગી ભોગવી અવસાન પામ્યા છે, તેમની ઉમ્મર જો કે વૃદ્ધ હતી, છતાં દેરાસરની વ્યવસ્થા આદિ કાર્યોમાં પણ રસ લેતા હતા; પરમાત્મા પાસે તેમના આત્માની શાંતિ ઇચ્છી ભાઇશ્રી મોહનલાલ ચોકસીની દિલગિરીમાં ભાગ લઇએ છીએ.

**—મ. હી. લાલન.**

( જૈન યુગ કમીટી વતી )

# લોકલ ટ્રેનમાં ત્રિભેટો.

## એક વિચારણીય વાર્તાલાપ.

મરીન લાઈન્સથી મલાડ જતી એક લોકલમાં જન્મભૂમિ વાચતાં હું બારી પાસે બેઠો હતો, ચર્નીરોડ સ્ટેશનથી અમારા કમ્પાર્ટમેન્ટમાંજ બે ભાઇઓ દાખલ થયા, મને જોઈ તેઓ બોલી ઉઠયા 'અહો! આજ તમો પણ કંઇક મોડા થયા લાગો છો?'

'હા જરા ઓફિસથી આજ મોડું છુટાયું' મેં કહ્યું

ત્યાર બાદ કેટલીક આડી અવળી વાતચીત કર્યા પછી તેમાંના એક ભાઇએ પ્રશ્ન કર્યો,

'કેમ! તમો કોન્ફરન્સ કયારે ભરો છો?'

આ પહેલાં મારે જણાવવું જોઇએ કે જેમ હું વર્કીંગ કમીટીનો સભ્ય છું, તેમ તેઓ પણ વર્કીંગ કમીટીનાંજ સભ્યો હતા, તફાવત માત્ર એટલોજ હતો કે હું નિયમીત કોન્ફરન્સના કામકાજમાં રસ લેતો હતો, જ્યારે તેઓમાંના એક ભાઈ કોઇ કોઈ દિવસ ચર્ચાનો વિષય હોય તોજ દેખાતા હતા, જ્યારે બીજા ભાઇ શ્રીમંત હોઈ રૂા. ૫) નું લવાજમ આપી સંતોષ માનનારા હતા. ઉપરનો પ્રશ્ન તે શ્રીમંત ગણાતા મહાશયેજ કર્યો હતો.

'કેમ! તમોને ખબર નથી કે ભાવનગરમાં કોન્ફરન્સ ભરવાની કંઇક હીલચાલ ચાલી રહી છે, આ બાબતનો ઇશારો જૈન પત્રમાં પણ આવી ગયો છે.' મેં જવાબ આપ્યો.

'પણ પેલા યુવક સંઘવાળા દશ ભાઇઓએ ગઈ સ્ટેન્ડીંગ કમીટીમાં આમંત્રણનું માથે લીધું હતું, તે શું છટકી ગયા? શ્રીમાને કહ્યું.

'નહિ, લગભગ તેમનાજ પ્રયાસથી કોન્ફરન્સ ભરાવાની તજવીજ ચાલી રહી છે એમ જાણવામાં આવ્યું છે.' મેં જવાબ આપ્યો.

અત્રે ત્રીજા ભાઈ છાપું બાજુએ મૂકી બોલ્યા 'પણ યુવાનો જેટલા ગાજે છે તેટલા વરસતા નથી તો.'

હવે વાર્તાલાપનો પાયો બદલાયો, તેઓ બન્ને વચ્ચેનો વાર્તાલાપ હું રસપૂર્વક સાંભળતો હતો.

શ્રીમંત-'અરે! ભાઈ બધું એમજ છે, આજે કોઇનામાં ક્યાં સંપૂર્ણ ભોગ આપવાની તાકાત રહી છે? કામ કરનારાઓ જો કામ કરે તો સમાજ પણ જરૂર રસ લેતો થાય, અત્યારે અમારા જેવાને તો રસજ આવતો નથી.'

સામાન્ય-'પણ સાહેબ એમાં એકલા કામ કરનારાઓનીજ ખામી નથી, પરંતુ વિશાળ ફંડોની પણ જરૂર રહે છે. આજે તમો જાણો છો કોન્ફરન્સ પાસે કંઈ ભંડોળ નથી, છતાં પણ હમણાં હમણાં કેળવણી પ્રચાર, બેકારી નિવારણ એ પ્રશ્ન ઉપર કોન્ફરન્સે પોતાનું લક્ષ્ય ઠીક દોરવ્યું છે, અને કેળવણી માટે મોટી રકમ પણ મળી છે.'

શ્રીમંત-(જરા આનંદમાં આવી જઇ) બસ! મારા સાહેબ, હવે સાચું બોલ્યા, જો કામ હોય તો આપણી કોમમાં પૈસાનો તોટો પડે તેમ નથી, ઘણાય ઉદાર લક્ષ્મીપતિઓ સમાજના કાર્ય માટે પૈસા આપે છે, અને આપશે.

આ અવસરે મારે વચમા બોલવું પડયું. મેં કહ્યું, 'જુઓને મહાશય! આજે આપણે કેળવણીની સ્કીમ લગભગ તૈયાર કરી છે, એને માટે ગામોગામ મદદ આપવાની સૂચનાઓ પણ મોકલી આપી છે, પણ આપણા સમાજના કમભાગ્ય છે કે હજુ સુધી તેનો જોઇએ તેવો લાભ લેવાયો નથી.'

શ્રીમંત-અરે ભાઇ! પણ અમારા જેવા સામાન્ય બુદ્ધિના માણસને તો આ યોજનામાં સમજ પડે તેવુંજ નથી, મેં તો વાંચ્યું હતું પણ કંઇ સમજ પડતી નથી.

સામાન્ય-(મારી સામું જોઈ) તમો ખોટું નહિ લગાડતા, પરંતુ મને પણ આ યોજના જોઇએ તેવી વ્યાપક લાગતી નથી, બહારગામના લોકો આનો તુરત લાભ ઉઠાવે એવું લાગતું નથી, આ યોજનાને કંઇક વધારે સરળ કરવામાં આવે, અને ગામડાંઓમાં સમજાવટથી પ્રચાર કરવામાં આવે તોજ તેનો લાભ ઉઠાવાય.

શ્રીમંત-ભાઈ સાહેબ! એ તલમાં તેલ જેવું નથી; બહારગામ જવાનું તો કોઇનું દીલજ કયાં થાય છે? અરે જો કાર્ય કરનારાઓ ખુદ બહારગામ પ્રચાર અર્થે જાય તો આ બાબત તો શું પણ બીજી ઘણી બાબતો ઉપર સમાજનું મન વાળી શકે.

સામાન્ય-આ ઉપરાંત પણ કોન્ફરન્સના ઘણા ઠરાવો એવા છે કે જો તેમનો અમલ કરાવવો હોય અને કોમને તે માટે તૈયાર કરવી હોય તો ચર્ચાત્મક અને વિસંવાદી સવાલો હાલ તુરત એક બાજુએ મૂકી સમાજની નાડ તપાસી સર્વમાન્ય વિષયો હાથ ધરવામાં આવે, દાખલા તરીકે કેળવણી બેકારી નિવારણ વિગેરે જે હમણાં કોન્ફરન્સે હાથ ધર્યાં છે તેવા વિષયો હાથ ધરાય તો ભૂતકાલની કોન્ફરન્સની જાહેજલાલી પુનઃ સંપાદન થયા વિના રહે નહિ.

શ્રીમંત-ભાઇ તમો કહો છો તે બરાબર છે, પણ આપણા બારી પાસે બેઠેલા યુવાન ભાઇ અને તેના જોડીદારો કયાં માને તેવા છે? તેઓ કયાં વાણીયા બુદ્ધિ રાખે છે? જો તેઓ વાણીયા બુદ્ધિથી કામ લેવામાં માનતા હોત તો આજે આપણે કેટલાંયે કામ કરી શકયા હોત. આજે આપણી કોમમાં બેકારી કેટલી બધી વધી પડી છે, તે તો તમારા કરતાં અમારા જેવાને વધુ ખબર પડે, કારણ કે દિવસ ઉગ્યે અમારા પાસે બેકારીની બુમ નાખતા લોકો આવતાજ હોય છે, પણ આપણી સમાજ જો આવાં કામ એક દીલથી ઉપાડી લીએ તો શું આપણાં કામ ન થાય? અને ભાઇ મને તો કેળવણી કરતાં બેકારી નિવારણ બહુ જરૂરી લાગે છે.

અત્રે મેં કહ્યું 'કાકા! ત્યારે તમો કાર્યવાહી સમિતિમાં આવીને આ વાત રજુ કેમ કરતા નથી?'

શ્રીમાન-ના ભાઇ ના! આપણને તેમાં રસ નથી પડતો, નજીવી વાતોમાં ઘણો ટાઇમ જાય છે. આપણે તો કામ કરવામાં માનનારા છીએ, બોલવામાં નહિ.

અત્રે વીલેપારલેનું સ્ટેશન આવતાં મારે ઉતરવાનું હોવાથી હું શ્રીમંત ગૃહસ્થની ભાવના ઉપર અંતરથી વિચાર કરતો સાહેબજી સલામ કરી ઉતરી પડયો.

લી૦ કાર્યવાહી સમિતિનો સભ્ય.

## — ચર્ચા પત્ર. —

[ આ મથાળા નીચે આવતા લેખો તંત્રીને સંમત છે એમ માનવું નહિ. ] —તંત્રી.

"જૈન યુગ" ના તંત્રી સાહેબ,

શેઠ કાંતિલાલ ઇશ્વરલાલે સખાવત જાહેર કર્યાને આશરે સાત આઠ માસ થયા છતાં, કેળવણી સમિતિએ રૂપીઆ મળી ગયા છતાં, હજી પણ કાંઈ પણ ખાસ પગલાં ભર્યા હોય એમ દેખાતું નથી, તેનું કારણ એમ લાગે છે કે મુંબઇ જેવા મોટા શહેરમાં રહેનાર પૈસામાં તદન સગવડવાળા મનુષ્યોને ગામડાઓનો અને દેશમાં રહેનારાઓની સ્થિતિનો ખ્યાલ હોતો નથી કે પૈસા કેવી દુર્લભ વસ્તુ છે. કેળવણી સમિતિએ જે નિયમ કર્યો છે કે જે ગામ જેટલી રકમ ભેગી કરે તેટલી રકમ સમિતિએ મંજુર કરવી, એ નિયમ અમલમાં હશે ત્યાં સુધી કાંઇ પણ કામ થવાની આશા લગભગ શૂન્યમાં આવશે.

ખરી વાત એ છે કે દેશની સ્થિતિ ઉપરથી ભભકો પણ અંદરથી પોલી થઇ ગઇ છે. તેથી ન્યાત જાતમાં સારૂં દેખાવા માટે યત્ન કરવો પડે, પરંતુ પૈસાની વાત આવે ત્યારે પાછા ભાગવું પડે. આ સંજોગમાં જો કેળવણી સમિતિ ખરેખર કામજ કરવા માગતી હોય તો જે વિદ્યાર્થીઓ મેટ્રીક સુધી અભ્યાસ કરતા હોય પણ જેની પાસે પુસ્તક અથવા ફી અથવા ભરણ પોષણનું સાધન ન હોય તેમની અરજી પર તેમના ગામનાં બે પ્રતિષ્ઠિત માણસોની સહીથી અને ખાત્રીથી તેની જરૂરીયાત પૂરતી રકમ સમિતિએ આપવી-આમ થશે તોજ શેઠ કાંતિલાલની ઉદાર સખાવતનો ખરો લાભ લઇ શકાશે અને એક વર્ષમાં ધાર્યું કામ થઈ શકશે. નહિતર જે નિયમ બાધક છે તે જ્યાં સુધી રહેશે ત્યાં સુધી કાંઈ કામ થવાનો સંભવ રહેશે નહિ માટે સમિતિને વિનંતિ છે કે વ્યવહારિક દૃષ્ટિથી અમલમાં મૂકી શકાય તેવી રીતે નિયમો ઘડાય અને તેવી રીતે કાર્ય કરશો.

**શાહ નરોત્તમ ભગવાનદાસ.**

### પ્રમાણિકતાનો પ્રેમ.

કેટલાયે મનુષ્યોને પ્રમાણિકતા તરફ એટલી ચિવટ હોય છે; કે પ્રમાણિકતામાં ખપતી એવી સહેજ પણ અપ્રમાણિકતાને તેઓ નિભાવવા નથી ઇચ્છતા. આવી ચુસ્ત પ્રમાણિકતા ધરાવનાર પુરૂષો કે સ્ત્રીઓ ઘણીવાર મુંગુ જીવન જીવી પોતાની આસપાસમાંજ એની સૌરભ પ્રસરાવી જાય છે.

આના દ્રષ્ટાન્ત તરીકે ટુંક સમય પહેલાં સ્વર્ગવાસી થયેલ ભાવનગરના સ્ટેશન માસ્તર નગીનદાસ બાલાભાઇને રજૂ કરી શકાય. નગીનભાઇ એટલા પ્રમાણિક હતા કે કદી રેલ્વેના નોકરો પાસેથી મફત કામ ન લે! કોઇના ઘેર મફત ન જમે! તેમના પિતાશ્રી જુના વિચારના હતા. ભાવનગરની રેલ્વેમાં એ કંઇ ટીકીટ લે! પણ પિતાજી ક્યાંથી પ્રવાસ કરીને આવ્યા, તેની ખબર પડતાં તેટલા પૈસા તેઓ સામા સ્ટેશન માસ્તરને મની-ઓર્ડરથી મોકલી આપે ને ટીકીટ ખરીદી હિસાબમાં લઇ લેવા સૂચવે! આવા તો અનેક પ્રસંગો તેમની ઉજ્જવલ પ્રમાણિકતાના છે.

## સમાચાર સાર.

**પત્તો નથી**—અત્રેના જૈન આગેવાન લક્ષાધિપતિ શેર દલાલ શ્રી. જમનાદાસ મોરારજીના પુત્ર થોડા દિવસો થયાં ગુમ થયેલ છે, તે પોતાના લગ્નના બે દિવસ અગાઉ ગુમ થયેલ છે. તેની મોટરનો પત્તો દાદરના સ્ટેશન આગળથી લાગ્યો છે, પોલીસ તપાસ ચાલુ છે.

**પગપાળો સંઘ**—જામનગરથી નીકળેલા સંઘમાં પહેલેજ મુકામે એક મોટર ખટારો તથા ત્રણ ગાડાં ઉંધા પડી ગયાના સમાચાર મળે છે, ઠંડીને લીધે માંદગીનું જોર પણ જણાય છે.

**ઓશવાલ સંમેલન**—કલકત્તામાં આ માસની આખરે મળનારા ઓશવાલ સંમેલનની પ્રતિનિધિ ફી માત્ર રૂા. ૧) છે, જ્યારે ઉતારા તથા ભોજન પ્રબંધ મુફત રાખવામાં આવ્યો છે.

**દીક્ષાની ફીલ્મ**—કરાંચીથી નીકળતા પારસી સંસાર પત્રના તા૦ ૧૦-૧૨-૩૭ ના અંકમાં જણાવવામાં આવ્યું છે કે શ્રી વિદ્યાવિજયજી મહારાજ જે દીક્ષા આપવાના છે તે સઘળી ક્રિયાની ફિલ્મ કંપની તરફથી ફિલ્મ ઉતરશે, અને મોટા શહેરોમાં પ્રચાર અર્થે દેખાડવામાં આવશે. ( ચર્ચાસ્પદ વિષય! )

**વિના નકરે પ્રતિમાજી મળશે**—નિઝામ સ્ટેટમાં આવેલા પરંડા ગામથી શ્રી ગોતમચંદ લાલચંદ જણાવે છે કે અત્રે પ્રથમ જૈનોની વસ્તી ઘણી હતી, પરંતુ હાલમાં વસ્તી બીલકુલ નહિ રહેવાથી જૈન મંદિરની પ્રતિમાજીઓ અપૂજનીક રહે છે, જેથી આશાતના થાય છે, તો જે ભાઇઓને જરૂરીયાત હોય, તેઓ તેમને લખી જણાવશે તો વિના નકરે પ્રતિમાજીઓ આપવામાં આવશે.

**પ્રાચિન જૈન પ્રતિમા**—પટણા રેલ્વે સ્ટેશન પાસે લોહનીપુર ગામ છે. આ ગામની નજીક ખેતી કરતા એક પ્રાચીન પ્રતિમા નીકળી આવી છે, પ્રતિમાજી પ્રાપ્ત થવા બાદ તેની વધુ તપાસ ત્યાંના પ્રાચીન સંશોધનખાતાંએ તથા લાગતાવળગતા અભ્યાસીઓએ કરી છે. અને આખરે એ પ્રતિમા મ્યુઝીયમમાં મુકવામાં આવી છે વધુ તપાસને અંગે જણાય છે કે આ પ્રતિમાજી ઇ. સ. પૂર્વે ૩૦૦ વર્ષની પ્રાચીન છે. પ્રાચીન-સ્થાપત્યના અભ્યાસી ડો. જયસ્વાલે આ પ્રતિમાજીની વધુ તપાસને અંગે જણાવ્યું છે કે મૌર્યવંશના સમયની આ મૂર્તિ હોવાનું અનુમાન છે. તેનું શિલ્પ અતિ મનોહર અને ચિત્તપ્રસન્ન છે આટલી પ્રાચીન બુદ્ધ-પ્રતિમા સામાન્યત: જોવામાં આવતી નથી પ્રતિમાજીના અંશો જોતા આ પ્રતિમા જૈન પ્રતિમા હોવાનું અનુમાન છે. પ્રતિમાજી જે સ્થાન પરથી મળી આવી છે તે વસ્તુની ઐતિહાસીક સંકલના વિચારતાં તેઓ વધુમાં ઉમેરે છે કે જો આ જગ્ગા પર વધુ ખોદકામ કરવામાં આવે તો સંભવ છે કે ત્યાં પ્રાચીન જૈન મંદિર અગર તો તેના અવશેષો મળી આવે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.